
વારસદાર







મનીષા ગાલા

VISIT…

LANZAROTE

Caliente.COM

ડિપ્રેશનના ડેન્જર ઝોનની પારિવારિક કથા

વારસદાર

મનીષા ગાલા

પ્રસ્તાવના

ડિપ્રેશન એટલે વર્તમાન યુગની, બુદ્ધિશાળી લોકોને વધુ પજવતી માનસિક સમસ્યા. એક એવી સમસ્યા જેનો સમયસર ઈલાજ કરાવવામાં ન આવે તો એ બીમારીનું સ્વરૂપ પકડી લે. બસ, આવી જ હતાશાનો ભોગ બનતી નિહારકાના જીવનની આસપાસ આ કથા ફરે છે. એને આ સમસ્યા તરફ ધકેલવામાં નિમિત્ત બને છે એના પરિવારની કુળદીપક માટેની ઘેલછા. પુત્ર જ પિતાનો ખરો વારસદાર હોય છે એવી માન્યતા ધરાવતા અનેક ભારતીય કુટુંબોમાં પુત્રીની જાણે-અજાણે અવગણના કરવામાં આવતી હોય છે. આ નવલકથાના આંતરપ્રવાહોમાં ક્યાંક ને ક્યાંક નિહારિકાના પરિવારનો પુત્રમોહ ડોકાઈ જ જાય છે. આની નિહારિકાના માનસ પર પડતી અસર અને એને લીધે ઉભી થતી પરિસ્થિતિઓનું આલેખન એટલે 'વારસદાર'.

મેં જોયેલા કેટલાક હતાશ માનવીઓ, છાપામાં છપાતા હતાશ-એકાકી વ્યક્તિઓના કિસ્સાઓ, ફેસબુક પર મને મળતા લોકોની વાતોમાં ડોકાતી તેમની એકલતા, કોઈને કશું ન કહી શકવાની તેમની મૂંઝવણ વગેરે અનુભવોનો સરવાળો મારી કલમમાંથી એક કાલ્પનિક કથા સ્વરૂપે પ્રગટ્યો. જો કોઈને આ કહાની પોતાની લાગતી હોય તો એ એક આકસ્મિક સંજોગ જ છે.

2017માં મેં આ નવલકથા લખવાની શરૂઆત કરી કે તરત જ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને એ વરસ 'ડિપ્રેશન યર' તરીકે જાહેર કર્યું. આ જાહેરાતની સાથે-સાથે ઈન્ટરનેટ પર ડિપ્રેશનને લગતી ઘણી બધી માહિતી ઉપલબ્ધ થઇ, જે મને આ નવલ લખવામાં મદદરૂપ થઇ. ખાસ કરીને આ રોગના લક્ષણો, એનો વારંવાર આવતો ઉથલો અને એની સારવારને લગતું સંશોધન કરવામાં મને આસાની રહી.

ભારતમાં લોકો ડિપ્રેશનના લક્ષણો ઓળખવા લાગ્યા છે, પણ એનો ઈલાજ કરાવવા બાબતની જાગરૂકતા ઓછી છે. ઘણાને તો એય જાણ નથી કે ડિપ્રેશન એક મેડિકલ કન્ડિશન છે. હતાશાની ગર્તા તરફ ધકેલાઈ રહેલ વ્યક્તિને એના કુટુંબીજનો તરફથી પૂરેપૂરો આધાર, તબીબી સારવાર અને જીવન જીવવાનો ઉત્સાહ મળતો રહે એવા ઉદ્દેશથી લખાયેલ આ નવલકથા પ્રકાશિત કરવાનો નિર્ણય લેવા બદલ હું શ્રી મનુભાઈ શાહ, શ્રી રોહિત શાહ અને સમગ્ર ગુર્જર ટીમની આભારી છું.

મનીષા ગાલા

પ્રકરણ 1

ટ્રીન... ટ્રીન... .... ટ્રીન... ટ્રીન...

અડધી રાત્રે વાગેલી ફોનની રિંગે વિમળાબાની ઊંઘમાં ખલેલ પહોંચાડી. અધખુલી આંખે એમણે દીવાલ પરની ઘડિયાળ સામું જોયું. રેડિયમના ચળકતા લીલા કાંટા રાતના અઢીનો સમય દર્શાવી રહ્યા હતા.

“કોણ છે આ કટાણે !”

એમ બબડતાં-બબડતાં વિમળાબાએ સૂતાં-સૂતાં જ પાસેના ટેબલ પર પડેલા ફોનનું રિસીવર લેવા હાથ લંબાવ્યો. ક્રમને એમણે રિસીવર કાને ધર્યું.

“હલો. ”

ઊંઘરેટા અવાજમાં આટલું બોલતાં સુધીમાં તો સામેથી જે સાંભળવા મળ્યું તેણે એમની રહી-સહી ઊંઘ પણ ઉડાડી દીધી.

“સાલી... હરમખોર... અમારી ઊંઘ ખરાબ કરીને તું ચેનથી સૂએ છે ?... હલકટ... ડોશી...”

સામેથી આવતી ગાળોના વરસાદથી વિમળાબા હચમચી ગયા. એમના મોંએથી એક જ શબ્દ સર્યો,

“કોણ ?”

વિમળાબાના આટલું બોલવાથીય સામેવાળી વ્યક્તિને ઝાળ લાગી ગઈ હોય એમ એ હજી વધારે જોરથી તાડૂકી,

“અમારાં જીવન બરબાદ કરીને પૂછે છે કોણ છું હું ? હા, તે ક્યાંથી ઓળખાણ પડે ! આવાં તો કેટલાયના જીવન તેં બરબાદ કર્યા હશે. મારા બાપની જિંદગી બગાડીને તને સંતોષ ન થયો, તે હવે મારી બરબાદી કરવા બેઠી છે.”

“અરે પણ...”

“મારા બાપમાં તો અક્કલ નથી તે હજીયે તને ફોઈ-ફોઈ કહેતો અડધો થાય છે. સાલી ડોસલી... કબરમાં પગ રાખીને બેઠી છે પણ મરતી નથી. ક્યાંથી મરે ? તને લેવા તો યમદૂતેય રાજી નહીં હોય. એને ત્યાંય ઝઘડા લગાવીશ તું તો.”

હવે વિમળાબાને કંઈક ગડ બેઠી. એમને ખ્યાલ આવી ગયો કે સામે છેડે કોણ હતું. એમના હૈયેથી નિઃશ્વાસ સરી પડ્યો. સામેનો સ્વર અટકવાનું નામ જ નહોતો લેતો. “તમે સાસુ-વહુએ તો બહુ ઉપાડો લીધો છે. સાસુ ઘરમાં આગ લગાડે અને વહુ દુનિયાભરમાં અમારી બદનામી કરતી ફરે. તારી વહુ જો મારી સામે આવીને, તો હું એનું ગળું દબાવી દઈશ. ખબરદાર જો એ મને દેખાઈ છે બોરીવલીની બજારમાં તો.”

ફરી પાછો ગાળોનો વરસાદ શરૂ થયો. હવે વિમળાબાનીય ધીરજ ખૂટી. મગજ વધુ ખરાબ થાય એ પહેલાં એમણે રિસીવર ક્રેડલ પર મૂકી દીધું. પાંચેક મિનિટ પછી ફરી રિંગ વાગી, પણ આ વખતે એમણે રિસીવર કાને ન ધરતાં, ઉપાડીને બાજુ પર મૂકી દીધું. અને ચાદર માથે ઓઢીને ફરી ઊંઘવાની કોશિશ કરવા લાગ્યા.

૦૦૦

નિત્યક્રમ મુજબ સવારે સાડા નવ વાગ્યે અલકા, સનત અને પરિની ચા-નાસ્તા માટે ડાઇનિંગ ટેબલ પર ગોઠવાયા. અલકાએ ચાનો પહેલો જ ઘૂંટડો ભર્યો હતો, ત્યાં ફોનની રિંગ વાગી. સવારના પહોરમાં વાગેલી ફોનની રિંગથી સનતના ચહેરા પર અણગમાની લહેર ફરી વળી. ફોન લેવા ઊભી થતી અલકાને ઇશારાથી અટકાવીને સનતે બૂમ પાડી.

"રાધાબેન, જરા ફોન લેજો તો."

રસોડામાં કામ કરતી રાધાબાઈએ દોડીને ફોન ઉપાડ્યો. ફોન પર થોડી પૂછપરછ કરી એણે દબાતે સાદે અલકાને કહ્યું,

"ભાભી, વિમળાફોઇનો ફોન છે. કહે છે કે હમણાં જ વાત કરવી છે."

અલકાએ હકારમાં ડોકું હલાવતાં ફોન લેવા હાથ લંબાવ્યો. અલકાના હાથમાં કોર્ડલેસ ફોન પકડાવી રાધાબાઈ ફરી રસોડામાં ગઈ. અકળાઈ રહેલા સનતને શાંત રહેવાનો ઈશારો કરતાં અલકાએ ફોન પર વાતની શરૂઆત કરી.

"શી વાત છે, ફોઈબા ? આજે સવાર-સવારમાં મને યાદ કરી."

"તને કંઈ પૂછવું'તું."

કોઈ પણ આડી-અવળી વાત કર્યા વગર વિમળાબાએ સીધી શરૂઆત કરી.

"શું ?"

આમેય સવારના પહોરમાં આવેલા વિમળાફોઈના ફોને અલકાને સહેજ ચોંકાવી તો દીધેલી જ. એમાં આ વાતે તો એને સાબદી કરી નાખી. નક્કી, વાત કંઈક ગંભીર હતી, એમ એનું મન કહેતું હતું.

"આ નિહારિકાનું મગજ ઠેકાણે નથી કે શું ?"

આમ અચાનક નિહારિકા બાબતનો પ્રશ્ન સાંભળતા જ અલકાએ સાવધ થઈને પ્રતિ-પ્રશ્ન કર્યો,

"કેમ એવું કહો છો ?"

"પહેલાં મેં જે પૂછ્યું એનો જવાબ આપ."

વિમળાફોઈના અવાજમાં રહેલા તકાજાને પારખતાં અલકાએ થોડો સલામત લાગે એવો ઉત્તર આપ્યો,

"મને કંઈ ખબર નથી. મારેય હમણાં આકાશની પરીક્ષા ચાલે છે એટલે રમણને ફોન નથી થયો. પંદરેક દિવસ પહેલાં હું એના ઘરે ગઈ હતી, ત્યારે તો બધું બરાબર હતું."

"તું નિહારિકાને મળેલી ?"

"હું ઘણી વાર સુધી ત્યાં બેઠી હતી. ચા-નાસ્તો કર્યો ત્યાં સુધી એ રસોડામાંથી બહાર જ નહોતી આવી."

આટલું બોલી અલકા સહેજ વિચાર કરવા અટકી. ત્યાં તો વિમળાફોઈનો અધીરો સ્વર ફોનમાં પડઘાયો,

"એટલે તું એને નહોતી મળી, એમ જ ને ?"

"ના, ના. મેં કોકિલાભાભીને નિહારિકા માટે પૂછ્યું, તો એમણે કહ્યું કે એને

રસોડામાં કામ હતું એટલે એ બહાર નહોતી આવી. એને ઘરે જોઈને મને સહેજ નવાઈ લાગી હતી. પછી હું જ નીકળતા પહેલાં એને રસોડામાં મળવા ગઈ હતી."

"શું કરતી'તી એ ?"

"વાસણ ઘસતી હતી."

"બીજું કંઈ નોંધ્યું તે એના વર્તનમાં ? કોઈક એવી વાત જે તને ખટકે."

વિમળાફોઈના આ પ્રશ્નથી ફરી અલકા સહેજ વિચારમાં પડી અને પછી બોલી,

"સાવ ઘસાયેલા, જૂનાં કપડાં પહેરેલાં એણે. મોઢુંય સાવ ફિક્કું થઈ ગયેલું. એનું વજન પણ હમણાંનું ઘટી ગયેલું લાગે છે. મારી સાથે તો એણે બસ 'કેમ છો ? – મજામાં.' એટલી જ વાત કરી. પછી હું તો ત્યાંથી નીકળી ગયેલી."

"ઓહ !"

"અરે પણ કહોને, તમે એના વિશે આટલું બધું કેમ પૂછો છો ? "

અલકાને હવે અકળામણ થવા માંડી હતી. જરૂર એવું કંઈક બન્યું હતું, જે કહેતાં વિમળાફોઈ અચકાતા હતા. પળભરની ચુપ્પી પછી વિમળાફોઈ બોલ્યા,

"કાલે રાત્રે મને એનો ફોન આવેલો."

"તમને ? નિહારિકાનો ફોન ?"

"હા."

"શું કહેતી હતી એ ?"

શું કહેવું અને કેટલું કહેવું એની અવઢવમાં વિમળાબા થોડીવાર ચૂપ રહ્યા.

"ફોઈ... શું કહેતી હતી નિહારિકા ?"

અકળાયેલી અલકાએ આ વખતે જરા ભાર દઈને પૂછ્યું. અલકાના અવાજમાં રહેલી અકળામણે બાજુમાં બેસીને સ્ટારડસ્ટના પાનાં ઉથલાવી રહેલી પરિનીનું ધ્યાન પણ ખેંચ્યું.

"કાલે રાત્રે અઢી વાગ્યે એનો ફોન આવેલો."

"અઢી વાગ્યે !"

હવે વાંચવાનો ડોળ કરતા કરતા પરિનીએ એની મમ્મી અને વિમળાફોઈના વાર્તાલાપ પર કાન માંડ્યા.

"આમ અડધી રાત્રે એને તમારું શું કામ પડ્યું ?"

અલકાને હજીય કંઈ સમજણ નહોતી પડી રહી. અલકાની બાજુમાં જ બેઠેલા સનતને પણ થયું કે વાત કંઈક ગંભીર હતી. છાપું બાજુ પર મૂકી એણે પણ અલકાની વિમળાફોઈ સાથેની વાતો ધ્યાનથી સાંભળવા માંડી. મોટે સાદે વાતો કરતા વિમળાફોઈનો અવાજ આછો- આછો સનતના કાનેય પડતો હતો...

"જેમ-તેમ બોલતી હતી. એણે મને ભરપૂર ગાળો ભાંડી. મને કહે કે તું ડાકણ છે, અમારા ઘરને ભરખી જવાની છે. મને તો ઠીક, એ તો અવંતિકા માટેય ઘણું બોલી. કહેતી'તી કે અવંતિકા સામે મળશે તો એ એનું ગળું દાબી દેશે."

વિમળાબાએ આગલી રાતની આખી ઘટના અલકાને ફોન પર કહી. આ સાંભળીને અલકા ચોંકી ગઈ. નિહારિકા આવું કહી શકે એ એના માનવામાં જ નહોતું આવતું. એણે કહ્યું,

"એટલું બધું ! ના હોય ! થોડા દિવસ પહેલા મને ભાઈનો ફોન આવેલો. ત્યારે એ કહેતો હતો કે આજકાલ નિહારિકાનો પારો તપેલો રહે છે. વાતવાતમાં બધા સાથે ઝઘડી પડે છે. એને પણ ગમે-તેમ બોલે છે. જોકે વાત આટલી હદ સુધી વણસી હશે એમ મેં નહોતું ધાર્યું. હું રમણને પૂછી જોઈશ."

એમ કહીને આલકાએ ફોન મૂક્યો અને કંઈક ચિંતાભર્યા ચહેરે એણે ચાનો ઘૂંટડો ભર્યો. અલકાના મોં પર ફરી વળેલાં ચિંતાનાં વાદળ અને એના ચહેરા પર ડોકાતી એના મનની ગડમથલ પતિ સનતના ધ્યાન બહાર નહોતી. એણે તરત પૂછ્યું,

"શું કહેતા હતા, વિમળાફોઇ ?"

"કહેતા'તા કે ગઈકાલે રાત્રે અઢી વાગ્યે નિહારિકાએ એમને ફોન કર્યો હતો અને ગુસ્સામાં એમને જેમ-તેમ બોલી હતી."

"એ છોકરીને તમે લોકોએ જ ફટવી મારી છે. નાના-મોટાનુંય ભાન નથી એને !"

સનતે અથરા સ્વરે કહ્યું.

"હવે મેં આમાં શું કર્યું ? આટલા વરસોમાં આવું ક્યારેય નથી થયું. અને રમણે કંઈ એવા લાડ નથી લડાવ્યા કે આમ અડધી રાત્રે કોઈને પણ ફોન કરીને નિહારિકા મન ફાવે તેમ બોલે. મને તો કંઈક બીજું જ લાગે છે."

છેલ્લા શબ્દો અલકા સ્વગત બબડતી હોય એમ ધીમા સ્વરે બોલી. એની નજર હજીયે અવકાશમાં હતી અને હાથમાંના કપમાંથી એ ધીમે-ધીમે ચાના ઘૂંટડા ભરી રહી હતી.

"કંઈ નહીં. આ તો પેલી ગુણવંતીના નિઃસાસા જ છે, જે હવે એની અસર દેખાડી રહ્યા છે."

સનતના આ શબ્દોએ અલકા અવાક થઈ ગઈ. હાથમાંનો કપ અધ્ધર રહી ગયો અને આંખો ફાડીને એ પતિ સામે જોવા લાગી.

"જે રીતે તમે બધાએ મળીને એને કાઢી છે ને, એ રીતે તો તારો ભાઈ હવે સુખની જિંદગી જોઈ રહ્યો."

સનતે લગાવેલો આરોપ સહન ન થયો હોય એમ તરત અલકા તાડૂકી,

"અમે બધાએ એટલે ? મને તો આમાં કંઈ જ ખબર નહોતી. બધું પતી ગયું ત્યારે જ આપણને આખી વાતની ખબર પડી હતી. ત્યારેય મને નહોતું જ ગમ્યું. પણ હું સહુથી નાની એટલે મારું... મારું સાંભળે કોણ ? અને હવે આજે એનું શું છે ? એ વાતનેય વર્ષો વીતી ગયા."

વાતને ત્યાં જ પૂરી કરવી હોય એમ ઊભા થતા સનત બોલ્યો,

"ઠીક છે હવે, તમે જાણો ને તમારા કામ. મારે ઑફિસે જવાનું મોડું થાય છે. બેંગ્લોરથી ઘરાક આવવાના છે. ચાલો બાય."

"બાય. સાંજે વહેલા આવવાનું ભૂલતા નહીં. સંગીતના કાર્યક્રમમાં જવાનું છે."

અલકાએ સનતને યાદ દેવડાવતા કહ્યું.

"પાંચ વાગ્યે મને ફોન કરજે. ક્યાંક કામ-કાજમાં ભૂલાઈ જાય તો."

સનતે પાસે પડેલી બ્રિફકેસ ઉપાડી અને પરિનીને ટપલી મારી, ઇશારાથી બાય કરી ઑફિસ જવા નીકળી ગયો.

આ આખાયે સંવાદ દરમિયાન પરિની ચૂપ રહી હતી. પણ પપ્પાની છેલ્લી વાતોએ એના મનમાં કૂતુહલ જગાડ્યું હતું. કોણ હતી આ ગુણવંતી ? એને નિહારિકા સાથે શો સંબંધ હતો ? એવું તો શું થયું હતું ભૂતકાળમાં કે એના નિઃસાસા મમ્મીના પિયરને લાગ્યા હતા ?



પ્રકરણ 2

સનતના ગયા પછી પરિનીએ હળવેથી અલકાને પૂછ્યું,

"આ બધું શું છે મમ્મી ?"

"શું, શું છે ?"

હજીયે વિચારોમાં અટવાયેલી અલકાએ બેધ્યાનપણે પૂછ્યું.

"કોણ છે આ ગુણવંતી ?"

"કોઈ નહીં !"

અલકાએ છણકો કર્યો અને ડાઇનિંગ ટેબલ પરનાં ખાલી વાસણો ભેગાં કરવા માંડ્યાં.

"મમ્મી પ્લીઝ, આઈ એમ બિગ નાવ. યુ કેન ટેલ મી ધિસ."

પરિનીએ પોતાના વયસ્ક હોવાનો હક જતાવ્યો. જવાબમાં અલકાએ સહેજ મોં ફુલાવીને પરિની સામે તીખી નજરોથી જોયું. જાણે કહેતી હોય કે તારે આટલી બધી શી પંચાત છે ?

પણ પરિની હવે તંત છોડે એમ નહોતી. એણે એની મમ્મીની આંખો સાથે આંખો મેળવી અને નજરોથી પેલો પ્રશ્ન દોહરાવ્યો. એના મોઢા પરની દ્રઢતા જોઈ અલકાએ બહાનું કાઢ્યું,

"અત્યારે આ બધી વાતો કરવાનો મારી પાસે ટાઈમ નથી. તારે તો ઠીક. સેકન્ડ સેટરડે એટલે ઑફિસમાં રજા. મારે કિચન ચાલુ છે. બધી રસોઈ બાકી છે. અને આકાશ પણ આજે વહેલો આવી જવાનો છે."

"અરે, તો હું તારી મદદ કરાવું છું ને. બોલ શું કરું ? શાક સુધારું ?"

મસ્કા મારવાની ઢબે પરિની બોલી અને આશાભરી નજરે અલકા સામું જોયું. અલકા પણ હવે સહેજ પીગળી. એણે કહ્યું,

"ઠીક છે. બે મિનિટ ઊભી રહે. જરા રાધાબાઈને દાળ-ચોખા કાઢી આપું એટલે એ કૂકર ચડાવે."

કહેતી અલકા નાસ્તાનું કેસરોલ લઈને કિચનમાં ગઈ. રાધાબાઈ આવીને બધાં એંઠાં વાસણો લઇ ગઈ. થોડી વાર પછી અલકા હાથમાં બે થાળી, છરી અને શાકની થેલી લઈને ડાઇનિંગ ટેબલ પર ગોઠવાઈ. થેલીમાંથી દૂધી કાઢી લઈ, એણે વટાણા પરિની તરફ સરકાવ્યા. પરિનીએ વટાણા ફોલવાનો ઈશારો કરી અલકાએ દૂધીની છાલ ઉતારવા માંડી. વટાણાની એક ફળી હાથમાં લઈ પરિની ઉત્સુકતાથી માના મોં સામે તાકી રહી. વાતની શરૂઆત કરતાં અલકા બોલી,

"ગુણવંતી તારી પહેલી મામી હતી."

"શું વાત કરે છે ?"

ચોંકીને પરિનીએ હાથમાં લીધેલી વટાણાની ફળીનો ઘા કર્યો અને બોલી,

"એટલે શું કોકિલામામી એ રમણમામાના બીજા પત્ની છે ?"

"હા."

"તો શું પેલા ગુણવંતીબેન ગુજરી ગયા ?"

"ના હવે."

સહેજ ગુસ્સા અને સહેજ રમૂજ સાથે અલકાએ પરિની સામે જોતા કહ્યું,

"એવા કોઈ ન્યૂઝ આવ્યા નથી. એ તો મારાથી ફક્ત બે જ વર્ષ મોટા હતા. એટલી જલદી ગુજરી થોડી જાય."

"તો પછી... મામાના બીજા લગ્ન ?"

પૂછતી પરિની વિચારમાં પડી.

"મામાએ એમને છૂટાછેડા આપેલા."

દૂધી સમારતી અલકાએ શાક પરથી નજર હટાવ્યા વગર કહ્યું.

"એ જમાનામાં ?"

માનવામાં જ ન આવતું હોય એમ પરિનીએ ચોંકીને પૂછ્યું.

"હા. આજથી લગભગ પચીસેક વર્ષ પહેલાં."

"ત્યારે છૂટાછેડા થતા હતા ખરા ?"

"કેમ નહીં ? ત્યારે એ ફારગતી કહેવાતી."

"ઓહ ! પણ વાંધો શો પડેલો બંનેને ? શું એ દેખાવમાં સાવ બેકાર હતા ? મામાને નહોતા ગમતાં ? જબરદસ્તીથી એમના લગ્ન થયેલાં ?"

પરિનીએ ચલાવેલા પ્રશ્નોના મારાને અટકાવતા અલકા તરત બોલી,

"ના રે ના. એ તો બહુ જ દેખાવડા હતા. લગ્નના દિવસનું એમનું રૂપ મને આજેય યાદ છે."

"કેવડી હતી તું એમના લગ્ન વખતે ?"

"હોઈશ અઢારેક વરસની. મને બરાબર યાદ છે એ દિવસ..."

ooo

"અમે ઇડિરયો ગઢ જીત્યા રે, આનંદ ભયો..."

ભૂલેશ્વરના જગતરામના માળાની બીજે માળે આવેલી ઓગણીસ નંબરની રૂમની સામે વરઘોડિયા ઊભા રહ્યા. એમની પાછળ ચાલતી જાનડીઓથી આખોય પેસેજ ભરાઇ ગયો. જાનડીઓના કલબલાટ અને ગીતો વચ્ચે વિમળાફોઈએ ઉંબરે ઊભેલા વરઘોડિયાના ઓવરણા લીધા અને આશીર્વચનો ઉચ્ચાર્યા, "સુખી થજો અને સો દીકરાના માવતર થજો."

વિમળાફોઈના આ વાક્યે પાછળ ઊભેલી જાનડીઓમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. બદામી શેરવાની પર લાલ બાંધણીનો સાફો પહેરેલા રમણના હોઠો પર તોફાની સ્મિત વિલસી રહ્યું. નવવધૂ ગુણવંતી શરમના ભારથી ઝૂકી ગઈ. ઘરચોળાની લાલી એના વદન પર છવાઇ ગઈ.

વિમળાફોઈની જોડે ઊભેલી, ગુલાબી ચણિયાચોળીમાં થનગનતી અલકનંદા માટે તો આ બધું એક સ્વપ્ન સમાન હતું. એની નજરો તો નવી ભાભી પરથી હટતી જ નહોતી. એવામાં જ એક બટકબોલીએ મમરો મૂક્યો,

"લ્યો ભાભી, થઈ રહ્યું ત્યારે. તમારે તો હરવા-ફરવાનો શોખ ભૂલી જવો પડશે. આ વિમળાફોઇએ તો તમને આવતાવેત કામે લગાડી દીધા."

વિમળાફોઈ એમ ક્યાં ગાંજ્યા જાય એવા હતાં. માથે ઓઢેલા સેલાનો છેડો સરખો કરતાં એમણે પેલીને ચોપડાવી દીધું,

"તે એ ભલેને હરતી-ફરતી. આ હું અને કમળાભાભી બેઠા છીએ બરાબર છોકરા સાચવવાવાળા. વહુને ચિંતા કરવાની જરૂર નથી."

જાનડીઓના હાસ્ય અને કલબલાટ વચ્ચે વરઘોડિયાએ ઘરમાં પગ મૂક્યો અને કમળાબહેનને પગે લાગ્યા. આશીર્વચન ઉચ્ચારી કમળાબહેન બંનેને સામી ભીંત સુધી દોરી ગયા. દીવાલ પર લગાડેલા, હાર ચઢાવેલા ફોટા સામે ઊભા રહી એમણે વરઘોડિયાને કહ્યું,

"બેટા, બાપુજીના આશીર્વાદ લઈ લ્યો. એ આજે હોત તો કેટલા રાજી થાત."

ગળગળા સાદે આટલું બોલતામાં તો એમની આંખમાં ઝળઝળિયાં ઊભરાઈ આવ્યાં. પાસે ઊભેલા વિમળાફોઈએ એમનો ખભો દાબી સાંત્વન આપ્યું. કમળાબહેને કમરે ખોસેલો રૂમાલ કાઢી આંસુ લૂછ્યાં. પાછું મોં પર સ્મિત રેલાવી એ બોલ્યા, "ચાલો, ચાલો, હવે માતાજીને પગે લાગી લ્યો."

અને આખું ટોળું માતાજી પધરાવેલા એ રૂમ તરફ વળ્યું.

૦૦૦

બીજે દિવસે પગફેરો કરાવવા ગુણવંતીના પિયરિયા આવ્યા ત્યારે ઘરમાં ફરી એક વાર સંબંધીઓનો મેળો જામ્યો. એમણે સાથે લાવેલું ગુણવંતીનું આણું સહુને જોવા માટે પથરાયું. જોનારાની આંખો છક થઈ જાય એટલો દાયજો લાવી હતી વહુ ! સગાં-સંબંધી અને પાડોશીઓનાં મોં તારીફ કરતાં થાકતા નહોતા.

"આખો પલંગ ભરીને તો ચાંદીના વાસણ લાવી છે વહુ !"

"અને એકસો એક જોડી કપડાં !"

"સાથે મેચિંગ ચંપલો."

"બંગડીઓનું બોક્સ જોયું ? આવી ભાત તો આપણે કદી જોઈ યે નથી."

સાંભળીને હરખથી પોરસાતા કમળાબહેન તરત બોલ્યા,

"આવી કારીગરી ફક્ત કલકત્તામાં જ મળે. સાડીઓનું ભરતકામ અને દાગીનાની ઘડામણ જોઇ ? આવું કામ તો બંગાળી બાબુઓ જ કરી જાણે."

"હા, ભઈ, હા. સાંભળ્યું છે કે વહુના બાપાનો કલકત્તામાં બહુ મોટો પથારો છે."

"હેં, તે છેક આટલે દૂર મુંબઈ કેમ દીકરી આપી ?" આણું જોઈને બહાર આવી રહેલી બે સ્ત્રીઓમાંની એકે કમળાબહેનને પ્રશ્ન કર્યો. પણ કમળાબહેન કંઈ જવાબ આપે એ પહેલા જ એની જોડેની સ્ત્રી બોલી પડી,

"તે લે, આપણો રમણ કંઈ કમ છે ? આવો ભણેલો-ગણેલો, રૂડો-રૂપાળો વર તો નસીબવાળીને જ મળે. પાછી નોકરી ય કેવી શાંતિની ! તો કહે રેલવેમાં ઑફિસર. ટાઈમસર જવાનું ને આવવાનું. પરિવારેય સાવ નાનો. ઘરમાં કોણ ? તો કહે એક જ નણંદ અને સાસુ. નણંદ તો કાલે પરણીને સાસરે જશે. પછી તો અહીંયાં ગુણવંતી રાજ કરશે રાજ !"

ક્યારના ચૂપચાપ સાંભળી રહેલા કમળાબહેને આખરે પોતાના હૈયાની વાત હોઠે લાવી જ દીધી. એ તરત બોલ્યા,

"હાસ્તો વળી, મારે શું જોઈએ ? બસ એક કુળદીપક આવે, એટલે એના

અજવાળાથી જ અમારું ઘર ભરાઈ જશે, પછી તો મારો બાલકિશન અને હું. મારે તો અહીં જ કાશી ને અહીં જ મથુરા."

"હા, હા, જોજોને વહુને પહેલે ખોળે દીકરો જ આવશે."

"તો તો હું આખા માળાને જમાડીશ."

સગા-સંબંધીઓની દોડાદોડ વચ્ચે જમણવાર અને ગુણવંતીના પગફેરાનો કાર્યક્રમ પૂરો થયો. એના ભાઈ, કાકા અને પિતરાઈ બહેન સાથે ગુણવંતી એના પિયરિયાના ઉતારે ગઈ.

ooo

"અચ્છા... તો મામી કલકત્તાના હતા !"

અલકાએ કરેલી રમણ અને ગુણવંતીના લગ્નપ્રસંગની વાતો પરથી મહત્વનું તારણ કાઢતી હોય એમ પરિની બોલી.

"હા, બધા કહેતા હતા કે એ બહુ પૈસાદાર ઘરની દીકરી હતી. અરે, એ તો ઘરમાં પણ કેટલાં સુઘડ અને વ્યવસ્થિત ફરતા."

કહેતી અલકા ફરી એક વાર એની ભાભીની યાદોમાં ખોવાઈ ગઈ અને બોલી,

"કોટનની બંગાળી ઢબે પહેરેલી સાડી, ફુગ્ગા બાંયનું બ્લાઉઝ, નીચો અંબોડો અને કપાળની બરોબર વચ્ચે લાલ-ચટક ચાંદલો, આંખમાં કાજળ અને એમના ગુલાબી પાવડરનો ડબ્બો... ઓહોહો... એની સુગંધથી તો આખું ઘર ભરાઈ જતું !"

"અને તું ? તું કેવી હતી, મમ્મી ?"

પરિનીએ તરત સવાલ કર્યો.

જવાબમાં હસતા-હસતા અલકા બોલી,

"હું એકદમ ટોમબોય, બિલકુલ તારા જેવી. પેન્ટ-શર્ટ પહેરતી, સ્લીવલેસ ફ્રોક પહેરતી, ઊડતા કોરા વાળ બાંધવાનીય તસ્દી હું માંડ લેતી. ઘણી વાર તો બા મને ભૂતડી કહીને ચીડવતા."

"પણ હવે તો તારા વાળ ખાસ્સા સ્ટ્રેઈટ અને સિલ્કી છે !"

માનવામાં ન આવતું હોય એવી આશ્ચર્યભરી મોટી-મોટી આંખોથી અલકાને તાકી રહેતા પરિનીએ કહ્યું.

"એ બધો તમારા શેમ્પૂનો પ્રતાપ. અમારા વખતમાં તો નહાવાનો અને વાળ ધોવાનો બંને સાબુ એક જ રહેતા. તારા દાદી તો વળી સોડા નાખીને માથું ધોતા."

"ઈઈઈક... સોડા... વાળમાં ?"

કહેતી પરિનીએ મોં બગાડ્યું.

"એ દિવસો જુદા હતા બેટા. અત્યારે બધા જેમ છૂટથી હરેફરે છે એમ નહીં. એ જમાનામાં લેડીઝ પોતાના પતિ સાથે જ બહાર નીકળતી. બહુ-બહુ તો સાસુ સાથે. કિટ્ટી પાર્ટીઝ તો હજી હમણાં શરૂ થઈ છે."

"તો તું કોની સાથે ફરવા જતી ?"

"અમારી ચાલીની બીજી છોકરીઓ સાથે."

"અને છોકરાઓ ?"

સાવ નિર્દોષતાથી પૂછાયેલા પરિનીના સવાલ પર અલકા છેડાઈ પડી.

"હાય... હાય... છોકરાઓ સાથે વાત કરાય ? મારી મા મને ધોઈ નાખે."

સાંભળતા જ પરિનીનું હસવું છૂટી ગયું. તોફાની સ્મિત સાથે એણે અલકાને પૂછ્યું,

"મમ્મી, તારે કોઈ બોયફ્રેન્ડ હતો ?"

"અરે ભગવાન ! કોઈ સમજાવો આ છોકરીને ! અહિંયા છોકરાઓ સાથે વાત સુધ્ધા કરવાની મનાઈ હતી, ત્યાં બોયફ્રેન્ડ ક્યાં કરવા જાઉં ? લવ-મેરેજની વાત કરું, તો મારી મા આપઘાત કરે." નાટકીય ઢબે અલકાએ જવાબ આપ્યો.

"ઓકે, ઓકે." હસતા-હસતા પરિનીએ કહ્યું,

"મને મામી વિશે હજુ કહે ને. એ ક્યારેય મોર્ડન ડ્રેસ પહેરતા કે પછી રોજ સાડી ?"

સાંભળતા જ અલકાને કંઈક યાદ આવી ગયું અને એના મો પર સુરખી છવાઈ ગઈ.



પ્રકરણ 3

ગુણવંતી સાથેની યાદો સંભારી રહેલી અલકા જૂની વાતો યાદ કરી કરીને પરિનીને કહી રહી હતી.

“એક કિસ્સો યાદ આવી ગયો તને કહું. એક દિવસ સાંજે હું અને ભાભી ઘરમાં એકલા હતા. ત્યારે મેં જીદ કરીને એમને મારા પેન્ટ-શર્ટ પહેરાવેલા.”

કહેતી અલકાના દૂધી સમારતા હાથ થંભી ગયા. સામે પડેલા ટીવીની સ્ક્રીન પર કોઈક દ્રશ્ય જોઈ રહી હોય એમ એ તરફ તાકતી અલકા બોલી. પરિનીનેય અલકાની વાતો સાંભળવામાં મજા પડી રહી હતી. એણે તરત પૂછ્યું,

“Wow ! પછી ?”

“હજી તો એ સરખું ઇન-શર્ટ કરતા હતા, ત્યાં જ મામા આવી ગયા. એ દિવસે એ અડધો કલાક વહેલા આવી ગયેલા.”

“એમણે જોયા મામીને ? શું રિએક્શન હતું એમનું ?” પરિનીએ ઉત્સુકતાથી પૂછ્યું.

“એ તો તરત બોલ્યા કે આ ચાંદલા અને અંબોડાવાળી ઇંગ્લિશ મેડમ તો પહેલીવાર જોઇ હોં.”

“હા... હા... હા...”

“અને ભાભી તો શરમનાં માર્યા પાણી-પાણી. અધૂરામાં પૂરું બા પણ ત્યારે જ શાક લઈને ઘરે આવી. પછી તો ભાભીની જે હાલત થઈ છે.”

“અને નાનીએ શું કહ્યું ?”

“પહેલા એ પણ જોરથી હસી પડ્યા. પછી મોં પર સાડલો દાબી, હસવું રોકતા, શાક મૂકી આવું કહેતા રસોડામાં સરકી ગયાં.”

“અને મામી ?”

“મામી તો બિચારા ધરતી મારગ આપે તો સમાઇ જાઉં એવું નિમાણું મોં કરીને મારી અને મામાની સામે જોતા ઊભા રહ્યા. એ દિવસ પછી મામા ઘણી વાર મામીને ચાંદલાવાળી મેડમ કહીને ચીડવતા. મને તો એમની પહેલી એનિવર્સરી પણ બરાબર યાદ છે.”

“ત્યારે એનિવર્સરી ઉજવવાનો રિવાજ હતો ?”

“આમ તો નહોતો, પણ તારા મામા ભણેલા ખરાં ને. એમને કોલેજમાં આવું બધું જાણવા મળેલું એટલે એમણે ઉજવેલી.”

“શું બધા દોસ્તોને પાર્ટી આપેલી ?”

પરિનીને જૂની વાતોમાં ખાસ્સો રસ પડવા માંડેલો. એ જમાનો કેટલો જુદો હતો એનો ક્યાસ કાઢવા એ મથી રહી હતી. અલકા પણ ઝીણી-ઝીણી વાતો યાદ કરીને રસપૂર્વક એને કહી રહી હતી. એનિવર્સરીનો દિવસ યાદ કરતાં અલકા બોલી,

“ના, પાર્ટી નહોતી આપી. ભાઈ અને ભાભી પિક્ચર જોવા ગયેલા.”

“કયું ?”

“એટલું બધું તો મને યાદ નથી, પણ રાજ કપૂરની કોઈ હિટ ફિલ્મ હતી. હું યે પાછી ડોબી ! મને કંઈ ઝાઝી ગતાગમ તો પડે નહીં. એટલે મેં ય એમની જોડે જવાની

જીદ કરેલી."

"પછી ?"

"પછી શું ? બાએ મને પટાવી લીધી કે મારે તો રવિવારે બહેનપણીઓ જોડે એ જ ફિલ્મ જોવા જવાનો કાર્યક્રમ હતો. ન જાઉં તો એમને ખોટું લાગે ને !"

"અને તું માની ગઈ ?"

"અરે, કહું તો છું, મને ક્યાં ઝાઝી ગતાગમ હતી. એ બંને તૈયાર થઈને ફરવા નીકળ્યા, એટલે હુંય પાછળ-પાછળ તૈયાર. પણ બા ભાભીનું બહુ ધ્યાન રાખતા. ક્યારેક એમને કલકત્તા યાદ આવી જાય કે અમારા ઘરમાં સંકડાશ લાગે, તો તરત સમજાવતા કે આ અલકનંદાના વિવાહ પતે પછી આપણે પણ મોટું ઘર લઈ લઈશું. તને એ તો ખબર છે ને કે મારું સાચું નામ અલકનંદા છે."

"હા, ખબર છે. દાદી કહેતા હતા કે લગ્ન પછી એ લોકોએ તારું નામ અલકા કરી નાખેલું અને તું માની પણ ગયેલી ! હું હોઉં તો ન માનું. એમ કઈ રીતે કોઈ તમારું નામ બદલી નાખે ! એ જ તો તમારી આઈડેન્ટિટી હોય."

"એ જમાનામાં એવું બધું ચાલતું. મરાઠીઓ અને સિંધીઓમાં હજીયે એ પ્રથા છે જ. લગ્ન પછી સ્ત્રીનું નામ બદલી જ નાખવાનું. જો કે મને મારા નામ બદલવા સામે ખાસ વાંધો નહોતો. આમેય ક્યાં કોઈ મારું આખું નામ લેતું હતું. બધા અલ્કી-અલ્કી જ કરતા રહેતા. એના કરતા તો અલકા સારું જ હતું."

"ઓકે, ઓકે. હવે મને કહે કે એનિવર્સરીના દિવસે મામા-મામીએ બીજું શું શું કરેલું ?"

"હં... તો એ દિવસે બાએ ભાઈના હાથમાં દસની નોટ આપીને કહેલું કે સાંજે બહાર જમીને જ આવજો." અલકાએ વાતનો તંતુ ફરી સાંધતા કહ્યું, "ત્યારે માટુંગામાં નવી ઉડિપી ખૂલેલી. એના ઈડલી-ઢોસા બહુ વખણાતા."

"અરે વાહ ! તે ત્યારે પાઉંભાજી મળતી ?"

"ના રે ના. અમુક સિંધી એરિયામાં છોલે-પૂરી, પનીરનું શાક એવું બધું મળતું. બાકી તો ભેળપુરી-પાણીપુરી જિંદાબાદ. બહુ બહુ તો બટાટાવડા કે પાતળભાજી મળે."

"હમ્...મ્...મ્" સહેજ વિચારી કરીને પરિની બોલી, "બધું બરાબર હતું તો પછી પ્રોબ્લમ ક્યાં આવ્યો ?"

પરિની મનોમન એક પછી એક શક્યતાના છેદ ઉડાડે જતી હતી. દેખાવ બરાબર હતો, મામાને ગમતી હતી, સાસુ-વહુનું બરાબર બનતું હતું, તો પછી વાંધો શો પડ્યો ? પરિનીના આ પ્રશ્ને અલકા થોડી ગંભીર થઈ ગઈ અને બોલી,

"ભાઈ-ભાભી ફરવા ગયા, પછી એ જ સાંજે વિમળાફોઈ અને કુમાર ફુઆ ઘરે આવેલા. બસ એ જ દિવસે મોકાણ મંડાઈ."

"આ વિમળાફોઈ એટલે એ જ ને જેમણે આજે સવારે ફોન કર્યો હતો ?"

"હા એ જ. ત્યારે ફુઆ પણ હતા."

"શું એ તારા સગા ફોઈ છે ?"

"હા મારા પપ્પાને એક જ બહેન હતી."

"અચ્છા, શું થયું હતું તે દિવસે ?"

પરિનીના આ પ્રશ્ને અલકાના મોં પર ઉદાસીની લહેર ફરી વળી.

ooo

રમણ અને ગુણવંતીના ગયા પછી એકલા પડેલા કમળાબહેન અને અલકનંદા કંઈક ગૂંથવાની તૈયારી કરતા હતા. હજી સોયા હાથમાં લીધા ત્યાં તો દરવાજાની ઘંટડી રણકી.

“ઓહો ! વિમળાફોઈ તમે ! આવો આવો.”

દરવાજો ખોલવા ગયેલી અલકનંદાનો ઉત્સાહભર્યો મોટો અવાજ કમળાબહેનને કાને પડ્યો. મહેમાન આવ્યાનું જાણી એમણે ગૂંથણકામ ફરી થેલીમાં ગોઠવ્યું. માથે સાડલાનો છેડો સરખો કરી મહેમાનોને આવકાર આપવા એ દરવાજે ગયા.

“ઓહો ! વિમળાબેન ને કુમારભાઈ ! આવો આવો, બહુ સારું થયું તમે આવ્યા તે. આમેય અમે મા-દીકરી આજે એકલા જ હતા. હવે નિરાંતે વાતો કરશું. જમીને જ જજો.”

ચાની ચૂસકીઓ અને અલકમલકની વાતો વચ્ચે વિમળાફોઈએ કમળાબહેનને હળવેકથી પૂછી લીધું,

“શું ભાભી, કંઈ સારા સમાચાર ?”

“અરે બેન, બધું સારું જ છેને. મારે ક્યાં કોઈ ચિંતા છે ?”

“એમ નહીં. ગુણવંતી વહુ કંઈ સમાચાર આપે છે કે ?” ફોડ પાડતા વિમળાફોઈ બોલ્યા. એમના આ પ્રશ્ન પર કમળાબહેન ખડખડાટ હસી પડ્યા.

“શું વિમળાબેન તમેય. બંનેને પરણે હજી વરસ આજે થયું. છો થોડું હરી-ભરી લેતાં. શી ઉતાવળ છે ?”

“ઉતાવળ તો નહીં, પણ આ આજકાલના જુવાનિયાઓને પરિવાર નિયોજનવાળું નવું ભૂત વળગ્યું છે. જો એવું કંઈ નક્કી કરશે, તો આપણે ત્રણ-ચાર વરસ રાહ જોતા બેઠા રહીશું.”

“અરે બેન, એવું થાય તોય શું ? બંને હજી નાના છે. ભલેને થોડો સમય નવરાશમાં ગાળે. એક છોકરું થશે તો બંને બંધાઈ જશે.”

“એ બધું બરાબર છે, પણ તમે જરા છોકરાઓનું મન જાણી લેજો.”

“ભલે તમે કહો છો તો હું ક્યારેક ગુણવંતીને પૂછી લઈશ.”

એ દિવસે ફોઈ-ફુઆ નીકળ્યા ત્યાં સુધી રમણ અને ગુણવંતી પાછા નહોતા આવ્યા, એટલે વાત ત્યાં પૂરી થઈ ગયેલી.

બે-ત્રણ દિવસ પછી વહુને રોટલી વણાવતી વખતે કમળાબેહેને હળવેકથી પૂછી લીધું,

“તે વહુ, આ પરિવાર નિયોજન શું છે ? તમને કંઈ ખબર છે એના વિશે ?”

“ના રે બા, હું ય આ રેડિયો પર સાંભળું છું એટલું જ. બાકી ઝાઝી ખબર તો મનેય નથી.”

“વારું.”

કહીને કમળાબહેન ચૂપ થઈ ગયા એમને જોઈતો જવાબ મળી ગયેલો.

ooo

"તે દિવસે હું એમની બાજુમાં બેઠી-બેઠી ગરમ રોટલી જમતી હતી. પણ એમની વાતોમાં મને ખાસ સમજ નહોતી પડી. આમ ને આમ બે વરસ વીતી ગયા."

આટલું બોલીને અલકા ઊભી થઈ અને શાકની થાળી લઈને રસોડા તરફ ચાલવા માંડી.

"અરે મમ્મી... આમ વાત અધૂરી મૂકીને નહીં જા. બે વરસ પછી શું થયું ?"

મમ્મીને રસોડામાં જતી જોઈને પરિની એની પાછળ-પાછળ દોડી.

"કહું છું. જરા આ શાક તો વઘારી લઉં."

પરિની હવે પૂરી વાત સાંભળવા અધીરી થઈ હતી. એ પણ અલકાની પાછળ-પાછળ રસોડામાં પ્રવેશી અને પ્લેટફોર્મ પર એક બાજુ પગ લટકાવીને બેસી ગઈ.

"તું શાક બનાવતા બનાવતા વાત ચાલુ રાખ."

"સારું" કહેતાં અલકા બોલી, "બસ, આમ તો બધું બરાબર હતું, પણ ક્યારેક વિમળાફોઈ ઘરે આવે ત્યારે વાતાવરણ થોડું ડહોળાઈ જતું."

"કેમ ? શું એ આવીને ઝઘડો કરતાં ?"

"ના, ના એમ તો એ બહુ ડાહ્યા છે. પણ એમને એમના ભાઈનો વંશવેલો આગળ વધારવાની ઉતાવળ હતી. એ જમાનામાં જો બે વરસે ખોળામાં છોકરું રમતું ન દેખાય, તો લોકો જાતજાતની વાતો કરતા."

"ટુ હેલ વીથ પીપલ. એમને શો ફરક પડે છે ?"

રંધાતા શાકની વરાળ સાથે પરિનીના મગજનો પારો પણ ઉપર ચડવા લાગ્યો હતો. અલકાએ એને શાંત પાડતા કહ્યું,

"એ જમાનો જુદો હતો, બેટા આજની જેમ ફ્લેટ સિસ્ટમ નહોતી. ચાલીના ઘરોમાં તો એકબીજાના ઘરની બધી વાતો સંભળાતી. કશું પ્રાઈવેટ હોતું જ નહીં. વળી પાછા એક દિવસ ફોઈ-ફુઆ આવ્યા અને ઘરમાં ખાસ્સી મગજમારી થઈ..."

●●●

પ્રકરણ 4

બે વરસ વીતી જવા છતાંય હજી સુધી ગુણવંતી તરફથી કોઇ સારા સમાચાર મળ્યા નહોતા. હવે કમળાબહેન પણ પૌત્રનું મોં જોવા અધીરા થયા હતા. એ ફોડ પાડીને કંઇ કહેતા નહોતા, તોય રમણ અને ગુણવંતીને એમની આરઝુ સમજાતી હતી. જોકે હજી ક્યાં એવું મોડું થયું છે, એમ સમજીને બંને મન મનાવતા હતા.

એવામાં એક રવિવારની સાંજે વિમળાફોઇ અને કુમારફુઆની પધરામણી થઈ. સહુ ભેગાં મળીને વાતોએ વળગ્યા. પુરુષોએ સેટી પર બેઠક લીધી અને સ્ત્રીઓ સામે ચટાઇ પર ગોઠવાઇ. ગુણવંતી બારણાની આડશે બેસી એમની વાતોમાં જોડાઇ. વિમળાફોઇ સહુની ખબર લેવાનું નક્કી કરીને આવ્યા હોય એમ સૌથી પહેલી એમણે અલકનંદાને પકડી.

"કેમ રે અલ્કી, રોટલી બનાવતા શીખી કે નહીં ? કે પછી બસ ચાલીમાં ઉછળકૂદ કરવામાં જ તારો દિવસ નીકળી જાય છે ?"

"ફોઇ... શીખીશ હવે. દાળ, ભાત, શાક બનાવતાં શીખી લીધું છે. તોયે મારી રસોઇ હજી ભાભી જેટલી સરસ નથી થતી."

અલકનંદાએ ટપાકથી જવાબ આપ્યો.

"તે શું વરને પેલી ઇરાની હોટેલના પાઉં ખવરાવવાની છો ! રોટલી કંઇ એમ રાતોરાત નહીં આવડે."

વિમળાફોઇએ વઢકણા સૂરમાં કહ્યું.

"શીખશે બેન, હમણાં તો સીવણનો ડિપ્લોમા કોર્સ કરે છે, તે એનો અડધો દિવસ એમાં જાય છે. પાછાં સેમ્પલ તૈયાર કરવાના હોય એટલે ઘરેય કામ તો કરવું જ પડે."

કમળાબહેન અલકાનું ઉપરાણું લેતાં બોલ્યા.

"એય હવે વીસની થઇ ગઇ છે. આવતે વરસે એનુંય જોવા માંડીએ. એમ કંઇ મૂરતિયા એને માટે તૈયાર બેઠા નથી."

"એય નસીબ લઇને આવી હશે ને બેન ? ઉપરવાળો બેઠો છે સૌનું ધ્યાન રાખતો."

"એ તો ઠીક છે, પણ આજે બાપ વગરની છોકરીનું અમારેય ધ્યાન તો રાખવું પડે ને ? ગમે તેમ તોય રમણ હજી નાનો છે, એમ સગપણ કંઇ સસ્તા નથી પડ્યા."

કુમારફુઆએ વ્યવહારવાણી ઉચ્ચારી.

"મારી બેન માટે તો હું એટલો સરસ છોકરો ગોતીશ કે એ સાસરિયામાં રાજ કરશે રાજ."

રમણની આ વાત સાંભળતા જ અલકનંદા શરમાઇને રસોડામાં ભાગી ગઈ.

"બેનની વાત પછી કરજે. પહેલા તારી વાત કર."

વિમળાફોઇએ રમણને સાણસામાં લેવાનો મોકો ઝડપી લીધો.

"મારું શું છે ? પરણી ગયો છું. સરસ નોકરી છે. આ વર્ષે બઢતી પણ મળશે."

"નોકરીની બઢતી તો ઠીક છે. બીજી બઢતી ક્યારે મળશે?"

''બીજી બઢતી?''

''હા, તે મારા ભાઈનો વંશવેલો આગળ વધારવાનો છે કે નહીં?''

''તે અમારી ક્યાં ના છે. બસ ભગવાન સામું જુએ એની રાહ જોઈએ છીએ.''

''એમ ભગવાનને ભરોસે થોડું બેસી રહેવાય છે ? દાક્તરી તપાસ કરાવી ?''

વિમળાફોઈના ખુલ્લા સવાલે રમણના મોં પર કાળી શાહી ઢોળાઈ ગઈ. એને ચૂપ બેસેલો જોઈ કમળાબહેન હળવેથી બોલ્યા,

''મેં તો કહ્યું એને. આ હું અને વહુ દાક્તર પાસે જઈ આવ્યા. પણ દાક્તર કહે છે કે પતિ-પત્ની બંનેની તપાસ કરવી પડે. એમ એકલી વહુની તપાસથી કંઈ વળે નહીં.''

કમળાબહેનના આ શબ્દોએ રમણ કાળઝાળ થઈ ઊઠ્યો. લાલઘૂમ મોં સાથે આંખો કાઢીને એણે કમળાબહેનને કહ્યું,

''એટલે શું મારામાં ખોટ છે ? હું નામર્દ છું ? મારે નથી કરાવવી કોઈ દાક્તરી તપાસ.''

બોલતો-બોલતો એ ગુસ્સામાં ઊભો થઈને બારણા પાસે ગયો. બેઠેલા બધા પર એક સરસરી નજર નાખીને, ઝટપટ ચંપલ પહેરીને એ ઘરની બહાર નીકળી ગયો.

રૂમમાં સોંપો પડી ગયો ! વિમળાફોઈ, કુમારફુઆ અને કમળાબહેન વિમાસણમાં એકબીજાનું મોં તાકવા લાગ્યા. દરવાજાની આડશે બેઠેલી ગુણવંતીએ આંખમાં ધસી આવેલા આંસુ સાડીના છેડાથી લૂછ્યા અને ત્યાંથી ઊભી થઈ ગઈ. થોડી વાર સુધી કોઈ કંઈ જ ન બોલ્યું. પરિસ્થિતિ પામી ગયેલી અલકનંદાએ બહારના રૂમમાં આવીને ધીમા સાદે પૂછ્યું,

''ફોઈ, પાણીપુરી કરી છે. લઈ આવું થોડી?''

આઘાતની કળ વળી હોય એમ થોડા સ્વસ્થ થતા કુમારફુઆ બોલ્યા,

''હા બેટા, લઈ આવ. ખાઈશું થોડી-થોડી.''

૦૦૦

આ આખીય વાત સાંભળ્યા પછી પરિનીને ગુણવંતીના જવા માટેના કારણનો અણસાર આવવા માંડ્યો હતો. એણે તરત પૂછ્યું,

''અચ્છા .... તો મામીને છોકરા નહોતા થતા એટલે એમને કાઢી મૂક્યા!''

''હમમમ...''

''તો તે કંઈ કહ્યું નહીં ? વિરોધ ન કર્યો ? આમ તો બહુ ઝાંસીની રાણી બનતી ફરતી હોય છે.''

પરિની દાઢમાં બોલી. એ ગુણવંતીને ઓળખતી નહોતી, પણ એક સ્ત્રી તરીકે બીજી સ્ત્રીની પીડા એને બરાબર સમજાતી હતી.

''કહું તો છું, હું ત્યારે ઘણી નાની હતી. ત્યારે કંઈ આવું મીડિયાનું એક્સપોઝર નહોતું. હવે તો વીસ વર્ષે તમને ઘણી સમજ પડે છે. અમને ત્યારે નહોતી પડતી.''

ત્યારે અનુભવેલી નિઃસહાયતા આજેય અલકાના અવાજમાં પડઘાતી હતી.

''એ દિવસ પછી બાનું વર્તન થોડું બદલાયું હતું.''

''કેવી રીતે?''

''પછી તો બા ભાભીના બાજુએ બેસવાના દિવસોનું ધ્યાન રાખતી થઈ હતી. ભાભી બાજુએ બેસે અને એમના હૈયેથી એક નિઃસાસો સરી પડે. છાપામાં કોઈ વંધ્યત્વ નિવારણનો લેખ આવે, કોઈ ઓસડિયા, કોઈ દવા દેખાય, તો તરત ભાભીને એનો પ્રયોગ કરાવવાનો એમનો આગ્રહ રહેતો.''

"અને મામાને?"

''ભાઈને... એને તો કંઈ કહી શકાય એમ જ નહોતું. એકના એક દીકરાને બધાએ નાનપણથી જ મોંએ ચડાવેલો. એ તો કુળદીપક હતો ને.''

''ઓહ!''

''હદ તો ત્યારે થઈ ગઈ જ્યારે એક સંબંધીના લગ્નમાં અમે ગયા હતા. હું, બા અને વિમળાફોઈ ત્રણેય લેડીઝ રોમાં બેઠેલા અને ...''

૦૦૦

''જોઈ પેલા સૂર્યકાંતની વહુ ?''

આગલી હરોળમાં બેઠેલી એક સ્ત્રી તરફ આંગળી ચીંધતા વિમળાફોઈએ સહેજ ઝૂકીને દબાયેલા સ્વરમાં કમળાબહેનને કહ્યું.

ચીંધાયેલી આંગળીની દિશામાં કમળાબહેન અને અલકનંદા તાકી રહ્યા. લીલા રંગની જરી ભરેલી સાડીમાં એક યુવાન, ઉપસેલા પેટવાળી સ્ત્રી ત્યાં બેઠી હતી.

''કોણ ? પેલી લીલી સાડીવાળી ?''

કમળાબહેને ખાતરી કરવા માટે ફરી પૂછ્યું.

''હા એ જ સૂર્યકાંતની બીજી વારની. પહેલીને છોકરા નહોતા થતા એટલે ફારગતી આપીને બીજી લાવ્યા. જુવો, બીજીએ તો વરસમાં જ પરિણામ આપ્યું. ''

''એટલે?''

વાતની ગડ ન બેસતા કંઈક બઘવાટથી કમળાબહેને પૂછ્યું.

''એટલે એમ કે રમણ માટે તમે કંઈ વિચાર્યું ?'' કમળાબહેનના મોં સામે સૂચક નજરે તાકતા વિમળાફોઈ બોલ્યા.

''તમારો મતલબ...''

''હા... મારો મતલબ એ જ જે તમે સમજ્યા, ભાભી.''

''ના, ના. આપણાથી આવું કેમ થાય ! મારે તો હજી અલ્કીનોય વિચાર કરવાનો છે. આવું કંઈ આપણા ઘરમાં થાય તો એના સગપણ પર પણ અસર પડે.''

''તે હવે અલકનંદાને ક્યાં વાર છે ? વરસેકમાં એને વિદાય કરી દઈએ. ત્યાં સુધી જોઈએ કંઈ થાય તો. નહીં તો પછી...''

એ ક્ષણે કમળાબહેને કંઈ જવાબ ન આપ્યો, પણ વિચારનું બીજ એમના મનમાં રોપાઈ ગયું હતું.

૦૦૦

એ દિવસે વિમળાફોઇ પર મને એવો તો ગુસ્સો આવેલો. પણ હું સમસમીને બેસી રહેલી. આમેય મારી વાત ક્યાં કોઈ સાંભળતું હતું ? હું તો હજી નાની હતી ને !''

એ દિવસે કંઇ ન બોલી શકેલી અલકાએ આજે બળાપો કાઢતા કહ્યું.

''પછી?''

મમ્મીના બળાપાને ન ગણકારતા પરિનીએ ઉત્સુકતાથી પૂછ્યું.

''પછી તો મારું ય સગપણ થઈ ગયું. એ જ લગ્નમાં તારી દાદીએ મને જોઈ અને ચાર દિવસમાં એમણે માંગું મોકલ્યું.''

''મને યાદ છે. દાદી એક દિવસ બોલ્યા હતા.''

''બસ બે મહિનામાં અમારા લગ્ન લેવાયા. લગ્ન પછી હું નવા વાતાવરણમાં ગોઠવાઈ રહી હતી અને ત્યાં ભાભીની હાલત ખરાબ થઈ રહી હતી.''

''શું થતું હતું ?''

''મારા જવાથી ઘરમાં ખાલીપો સર્જાઇ ગયો હતો. મારી ઉછળ-કૂદને ભરવા માટે બાળકની કિલકારીની જરૂર બધાને વર્તાતી હતી. પાડોશીઓય હવે કાનાફૂસી કરવા માંડ્યા હતા. હું બાને મળવા જતી, ત્યારે મારી ચાલીની બહેનપણીઓ ત્યાંની બૈરાઓની કૂથલી વિશે મને કહેતી. ધીમે-ધીમે અમુક લોકોએ ભાભીને સારા પ્રસંગોએ બોલાવવાનુંય ટાળવા માંડ્યું હતું.''

''કેમ?''

''વાંઝણી સ્ત્રીઓ અપશુકિનયાળ ગણાય ને, એટલે.''

''અરે, પણ એમાં એ બિચારી શું કરે ?''

ભણેલી-ગણેલી મોડર્ન પરિનીના દિમાગમાં આ અપશુકનવાળી વાત ઊતરી રહી નહોતી.

''હજીયે લોકો આવું બધું માને છે, તો પચ્ચીસ વર્ષ પહેલા તો શું કહેવું ? ત્યારે તો બૈરાઓ રીતસરનો ધક્કો મારીને આવી પચ્ચીસ પાછળ હડસેલી દેતી.''

''એટલું બધું!''

''હા, એ તો જેના પર વીતે એને જ સમજાય.''

''તો પછી આ છૂટાછેડાનો નિર્ણય ક્યારે લેવાયો?''

''કહું તો છું, મને કંઇ જ ખબર નથી.''



પ્રકરણ 5

રમણ અને ગુણવંતીના છૂટાછેડાની ઘટનાનો ભાર અલકાના હૃદય પર આજ દિવસ સુધી યથાવત્ હતો. તે વખતે અનુભવેલી નિ:સહાયતા આજેય અલકાના અવાજમાં પડઘાતી હતી.

“ક્યારે આ બધું થયું એની અમને ખબર જ ના પડી. મને અને તારા પપ્પાને આ બધામાંથી બાકાત રખાયા હતા. બધું પતી ગયું પછી જ અમને ખબર પડી કે મામાના છૂટાછેડા થઇ ગયા. હું ભાભીને છેલ્લી વારનું મળી ય ન શકી. મને એક દિવસ બાનો મેસેજ મળ્યો. મામાએ પપ્પાની ઓફિસે ફોન કરીને કહેવડાવેલું કે બીજે દિવસે બપોરે મારે એમના ઘરે જવું. નાનીને મારું અરજન્ટ કામ હતું....”

"શું ગરમી પડે છે બાકી !"

રૂમાલથી પસીનો લૂછતા-લૂછતા અલકા ઘરમાં દાખલ થઈ.

"તું જરા પંખા નીચે બેસ. હું પાણી લઈ આવું."

કહેતા કમળાબહેન અંદર ગયા. સાડીના છેડાને ગળા પાસે ફરકાવતી અલકા સેટી પર બેઠી. કમળાબહેને લાવેલ પાણીનો પ્યાલો હાથમાં લેતાં અલકાએ પૂછ્યું,

"શી વાત છે બા ? શું કામ હતું મારું ? ગઈ કાલે એમની ઓફિસે રમણનો ફોન હતો."

"બેસ જરા. થાક ખા. પછી કહું. ચા પીશ ?"

"ના, ના, ચા પીને જ નીકળી છું."

"સારું."

કહીને કમળાબહેન અલકા સામે જમીન પર પલાંઠી વાળીને બેસી ગયા.

"ભાભી ક્યારે આવવાના છે ? હવે તો બહુ દિવસો થઇ ગયા. બે વરસ પિયર ન ગયા એનું એમણે બરાબરનું સાટું વાળ્યું છે."

સાંભળીને કમળાબહેન કંઇ બોલ્યા નહીં. એમના કપાળ પર ઉપસી આવેલા સળ કંઈક અજુગતું બન્યું હોવાની ચાડી ખાતા હતા. માના ચહેરાની બદલાયેલી રેખાઓ જોઈ અલકાએ સહેજ ચિંતાભર્યા સ્વરે પૂછ્યું."

"કલકત્તામાં બધું બરાબર તો છે ને ?"

"હા, હા, ત્યાં શું થવાનું હતું ? બધું બરાબર છે."

"તો પછી રમણને મોકલી દે ને. એમને તેડી આવે."

"હવે એ ક્યારેય અહીં નહીં આવે."

અલકાના મોં સામે જોઈ સપાટ સ્વરે કમળાબહેન બોલ્યા. પછી નીચું જોઈ ખોળામાંનો પાલવ સરખો કરવા લાગ્યા. સાંભળતા જ અલકા ઝટકા સાથે ઊભી થઈ ગઈ.

"શું વાત કરે છે બા !"

કહેતી અલકા હાથમાંનો પાણીનો ગ્લાસ બાજુના ટેબલ પર મૂકી, બાની પાસે જમીન પર બેસી ગઈ અને પૂછ્યું,

"શું બેય ઝઘડ્યા છે?"

"બેઉના છૂટાછેટા થઈ ગયા છે."

"શું ?" કહેતાં અલકાએ જોરથી માનું કાંડું પકડી લીધું. "આટલું બધું થઈ ગયું અને તમે મને કંઈ જ કહ્યું નહીં ?"

"તારું નવું-નવું સાસરું છે. આ બધી પંચાતમાં પડવાની તારે જરૂર નથી."

સહેજ કડક સ્વરે કમળાબહેને અલકા સામે આંખો કાઢતા કહ્યું.

"અરે પણ..."

"પણ-બણ કંઈ નહીં. અને હવે જો, તારી સાસુ પૂછે તો કહી દેજે કે ભાભીને મુંબઈ પાછા આવવાની ઈચ્છા નહોતી."

"શું આ સાચું છે ?"

"ના."

"તો પછી સાચું શું છે?"

"અમારે કુળનો વારસદાર જોઈએ છે."

"એટલે શું બધો વાંક ભાભીનો જ હતો ? ભાઈ તો દાક્તરી તપાસ કરાવવા પણ રાજી નહોતો. એમ કઈ રીતે તમે કહી દીધું કે ખામી એનામાં છે?"

"જો અલકા, તું તો રમણનો સ્વભાવ જાણે છે. એણે નાનપણથી પોતાનું ધાર્યું જ કર્યું છે. તારા બાપુજી ગયા ત્યારે એણે દુકાન ચલાવવાની પણ ધરાર ના પાડી દીધેલી. મને ચોખ્ખું સંભળાવી દીધેલું કે હું તો ગ્રેજ્યુએટ થઈને, ટેબલ-ખુરશી પર બેસીને, ઓફિસમાં કામ કરીશ. આમ દુકાન પર તાકાની ગડી વાળતો નહીં બેસું. આ નિર્ણય પણ એનો જ હતો."

"અરે પણ ઘરના વડીલ તરીકે તારી ય કોઈ ફરજ હોય કે નહીં ?"

અલકાની દલીલો ચાલુ હતી.

"તો શું હું વહુનો પક્ષ લઈને દીકરાને નારાજ કરું ? એ જ તો મારી ઘડપણની લાકડી છે. જો એ મને કાઢી મૂકે, તો શું તું મને તારા ઘરે રાખીશ?"

માના આ સીધા હુમલાથી અલકા અવાક્ થઈ ગઈ. પોતે હજી સાસરિયામાં માંડ ગોઠવાતી હોય ત્યાં માને ક્યાં રાખે ?

થોડી વારે આઘાતની કળ વળી એટલે અલકાએ માને પૂછ્યું,

"કયારે પત્યા છૂટાછેટા ?"

"પરમ દિવસે સાંજે જ ફેંસલો આવ્યો. વહુએ એક પણ પૈસો લીધા વિના સમજૂતીથી છૂટાછેડા આપી દીધા. હવે ફક્ત લગ્નમાં સાથે લાવેલા એના પિયરના દાગીના અને ચાંદીના વાસણો આપણે એમને પાછા આપવાના છે."

"બિચારી... જ્યાં જીવતર જ લૂંટાઈ ગયું ત્યાં પૈસાને ક્યાં પૂછે ?"

"બસ બસ, હવે બહુ થયું. અને ખબરદાર જો આ વાત કોઈને કરી છે તો."

"કઈ વાત ?"

"એ જ કે વહુને છોકરા નહોતા થતા એટલે છૂટાછેડા આપ્યા."

"તો ?"

"એમ કહેવાનું કે વહુને મુંબઈમાં ગોઠતું જ નહોતું. એ રોજ કલકત્તા જવા માટે રમણનો જીવ ખાતી. રમણ એના બાપુજીના ધંધામાં જોડાઈ જાય એવી એની ઈચ્છા હતી. પણ રમણ એમ કંઈ એની માને નોધારી મુંબઈમાં છોડી કલકત્તા

ઓછો જાય ! એને ઘરજમાઈ નહોતું થવું."

"આ તો સરાસર જૂઠાણું છે."

અલકાએ વિરોધ કર્યો.

"તો શું એમ કહીશ કે મારા ભાઈમાં ખામી હતી કે છોકરા નહોતાં થતા."

"એવું થોડી કીધું મેં !"

"જો બેટા, આમ છોકરાવાળી વાત સમાજમાં ખબર પડે તો ભાઈને કોઈ બીજી છોકરી ન મળે. શંકા કરવાવાળા તો એના પર પણ શંકા કરે જ. અને ન કરે નારાયણ ને બીજીનેય... જવા દે."

"બહુ ખોટું થયું બા. આ તમે બધાએ મળીને ભાભીને કાઢી નાખી, એ સારું નથી થયું. કુમારફુઆએ પણ તમને ન રોક્યા ?"

"રમણના બીજા લગ્નનો વિચાર સૌથી પહેલા વિમળાફોઈના મનમાં જ તો આવ્યો હતો. પણ તે વખતે હજુ તારા લગ્ન નહોતા થયા, એટલે અમે રાહ જવાનું નક્કી કર્યું હતું. "

"તમારી કમળા-વિમળાની જોડીએ તો એક સ્ત્રીની જિંદગી બરબાદ કરી નાખી. તમને એની હાય લાગશે. સુખી નહીં થાય તું, બા !"

"જોઈ મોટી હાય-વાળી. તો શું કુળદીપકની આશા રાખવી ગુનો છે? મારે વંશ ચલાવવા શું કરવાનું ?"

"આજ-કાલ તો ઘણા લોકો બાળક દત્તક લે છે."

"એમ ઉછીના લોહીએ વારસા ચાલતા હશે ! કોને ખબર કેવા લોકો બાળકને તરછોડી જતાં હોય અને એ બાળક આપણા ઘરે આવે. ના, ના, ના... મારા જીવતા તો હું એવું નહીં જ થવા દઉં. મેં તો આપણા પંડિતજીને રમણની કુંડળીય બતાવી હતી. બે બાળકોનો યોગ છે. "

અલકાને કંઈ જ સમજ નહોતી પડી રહી. અચાનક એ પૂછી બેઠી, "બા, જો મને બાળક ન થાય તો ?"

"ચૂપ મર હવે, શું આવું અશુભ બોલતી હશે, એવું કંઈ થવાનું નથી. ચલ હવે ટ્રંક કાઢીને સામાન ભરવા માંડ, એટલે થઈએ નવરા. બે દિવસમાં એમનો માણસ સામાન લઈ જાય અને આ પ્રકરણ પૂરું થાય."

કહેતાં કમળાબહેન ઊઠીને બાજુની રૂમમાં ગયા. પાછળ-પાછળ અલકા પણ દોરાઈ.

ooo

“એ દિવસે સામાન પેક કરતાં-કરતાંય મારા હાથ ક્યારેક અટકી જતા. મને વિચાર આવી જતો કે જો મને આટલું દુઃખ થતું હોય, તો ભાભી પર તો શી વીતતી હશે ! ”

અલકા રસોડાની બારીની બહાર તાકતા ભારે સાદે બોલી.

“વેરી સેડ !”

પરિનીના મોંમાંથી પણ દુઃખભર્યા ઉદગાર સરી પડ્યા. એક ઊંડો શ્વાસ લઈ સ્વસ્થ થવાનો પ્રયાસ કરતાં અલકાએ દાળ-શાકના ગૅસના બટન બંધ કર્યા અને

ઘડિયાળ સામે નજર કરી.

“અરે બાપ રે ! સાડા-અગિયાર થઈ ગયા. ચલો, ચલો, હજુ તો નહાવાનું બાકી છે. જા હવે તું પણ તૈયાર થા. આકાશ આવે તો બંને જણ જોડે જ જમવા બેસી જજો. ” કહેતી અલકા રસોડાની બહાર નીકળી.

વિચારોમાં ખોવાયેલી પરિની ધીમા પગલે એના રૂમ તરફ આગળ વધી.

બપોરે જમીને આડે પડખે થયેલી અલકાના મગજમાં હજીયે સવારની વાતો ઘૂમરાઈ રહી હતી. આંખો બંધ કરી ઊંઘવાની કોશિશ કરી રહેલી અલકાની નજર સામે હજીયે જૂનાં દ્રશ્યો ઉભરાઈ રહ્યા હતા...



પ્રકરણ 6

છૂટાછેડાને બે વરસ થઈ જવા છતાં ય રમણનું કંઈ ઠેકાણું નહોતું પડતું. કોણ જાણે કેમ પણ જ્યાં વાત મૂકાય ત્યાંથી નકાર જ આવી જતો. આવા સામાજિક બહિષ્કારની એમને અપેક્ષા નહોતી.

એ દરમિયાન અલકાના પગ ભારે થયા. સાતમે મહિને ખોળો ભરાવીને અલકા પિયર રહેવા આવી. એના આવવાથી ઘરનું વાતાવરણ થોડું બદલાયું. પહેલાની જેમ રોજ રાત્રે ત્રણેય જણ અલક-મલકની વાતો કરતા. જોકે ભૂલથીય ગુણવંતીનું નામ ન લેવાઈ જાય એની તકેદારી ત્રણેય રાખતા. એક સાંજે અલકાએ રમણને સૂચન કર્યું,

"ભાઈ મને લાગે છે કે તારે ઘર બદલી નાખવું જોઈએ."

"કેમ ?"

"જોને આજકાલ હવે ફ્લેટમાં રહેવા જવાનો વાયરો વાયો છે. તું પણ એકાદ ફ્લેટ લઈ લે ને ?"

"આ ઘર સરસ તો છે વાંધો શો છે ?" કમળાબહેને પોતાનો અભિપ્રાય આપ્યો.

"વાંધો તો કંઈ નથી. પણ જો બા, આ બધા પ્રકરણ પછી પાડોશીઓ કાનાફૂસી કરી રહ્યા છે, ભલે એમ મોંએ ચડીને કોઈ કંઈ કહેતું નથી, પણ પીઠ પાછળ ઘણી વાતો થઈ રહી છે."

"હમમમ" કહેતાં કમળાબહેન અને રમણે એકબીજાની સામે જોયું. પછી વધુ બોલવાનો ઈશારો કરતા હોય એમ અલકાની સામે જોતા ચૂપચાપ બેઠા રહ્યા. એટલે અલકાને આગળ બોલવાની હિંમત આવી,

"કદાચ ફ્લેટ જોઈને કોઈ સારા ઘરની છોકરી પરણવા માટે રાજી થઈ જાય. અને નવા પાડોશમાં જૂની વાતોય ભૂલાતી જશે."

"અલકાની વાતો તો સાચી છે."

કમળાબહેને અલકાના વિચારને ટેકો જાહેર કરતાં કહ્યું. રમણ હજીયે ખયાલોમાં ખોવાયેલો હતો. થોડીવારે એ બોલ્યો,

"ફ્લેટ તો બરાબર છે. પણ ક્યાં ?"

પોતાની વાતનું વજન પડ્યું છે જાણી અલકા ઉત્સાહમાં આવીને બોલી,

"બધા કહે છે કે મલાડ-બોરીવલી બાજુ સારા ફ્લેટ મળે છે. ગુજરાતીઓની વસ્તી ત્યાં વધી રહી છે. વળી ભાવ પણ ઓછા છે."

"અચ્છા ! જોઉં, કોઈ દોસ્તારને પૂછી જોઉં."

"અને જો ભાઈ, ઓનરશીપનું મકાન જોજે. આ પાઘડીવાળામાં હવે નહીં પડતો. વેચીએ તો મકાન-માલિકને ત્રીસ ટકા આપી દેવા પડે."

અલકાએ વધારાનું વ્યવહારું સૂચન કર્યું.

"ભલે. બે-ત્રણ દિવસ વિચાર કરું અને જરા તપાસ કરી લઉં."

કહેતો રમણ ઊભો થયો.

થોડા દિવસોમાં અલકાએ દીકરીને જન્મ આપ્યો. એ દરમિયાન રમણની

સારા ફ્લેટની તલાશ જારી હતી. બેબી અઠવાડિયાની થઈ, ત્યાં તો રમણને મનગમતી જગ્યા મળી ગઈ. મકાનનું બાંધકામ પતવા આવ્યું હતું. છ મહિનામાં કબજો આપવાની વાત હતી.

બાનુ આપીને રમણ ઘરે આવ્યો અને અલકાની બેબીને હાથમાં લઈ એની સામે જોતાં ખુશીથી બોલી પડ્યો,

"તું તો મારી પરી છે. તારી જાદુની લાકડી ફેરવીને તારા મામાની એક પરેશાની તો તેં દૂર કરી દીધી. હવે બીજી તકલીફો પર પણ તારી લાકડી ફેરવ."

"શી વાત છે ? તમે તો અમારી લાડકીને પરી નામ આપી દીધું !"

કહેતા સનતે ઉઘાડા બારણામાં પગ મૂક્યો.

"લ્યો, સાચવો તમારી રાજકુમારીને. હું જરા હાથ-મોં ધોઈને આવું." કહેતા રમણે સનતના હાથમાં બેબીને આપી અને પોતે બહાર ગયો.

"આવો પરીબેન" કહેતાં બાળકીને હાથમાં લેતો સનત પલંગ પર અલકાની પાસે બેઠો અને એને પૂછ્યું,

"પછી તમે લોકોએ નામનું કંઈ વિચાર્યું ? પરી નામ પાડવું છે કે ?"

"પરી તો નહીં, પણ પરિની. મારી બહેનપણી સુધા આ નવું ગામ ગોતી લાવી છે. રાશિ પરથી છે અને પાછું ટૂંકું ને ટચ. એના મામા ભલે એને પરી કહે, પણ આપણે તો એનું આખું નામ જ બોલવાનું હં."

"ભલે ત્યારે, આજે રાત્રે ઘરે વાત કરી દઈશ. બાએ બે-ત્રણ નામ સૂચવ્યા છે. મને ખાસ ગમ્યા નહોતા, એટલે મે એમને કંઈ જવાબ નહોતો આપ્યો. અને એય પરીની.... ઘરે ક્યારે આવવાનું છે?"

કહેતો સનત બાળકીને રમાડવા લાગ્યો. એના છેલ્લા શબ્દો ચા-નાસ્તાની ટ્રે લઈને પ્રવેશતા કમળાબહેનને કાને પડ્યા.

"અરે ભાઈ, હજી તો બહુ નાની છે. થોડી હાથ-ઝાલી થઈ જાય પછી લઈ જજો. નકામા તમારા બા ત્યાં હેરાન થશે. તમારા ભાભીનો બાબોય હજી નાનો છે. અહીં તો હું સાવ નવરી-ધૂપ હોઉં છું. બેબી બેસતાં શીખે એટલે મોકલીએ."

"ના ભાઈ, ના. એટલા બધા મહિના કંઈ અમે રાહ નથી જોવાના. અમે તો અમારી પરિનીને રક્ષાબંધનના દિવસે લઈ જઈશું. એટલામાં બે મહિનાની થઈ જશે."

"ભલે ત્યારે, જેવી તમારી ઇચ્છા."

કહેતા કમળાબહેન પાછા રસોડામાં ગયા.

ooo

સમય વીતતો ચાલ્યો. પરિની વરસની થઈ ત્યાં સુધીમાં રમણનો બોરીવલીનો ફ્લેટ તૈયાર થઈ ગયો. ચાલીનું ઘર વેચીને રમણ અને કમળાબહેન નવા ઘરમાં રહેવા જતા રહ્યા.

આટલો સમય વીતવા છતાં રમણનું કંઈ ઠેકાણું પડતું નહોતું. નિર્દોષ છૂટાછેડાવાળી વાત કેમ જાણે લોકોને ગળે જ નહોતી ઊતરતી. એવામાં એક દિવસ એમના ઘરે વિમળાફોઈની પધરામણી થઈ. એ રમણ માટે એક માંગું

લાવ્યા હતા.

"જુઓ ભાભી, ખોરડું ગરીબનું છે. અને ચાર-ચાર દીકરીઓ છે, એટલે મા-બાપને ઉતાવળ છે. આનો નંબર બીજો છે. કન્યા દસમું પાસ અને દેખાવે સાધારણ છે."

કમળાબહેનને સમજાવતા હોય એમ વિમળાફોઈ બોલ્યા.

"પણ આપણો રમણ તો ગ્રેજ્યુએટ છે અને દેખાવે પણ સારો જ છે."

"એ બરાબર, પણ આ છૂટાછેડાની ટીલડી એના કપાળે ચોંટી છે ને. આ છોકરીના બનેવી કાપડ માર્કેટમાં કામ કરે છે. વાતમાંથી વાત નીકળી ને તમારા બનેવીએ તક ઝડપી લીધી. વિમળાફોઈએ પરિસ્થિતિની ગંભીરતા સમજાવતા કહ્યું.

"એમણે કન્યા જોયેલ છે ?" કમળાબહેને પૂછ્યું.

"ના, એમણે તો નથી જોઈ. પણ હવે આપણેય આપણા નખરા થોડા ઓછા તો કરવા જ પડશે. નહીં તો મેળ નહીં પડે. જુઓને આમ ને આમ રમણ અઠ્ઠાવીસનો તો થયો. ત્રીસનો થતામાં જો ધોળા આવવા માંડશે કે ટાલ પડવા માંડશે તો મુશ્કેલી ઊભી થશે."

વિમળાફોઈની વાત સમજાતી હોય એમ કમળાબહેને ડોકું ધુણાવી પૂછ્યું,

"અને લગ્ન ?"

"એમની પરિસ્થિતિ બહુ સારી નથી, એટલે થોડા જણમાં પતાવવાનું કહેતા હતા. આમેય આપણે તો આ બીજી વારનું જ છે ને."

"હં" કહેતા કમળાબહેનનું મોં પડી ગયું. પછી સહેજ વિચાર કરીને એ બોલ્યા,

"સારું, હું રાત્રે રમણને વાત કરી જોઉં."

રમણે છોકરી જોવાની હા પાડી અને કન્યા જોવાનો કાર્યક્રમ ગોઠવાયો. કમળાબહેન, રમણ, અલકા, સનત, વિમળાફોઈ અને કુમારફુઆ એમ છ જણ કન્યાને જોવા એના ઘરે જાય એવું નક્કી થયું. છેલ્લી ઘડીએ સનતને ધંધાનું કામ આવી પડતાં એ આ કાર્યક્રમમાં જોડાઈ ન શક્યો. એનો નવો-નવો ધંધો હોવાથી એના પર કામનું દબાણ રહેવા લાગ્યું હતું. આ વાત બધા સમજતાં હોવાથી કોઈએ ખરાબ નહોતું લગાડ્યું.

વિરારની એક બેઠી ચાલના નાનકડા નળિયાવાળા એક ઓરડીના ઘરમાં પ્રવેશતાં જ કમળાબહેનના હૈયામાંથી સરી પડેલો નિઃસાસો અલકાથી છાનો નહોતો રહ્યો. શ્યામળી કોકિલાને જોઈને અલકાને રૂપાળી ગુણવંતી યાદ આવી ગઈ. એનાથી મનોમન બંને વચ્ચે સરખામણી થઈ ગઈ. ક્યાં પેલી બંગલામાં રહેતી રાજકુમારી જેવી ગુણવંતી અને ક્યાં આ સાવ સામાન્ય દેખાતી કોકિલા !

એ જૂની વાતને મનના ખૂણામાં ધકેલીને અલકાએ સ્ત્રીઓની વાતોમાં ધ્યાન પરોવ્યું. નાસ્તા-પાણી સાથે કન્યા-મૂરતિયા જોવાનો કાર્યક્રમ પૂરો થયો. બે દિવસમાં જવાબ આપવાનું જણાવી બધા છૂટા પડ્યા.

"કેવી લાગી કન્યા ?"

રાત્રે ઘરે આવતાવેંત સનતે અલકાને પૂછ્યું.

"ઠીક." અલકાએ જમવાનું પીરસતા પડેલા મોંએ કહ્યું.

"કેમ આવું મોળું બોલે છે ? શું બધું બરાબર નહોતું?"

"શું બોલું ? ક્યાં મારી ગુણવંતીભાભી અને ક્યાં આ કોકિલા ! જેવું નામ એવો જ વાન. ભણેલીય ફક્ત દસમું પાસ. ઘર પણ સાવ નબળું છે."

"તો શું હજીયે તારા ભાઈને રાજકુમારીની અપેક્ષા છે ?" સનતે હસતાં-હસતાં કહ્યું. એણે તો વાતાવરણ હળવું કરવા કહેલું, પણ અલકાને એની વાતનું ભારે માઠું લાગ્યું. એની આંખોમાં ભીનાશ ફરી વળી. રડમસ સ્વરે એ બોલી,

"રાજકુમારી ભલે ન હોય, પણ સાવ આવું !"

અલકાનો બદલાયેલો મૂડ જોઈ સનતે એને સમજાવતા કહ્યું,

"તો તું બાને ના પાડી દેજે. કહેજે કે મને કન્યા ગમી નથી."

"મારું બહુ સાંભળે ને બધા, તે આજે સાંભળશે."

"કેમ ન સાંભળે ? હવે તું કંઈ નાની નથી. એક દીકરીની મા છે."

"તોય એમને માટે તો હું સદાય નાની જ રહીશ. ઘરમાં સહુથી નાની ખરીને. તમે જોડે આવ્યા હોત તો ઠીક થાત."

"જોઈ લે. કદાચ તારી બા જ ના પાડી દે."

"એવું થાય તો સારું." કહેતી અલકાએ આંખો લૂછી.



પ્રકરણ 7

અલકાના આશ્ચર્ય વચ્ચે રમણ અને કમળાબહેને કોકિલા માટે હા ભણી દીધી હતી. મહિનાની અંદર જ રમણ અને કોકિલાના લગ્ન લેવાયા. અને કોકિલાએ બોરીવલીના એક બેડરૂમ-હૉલ-કિચનના ફ્લેટમાં પગ મૂક્યો.

વરસમાં જ જ્યારે કોકિલાએ ભારે પગલે હોવાની વધામણી આપી, ત્યારે કમળાબહેનના મનમાં રહેલ કોકિલા માટેનો થોડો ઘણો અફસોસ પણ વરાળ બનીને ઊડી ગયો. કોકિલાનું ગરીબ પિયર, એનું રૂપ, એના વર્તનની થોડી ઘણી ખામીઓ - હવે કમળાબહેનને દેખાતી નહોતી. હવે તો બસ એમને દેખાતી હતી કુળના વંશજને પોતાના ગર્ભમાં ઉછેરતી લાડકી વહુ.

આમેય કમળાબહેન ક્યારેય પગ વાળીને નહોતા બેસતા. હવે તો એ વહુનું વિશેષ ધ્યાન રાખવા માંડ્યા હતા.

"જુઓ વહુ બેટા, હવે તમારે રોટલી શેકવાની નથી હોં ! બાળકને ગૅસ પાસે તાપ લાગે. દ્રાક્ષ, ચીકુ જેવી કાળી વસ્તુ તો બિલકુલ ન ખાતાં. બાળકનો રંગ ઘેરો થઈ જાય. સફરજન અને બદામ દરરોજ ખાઓ છો ને ? બાજુવાળા મંગળામાસી કહેતા હતા કે એનાથી બાળકનો રંગ ઉજળો થશે અને તમનેય તાકાત રહેશે."

આવા તો કંઈ કેટલાયે સલાહ-સૂચનો કમળાબહેન તરફથી આવતા રહેતા. સાતમે મહિને કોકિલાના મમ્મી સીમંતની વાત કરવા આવ્યા ત્યારે કમળાબહેને ચોખ્ખું કહી દીધું,

"ડિલિવરી તો અમારે ત્યાં જ થશે. આમેય તમારું ઘર સાંકડું રહ્યું. તમને અગવડ પડશે. અહીંયાં આપણે ઘરની બાજુમાં જ સરસ હૉસ્પિટલ છે. અડધી રાતે જવું પડે તોયે વાંધો નહીં. તમારે વિરારમાં તો રાત્રે ગાડી-ઘોડા ય ન મળે."

કોકિલાના પિયર પક્ષની આર્થિક સ્થિતિ નબળી હતી. એમને ડિલિવરીનો ખર્ચો પોસાય તેમ હતું જ નહીં. છતાંય લોકલાજે એ કહેવા આવ્યા અને કમળાબહેને ના પાડી તો એમણે વધુ આગ્રહ ન કર્યો.

પૂરા દિવસે કોકિલાએ એક બાળકીને જન્મ આપ્યો. કોકિલા શ્યામ હતી અને રમણ પણ એકદમ ગોરો કહેવાય એવો તો નહોતો જ. કદાચ એટલે જ બાળકી સહેજ ભીને વાન હતી. જોકે એના નેણ-નાક ખૂબ સુંદર હતા. નવ મહિના દરમિયાન લેવાયેલી કોકિલાની સારસંભાળને હિસાબે બાળકી ખાસ્સી તંદુરસ્ત હતી.

ભલે દીકરી આવી પણ વાંઝિયા મહેણું તો ટળ્યું – એનો આનંદ કમળાબહેન અને રમણ બંનેના મોં પર છલકાતો હતો. કમળાબહેન તો દીકરીને હોંશે-હોંશે રમાડતા અને બોલતા,

"અરે વાહ રે મારી ઢીંગલી ! તું આવી ને મારું તો ઘર ભરાઈ ગયું. હવે ભઈલાને પણ જલ્દી તેડાવજે, એટલે ઘરમાં અજવાળું-અજવાળું. મારે તો બસ અહીં જ વૈકુંઠ થઈ જાય."

ચાલીસમે દિવસે દેવ-દર્શન કરાવી સાંજે અલકા ફોઈબાએ બાળકીનું નામ પાડ્યું,

"આન-પાન-પીપળ-પાન,

ફોઈએ પાડ્યું નિહારિકા નામ ..."

શણગારેલા ઘોડિયામાં ઝૂલતી નિહારિકાની ચારે તરફ સગા-સંબંધીઓનું ટોળું જોઈને કમળાબહેનની આંખોમાં હરખનાં આંસુ ધસી આવ્યાં. જમણવાર પત્યો એટલે કોકિલાના મમ્મીએ ફરી એક વાર કમળાબહેનને વિનંતી કરી,

"વેવાણ, હવે તો નિહારિકા હાથ-ઝાલી થઈ ગઈ છે. કોકિલાને થોડા દિવસ પિયર મોકલો, તો અમે પણ બેબી સાથે રમીએ."

"ના હોં. હજી તો નિહારિકા બહુ નાની છે. પાછું તમારે રહ્યું ભોંયતળિયાનું ઘર. કંઈ જીવજંતુ કરડી જાય, તો અમારે લેવાના દેવા પડી જાય. થોડી મોટી થવા દો. પછી આવશે એ એની નાનીને ઘેર."

"ભલે, જેવી તમારી મરજી."

કહેતા કોકિલાનાં મમ્મી પાસે કોઈ પર્યાય નહોતો. એમની પરિસ્થિતિ એ જાણતા હતા. એમને તો દીકરી સારા ઘરે ગઈ એનો સંતોષ હતો.

નિહારિકાના આગમનથી ઘરમાં કોકિલાનું માન ઘણું વધી ગયું. ક્યારેક અલકા પરિની સાથે પિયર રોકાવા આવે ત્યારે કમળાબા એનેય તાકીદ કરતા,

"આવી છે તો ભાભીને ઘરકામમાં મદદ કરાવજે. એનું ય છોકરું નાનું છે. કંઈ ઓછું-વત્તું થાય તો સાચવી લેજે."

પરિની અને નિહારિકા ભેગાં રમે ત્યારે ક્યારેક ખેંચતાણ થઈ જતી. નાની નિહારિકાને વાળ ખેંચવાની ટેવ પડી ગઈ હતી. એક વાર એણે પરિનીના વાળ એટલા જોરથી ખેંચ્યા કે પરિનીએ મોટો ભેંકડો તાણ્યો. કમળાબહેને માંડ-માંડ નિહારિકાની મુઠ્ઠીમાંથી પરિનીના વાળ છોડાવ્યા. કોકિલા તો જાણે આ બધી વાતથી બેખબર હોય, એમ એણે રસોડામાંથી બહાર આવવાની ય તસદી ન લીધી. એ દિવસે પહેલી વાર અલકાની આંખોમાંથી તિખારા ઝર્યા.

"બા, આ બરાબર નથી. નિહારિકા આમ બધાના વાળ ખેંચે અને તમે એને કંઈ ન કહો. બાળક પહેલી વાર કંઈક ન ગમતું કરે, ત્યારે જ એને વાળીએ તો એને સમજ પડે કે આ બરાબર નથી. પણ એ તો તમારા વાળ ખેંચે અને તમે હસો. એટલે એને લાગે કે બધાને મજા પડે છે."

"થાય બેટા, છોકરું છે. થોડી મોટી થશે એટલે સમજશે."

કહેતા કમળાબા નિહારિકાને રમાડવા માંડ્યા. પણ અલકાનો ગુસ્સો હજુ ઓસર્યો નહોતો એ તરત બોલી,

"અને ભાભીને તો કંઈ ફરક જ નથી પડતો. જોને આટલો અવાજ થયો પણ આવ્યા એ બહાર !"

"ખબરદાર અલકા, ભાભીને કંઈ આડું-અવળું કહ્યું છે તો. એ રસોડામાં કામ કરે છે ને. એને ખબર છે કે હું નિહારિકાની પાસે છું. બંને બાળકોને છોડાવ્યાને મેં ! તો હવે તને શી તકલીફ છે ?"

માનો રોકડો જવાબ સાંભળીને અલકા પગ પછાડતી પરિનીને લઈને બાલ્કનીમાં જતી રહી. ત્યાં ઊભા-ઊભા પરિનીને ઝાડ-પાન દેખાડી શાંત કરતાં-કરતાં એને એટલું તો સમજાઈ જ ગયું કે એની બાની આંખો પર હવે સ્નેહના પાટા

બંધાઈ ચૂક્યા હતા. હવે એમને કંઈ નહોતું દેખાતું, દેખાવાનું પણ નહોતું. એક દીકરી જણીને કોકિલાએ એમના હૃદયમાં જે સ્થાન બનાવી લીધેલું, ત્યાં હવે અલકા માટે ખાસ જગ્યા બચી નહોતી.

આ પ્રસંગ પછી અલકાએ પિયર જવાનું ઓછું કરી નાખેલું. પોતાના સ્વપ્ન-સંસારમાં મશગુલ કમળાબાને આ વાતનો અણસાર ત્યારે જ આવ્યો, જ્યારે અલકાએ બીજી ડિલીવરી પોતાના ઘેર જ કરવાનો નિર્ણય લીધો.

પરિનીના જન્મના વરસમાં જ સનતે નોકરી છોડી કેમિકલના ધંધામાં ઝંપલાવ્યું હતું. એની ઓફિસ અંધેરીમાં હતી. આવવા-જવા અને ખાવા-પીવાની સગવડ માટે એણે પાર્લામાં એક ફ્લેટ લઈ લીધેલો. એમના નવા ઘરમાં સનત, અલકા અને પરિની, એમ ત્રણ જણ જ રહેતા હતા. અલકાને સાતમો મહિનો બેઠો કે તરત જ એના સાસુ એને મળવા આવ્યા.

"વહુ બેટા, કઈ હોસ્પિટલમાં નામ લખાવવું છે ?"

અલકાના સાસુ ગૌરીબહેને અલકાને પૂછ્યું.

"બા, અહીં ઘરની પાસે જ ડૉ. શર્માની હોસ્પિટલ સારી છે. ઘરની બાજુમાં છે એટલે આવવા-જવામાં સારું રહેશે."

અલકાએ પોતાના મનની વાત સાસુને કહી.

"મને તારી સુવાવડ કરાવવા આવવાનું ઘણું મન છે. પણ આ જોને તારા બાપુજીની તબિયત નરમ-ગરમ રહ્યા કરે છે. એમને ત્યાં એકલા મૂકીને આવતા મારો જીવ કચવાય છે. અને અમે બંને આવીએ તો હું એમનામાંથી જ ઊંચી ન આવું. તારું ધ્યાન કઈ રીતે રાખું ?"

ગૌરીબહેને પેટ છૂટી વાત કરતાં કહ્યું,

"વાંધો નહીં બા, મેં બાઈની તપાસ કરી રાખી છે. બે-ત્રણ મહિના માટે આખા દિવસની બાઈ રાખી લઈશું. થોડા દિવસ જમવાનું ટિફિન પણ મંગાવી લઈશું."

અલકાએ પોતે વિચારી રાખેલો ઉકેલ સાસુને જણાવ્યો.

"એમ બાઈઓના હાથે કંઈ સુવાવડ થતી હશે ! તારી બાને ત્યાં..."

"ના, ના, મારે બાને ત્યાં નથી જવું."

અધવચ્ચે જ ગૌરીબહેનને અટકાવતા અલકા બોલી,

"ભાભીની બેબી હજી નાની છે. એમને તાણ પડે,"

"તો પછી એમ કરીએ, આપણે ગોમતીમાસીને તારી સુવાવડ કરવા બોલાવી લઈએ."

"ગોમતીમાસી..." કંઈક વિચાર કરીને પછી અલકા બોલી,

"કોણ પેલા પેટલાદવાળા ?"

"હા, એ જ. આમેય બિચારી વિધવા બાઈ દેશમાં એકલી રહે છે. મારી ખાસ બહેનપણી છે. હું કહીશ તો ના નહીં પાડે."

"ભલે, તમને ઠીક લાગતું હોય તો એમ કરીએ."

ગૌરીબહેને કાગળ લખીને ગોમતીમાસીને મુંબઈ તેડાવી લીધાં. અલકાને નવમો મહિનો બેસતા તે આવી ગયા. દેશમાં એકલી રહેતી એ વિધવા સ્ત્રીનું

કોઈ નહોતું. એમણે અલકાની બધી જ જવાબદારી પ્રેમથી માથે લીધી અને સુપેરે નિભાવી પણ.

પૂરે દિવસે અલકાએ એક ગોરા, રતુમડા, ગોળમટોળ દીકરાને જન્મ આપ્યો. હૉસ્પિટલમાં અલકાને મળવા આવેલા કમળાબા અને રમણે એને ત્યાંથી સીધા પિયર આવવા માટે ઘણો આગ્રહ કર્યો, પણ અલકાએ પોતાની વાત પકડી રાખી.

“ના રે બા, હજી નિહારિકા માંડ બે વર્ષની છે. ઘરમાં દોડાદોડ કરે છે. તારે પણ એની પાછળ-પાછળ દોડવું પડે. એમાં મારી અને મારા બંને બાળકોની જવાબદારી તું નહીં લઈ શકે. સુવાવડના શીરા અને શેકના કામથી ભાભી ય થાકી જાય. અહીંયાં ગોમતીમાસી છે ને... બધું બરાબર છે. વીસ દિવસથી આવી ગયા છે એટલે એમને ઘરની બધી જ સમજ પડી ગઈ છે. સનતને પણ આજકાલ ધંધામાંથી ફુરસદ નથી મળતી. કંઈ નહીં તો રાત્રે મોડો-મોડોય ઘરે આવે ત્યારે બંને બાળકોને થોડી વાર રમાડે તો ખરો. વારંવાર બોરીવલીના ધક્કા હવે એનાથી નહીં ખવાય.”

અલકાની મજબૂત દલીલો સામે કમળાબાનું કંઈ ન ચાલ્યું. વીલે મોંએ મા-દીકરો ઘરે પાછા ફર્યા.

વરસમાં જ કોકિલાએ બીજા બાળકના આગમનની વધામણી આપી અને કમળાબા જમીનથી બે વેંત અધ્ધર ચાલવા માંડ્યા. આ વખતે એમને ખાતરી હતી કે દીકરો જ આવશે.

કમળાબહેનની આશા ફળી. પૂરે મહિને કોકિલાએ દીકરાને જન્મ આપ્યો. દીકરો પણ એની બહેનની જેમ ભીને વાન જ હતો. નેણ-નાક પણ ઠીકઠાક જ હતા. જોકે દીકરામાં ક્યાં એ બધું જોવાનું હતું ! એ દીકરો હતો એ જ પૂરતું નહોતું ?

કમળાબા તો ખુશીથી ફૂલ્યા નહોતા સમાતા. પળવાર પણ એ એમના કા'નાને અળગો કરવા તૈયાર નહોતા. ફક્ત ધવરાવવા પૂરતો જ બાબો કોકિલાને મળતો. એમના કુળનો વારસદાર હવે કમળાબાના જીવનની ધરી બની ચૂક્યો હતો. એમની દરેક વાત, એમનું દરેક સ્વપ્ન હવે આ નવાંગતુકની આસપાસ જ ગૂંથાતું હતું. નાનકડા નેહુલના ઘોડિયાની દોરી ખેંચતાં-ખેંચતાં કમળાબા એના ભવિષ્યના સોનેરી શમણામાં ખોવાઈ જતા.

નિહારિકાને લડાવાતા લાડમાં હવે ઓટ આવી હતી. બાળમંદિરમાં જવા માંડેલી નિહારિકા શાળાથી આવીને થાકી-પાકી સૂઈ જતી. પછી છેક સાંજે જ એને દાદીનો ખોળો મળતો. એય જો ભઈલો ઘોડિયામાં ઊંઘતો હોય તો જ. બાકીનો સમય તો એણે દાદીની બાજુમાં બેસીને કામ ચલાવવું પડતું.

દીકરાના આગમને કોકિલાનાં માન-પાન વધારી નાખ્યા હતા. નેહુલ સ્કૂલે જતો થયો, ત્યાં સુધીમાં તો કોકિલાએ ઘરકામ પણ ઘણું ઓછું કરી નાખેલું. બેસીને કરી શકાય એવાં બધાં કામ – શાક સમારવું, લોટ બાંધવો, રોટલી વણવી, વાસણ લૂછવા, કપડાં ઘડી વાળવાં... વગેરે કમળાબા જ કરતા. કોકિલાએ તો ફક્ત રમણનો સવારનો ડબ્બો તૈયાર કરવાનો રહેતો.

બે-ત્રણ મહિને એકાદવાર અલકાને મળવા આવતા રમણની વાતો પરથી

અલકાને ખ્યાલ આવેલો કે કોકિલાએ બનાવેલા ડબ્બામાં પણ ખાસ ભલીવાર નહોતો. સવારે નવ વાગ્યે દાળ-ભાત જમીને નોકરીએ જવા નીકળેલા રમણને ડબ્બામાં સૂકી પૂરી-છૂંદો કે પછી ખાખરા-અથાણું જ મળતું. આ જાણીને અલકાનો જીવ ઘણો બળતો, પણ કોઈનેય કશું કહેવાય એમ નહોતું. અલકાને એની બા અને ભાઈની આંખે બંધાયેલા સ્નેહના પાટા બરાબર દેખાતા હતા. એમને તો કોકિલા સો ટચના સોના જેવી લાગતી હતી.

આંખો મીંચીને પડી રહેલી અલકાને બા યાદ આવી ગઈ. છેલ્લે-છેલ્લે એ ઘણી વાર અલકાને રમણનું ધ્યાન રાખવાની ભલામણ કરતી. અલકાને આશ્ચર્ય થતું કે બધું બરાબર હોવા છતાં બા આવું કેમ કહેતી હતી. આજે એને સમજાયું કે બાને આવનારી આફતનો અંદેશો આવી ગયેલો. એ એમના ઘરના સભ્યોની રગેરગ પારખતા હતા. પરિસ્થિતિને કાબૂમાં રાખવાનો એ પૂરેપૂરો પ્રયત્ન કરી રહ્યા હતા અને ઘણે અંશે એમાં સફળ પણ થયા હતા.

છતાંયે એમની બિનહયાતીમાં કેવા પ્રશ્નો ઊભા થઈ શકે છે એનો એમને અંદાજ હતો. કદાચ એટલે જ ઊંડે-ઊંડે એમના મનમાં રમણ અને એના પરિવારની ચિંતા પેઠી હતી. બા કોઈ દિવસ કશું બોલી નહીં, પણ એના મનમાં છેલ્લે શું ચાલતું હશે એ વિચાર કરતા અલકાનું મન વિષાદથી ભરાઈ ગયું. એની બંધ આંખોમાંથી આંસુ સરી પડ્યા.

ઊંઘ તો આમેય આવવાની નહોતી. ઉદાસી વધારે ઘેરી બને એની પહેલા આંખો લૂછી અલકા બેઠી થઈ ગઈ. વાળ ઉપર સહેજ-સાજ હાથ ફેરવી, સરખા કરી, ચા મૂકવા રસોડામાં ગઈ. ઊકળતી ચાની વરાળ સામે તાકતા એ વિચારવા લાગી કે રમણ સાથે ક્યારે અને કઈ રીતે વાત કરવી.



પ્રકરણ ૪

કોકિલા સામે કરાય એવી આ વાત નહોતી તેથી અલકાએ સોમવારે રમણની ઑફિસે ફોન કરી, સાંજે એને મળવા બોલાવ્યો. સામ-સામે બેસીને જ આ નવા ઊભા થયેલા પ્રશ્નની ચર્ચા કરવા વિચાર્યું.

સાંજે રમણ અલકાને મળવા એને ઘરે ગયો. બટાટાપૌંઆ અને ચાની ટ્રે લઈ બંને ભાઈ-બહેન ડાઈનિંગ ટેબલ પર ગોઠવાયા. ઘરમાં કોઈ નહોતું અને અડધા કલાક સુધી કોઈ આવવાનું નહોતું એટલે મોકળા મને ચર્ચા થઈ શકતી હતી.

રમણ ઉત્સુકતાથી અલકાના મોં સામે તાકી રહ્યો. અલકાએ ફોન પર કહેલું કે કંઈક અગત્યની વાત હતી, પણ શું એનો ફોડ એણે નહોતો પાડ્યો. અલકાના ચહેરા પરની વાત શરૂ કરવાની અવઢવ દર્શાવતી હતી કે બાબત ગંભીર હતી. અલકાની ચૂપકીદી સહેવાતી ન હોય એમ રમણે જ સામેથી પૂછ્યું,

"બોલ બહેન, મને આમ તાબડતોડ કેમ બોલાવ્યો ?

ગંભીર ચહેરે અલકાએ સામો પ્રશ્ન કર્યો,

"ભાઈ, આ નિહારિકાનું શું છે ? એ કેમ આવી વિચિત્ર રીતે વર્તે છે ?"

રમણના હોઠેથી નિઃશ્વાસ સરી પડ્યો, ચાનો એક ઘૂંટ ભરી બારીની બહાર તાકતો એ બોલ્યો,

"ખબર નહીં એને શું થઈ ગયું છે ? આજકાલ નાની-નાની વાતમાં એ ઝઘડી પડે છે."

"કંઈક તો થયું જ હશે. એની જોબ છૂટી ગઈ છે કે શું ?" અલકાએ બે દિવસથી મનમાં ઘૂમરાતી રહેલી વિવિધ શક્યતાઓમાંથી એકને વાચા આપી.

"છૂટી નથી ગઈ, અમે છોડાવી."

"પણ, કેમ ?"

"આ નેહુલ બારમામાં આવ્યો ને, એટલે."

"એને ને નિહારિકાની જોબને શું લેવા-દેવા ?"

"નેહુલના કૉલેજ અને ટ્યૂશનના ટાઈમ સાચવતા-સાચવતા કોકિલા થાકી જતી હતી. કામવાળીઓ ય જોને નથી મળતી. ત્રણ મહિનાથી મા-દીકરી હાથે કામ કરે છે. નેહુલનું બારમું પતે પછી વાત."

"અરે, કામવાળીને સો-બસો વધારે આપી દો તો એ હસતે મોઢે બધા કામ કરી જાય."

"તને તો કોકિલાનો સ્વભાવ ખબર છે. બે કામના પાંચસો આપતા ય એને ઝાટકા લાગતા'તા. કામવાળીએ પગાર વધારો માંગ્યો. એક કામના ત્રણસો. એટલે એને ભગાડી દીધી."

"હે ભગવાન !" આટલું જ બોલીને અલકા અટકી અને મનોમન બબડી,

"આ ગરીબની દીકરીઓને લઈએ તો પસ્તાવાનો વારો આવે. પૈસા કોઈ'દિ જોયા હોય તો ખર્ચતા આવડે ને !"

"બસ ઘરે રહીને નિહારિકા કંટાળી ગઈ છે."

રમણે પોતાના બચાવની દલીલો ચાલુ રાખી. પણ એના અવાજમાં રહેલી પોકળતા અલકા પારખી ગઈ. ઊંડે-ઊંડે એના મનમાં શંકા થતી હતી કે વાત ફક્ત આટલી જ નહોતી. કંઈક હતું જે રમણ એને નહોતો કહી રહ્યો. અલકાએ પોતાની ઊલટ-તપાસ ચાલુ રાખી.

"મને એ કહે કે નિહારિકાએ વિમળાફોઈને અડધી રાત્રે ફોન કરીને ગાળો કેમ ભાંડી ?"

"હેં ! એણે વિમળાફોઈને ફોન કરેલો ? ક્યારે ?"

"શુક્રવારે રાત્રે."

"ઓહ !"

રમણનું મોં રંગે હાથે પકડાયેલા ચોર જેવું થઈ ગયું. અલકા સાથે નજર મિલાવવાની હિંમત ન હોય એમ એ ડાઇનિંગ ટેબલને તાકતો, નીચું જોતો બેસી રહ્યો. અલકાએ હાથ લંબાવીને ટેબલ પર ટેકવેલી ભાઈની હથેળી પર પોતાની હથેળી દાબી અને સહાનુભૂતિભર્યા સ્વરે પૂછ્યું,

"એમ ઓહ નહીં બોલ. મને કહે કે નિહારિકાને વિમળાફોઈ અને એમની વહુ અવંતિકા સામે શો વાંધો પડ્યો છે."

અલકાનો પ્રશ્ન સાંભળીને રમણ થોડી વાર માટે ચૂપ થઈ ગયો. શું કહેવું અને કેટલું કહેવું એ નક્કી કરવામાં સમય લેતો હોય એમ એણે ચૂપચાપ ચાર-પાંચ કોળિયા બટાટાપૌંઆના ભર્યા. પછી થોડું પાણી પીને, ગળું ખોંખારીને એ બોલ્યો,

"અવંતિકા નિહારિકાને કોઈની જોડે જોઇ ગઈ હતી."

"એટલે ?"

વાત થોડી સમજમાં આવી રહી હતી છતાંયે અલકાએ સ્પષ્ટતા માંગતા પૂછ્યું.

"એટલે કે કોઈ છોકરા જોડે."

"શું નિહારિકાને કોઈ સાથે અફેર છે ?"

"એવું જ કંઈક."

"કોણ છે એ છોકરો ?"

"પેલા જાંબલી ગલીમાં મેનામાસી રહે છે ને ! એમનો પોતરો."

"શું વાત બહુ આગળ વધી ગઈ છે ?"

"આગળ તો શું વધે ! એ બંનેની ઑફિસ બાજુ-બાજુમાં હતી. રોજ સાંજે બંને સ્ટેશનથી ઘરે સાથે ચાલતા આવતા. એમાં એક દિવસ અવંતિકા એમને આઇસક્રીમ પાર્લર પર ઊભા રહીને જોડે આઈસક્રીમ ખાતા જોઈ ગઈ. એણે કોકિલાને ફોન કર્યો."

"પછી ?"

"પછી કોકિલાએ મને વાત કરી."

"અને તે શું કર્યું ?"

"મેં શું કર્યું એટલે ? ધમકાવી કાઢી એને. પેલી મેનાડીના ઘરે હું મારી દીકરી નહીં આપું. સાલી પંચાતિયણ ડોસી. અંબામાના મંદિરને ઓટલે બેઠી-બેઠી એ

બાઈ રોજ આખા ગામની પંચાત કરે છે. એવીના ઘરે હું સંબંધ નહીં કરું."

"અરે પણ ભાઈ, બાકી બધી રીતે તો એ ઘર સારું છે. એ લોકો આપણી ન્યાતના છે. ઘર પણ સધ્ધર છે. હોય હવે. ઘરમાં બેઠા ઘરડી સ્ત્રીઓનો સમય પસાર ન થાય તે થોડીવાર મંદિરે જઇને ચોવટ કરે. હવે એ કેટલા વરસ ? મેનામાસીના દીકરો-વહુ તો સારા છે. આપણી નિહારિકા ત્યાં દુઃખી નહીં થાય.

"ના, એ હું કંઇ ન જાણું. મારા છૂટાછેડાની વાત આખી ન્યાતમાં ફેલાવનાર એ બાઈ જ તો હતી!"

હવે અલકાને સમજ પડી કે રમણને વાંધો ક્યાં પડ્યો હતો. એના ભૂતકાળનો જખમ પાછો ખોતરાયો હતો. એમાંથી ઝમતું લોહી શબ્દો સ્વરૂપે એના મોંએથી ફૂટતું હતું. એ વણથંભ્યો બોલતો જતો હતો.

"મેં ઘરમાં બધાને કહી દીધું છે. મને આ સંબંધ મંજૂર નથી. તું તો આમાં વચ્ચે પડતી જ નહીં. નિહારિકાનેય મેં ધમકાવી દીધી છે કે જો ફરી પેલા સાથે દેખાઈને તો ટાંટિયો ભાંગી નાખીશ. એટલા માટે જ તો મેં એની જોબ છોડાવી દીધી. થોડા વખત પછી બીજે કશે શોધી લેશે."

ચૂપચાપ રમણની વાત સાંભળી રહેલી અલકાના મગજમાં ચમકારો થયો. એણે તરત પૂછ્યું,

"પણ આ તો થોડા વખત પહેલાંની વાત હશે ને. બે મહિનાથી તો નિહારિકા ઘરે જ છે."

"પેલા મેનામાસીના પોતરાની સગાઈ થઈ ગઈ. ગુરુવારે કાર્યક્રમ હતો. શુક્રવારે નિહારિકાને આ વાતની ખબર પડી એટલે સાંજથી જ એનો મૂડ ખરાબ હતો."

"મૂડ ખરાબ હોય તોય આવી રીતે કોઈને અડધી રાત્રે ફોન કરીને જેમ-તેમ થોડી બોલાય ? આવું ન ચાલે. તમે એને કંઈ કહેતા નથી ?"

"મારું ક્યાં સાંભળે છે ! મારા પર તો એના મનમાં ખબર નહીં કેટલોય ગુસ્સો છે. મેં એનું શું બગાડ્યું છે ? હું બધાનું ધ્યાન બરાબર તો રાખું છું અને ન્યાતમાં મૂરતિયાનો કંઇ દુકાળ ઓછો પડ્યો છે. આનાથી ઘણું સારું ઘર હું એને ગોતી દઈશ."

આખીય પરિસ્થિતિ સમજવા મથતી અલકાને સમજાયું કે હવે આમાં એ કંઇ જ કરી શકવાની નહોતી. બહુ-બહુ તો એ નિહારિકાને સમજાવી શકે. બાકી રમણને તો એ વરસોથી ઓળખતી હતી. મનમાં જે જીદ આવી એ પૂરી કર્યા વગર એ રહેવાનો નહોતો. અને પેલા છોકરાએ પોતાનો રસ્તો શોધી લીધો હતો. એટલે નિહારિકાએ પણ આ પ્રકરણ ભૂલી જવું રહ્યું. કંઈ ન બોલતી, ચૂપચાપ બેઠી રહેલી બહેનને જોઈ રમણ થોડો ટાઢો પડ્યો. વિનંતી કરતો હોય એમ એણે અલકાને પૂછ્યું,

"તું આવીશ એને સમજાવવા ? એ કદાચ તારી વાત માને. એના મનમાં શું ઘૂમરાય છે એની થોડી ખબર તો પડે."

થોડું વિચારીને અલકાએ જવાબ આપ્યો,

"ભલે, બુધવારે બપોરે હું તારા ઘરે જઈશ. તારી ગેરહાજરીમાં એનું મન

ટટોળવાની કોશિશ કરીશ."

નક્કી કર્યા પ્રમાણે બુધવારે સાંજે ચાર વાગ્યે અલકા રમણના ઘરે ગઈ. ઘરમાં કોકિલા અને નિહારિકા એમ બે જ જણ હતા. દરવાજો ખોલતાં જ કોકિલાએ આવકાર આપ્યો,

"આવો અલકાબેન – અમે તમારી જ રાહ જોતા હતા. એમણે મને સવારે કહ્યું હતું કે આજે તમે આવશો. બેસો. ચા ઉકાળવા જ મૂકી છે."

કહેતી કોકિલાએ ખસીને અલકાને અંદર આવવા જગ્યા આપી અને જાળિયાં બંધ કર્યાં. પંખાની સ્વીચ દબાવી અલકા હૉલમાંના સોફા પર ગોઠવાઈ. કોકિલા પાણીનો ગ્લાસ લઈ આવી. અલકાને આપીને એ પણ સામેની સેટી પર બેઠી. એટલામાં જ નિહારિકા ડોકાઈ.

"ઓહ ફોઈ, આવી ગયા તમે ! હું બસ પાંચ જ મિનિટમાં આવી. જરા કપડાં બદલી લઉ."

"આરામથી આવ બેટા. વાંધો નથી. બેઠી છું હું નિરાંતે."

સ્મિત કરતાં અલકાએ કહ્યું અને નિહારિકા પાછી અંદર સરકી ગઈ.

અલકા અને કોકિલા વાતો કરતા હતા, ત્યાં જ નિહારિકા ચા-નાસ્તાની ટ્રે લઈને આવી. એને ફૂલ-ફટાક તૈયાર થયેલી જોઈને અલકા ચોંકી. એણે કોકિલાની સામે જોઈને પૂછ્યું,

"તમારે કશે બહાર જવાનું છે ?"

"ના રે ના. બસ આ તો અમે બંને જરા બજારમાં આંટો મારી આવશું અને થોડું શાક-ફ્રૂટ લેતાં આવીશું."

કોકિલાએ સ્મિત કરતાં કહ્યું.

ફક્ત બજારમાં જવા માટે આટલી બનીઠનીને તૈયાર થયેલી નિહારિકાને જોઈને અલકાને સહેજ નવાઈ લાગી. મનોમન એનાથી નિહારિકા અને પરિનીની સરખામણી થઈ ગઈ. ક્યાં વાળને રબરબેન્ડમાં બાંધી, છુટ્ટી લટો ફરકાવતી, ઘણું-ખરું જીન્સ અને ટી-શર્ટમાં રખડતી પરિની ! અને ક્યાં આ લાંબા ખુલ્લા વાળમાં સફાઈબંધ ક્લિપ ભરાવી, સલવાર-કમીઝ-દુપટ્ટામાં સજ્જ, પાવડર-લિપસ્ટિક-બિંદી લગાડી, તૈયાર થઈને શાક લેવા નીકળતી નિહારિકા ! કદાચ એરિયાનો ફરક હશે. બોરીવલીની બધી છોકરીઓ આ રીતે જ ફરતી હશે એમ વિચારીને અલકાએ ચા-નાસ્તામાં ધ્યાન પરોવ્યું.

ચા પીતા-પીતા અલકાએ નિહારિકાને પૂછ્યું,

"નિહારિકા, તારી જોબ ક્યારથી શરૂ કરે છે ?"

સાંભળતા જ કોકિલા ચોંકી. એણે અર્થસૂચક નજરે નિહારિકા સામે જોયું. માનો ઈશારો સમજી હોય એમ નિહારિકાએ તરત જવાબ આપ્યો,

"જુઓને ફોઈ, હમણાં નેહુલનું બારમાનું વરસ છે. મમ્મીને ઘરમાં બહુ કામ રહે છે. પાછી કામવાળીઓ ય એવી ફાટી છે. છસો આપતાંય કામના ઠેકાણા નહીં. હવે અમે બંને મા-દીકરી મળીને જ ઘરનું બધું કામ પતાવીએ છીએ. આ છએક મહિનામાં નેહુલની બોર્ડ એક્ઝામ પતે પછી વાત."

"અરે પણ આ રીતે ઘરમાં બેસીને તો તું કંટાળી જઈશ. વળી બે જોબ વચ્ચે

બહુ સમય જાય તો સારી જોબ ન મળે."

અલકાની આ દલીલનો નિહારિકા કંઈ જવાબ આપે એ પહેલાં જ કોકિલાએ ચર્ચામાં ઝૂકાવ્યું.

"હવે છોકરીની જાતને શું ! બહાર કામ કરીને એ કયા એવા મોટા રૂપિયા કમાઈ લેવાની છે. આખરે તો ઘર જ સંભાળવાનું છે ને, તો ભલેને હમણાંથી જ ઘરનું કામકાજ શીખે."

"આવું કેમ કહો છો, ભાભી ! હવે જમાનો બદલાયો છે. આપણા વખતે ચાલતું એવું હવે ન ચાલે. કંઈ નહીં તો હમણા એકાદ ક્લાસ ભરી લે કે કોઈ નવો કોર્સ કરી લે. આમ ઘરમાં ન બેસે. આપણી પરિનીને જ જુઓ. નોકરી કરે છે અને સાથે-સાથે અઠવાડિયામાં બે દિવસ કમ્પ્યૂટર શીખવા જાય છે. એ તો મને ય કહેતી હતી કે મમ્મી હવે બધું કોમ્પ્યૂટર પર આવી જશે. તું ય શીખવા માંડ. મારે તો ઠીક, હવે ઘરમાં જ બેસવું છે. પણ તું તો આવા કોઈ ક્લાસમાં જોડાઈ જા. એ બહાને નવા ફ્રેન્ડ્સ પણ બનશે."

સાંભળતા જ કોકિલા ભડકી.

"ના હો બેન. હવે નવા ફ્રેન્ડ્સ નથી જોઈતા. છે એટલા બસ છે."

દાઢમાં બોલતા કોકિલાએ સહેજ ગુસ્સાભરી નજરે નિહારિકા સામે જોયું. નિહારિકા કંઈ જ બોલ્યા વગર ચૂપચાપ માથું નીચું કરીને બેસી રહી. અલકા અને નિહારિકા સામે એક સરસરી નજર નાખતી કોકિલા ઊભી થઈ અને ચા-નાસ્તાની ખાલી ડિશો ઉપાડી અંદર ગઈ. જતાં-જતાં એ કહેતી ગઈ,

"પાંચ મિનિટમાં સાડી બદલીને આવું છું. ત્યાં સુધી તમે બંને વાતો કરો."

કોકિલાના રૂમનો દરવાજો બંધ થવાનો અવાજ આવતાં જ અલકા ઊઠીને નિહારિકાની બાજુમાં બેઠી અને હળવેથી પૂછ્યું,

"નિહારિકા, આ બધું શું ચાલી રહ્યું છે ? તારા પપ્પા સાથે મારે થોડી વાત થઈ. આટલું બધું થઈ ગયું ને મને કોઈએ કહ્યું પણ નહીં ! જરા કાને વાત તો નાખવી હતી."

સાંભળતા જ નિહારિકાનું મોં પડી ગયું. એની આંખોમાં ભીનાશ ફરી વળી. અવાજ સ્વસ્થ રાખવાની કોશિશ કરતા એ બોલી,

"શું કરું ફોઈ ? હજી હું વિચાર કરતી હતી કે મમ્મી-પપ્પાને કેયૂર વિશે વાત કરીશ. ત્યાં તો અવંતિકાકાકી અમને જોઈ ગયા. પછી તો વાત ચૂંથાઈ ગઈ. ખબર નહીં પપ્પાને કેયૂર માટે શો વાંધો હતો ?"

"અને મમ્મીનું શું કહેવું હતું ?"

"એ તો મને બોલી કે કેયૂર સાથે ભાગી જા. પણ એમ આપણા જેવા ઘરની છોકરી ભાગી જાય એ કંઈ સારું લાગે. કેયૂરના ઘરના પણ ન જ માને ને. એમને ય એકનો એક દીકરો ધામધૂમથી પરણવાની હોંશ તો હોય ને !"

"અરે, વિમળાફોઈ અને મેનામાસીને તો સારા એવા બહેનપણા છે. મેં એમને વાત કરીને કંઈક વચલો રસ્તો કાઢ્યો હોત."

વિમળાફોઈનું નામ સાંભળતા જ નિહારિકાની આંખો ફરી ગઈ. એનું મોં ગુસ્સાથી લાલચોળ થઈ ગયું. એ જોરથી બોલી,

"ખબરદાર, એ બાઈનું નામ પણ લીધું છે મારી સામે તો. મને એ બાઈના બધા કારસ્તાન ખબર છે. એમના ફેમિલીને કારણે જ તો મારી આ હાલત છે."

ગુસ્સાનો ઉભરો શમ્યો એટલે થોડી ધીમી પડતા એ આગળ બોલી,

"હવે તો કેયૂરના પણ લગ્ન થવાના છે. એય શું કરે ? કેટલી રાહ જુએ ?"

વિમળાફોઈનું નામ પડતાં જ નિહારિકાના ફરી ગયેલા દેદાર જોઈ અલકાએ વાત ત્યાં જ અટકાવી દીધી. વિષય બદલવાના હેતુથી એ બોલી,

"અરે નિહારિકા, આ તારા ગાલ પર આટલા બધા પિમ્પલ્સ કેમ આવી ગયા છે ?"

"ઓહ એ ! એ તો જતા રહેશે. હું રોજ ફેર-એન્ડ-લવલી લગાડું છું ને."

નિહારકાની વાત સાંભળીને અલકાને હસવું આવી ગયું. એ મનોમન બબડી કે એમ ફેરનેસ ક્રીમ લગાડવાથી ગોરા થવાતું હોત તો ઇંડિયામાં કોઈ છોકરી શ્યામળી હોત જ નહીં. પણ એમ સીધે-સીધું કહેવાથી નિહારિકાને ખરાબ લાગી જવાનો પૂરેપૂરો ભય હતો. આમેય હમણાંથી એનું મન આળું થઇ ગયું હતું. એને ખરાબ ન લાગે એ રીતે અલકાએ કહ્યું,

"એ બધા ક્રીમ લગાડવા કરતાં જો તું બહુ બધા ફ્રૂટ્સ ખાય અને દિવસના આઠ-દસ ગ્લાસ પાણી પીએ ને, તો તારી સ્કીન નેચરલી ચમકવા માંડશે."

"ના, ના, ફોઈ. એડવર્ટાઇઝમાં એ લોકો કહે છે, 'છે હપ્તે મેં ગોરાપન.' જોજો ને, બે મહિનામાં તો હું પણ તમારા જેવી ગોરી થઈ જઇશ."

સાંભળતા જ અલકાના હૈયેથી નિઃશ્વાસ સરી પડ્યો. ગોરા થવાના ગાંડપણમાં કંઈ કેટલીયે છોકરીઓ આવા ક્રીમ પાછળ પૈસા અને સ્કિન બંને બગાડતી હશે. કેટલી નમણી હતી નિહારિકા ! શું ગોરા થવું જરૂરી હતું ?

કોકિલા તૈયાર થઈને આવી એટલે ત્રણેય સ્ત્રીઓ ઘર બંધ કરી નીચે ઊતરી. અલકાએ સ્ટેશન જવા રિક્ષા પકડી. કોકિલા અને નિહારિકાએ બજાર ભણી ડગલાં માંડ્યાં.



પ્રકરણ ૭

એક સવારે નાસ્તાના ટેબલ પર પરિનીએ હળવેકથી સનતને કહ્યું,

"પપ્પા... મારો ફ્રેન્ડ અજય તમને મળવા માંગે છે."

સનતે અચરજ ભરી નજરે પરિની સામે જોયું, પછી આંખોથી જ અલકાને પ્રશ્ન કર્યો,

"શા માટે ?"

અલકાની આંખોમાં સનતે રહસ્ય અને આનંદ બંને છુપાયેલા અનુભવ્યા. પણ એ કશું બોલી નહીં. પરિની નીચી નજરે, ચમચી વડે પ્લેટમાંની સાબુદાણાની ખીચડીમાં રહેલા બટાટાના ટુકડા સાથે રમી રહી હતી. અલકા તરફથી કોઈ ઈશારો ન મળતા સનતે પરિનીને પૂછ્યું,

"અજયને મારું શું કામ પડ્યું ?"

"થોડું પર્સનલ કામ છે. એ જ આવીને કહેશે. તમને ક્યારે ફાવશે ?"

પરિનીએ ધીમા પણ મક્કમ સ્વરે પૂછ્યું.

"ઓકે. તો કાલે સાંજે સાતેક વાગ્યે એને આપણે ઘરે બોલાવી લે."

"ઓકે."

વાત ત્યારે તો પતી ગઈ. પણ રાત્રે સનતે અલકાને પૂછી જ લીધું,

"આ અજયને મારું શું કામ હોઈ શકે ?"

"ચોક્કસ તો ન કહી શકું પણ મને ખ્યાલ છે કે પરિની અને અજય ઘણા નજીક આવી ગયા છે. જો એ બંનેની કંઈ વાત હોય તો વિચાર કરવામાં મને વાંધો નથી લાગતો. એક-બે વાર અજય પરિનીને ઘરે મૂકવા આવેલો, ત્યારે હું એને મળી છું. છોકરો દેખાવમાં સારો છે. સારા ઘરનો લાગે છે અને બંને જોડે કામ કરે છે."

"ઠીક છે."

કહેતાં સનતે આંખો મીંચી દીધી.

ooo

બીજા દિવસે સાંજે અજય અને પરિની ઓફિસથી સાથે જ ઘરે આવ્યા. સનત સાડા-છએ જ ઘરે આવી ગયેલો. અલકાએ ચા અને ઢોકળાં તૈયાર રાખેલા. ડાઇનિંગ ટેબલ પર સામાન્ય વાતચીત વચ્ચે ચા-નાસ્તાને ન્યાય અપાયો.

ચા-નાસ્તો પત્યો એટલે અલકા અને પરિની ખાલી પ્લેટ્સ લઈને રસોડામાં ગયા. સનતના ઈશારે અજય ઊભો થયો અને બંને હૉલમાં સોફા પર ગોઠવાયા.

આટલા સમય દરમિયાન અજય એને શું કામ હતું એ બાબત કશું જ નહોતો બોલ્યો. હજી પણ એ કંઈક મથામણમાં હોય એવું એના ચહેરા પરથી લાગતું હતું. અલકા અને પરિની રસોડામાંથી બહાર આવ્યા એટલે સનતે અજયને પૂછ્યું,

"પરિની કહેતી હતી કે તમને મારું કંઈ કામ છે."

"હા" કહેતા અજયે પરિની સામે જોયું. અલકા સનતની બાજુમાં સોફા પર ગોઠવાઈ હતી. પરિની એની બાજુમાં સોફાના હાથા પર ઉભડક બેઠી હતી. પરિની અને અજય વચ્ચે આંખો-આંખોમાં જ કંઈક વાત થઈ. પરિનીએ પલકો ઝપકાવીને

સંમતિ આપી, પછી અલકા અને સનત સામે જોઈ અજય બોલ્યો,

"અંકલ, આંટી, છ મહિના પછી મારી કંપની મને લંડન ઑફિસ મોકલવા માંગે છે."

"વેરી ગુડ. કોન્ગ્રેચ્યુલેશન્સ !"

સનતે અજયને અભિનંદન આપ્યા.

"થેંક યૂ." કહી પળભર અટકી અજય બોલ્યો,

"અંકલ હું અને પરિની એકબીજાને ચાહીએ છીએ."

આગલી રાત્રે અલકાએ કરેલા ઈશારાને કારણે સનતને ખાસ નવાઈ ન લાગી. મરક-મરક હસતાં એણે બાજુમાં બેઠેલી પરિની સામે જોયું. પપ્પાના મોં પર સ્મિત જોતા પરિનીનો તનાવભર્યો ચહેરો શરમાતા ચહેરામાં પલટાઇ ગયો. એણે નીચું જોઈને દાંતો તળે હોઠ દબાવી દીધો અને આંગળીઓથી સોફાના બેક-રેસ્ટ પર રમત કરવા માંડી. સામેથી ગુસ્સાભર્યો પ્રતિભાવ ન આવ્યો. એટલે અજયે પણ હાશકારો અનુભવ્યો અને હિંમત કરીને પૂરી વાત કહી જ નાખી.

"મારી ઈચ્છા છે કે લંડન જતા પહેલાં અમે લગ્ન કરી લઈએ. જો તમને વાંધો ન હોય તો."

"વેલ" સહેજ વિચાર કરીને સનતે કહ્યું,

"અમને વિચારવા માટે થોડો સમય જોઈશે. પરિનીની મમ્મી અને ભાઈ સાથે વાત કરીને ત્રણ-ચાર દિવસમાં તમને જણાવીએ."

"શ્યોર અંકલ" કહેતાં અજયના અવાજમાં છુપાયેલો ખુશીનો રણકો હૉલમાં બેઠેલા સહુએ અનુભવ્યો. એની ને પરિનીની આંખો મળી ત્યારે પપ્પાએ 'ના' ન કરી હોવાનો હાશકારો બંનેની આંખોમાં દેખાયો.

"થેંક યૂ અંકલ. બાય આંટી."

કહેતો અજય ઊભો થયો.

"હું આવું." કહેતી પરિની અજયની પાછળ-પાછળ એને નીચે સુધી મૂકવા ગઈ.

પરિની પાછી આવી ત્યારે સોફા પર બેસી મરક-મરક હસતા મમ્મી-પપ્પાને જોઈ શરમાઈને એના રૂમ તરફ ભાગવા ગઈ, ત્યાં સનતે એને અટકાવી.

"પરિની, એક મિનિટ. અહિંયા આવ બેટા. અહીં બેસ."

કહેતા સનતે પરિનીને સામે સોફા પર બેસવા ઈશારો કર્યો. કંઈક અસમંજસ સાથે પરિની સોફા પર ગોઠવાઈ. સનતે ગંભીર સ્વરે કહ્યું,

"જો બેટા, ના નથી પાડી એનો મતલબ હા નથી થઈ જતો."

સનતના શબ્દોમાં હકારમાં ડોકું ધુણવાતા પરિનીએ આગળની વાત સાંભળવા કાન સરવા કર્યા.

"આમ તો બધું બરાબર લાગે છે. છતાંય મને બે દિવસનો સમય આપ. હું અજય અને એના પરિવાર વિશે થોડી તપાસ કરાવી લઉં. દીકરી આપવી છે મારે, જેવા-તેવા ઘરે તો નહીં મોકલું ને ?"

વાતની ગંભીરતા સમજાતી હોય એમ કંઈ ન બોલતા પરિનીએ ફક્ત હકારમાં ડોકું ધુણાવ્યું. પરિનીને ચૂપચાપ બેઠેલી જોઈને વાતનો દોર પોતાના હાથમાં લેતાં

અલકાએ કહ્યું,

"જો બેટા, તારી પાસેથી અજય વિશે મેં ઘણું સાંભળ્યું છે. મને એ પણ ખ્યાલ આવી ગયેલો કે તમે બંને એકબીજા માટે સિરીયસ છો. હવે અજયે પૂછ્યું જ છે તો અમે કોઈ જ બાબત અવગણવા નથી માગતા. આખરે આ તારી જિંદગીનો સવાલ છે. તું અજય પાસેથી એના મમ્મી-પપ્પાનું પૂરું નામ, એમના ઘરનું એડ્રેસ વગેરે લાવી દે એટલે અમે અમારું કામ શરૂ કરીએ."

"ઓકે મમ્મી. હું રાત્રે જ એની પાસેથી એનો બાયોડેટા લઈ લઈશ અને મારો એને આપી દઈશ."

"શું એના ઘરે આ વાતની ખબર છે ?"

અલકાએ તરત પૂછ્યું.

"હા, એની મમ્મીને ખબર છે. આજે રાત્રે એ એના પપ્પાને વાત કરવાનો છે. એને ખાતરી છે કે એના પપ્પા ના નહીં પાડે."

"સારું."

કહેતાં અલકાએ પતિ સનત સામે જોયું. એણે વાત પતી હોય એમ સહમતી દર્શાવતા ડોકું ધુણાવ્યું એટલે પરિની ઊઠીને એના રૂમમાં ગઈ.

બંને પક્ષોની સંમતિ સાથે દિવાળી પછી તરત પરિની અને અજયના લગ્ન લેવાયા. લગ્નના બધાં પ્રસંગોમાં સનત અને અલકાના સર્વે સગા-સંબંધીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. સહજતાથી થઈ રહેલી ઉજવણી દરમિયાન મહેંદી પ્રસંગે ઝરેલા તણખાએ અલકાને નિહારિકાના વર્તન બાબત સજાગ કરી દીધી.

મેંદી મૂકાવતી સ્ત્રીઓ વચ્ચે લગ્નગીતોની રમઝટ જામી હતી. અલકા બરાબર વચ્ચે બેસીને મહેંદી અને ગીતો - બંનેનો આનંદ માણી રહી હતી. સાથે-સાથે સહુની મીઠી મજાક-મસ્તી પણ ચાલુ હતી. સગાંવહાલાના આ ગ્રુપમાં નિહારિકા, કોકિલા અને અવંતિકા સામેલ હતા. એવામાં જ એક હોંશીલી સ્ત્રીએ વહુઓ પરનું ફટાણું ઉપાડ્યું. ધ્યાનથી ગીત સાંભળી રહેલી નિહારિકાએ ફટાણું પતતાં જ અવંતિકા સામે કતરાતી નજરે જોયું અને પછી પેલી સ્ત્રીને કહેતી હોય એમ બોલી,

"સાવ સાચી વાત છે હોં કાકી. આ વહુઓથી સાવધ રહેવું પડે ભાઇ ! ક્યારે શું કરી નાખે ભરોસો નહીં !"

બાકી બધી સ્ત્રીઓએ તો વાત હળવાશથી લીધી અને હસવા માંડ્યું. પણ અવંતિકા અને નિહારિકાની આંખોથી ઝરતા તણખા અલકાની ચકોર નજરથી છાના ન રહ્યા. અવંતિકા કંઈક આકરો જવાબ આપવાની તૈયારમાં જ હતી કે અલકાએ પરિસ્થિતિ વણસતા અટકાવવાનો પ્રયાસ કર્યો. એણે તરત નિહારિકાને ત્યાંથી ઊભી કરી.

"નિહારિકા, જરા જઈને જો તો પેલી પરિનીની મેંદીવાળી આવી કે નહીં ? પાંચ વાગ્યાનું કહ્યું હતું. હજી સાડા-પાંચ સુધી દેખાઈ કેમ નહીં ?"

નિહારિકા ઊઠીને મેંદીવાળીને શોધવા ગઈ. અલકાનો ઇશારો સમજી હોય એમ અવંતિકા સમસમીને ચૂપ રહી ગઈ.

આ પ્રસંગને બાદ કરતાં પરિની અને અજયના લગ્ન રંગેચંગે ઉજવાઈ ગયા.

પરિની એના નાનકડા હનીમૂન પરથી આવીને સાસરીમાં ગોઠવાવા લાગી. એવામાં એક દિવસ અલકાને ઘેર વિમળાફોઈની પધરામણી થઈ.

●●●

પ્રકરણ 10

"આવો આવો ફોઈ. શી વાત છે ? આજે કંઈ અમારા ઘરનું મૂરત કાઢ્યું !"

ઘણા દિવસે ઘરે આવેલા વિમળાફોઈને અલકાએ ઉમળકાભેર આવકાર્યા.

"અહીંયાં પાર્લામાં એક લગ્નમાં આવી'તી. ફેરા અને રિસેપ્શન વચ્ચે ઘણો ટાઈમ હતો. એટલે થયું લાવ તારા ઘરે થોડો આરામ કરી લઉં."

"બહુ ગમ્યું મને, ફોઈ આવો ને, અહીં પરિનીના રૂમમાં થોડી વાર સૂઈ જાઓ. ત્યાં સુધી હું ચા-નાસ્તાની તૈયારી કરી લઉં."

અડધા-પોણા કલાકના આરામ પછી વિમળાફોઈ ચા પીવા માટે બહાર આવ્યા. પરિનીના ખબર-અંતર પૂછ્યા બાદ વિમળાફોઈએ લાગલું જ અલકાને પૂછ્યું,

"આ તારા ભાઈ-ભાભીમાં અક્કલ નથી કે શું ?"

વિમળાફોઈના આ સવાલે અલકાના પેટમાં ફાળ પડી. એને થયું, નક્કી પાછું નિહારિકાએ કંઈક ઉંબાડિયું કર્યું. ડરતાં-ડરતાં એણે પૂછ્યું,

"કેમ આમ કહો છો ફોઈ ? શું થયું ?"

"ના... આ તો નિહારિકા માટે મેં એક સગપણ ચીંધ્યું હતું. ને તારા ભાઈ-ભાભી કોકિલાની બહેન રસીલાની દીકરીનું માંગુ લઈને ત્યાં પહોંચી ગયા."

"હેં ! મને નથી ખબર. કોનો છોકરો હતો ?"

"પેલા વ્રજલાલબાપા ખરાને, એમનો પોતરો."

"કોણ, પેલા માટુંગાવાળા ?"

"હા, એ જ. તારા બાપુજી તો જીગર હતા વ્રજલાલભાઈના. કેવા હેત બંનેના ! તારા બાપુજી પાછા થયા ત્યારે કેટલું રડેલા એ ! બસ, પછી ધીમે-ધીમે એમના ઘર સાથે સંબંધ ઓછો થતો ગયો, પણ મીઠાશ હજુય અકબંધ છે. પરિનીના લગ્નમાં એમણે નિહારિકાને જોઈ હશે. બીજે જ દિવસે એમણે મને ફોન કરેલો. મેં ય તરત રમણને વાત કરી. જો વિચાર થતો હોય તો."

"અરે વાહ ! એ તો બહુ સરસ ઠેકાણું કહેવાય."

"હા, ઠેકાણું તો સારું, પણ આપણામાં વેતા હોય ત્યારેને. રમણ અને કોકિલા ત્યાં કામિનીનું માંગુ લઈને પહોંચી ગયા. કેવા બગડ્યા છે વ્રજલાલભાઈ મારી પર ! મને કહે, ક્યાં તારા ભાઈની રખરખાવટ, ક્યાં તમારું ખોરડું અને ક્યાં કોકિલાનું ભૂખડીબારસ પિયર. મારે તો એવું ભોંઠા પડવા જેવું થયું. આમ માંગું લઈને જતા પહેલા કંઈક વિચાર તો કરવો જોઈએ કે નહીં ?"

"ઓહ !"

આઘાતની મારી અલકાના મોંમાંથી ફક્ત એક જ શબ્દ સર્યો. વિમળાફોઈનો બળાપો હજીયે ચાલુ જ હતો.

"વ્રજલાલભાઈ તો જે ગુસ્સે ભરાયા હતા, એમણે તો મારે મોઢે કહી દીધું કે કેવા-કેવા લોકો હાલ્યા આવતા હોય છે માંગા લઈને ! મારા વિકાસને છોકરીઓની ખોટ છે કે હું આવા ઘરની દીકરી લઉં ! મારે કંઈ બોલવા જેવું ય ન રહ્યું."

આખી વાત સાંભળીને વ્યથિત થયેલી અલકાએ તરત કહ્યું,

"હું રમણને પૂછી જોઇશ."

"તારે પૂછવું હોય તો ભલે. બાકી આજ પછી હું એના છોકરાઓ માટે એકેય સગપણ બતાવવાની નથી. એ જાણે ને એમના મા-બાપ."

વિમળાફોઈ તો સાત વાગ્યે ગયા, પણ અલકાને વિચારતી મૂકી ગયા. પરિસ્થિતિનો તાગ કાઢવા અલકાએ ભાઇના ઘરની મુલાકાત લેવાનું નક્કી કર્યું.

૦૦૦

બે દિવસ પછી, શનિવાર સાંજે ભાઈના ઘરે જમવાનો કાર્યક્રમ ગોઠવીને અલકા બોરીવલી પહોંચી. હાફ-ડે હોવાથી રમણ પાંચ વાગ્યે જ ઘરે આવી જવાનો હતો. બારણું ખોલતાં જ રમણે ઉમળકાથી કહ્યું,

"ઘણા દિવસે તું આવી બેન !"

"હા લગભગ ત્રણ મહિના થયા. છેલ્લે પરિનીની કંકોત્રી આપવા અમે આવ્યા હતા."

"કેમ છે પરિની ? મજામાં ? સાસરે ફાવી ગયું ?"

પાણીનો ગ્લાસ અલકાને ધરતાં કોકિલાએ પૂછ્યું.

"હા, હા, એકદમ મજામાં. બસ બે-ત્રણ મહિનામાં લંડનની તૈયારી શરૂ."

"વાહ ફોઈ, પરિનીના તો નસીબ ઊઘડી ગયા. કેટલા હેન્ડસમ છે અજય જીજુ !"

નિહારિકાએ પોરસાતાં કહ્યું.

"અમને ય ક્યારેક લંડન જોવા મળશે."

નેહુલે પણ ઉત્સાહભેર કહ્યું.

પછી તો કલાકેક પરિનીના લગ્નના સંભારણા વાગોળવામાં વીતી ગયો. છ વાગ્યા એટલે નિહારિકા ઊઠી.

"ફોઈ, પાંઉભાજીનો પ્રોગ્રામ કર્યો છે. ભાવશે ને ?"

"હા, હા, બનાવને તું તારે. મને તો બધું ભાવે છે. આજે જોઈએ તું કેવી રસોઇ બનાવે છે ?"

હસતાં-હસતાં નિહારિકા કિચનમાં ગઈ. નેહુલ પણ ભણવા અંદર ગયો. રમણ અને કોકિલાને એકલા પડેલા જોઇ અલકાએ વિમળાફોઈવાળી વાત કરવાનો મોકો ઝડપી લીધો.

"ભાઈ, વિમળાફોઇ કહેતાં'તાં કંઇ વ્રજલાલબાપાના પોતરા વિશે."

"હા, હા" કહેતી કોકિલા ઉત્સાહમાં આવી ગઈ.

"કેવું સરસ સગપણ ! માટુંગામાં પાંચ રૂમનો બ્લોક અને ઘરે ગાડી. સરસ નોકરી અને મૂરતિયો પૂરા પચ્ચીસ વરસનો. મારી બેનની દીકરી કામિની માટે એકદમ યોગ્ય. એણે હમણાં જ ચોવીસ પૂરા કર્યા. અમે એના માટે મૂરતિયો શોધી રહ્યા હતા ને આ વાત આવી. હું તો રાજી-રાજી થઇ ગઇ."

કોકિલાના ઉત્સાહને અવગણતા અલકાએ રમણ સામે જોઇ ઠંડા સ્વરે કહ્યું,

"મારા ખ્યાલથી એ છોકરો ફોઈએ નિહારિકા માટે બતાવેલો."

પત્નીનો બચાવ કરતો હોય એમ રમણ તરત બોલ્યો,

"બરાબર છે, પણ અમારા પર કામિનીની જવાબદારી ય ખરી ને. તને કદાચ યાદ નહીં હોય, પણ અમારું સગપણ કામિનીના પપ્પાએ જ કરાવેલું. હવે એ તો બિચારા પરલોકવાસી થયા. રસીલાબેન એકલા કેટલું કરે ? મારી એમને મદદ કરવાની ફરજ ખરી કે નહીં ?"

"અરે પણ... હવે નિહારિકા ય કંઈ નાની નથી. ચાર મહિનામાં બાવીસની થશે. ભણવાનું પતી ગયું છે. નોકરી છોડી દીધી છે. ઘરમાં બેઠી છે, તો ટાણે પોતાના ઘરે જાય."

"એ કંઈ એવડી મોટી નથી થઈ ગઈ." સહેજ ધૂંધવાઈને રમણ બોલ્યો. "એનો બાપ હજી બરાબર બેઠો છે. જોજેને એના માટે ય હું એવું સરસ ઘર શોધીશ કે લોકો જોતાં રહી જશે. પહેલા કામિનીનું પતાવવા દે."

આ સાંભળતા જ અલકાને હૈયેથી નિઃશ્વાસ સરી પડ્યો. આટલા વર્ષો વીત્યા છતાં રમણના સ્વભાવમાં રતિભારનો ફરક નહોતો પડ્યો. એ જ અહંકાર અને એ જ ગુસ્સો. એના પર જરીકેય આંગળી ચીંધાય, તો એવી ધાંધલ મચાવી દે કે સામેવાળો ચૂપ થઈ જાય.

આજે ફરી એક વાર અલકાને બા બહુ યાદ આવી. એ હોત તો એણે સમયસર નિહારિકાને સારા ઘરે વળાવી દીધી હોત.

નિહારિકા વિશે વાત કરવામાં માલ નથી એ સમજાતા અલકાએ નેહુલ વિશે વાત શરૂ કરી. આજે અલકા ભાઈના ઘરની પરિસ્થિતિનો પૂરેપૂરો ક્યાસ કાઢવા આવી હતી.

"નેહુલનું શું છે ? એ શું કરે છે આજકાલ ?"

"બી.કોમ. કરે છે. એ જ કૉલેજમાં. બારમામાં પર્સન્ટ ન આવ્યા, એટલે સી.એ.નું માંડી વાળ્યું."

રમણ ઢીલા સ્વરે બોલ્યો.

"કૉલેજ ક્યારની છે ?"

"સવારની."

"બાકીનો આખો દિવસ એ શું કરે છે ?"

અલકાએ કોકિલા સામે જોઈ પૂછ્યું.

"કૉલેજ તો આઠથી બારની છે, પણ એ નવેક વાગ્યે જ જાય છે. બસ, પછી એક વાગ્યે આવે. જમે, બપોરે ઊંઘી જાય અને સાંજે પાંચેક વાગ્યે દોસ્તાર સાથે આંટો મારવા જાય. સાત-સાડા-સાતે આવી, જમી, થોડું કૉલેજનું કામ કરે."

"આટલો ટાઈમ રખડે છે, એના કરતાં કોઈક પાર્ટ-ટાઈમ નોકરી કરતો હોય તો ?"

અલકાએ વ્યવહારું સૂચન કર્યું. રમણ કંઈ જવાબ આપે એ પહેલાં જ કોકિલા બોલી પડી,

"ના ભાઈ ના, મારો દીકરો થાકી જાય. એક તો આટલું બધું ભણવાનું, ઉપરથી નોકરી. એવી તે શી ઉતાવળ છે ? પછી આખી જિંદગી કામ જ તો કરવાનું છે."

અલકા માટે આ, વધુ એક આઘાત હતો. ભાઈની આર્થિક પરિસ્થિતિથી

એ અજાણ નહોતી. વધતી જતી મોંઘવારીની અસર એમના જેવા સારા ધંધા-પાણીવાળાને વર્તાતી હતી, ત્યાં બાંધી આવકવાળાનું શું ગજું ! નિહારિકાની નોકરી છૂટ્યા પછી ભાઈનો હાથ તંગ રહેતો હતો, એનો ખ્યાલ અલકાને રમણના અવારનવારના બબડાટ પરથી આવતો જ હતો.

અલકા સમજતી હતી કે, જો અત્યારથી નેહુલ થોડું કામમાં પલોટાવા માંડે તો બી.કોમ. પતે ત્યારે એના માટે નોકરી તૈયાર હોય. પોતાનો ધંધો કરવા જેટલી આવડત તો આમેય એનામાં ક્યારેય નહોતી દેખાઈ. એકાદી સારી નોકરી મળી જાય તોય ઘણું. બી.કોમ.નું ભણવાનું એવું અઘરું નહોતું કે આખો દિવસ બેસીને ભણવું પડે. આ બધી વાતો દસમું પાસ કોકિલાને કોણ સમજાવે ? ભાઈના પરિવારનું જે ભવિષ્ય અલકાને દેખાતું હતું એ ખાસ ઉજળું નહોતું.

ભાઈ-ભાભીને સમજાવવાનો આખરી પ્રયત્ન કરતાં અલકા બોલી,

“આપણો આકાશ જુઓ. એલેક્સ કેમિકલ્સમાં કેવો સરસ ગોઠવાઈ ગયો છે. ઈન્ટર્નશીપ દરમિયાન બે સરસ કંપનીઓમાં નોકરી કરી, એન્જિનિયરિંગ પત્યું કે તરત એને સરસ જોબ મળી ગઈ.”

“તમારે પોતાનો ધંધો છે, તો કેમ એ નોકરી કરે છે ?”

કોકિલાએ પૂછ્યું.

“એ તો ભાભી એક્સપીરિયન્સ લેવા માટે. બે-ત્રણ વરસ પછી નોકરી છોડી દેશે અને એના પપ્પા સાથે ધંધામાં જોડાઈ જશે.”

“હં, હં.” થોડું-ઘણું સમજાતું હોય એમ કોકિલાએ ડોકું ધુણાવ્યું અને બબડી,

“અમારે ક્યાં બાપાનો ધંધો છે તે બેસાડી દઈશું.”

અલકાને મન તો ઘણું થયું કહેવાનું કે બાપુજીનો કાપડનો સરસ ધંધો હતો. આ રમણને જ નોકરી કરવી હતી. પણ આમ કહેવાથી જો રમણ વિફરે તો બધાનો મૂડ બગડી જાય. એના કરતાં ચૂપ રહેવાનું જ એણે મુનાસિબ સમજ્યું. રમણે પણ સાંભળ્યું ન સાંભળ્યું કરી વાત બીજે પાટે ચડાવી.

એ રાત્રે ભાઈના ઘરેથી પાછી ફરતી અલકાને હૈયે આવનારા અનિશ્ચિત અને કંઈક અંશે અંધકારમય ભવિષ્યનો ભાર વર્તાતો હતો.



પ્રકરણ 11

અજય-પરિનીની લંડન જવાની તૈયારી પૂર જોશમાં ચાલી રહી હતી. જતાં પહેલા મમ્મી-પપ્પા અને ભાઈ સાથે થોડો સમય ગાળવા પરિની અઠવાડિયું પિયર રોકાવા આવી. દિવસ જાતજાતની શોપિંગ અને બીજી તૈયારીઓમાં વીતી જતો. સાંજ પડ્યે આખો પરિવાર એકઠો મળી ઘણી વાતો કરતો. સાથે-સાથે મળવા આવનાર સગાં-વ્હાલાની વણઝાર પણ સતત ચાલુ હતી. એક સાંજે ખાસ પરિનીને મળવા, રમણ અલકાને ઘેર આવ્યો. પરિની અને આકાશ કશીક ખરીદી માટે બહાર નીકળ્યા હતા. અલકા ઘરે જ હતી. ભાઈને એકલો જ આવેલો જોઈ અલકાએ તરત ટકોર કરી,

"કેમ ભાઈ, એકલો જ આવ્યો ? કોકિલાભાભીથી ય ક્યારેક અમારા ઘરે ભૂલા પડાય. સનત મને ઘણી વાર ટોણો મારતાં હોય છે કે રમણભાઈ તો અવારનવાર મળે, પણ તારા ભાભી ભારે મોંઘા. એમને મળવા આપણે જવું પડે. એ ન આવે."

"એવું કંઈ નથી."

કહેતો રમણ ચૂપચાપ ચા પીવા લાગ્યો. એનો પડી ગયેલો ચહેરો કંઈક બન્યું હોવાની ચાડી ખાઈ રહ્યો હતો. અલકાએ એના ચહેરા પરની પીડા વાંચી લીધી.

"શું થયું રમણ ? બધું બરાબર તો છે ને ?"

"શું કરું ? કંઈ સમજ નથી પડતી. આ મા-દીકરી મળીને મને એક દિવસ મારી નાખશે."

ચાનો કપ હાથમાં પકડી નિરાશાથી માથું ધુણાવતાં રમણ બોલ્યો.

"હેં ! આ શું બોલે છે તું ?"

"તો શું બોલું ? પોતાના જ ઘરમાં પરાયાની જેમ રહું છું હું."

"કેમ કંઈ ઝઘડો થયો ?"

"ઝઘડો કરવા માટેય બોલવું તો પડે ને ! આ નિહારિકાએ તો મારું મોં સુદ્ધાં જોવાની ના પાડી દીધી છે."

રમણના આ વિધાને અલકા ચોંકી.

"કેમ ? એવું તો શું થઈ ગયું ?"

"એ કહે છે કે મેં એમને જીવનમાં કંઈ જ આપ્યું નથી. તને ખ્યાલ હોય, તો પરિનીના લગ્નના રિસેપ્શનમાં બધાએ હીરાના સેટ પહેલા."

"હં, હમણાં ડાયમંડના દાગીનાની ફેશન છે."

"આપણા કુટુંબમાં ફક્ત કોકિલાએ જ સોનાનો સેટ પહેરેલો. એ વાતનું બંને મા-દીકરીને ખરાબ લાગી ગયું છે."

"અરે પણ એ સેટ તો કેટલો સરસ છે. આપણા દાદીના જમાનાનો એકદમ એન્ટિક અને ભારે સેટ. કોકિલાભાભી પર એ સેટ બહુ શોભતો હતો."

"એવું તું સમજે છે. પેલી બંનેને તો લાગે છે કે એમનું ખરાબ દેખાયું. એમની પાસે નવો દાગીનો નથી."

"અરે ! આવું તે કંઈ હોય ?"

"નિહારિકા કહે છે કે એની મમ્મીએ આખી જિંદગી ઘરના ઢસરડા કર્યા તોયે એને શું મળ્યું ? આપણા કુટુંબીઓ પાસે ગાડી છે. ડાયમંડના દાગીના છે. આપણી પાસે શું છે ?"

અલકા ચૂપચાપ ભાઈને હૈયાવરાળ કાઢતો સાંભળી રહી. રમણ હજીયે બોલી જ રહ્યો હતો.

"હવે નોકરીની બાંધી આવકવાળો હું, ઘરના ખર્ચા માંડ પૂરા કરું છું, ત્યાં ગાડી કઈ રીતે ખરીદું. વળી અમારે ગાડીની જરૂર શું છે ? ચર્ચગેટ સ્ટેશનમાં મારી ઓફિસ છે. આખા ફેમિલીને રેલવેનો ફ્રી પાસ મળ્યો છે. જ્યાં જવું હોય ત્યાં ટ્રેનમાં જવાય જ છે ને !"

"હાસ્તો વળી." ભાઈની પરિસ્થિતિ સમજાતી હોય એમ અલકાએ રમણના સૂરમાં સૂર પૂરાવતા કહ્યું, "ખાલી ગાડી ખરીદીને થોડી ચાલે છે ! એને માટે પેટ્રોલ, ડ્રાઈવર, સર્વિસિંગ... એ બધા ખર્ચા નહીં."

"એ તો કહે છે કે એની મમ્મી ગાડી ચલાવશે. જેમ તું ચલાવે છે એમ !"

"ઓહ !"

આઘાતની મારી અલકા આટલું જ બોલી શકી. નિહારિકાનું મગજ કઈ દિશામાં દોડી રહ્યું હતું એ સમજાતા અલકા થોડી ડરી પણ ગઈ. બીજા પાસે જે જે હતું એ બધું એને જોઈતું હતું. ઘરની પરિસ્થિતિ સમજ્યા વગર એકલા રમણની કમાણી પર ઘર ચલાવવું મુશ્કેલ થવા માંડ્યું હતું, ત્યાં આ બધા સાધન તો ક્યાંથી પોસાય ! આ વાત કોઈને ધ્યાનમાં જ નહોતી આવતી. નિહારિકા બાળક હતી, પણ કોકિલાનું શું ? એ વિચાર આવતાં જ અલકાએ રમણને પૂછ્યું,

"આ કોકિલા એને કંઈ કહેતી નથી ?"

"મા-દીકરી બંને ભળી ગયા છે. મેં એકાદ વાર કોકિલાને સમજાવવાની કોશિશ કરી, તો ઊલટું એણે મને જ ચોપડાવી દીધું કે ઘરની શાંતિ જાળવવી હોય તો ચૂપ રહો. નિહારિકાનું મગજ કેટલું ગરમ છે ? એ ધાંધલ-ધમાલ કરશે તો લોક ભેગું થશે. એના કરતાં એ જેમ કહે છે એમ જ કરો."

"અને નેહુલ ?"

"એ તો હજી બાળક છે. એને આમાં શું સમજ પડે ?"

"બાળક ! વીસમું વરસ ચાલે છે એને. બે વરસમાં એ પણ કામે લાગશે ને ? પૈસા કેમ કમાવાય છે એની એને ખબર તો હોવી જોઈએ ને !"

"શીખશે બધું ધીમે-ધીમે."

"આ વાત બરાબર નથી ભાઈ."

હવે અલકા ભાઈના આવા નબળા વર્તન પર ગુસ્સે ભરાઈ.

"નેહુલે ઘરની આર્થિક પરિસ્થિતિ સમજવી જોઈએ. અને કોકિલા ? એ પણ દીકરીની શાણી વાતોમાં આવી ગઈ ! દીકરીને બે લાફા ન ચોડી દે ! એણે સીધે-સીધું નિહારિકાને કહી દેવું જોઈએ કે બાપનું મોં જોવું ન હોય, તો આ ઘરમાંથી ચાલતી થા. આટલા વરસ સુધી બધાને કોણે ખવડાવ્યું છે ? ગઈ હતી કોકિલા નોકરી કરવા ? આ ઘર, જેમાં એ રહે છે, એ કંઈ કોકિલા દાયજામાં નહોતી લાવી. તારા પસીનાની કમાણીનું ઘર છે. તું દરરોજ ઘસાય છે અને એ લોકો ઘરે બેઠાં

મજા કરે છે. અને દાગીનાનું શું છે ! કાલે નેહુલ કમાશે તો બધું થઈ રહેશે. એ તો ઠીક છે કે બાનો દાગીનાનો દાબડો ભરેલો છે. બાકી આ લોકો તને ઘરમાં ઊભોય ન રહેવા દે."

અલકાની વાતોથી રમણ હજી વધારે નિરાશ થઈ ગયો. થોડા સમય માટે આ સંતાપમાંથી મુક્ત થવાના આશયથી એ બોલ્યો,

"જવા દે ને. મારે તો આ રોજની રામાયણ છે. આજે તારે ઘરે તો મને થોડો હળવો થવા દે. પરિની ક્યારે આવશે ? આઠ વાગવા આવ્યા."

"બસ આવવી જ જોઈએ."

કહેતી અલકાએ રમણ સામે મુખવાસની ડબ્બી લંબાવી. એટલામાં જ ડોરબેલ રણકી. રાધાબાઈએ બારણું ખોલ્યું કે મસ્તી કરતાં-કરતાં આકાશ અને પરિની ઘરમાં પ્રવેશ્યા.

"ઓહો મામા, તમે ! ક્યારે આવ્યા ?"

શોપિંગની થેલીઓ બાજુ પર મૂકી, પરિની થાકથી સોફા પર ફસડાઈ. જો કે એના અવાજમાં મામા આવ્યાનો આનંદ ભારોભાર છલકાતો હતો.

"અરે વાહ ! અમારી લાડકી ભાણી લંડન જતી હોય ત્યારે મામાનું દિલ ઝાલ્યું રહે ? હું તો હરખ કરવા દોડી આવ્યો છું. તને એરપોર્ટ મૂકવા પણ આવીશ હં કે."

"શું મામા તમે પણ! લંડન ક્યાં દૂર છે ? બસ નવ કલાકની ફ્લાઈટ તો છે. એક વાર હું સેટલ થઈ જાઉં, પછી તમારે પણ આવવાનું છે હોં."

"હું તો હવે ખરતું પાન કહેવાઉં, પણ નેહુલને ક્યારેક લંડન તેડાવજે."

દીકરા પ્રત્યેનો મોહ રમણના શબ્દોમાં પડઘાઈ રહ્યો.

"અરે, એના માટે તો હું લંડનમાં જ સરસ જોબ શોધી કાઢીશ. બસ એને કહેજો કે કમ્પ્યૂટર શીખી લે. આવતાં પાંચ વર્ષમાં એની ડિમાન્ડ બહુ વધવાની છે. તમે શીખ્યા કે નહીં ? તમારે ત્યાં પણ હવે તો કમ્પ્યૂટર આવી ગયા હશે ને ?"

"લાવવાના છે, એવું અમારા સાહેબ કહેતાં'તા. બાકી તો સરકારી ખાતું છે, આવે ત્યારે સાચા."

"બસ તો તો, તમે અને નેહુલ બંને જોડે જ ક્લાસ ભરી આવજો."

"મારે તો ઠીક હવે પાકા ઘડે ક્યાં કાના ચડે ! નેહુલને કહીશ કે બી.કોમ. પતે એટલે કમ્પ્યૂટર કોર્સ કરી લે."

"ના, ના. એમ બે વરસ રાહ શા માટે જોવાની ? એ તો સાંજના ક્લાસ જોઇન કરી લે. બી.કોમ.ની સાથે-સાથે બે વરસમાં કમ્પ્યૂટર પણ શીખી જાય તો પગાર દોઢો મળે."

"એમ ? એવું તો શું છે આ કમ્પ્યૂટરમાં ?"

"એકદમ ફાસ્ટ, ફટાફટ કામ કરે. તમે કેલ્ક્યુલેટરના બટન દબાવો, એની પહેલાં તો ગણત્રી થઈ ગઈ હોય. જાત-જાતના રિપોર્ટસ્ પણ પંદર મિનિટમાં હાજર."

"હા ભાઈ, હવે તો કોલેજોમાંય સાંજના કમ્પ્યૂટર ક્લાસ ચાલે છે. નેહુલને કહે એ જલ્દીથી જોડાઈ જાય."

આટલી વારથી મામા-ભાણીનો સંવાદ સાંભળી રહેલી અલકાએ પણ

ચર્ચામાં ઝૂકાવ્યું.

"પણ એની ફી..."

રમણે હળવેથી એને પજવતો પ્રશ્ન પૂછી લીધો.

"ફીની ચિંતા તું નહીં કરતો. હું ભરી દઈશ. આખરે ફોઈ ક્યારે કામ આવશે ?"

અલકાએ ભાઈને સધિયારો આવતા કહ્યું.

એ દિવસે નેહુલને લંડન મોકલવાના સપના આંખોમાં આંજી રમણે વિદાય લીધી.



પ્રકરણ 12

જોતજોતામાં બે વર્ષ વીતી ગયા. દર રવિવારે આવતા પરિનીના ખુશાલીભર્યા ફોનથી અલકા અને સનતને ધરપત રહેતી કે પરિની અને અજય લંડનમાં સરસ સેટ થઈ ગયા હતા. એક રવિવારે પરિનીનો ફોન આવ્યો, ત્યારે અલકા ભારે ઉત્સાહમાં હતી. ફોન ઉપાડતાવેંત એણે પરિનીને કહ્યું,

"હું જુલાઈ મહિનામાં લંડન આવવાની છું."

"અહે વાહ !"

પરિનીને વધુ બોલવાનો મોકો આપ્યા વગર અલકા અધીરાઈભેર આગળ બોલી,

"આકાશને લંડનની કિંગ્ઝ કૉલેજમાં MBAના કોર્સમાં એડમિશન મળી ગયું છે. સાથે હોસ્ટેલમાં જગ્યા પણ. અમે બંને જુલાઈમાં ત્યાં આવીશું. હું પંદરેક દિવસ ત્યાં રહીને એની બધી ગોઠવણ કરી દઈશ."

"હોસ્ટેલ કેમ ? મારું ઘર તો છે !"

પરિનીએ તરત વાંધો ઉઠાવતાં કહ્યું.

"મેં કહ્યું, પણ આકાશ ના પાડે છે. એનું કહેવું છે કે હોસ્ટેલમાં રહીને એ ભણવા પર વધારે ધ્યાન આપી શકશે. પ્રૉજેક્ટ વગેરે કરવામાંય ત્યાં મિત્રો સાથે વધુ સારું ફાવશે. તારે ત્યાં અમે બંને પંદર દિવસ રહીશું. પછી એ હોસ્ટેલ જશે અને હું મુંબઈ પાછી આવી જઈશ."

"ઓકે, ઓકે. આકાશ ભલે પંદર દિવસ રહે, પણ તારે તો અહીંયા ચાર મહિના રહેવું પડશે."

પરિનીએ શરારતી મુસકાન સાથે કહ્યું.

"ચાર મહિના ? ના ભાઈ ના. આટલા બધા દિવસો થોડી રહેવાય ! પછી અહિંયા પપ્પાને કોણ જોશે ?"

"તો લંડનમાં મારું ધ્યાન કોણ રાખશે ?"

પરિનીના આ વાક્યે અલકા ચોંકી.

"કેમ તારું ધ્યાન ? તને શું થયું છે ?"

અલકાને હજી કંઈ ગતાગમ નહોતી પડી રહી. સાથે-સાથે પરિનીની આ વાતથી એના પેટમાં ફડકો પડ્યો. શું થયું હતું પરિનીને ? એણે ચિંતાભર્યા અવાજે પૂછ્યું,

"બેટા પરિની, ત્યાં બધું બરાબર તો છે ને ?"

"હા મમ્મી, બધું બરાબર છે." કહીને હસી પડતા પરિનીએ ફોડ પાડ્યો, "તું નાની બનાવાની છે."

"ઓ... હો..." કહેતાં અલકા ખડખડાટ હસી પડી.

"તો ગૂડ ન્યૂઝ છે એમ કહેને. તેં તો મને ડરાવી જ દીધી. તારી તબિયત તો સારી છે ને ? કેટલામો મહિનો છે ? ડૉક્ટરને બતાવ્યું ?..."

પછી તો અલકાના પ્રશ્નોની વણઝાર ચાલી.

પરિનીએ ફોન મૂક્યો ત્યારે આખા કુટુંબમાં ખુશીની લહેર ફરી વળી હતી.

લંડન જવાને હજી વાર હતી, તોય સહુ પોતપોતાની રીતે મનોમન લંડનની તૈયારીમાં લાગી ગયા હતા. એમાંય અલકાને તો ડબલ તૈયારી કરવાની હતી – આકાશની અને પરિનીની...

૦૦૦

વીતતા સમય સાથે અલકા અને રમણ થોડા દૂર થતા ગયા હતા. પહેલા એકાંતરે થતાં ફોન હવે ત્રણ-ચાર અઠવાડિયે એકાદ વાર થવા માંડ્યા હતા. રમણના ઘરે જવાનું અલકાને મન જ નહોતું થતું. રમણ પણ સમજતો હોય, એમ બે-ત્રણ મહિને એકાદવાર અલકાને એના ઘરે જ મળી જતો.

છેલ્લા ત્રણેક વરસમાં અલકાના જીવનમાં ઘણા બદલાવ આવ્યા હતા. પરિની પરણીને સાસરે અને પછી લંડન ગઇ. આકાશ ભણવાનું પૂરું કરી નોકરીમાં જોડાયો. હવે પરિનીને બાળક આવવાનું હતું અને આકાશ લંડન ભણવા જવાનો હતો.

જ્યારે રમણનું જીવન જાણે એક પડાવ પર થંભી ગયું હતું. જે પરિસ્થિતિ પહેલા હતી. એમાં સાવ થોડો જ બદલાવ આવ્યો હતો. ફક્ત નેહુલનું ભણતર પૂરું થયું હતું. બાકી બધું જેમનું તેમ હતું.

લંડન જવા આડે પંદરેક દિવસ બાકી રહ્યા, ત્યારે રમણ અને એના પરિવારને મળવા અલકા, સનત અને આકાશ એમના ઘરે ગયા. જમ્યા બાદ જ મળવાનું ગોઠવ્યું હતું, એટલે બધા નિરાંતે ગપ્પા મારતા બેઠા.

"નેહુલ, શું કરે છે તું આજકાલ ?"

સનતે સૌથી પહેલા નેહુલના ખબર પૂછ્યા.

"જોબ પર જાઉં છું."

"પેલી કાન્ત ઍન્ડ ગાંધી સી.એ. ફર્મમાં જ ને ?"

"ના, ના. એમાં એને ફાવ્યું નહીં. એ જોબ તો એણે બે મહિનામાં જ છોડી દીધી."

રમણે તરત નેહુલ વતી જવાબ આપ્યો.

"કેમ ? એ ફર્મ તો બહુ સરસ છે. મારા એક ફ્રેન્ડનું એકાઉન્ટ એમની પાસે જ છે. એ તો બહુ વખાણતો હતો."

"એમાં એવું છે ને ફુઆ કે ત્યાં કામ બહુ કરાવતા હતા. સાડા નવથી છનો ઑફિસ ટાઇમ હતો. પણ મારે લગભગ રોજ રાત્રે નવ વાગી જ જતા. એમાંય મન્થ-એન્ડમાં તો સન્ડે ય રજા નહીં. પગારેય સાવ ઓછો હતો."

નેહુલે પોતાનો બચાવ કરતાં કહ્યું.

"બિચારો... કેટલો થાકી જતો હતો. મારેય સવારના કેટલો વહેલો ડબ્બો તૈયાર કરવો પડતો અને રાત્રે રસોડું આટોપતાં અગિયાર તો સહેજે થતાં."

"અરે ! જુવાન છોકરો હમણાં કામ ન કરે તો ક્યારે કરે ? અને પગાર પણ ધીમે-ધીમે વધેને ! છ મહિના સરખું કામ કરત તો કંપની પગાર વધારી દેત."

સનતે સમજાવટના સૂરમાં કહ્યું.

"અને ભાભી, તમારે શું છે ? આટલા વરસથી ભાઇનું ટિફિન ભરો છો. હવે

બે ડબ્બા ભરવાના, એક સરખાં બેય ડબ્બા ભરી નાખવાના."

અલકાએ કોકિલાને સમજાવવાની કોશિશ કરતાં કહ્યું.

"આ તમારા ભાઈને ડબ્બામાં પૂરી-છૂંદો કે ખાખરા-અથાણું ચાલે. અઠવાડિયે એક વાર મોટો ડબ્બો ભરીને સૂકી પુરી હું બનાવી દઉં છું. સાથે છૂંદો. એમને વાંધો નથી આવતો. પણ આ નેહુલને એવું નથી ચાલતું. એને તો રોજ ડબ્બામાં રોટલી-શાક જોઈએ. હવે સવાર-સવારમાં આટલા વહેલા રોટલી-શાક કઈ રીતે બનાવાય ! પાછી હમણાં-હમણાં નિહારિકાની તબિયત પણ સારી નથી રહેતી. એને બહુ અશક્તિ રહે છે. હવે મને એનોય ખાસ આધાર નથી."

કોકિલાની આ વાત પરથી અલકાને ખ્યાલ આવ્યો કે એ લોકોને આવ્યાને અડધો કલાક ઉપર થઈ ગયો હોવા છતાં નિહારિકા હજી સુધી દેખાઈ નહોતી. લાગલું જ એણે પૂછી લીધું,

"અરે હા, નિહારિકા ક્યાં છે?"

"એ રસોડામાં છે. થોડાં વાસણ બાકી હતા એટલે કરવા બેઠી'તી."

"હજી તમને કામવાળી નથી મળી ?"

"ના. જુઓને રાતની નથી મળતી. બપોરે ઝાડુ-પોતાં-વાસણ બધું એકસાથે કરી જાય છે. આ રાતના વાંધા છે."

"તો બીજી કોઈને પૂછી જુઓને. તમારી બિલ્ડિંગમાં તો આટલા બધા ફ્લેટ્સ છે. ઘણી કામવાળીઓ આવતી હશે."

આ વાતો ચાલતી હતી, ત્યાં જ નેપકીનથી હાથ લૂછતાં-લૂછતાં નિહારિકા કિચનમાંથી બહાર આવી. હૉલમાં દાખલ ન થતાં, એ દરવાજા પાસે ઊભા રહીને જ બોલી,

"આ સાલા અમારા બિલ્ડિંગવાળા બધા હલકટ છે. બધી કામવાળીઓને અમારી વિરુદ્ધ ભડકાવે છે. એ લોકોને કહે છે કે આમના ઘરે કામ નહીં કરવાનું. એમાંય પેલી ઉપરવાળી માલા ! એને તો મારા પર બહુ ખાર છે. જલે છે એ મારાથી. સ્કૂલમાં મને હંમેશાં એનાથી વધારે સારા માર્ક્સ આવતાં. નોકરી પણ મારી જ વધુ સારી હતી. એના વાળ કરતાં મારા વાળ વધારે લાંબા અને લીસ્સા હતા. મારું કંઈ પણ સારું થાય એ એનાથી સહન જ ન થાય."

નિહારિકાની ગુસ્સાભરી આંખો અને એની કડવી વાણીથી અલકા અને એના પરિવારને આશ્ચર્ય થયું. અલકાએ કોકિલાને આંખના ઈશારાથી પૂછ્યું કે આ બધું શું છે ? કોકિલાએ સામે એને ચૂપ રહેવાનો ઈશારો કર્યો. આ બધું જોઈ રહેલા આકાશે વાત બદલતાં રમણને કહ્યું,

"મામા, ઘરની દીવાલો બહુ કાળી પડી ગઈ છે. રંગ કરાવવાની જરૂર છે. આ દિવાળી પર પ્લાન કરી નાખો. સાથે-સાથે નવું ટીવી પણ લઈ લો. હવે બ્લેક-ઍન્ડ-વ્હાઇટનો જમાનો ગયો."

"હા, હા, આ વરસે દિવાળી પર બધું કરાવી લઈશું."

પછી તો લંડન લઈ જવાની ચીજ-વસ્તુઓ, પરિનીની તબિયત, આકાશનું ભણતર એ બધા પર વાતો ફંટાઈ ગઈ. સાડા-અગિયાર વાગ્યા એટલે સનતે અલકાને ઊઠવાનો ઈશારો કર્યો.

"ચાલો મેડમ. મારે કાલે રજા નથી. ઑફિસ જવાનું છે."

"હેં ! સાડા-અગિયાર થઈ ગયા !"

ઘડિયાળ તરફ જોઈને ચોંકેલી અલકા ઉતાવળે ઊભી થઈ ગઈ.

"ચાલો, ચાલો. મારેય હજી એક હજારને એક કામ પતાવવાના છે. હવે લંડન જવા આડે દહાડા ય કેટલા રહ્યા ! આજે શાંતિથી મળાયું. હવે લંડનથી ત્રણ મહિને પાછી આવું કે છ મહિને એ તો કોણ જાણે ? જેવી પરિની અને એના બાળકની તબિયત."

"હા, હા, લંડનમાં બધાં સાચવજો. અને તું ક્યારે, પંદરમીએ નીકળે છે ને ? તો ચૌદમીએ તને મળવા આવીશ. પરિની માટે પણ કંઈક મોકલવું પડશે ને." રમણે કહ્યું.

"ના હોં ભાઈ, એ બધું હમણાં નહીં. પરિની એના બાળક સાથે ઇંડિયા આવે ત્યારે વાત. બધો વહેવાર ત્યારે જ કરજો."

"વારું." કહેતા રમણે અલકાની વાત માની લીધી.

પાછાં ફરતી વખતે આકાશ ડ્રાઈવિંગ સીટ પર, એની બાજુમાં સનત અને પાછળ અલકા એમ ત્રણેય જણ ગાડીમાં ગોઠવાયા. આકાશે ગાડી સ્ટાર્ટ કરી. થોડી વાર સુધી ત્રણેય ચૂપચાપ બેઠા હતા. જો કે ત્રણેયના મગજમાં રમણ અને એના પરિવારની વાતો જ ઘૂમતી હતી. સૌથી પહેલાં આકાશે મૌન તોડ્યું.



પ્રકરણ 13

"આ નેહુલનું શું લાગે છે ? બરાબર કામ કરતો હશે ? હમણાં ક્યાં કામ કરે છે, એ તો પૂછવાનું જ રહી ગયું."

આકાશે ચર્ચાની શરૂઆત કરતા કહ્યું

"એની વાતો પરથી મને નથી લાગતું કે બહુ સારું કામ હોય. મને એ થોડો આળસુ લાગ્યો."

સનતે પોતાનો અભિપ્રાય આપ્યો.

"આમેય બધાએ એને પહેલેથી જ બહુ પ્રૉટેક્ટેડ રાખ્યો છે. મને બરાબર યાદ છે કે અમે નાના હતા, ત્યારે હું ઘણી વાર એની સાથે નીચે કમ્પાઉન્ડમાં રમવા જતો. જરા પડી જાય, કોઈ કંઈ બોલે કે એના પર દાવ આવે, તો એ તરત ઘરે ભાગી જતો. હું રમતો રહેતો. પછી ઉપર જાઉં ત્યારે એ બાની બાજુમાં બેઠો હોય. બા પાછા લાડ લડાવતાં હોય કે ભાઈને આટલું બધું વાગી ગયું. કોણ પેલો પિંકુ તારી મસ્તી કરતો'તો એમ ને ! ઊભો રહે, કાલે એની બરાબરની ખબર લઉં છું. નેહુલ આ બધું સાંભળતો હરખાતો-હરખાતો બિસ્કિટ ચાવતો બેઠો હોય. મને યાદ નથી કે મેં મમ્મીને ક્યારેય આવી કોઈ કમ્પ્લેન કરી હોય."

કહેતાં-કહેતાં આકાશે સહેજ પાછું વળીને અલકા સામું જોયું. અલકા હજીયે કંઈ ઊંડા વિચારોમાં હતી. એ ધીમેથી બોલી,

"નેહુલનું તો ઠીક છે, મને નિહારિકાની ચિંતા થાય છે. જોયું નહીં ? આટલો વખત આપણે બેઠા, પણ એ બહાર હૉલમાં આવી જ નહીં. લાગે છે એને રમણ સામે હજીયે વાંધો છે. કેવી ઘસાઈ ગઈ છે એ છોકરી ! વાળ સાવ પતલા અને ટૂંકા થઈ ગયા છે. આંખોની નીચે કાળા કુંડાળા અને સ્કિન તો સાવ ડલ. કેવી ટીપ-ટોપ રહેતી હતી એ છોકરી ! કપડાંય સાવ કેવાં ઘસાયેલાં પહેર્યાં હતાં, તદ્દન કામવાળી જેવા."

"એના દેખાવ પર તો મારું ધ્યાન ન પડ્યું પણ..."

સનતે યાદ કરતાં કહ્યું, "એની વાતો..."

"મમ્મી, એ આટલી બધી ગુસ્સામાં કેમ હતી ?"

આકાશે પૂછ્યું.

"મને સમજાતું નથી કે એ આવી વિચિત્ર વાતો કેમ કરતી હતી. એમ કંઈ બધી કામવાળીઓ આવવાની ના થોડી પાડે ! એમને શું, લોકો ગમે તે કહે. જો એમને બે પૈસા વધારે મળતા હોય, તો એ એમનું કામ કરે. લોકો થોડી એમનું ઘર ચલાવવા આવવાના હતા."

અલકાએ પોતાના મનમાં ચાલતા વિચારોને વાચા આપી.

"મને તારો ભાઈ પહેલેથી જ થોડો કંજૂસ લાગે છે. જોને, આપણા ઘરે આવે તોય દસ મિનિટ ચાલીને જ આવે. રિક્ષા ન કરે."

"પહેલેથી જ એનો સ્વભાવ થોડો કરકસરવાળો છે."

"કરકસર અને કંજૂસી વચ્ચેની રેખા બહુ પાતળી હોય છે."

સનત દાઢમાં બોલ્યો.

અલકા ભાઈના બચાવમાં વધુ કંઈ કહે એ પહેલાં જ આકાશે એમને અટકાવ્યા,

“તમને નથી લાગતું કે નિહારિકાને હેલ્પની જરૂર છે ?”

“એટલે ?” અલકાએ તરત પૂછ્યું.

“એટલે એમ કે મને આ બધા ડિપ્રેશનના લક્ષણ લાગે છે. મેં આના વિશે કશે વાંચ્યું હતું.”

“મનેય આકાશની વાતમાં દમ લાગે છે.”

સનતે આકાશના અભિપ્રાય સાથે સહમતી દર્શાવી.

"આ ડિપ્રેશન એટલે માનસિક બીમારીને ?”

અલકાએ ખાતરી કરવા પૂછ્યું.

“હા, એવું જ કંઈક.”

"એટલે શું નિહારિકા ગાંડી થઈ ગઈ છે ?” અલકાના સવાલમાં ડર ડોકાતો હતો.

“અરે મમ્મી ! તું પણ કમાલ કરે છે. દરેક માનસિક રોગ કંઈ ગાંડપણ નથી હોતો. એમાંય નિહારિકામાં તો હજી ડિપ્રેશનની શરૂઆત જ લાગે છે. બેઝિકલી એ એની જિંદગીથી હતાશ થઈ ગયેલી દેખાય છે. આખો વખત ઘરમાં બેસીને એ કંટાળી ગઈ લાગે છે.”

“એનો ઈલાજ તો હશે ને ?”

“આવા કેસમાં સાયકાયાટ્રીસ્ટની મદદ લેવાતી હોય છે.”

સનતે પોતાને ખબર હતી એ માહિતી અલકાને આપી.

“મને નથી લાગતું કે કોકિલા આ વાત માનશે અને એને આવા કોઈ ડૉક્ટર પાસે લઈ જશે.”

“ભલે ડૉક્ટર પાસે હમણાં ન લઈ જાય, પણ એને ઘરથી બહાર કશી પ્રવૃત્તિમાં તો લગાડી શકે ને. કોઈ નાની-મોટી જોબ કે કોઈ ક્લાસીસ કરશે, તો પણ એનું મન ખુલ્લું થશે.” આકાશે સૂચન કર્યું.

“હું રમણને વાત કરીશ. હવે મને ખરેખર એ છોકરીની ચિંતા થાય છે. કેવી હોંશિયાર છોકરી હતી ને કેવી થઈ ગઈ. તમને ખબર છે ? બી.કોમ.ના વેકેશનમાં એની પહેલી જોબ એ જાતે જ શોધી આવી'તી. એણે ઘણી જગ્યાએ અરજીઓ કરેલી અને ઇન્ટરવ્યૂ આપેલા. જ્યારે જોબની ઑફર આવી, ત્યારે જ રમણને ખબર પડેલી. રમણને શો વાંધો હોય ? એણે રાજી થઈને તરત મને ફોન કરીને વધામણી આપેલી. પણ આ નેહુલ એવો ન થયો. એનું હજી કંઈ ઠેકાણું હોય એમ લાગતું નથી.”

અલકા વધુ કંઈ બોલે એ પહેલાં અચાનક આકાશે ગાડી સાઈડ પર રોકી. બારીની બહાર જોતાં એ જોરથી બોલ્યો,

“હજી નેચરલ આઈસક્રીમ ખુલ્લું છે. ચાલોને આપણે આઈસક્રીમ ખાવા જઈએ.”

“ચાલો.” કહેતાં સનત અને અલકા ગાડીમાંથી ઊતર્યા. પછી જાત-જાતના આઈસક્રીમના ફ્લેવર્સની ચર્ચામાં રમણ અને એનો પરિવાર વિસારે પડ્યો.

ooo

અલકા અને આકાશ લંડન ગયા. આકાશ એની હોસ્ટેલમાં બરાબર ગોઠવાઈ ગયો. પૂરે દિવસે પરિનીએ એક સુંદર, ગોરી-ગોરી, ગોળમટોળ બાળકીને જન્મ આપ્યો. એનું નામ પાડ્યું જિયા. લંડનના કાયદા પ્રમાણે બાળકના જન્મ પછી તરત જ નામ રજિસ્ટર કરાવવાનું હતું. અજય અને પરિનીએ બે નામ પહેલેથી નક્કી કરી રાખેલા. દીકરો આવે તો કેવિન અને દીકરી આવે તો જિયા.

પરિનીએ જિયાના જન્મવાના છ અઠવાડિયામાં જ જોબ શરૂ કરી દેવાનું વિચારેલું. પછી અલકાના આગ્રહથી એણે એની રજા બે અઠવાડિયા વધુ લંબાવી. વચ્ચે સનત એક અઠવાડિયું રોકાઈને, બધાંને મળીને, બાળકીને રમાડીને પાછો ગયો. નાનકડી જિયાને આયા પાસે મૂકતાં અલકાનો જીવ નહોતો ચાલતો, તેથી એણે એનું લંડન રોકાણ લંબાવ્યું. આમેય સનતને ઘરે એકલા બરાબર ફાવતું હતું. રાધાબાઈ સવારનો નાસ્તો અને બપોરનું ટિફીન કરી દેતી. સાંજે સનત કોઈ મિત્ર જોડે કે ક્લબમાં સમય પસાર કરતો.

બરાબર સાડા-પાંચ મહિના અલકા લંડન રહી. એના પાછા ફરવાના અઠવાડિયા પહેલાં જ અજયનાં મમ્મી-પપ્પા લંડન પહોંચી ગયા. એ લોકો ચારેક મહિના રોકાવાના હતા. નિરાંત સાથે અલકા ઘરે પાછી ફરી.

મહિનાઓથી છોડેલા ઘરને સરખું કરતાં અલકાને અઠવાડિયું લાગી ગયું. નવરી પડતાં જ મનમાં ધરબાયેલી રમણના પરિવારની ચિંતા સપાટી પર આવી. એના લંડન રોકાણ દરમિયાન રમણ સાથે થયેલી થોડી વાતચીત પરથી અલકાને ખ્યાલ આવેલો કે ત્યાં કશું જ બદલાયું નહોતું. કદાચ વધારે બગડ્યું હતું. આવનારા શનિવારે એણે રમણના ઘરની મુલાકાત લેવાનું નક્કી કર્યું.

શનિવાર સાંજે રમણના ઘરે પહોંચેલી અલકાએ નોંધ્યું કે ચારેય જણ ઘરે જ હતા. હૉલમાં રાખેલી સેટ્ટી પર નિહારિકા બેઠી હતી. કાટખૂણે રાખેલી બીજી સેટ્ટી પર રમણ અને નેહુલ ગોઠવાયા. અલકા એની ભાભી સાથે નિહારિકાની સામેના સોફા પર બેઠી. નિહારિકાને રમણ સાથે એક જ રૂમમાં બેઠેલી જોઈ અલકાએ માન્યું કે બાપ-દીકરી વચ્ચે સમાધાન થઈ ગયું હોવું જોઈએ.

"શી વાત છે નેહુલ ? આજે વહેલો ઘરે આવી ગયો."

અલકાએ લાગલું જ પૂછ્યું.

નેહુલ કંઈ જવાબ આપે એ પહેલાં જ રમણ બોલ્યો,

"હમણાંથી એ ઘેર જ હોય છે. એની નોકરી છૂટી ગઈ છે."

"કેમ ? ક્યાં કામ કરતો હતો એ ?"

"કૉલ સેન્ટરમાં. એ લોકો નેહુલને બધો વખત નાઈટ શિફ્ટ જ આપતા હતા. કાયદા પ્રમાણે શિફ્ટનું રોલિંગ થવું જોઈએ. પણ બીજા બધા લાગવગ લગાડીને ટાઈમિંગ બદલાવી લેતા. બિચારા નેહુલનો એમાં ચાન્સ જ નહોતો લાગતો. વળી જવાનું પણ કેટલે દૂર, છેક પવઈ !"

"મને ખ્યાલ છે ત્યાં સુધી તો કૉલ સેન્ટરવાળા ઘરે લેવા-મૂકવા આવે છે."

અલકા તરત બોલી.

"આવે. પણ બધાને લેતાં-મૂકતાં બે કલાક થઈ જાય. મારું તો છેલ્લું સ્ટોપ. કેટલી વાર લાગે !"

નેહુલે પોતાનો પાંગળો બચાવ કરતાં કહ્યું.

બાપ-દીકરાની કેફિયત સાંભળીને અલકા દંગ રહી ગઈ. માણસો મુંબઈ-પૂના નોકરી માટે ધક્કા ખાય છે અને આને બોરીવલીથી પવઈ લાંબું લાગે છે. એણે વિચાર્યું.

"ઠીક છે." કહેતી પોતાના મનોભાવોને હોઠો પર લાવ્યા વગર અલકાએ હવે નિહારિકાના ચહેરા પર નજર ઠેરવી.

"નિહારિકા, તું તો જાય છે ને જોબ પર ? લંડન જતા પહેલા તારા પપ્પાને મેં ખાસ તારી ભલામણ કરેલી.

"હું... હું ફોઈ.... જોબ ક્યાંથી કરું !"

નિહારિકા નીચું જોઈને ધીમે સાદે બોલી.

કંઈક વાતાવરણમાંનો ભાર અને કંઈક મુંબઈની ગરમીની અસરથી અલકાને અકળામણ થવા લાગી. એની નજર હૉલની બારી તરફ ગઈ. બધી બારીઓ બંધ હતી. એસી તો રમણના ઘરે હતું નહીં. એટલે અલકાએ નેહુલને કહ્યું,

"નેહુલ બેટા, જરા બારીઓ ખોલને. કેટલી ગરમી થાય છે. આ લંડનથી આવ્યા પછી મુંબઈની ગરમી સહન નથી થતી."

અલકાના કહેવા છતાંય નેહુલ ઉઠ્યો નહીં. એણે કોકિલા સામે પ્રશ્નાર્થભરી નજરે જોયું. કોકિલા એની વહારે ધાતી હોય એમ ઊભી થઈ અને પંખો ફૂલ સ્પીડ પર કરી નાખ્યો અને બેસી ગઈ. પણ બારી એણે ન જ ખોલી. કંઈક મૂંઝવણથી અલકા એના ચહેરા સામે તાકી રહી. આ જોઈને નિહારિકાએ મોં ખોલ્યું,

"ફોઈ, બારી નહીં ખોલોને, મને નથી ગમતું."

"નથી ગમતું. પણ કેમ ?"

અલકાએ આશ્ચર્યથી પૂછ્યું.

"આ સામેની બિલ્ડિંગવાળા છે ને, તે આખો દિવસ અમારા ઘરમાં તાકતા હોય છે."

નિહારિકાની વાતથી અલકાને નવાઈ લાગી. એને બરાબર ખ્યાલ હતો કે હૉલની બારીની બહાર રોડ હતો. ખાસ્સા પચાસેક ફીટ પહોળા રસ્તાની બીજી તરફ બિલ્ડિંગો આવેલી હતી. એ બિલ્ડિંગમાંના ઘરમાંથી અહીં કોઈને ખાસ કશું દેખાય એ શક્ય જ નહોતું.

નિહારિકાની બારી ખોલવાની મનાઈને અવગણીને અલકાએ ઊભા થઈને ધરાર અડધી બારી ખોલી જ નાખી. પછી હવા ખાવાને બહાને એ થોડી વાર ત્યાં જ ઊભી રહી અને એણે આજુબાજુની બિલ્ડિંગોનું નિરીક્ષણ કર્યું. સામેની બિલ્ડિંગની કેટલીક બાલ્કનીઓ રમણના મકાનની સામે પડતી હતી. કોઈ બાલ્કનીમાં ઊભું રહે તો જ એને રમણના હૉલનો ભાગ દેખાય, એ પણ જરા-તરા જ. હૉલની અંદર બેઠેલી કે સૂતેલી વ્યક્તિ પર તો નજર ન જ પડે. કંઈ સમજાતું ન હોય એમ ખભા ઊંચકી, સહેજ હોઠ મરડી, એ પાછી સોફામાં ગોઠવાઈ. વાતનો દોર સાંધતા એણે પાછું નિહારિકાને પૂછ્યું,

"હવે બોલ બેટા, ક્યારથી જવાની છે તું નોકરી પર ?"

"એ કેવી રીતે નોકરી પર જાય ?"

નિહારિકા કંઈ બોલે એ પહેલાં જ કોકિલાએ જરા ભાર દઈને કહ્યું.

"કેમ ન જાય ? વાંધો શો છે ? બી.કોમ. પાસ છે. એની પાસે છ મહિનાનો વર્ક-એક્સપિરિયન્સ પણ છે."

"એ બિચારી બાથરૂમ સુધી માંડ પહોંચે છે. જોબ પર કઈ રીતે જાય ?"

કોકિલા પાસે અલકાના બધા જ સવાલોના જવાબ હાજર હતા.

"હેં ! તે એને શું થયું છે ?" અલકાએ ચોંકીને પૂછ્યું. "મને કોઈએ કંઈ જ વાત નથી કરી."

"એ તો છેને..." સહેજ થૂંક ગળે ઉતારવા જેવું કરી રમણ બોલ્યો, "એનામાં તાકાત જ નથી. એ ચાલી જ નથી શકતી. ફક્ત બાથરૂમ જાય એટલું જ. બાકી આખો દિવસ પથારીમાં જ હોય છે. હવે આ બધું કહી તને લંડનમાં ખોટી ચિંતા કરાવવી."

રમણના આટલું બોલવા પર પણ ગુસ્સો આવ્યો હોય એમ નિહારિકા કતરાતી નજરે એને તાકી રહી. એના ચહેરા પરનો અણગમો સ્પષ્ટ કહેતો હતો કે બાપ-દીકરી વચ્ચે હજી સમાધાન થયું નહોતું. અલકાએ મનોમન આની નોંધ લીધી અને પૂછ્યું,

"ડૉક્ટર શું કહે છે ?"

"એમાં ડૉક્ટર શું કહેવાના હતા. નજરાઈ ગઈ છે મારી છોકરી."

રમણને બોલવાનો મોકો ન આપતા કોકિલાએ મોં ચડાવીને રુક્ષ સ્વરે કહી દીધું. અલકાને કંઈ સમજાયું નહીં. એણે પ્રશ્નાર્થ નજરે રમણ સામે જોયું.

"હું તને પછી કહીશ."

એવો ઈશારો કરતાં રમણે અલકાને આગળ કંઈ પણ બોલતા અટકાવી દીધી. કંઈક મૂંઝવણ અને કંઈક ગુસ્સા સાથે અલકાએ મોં સીવી લીધું. ત્રીસેક સેંકડના ભારઝલ્લા શાંત વાતાવરણ પછી નેહુલે ચૂપકીદી તોડતા પૂછ્યું,

"ફોઈ, લંડન કેવું લાગ્યું એ તો કહો. કેમ છે પરિની અને જીજાજી ? હવે તો બેબી પણ મોટી થઈ ગઈ હશે ને ! જિયા નામ પાડ્યું છે ને એનું ?"

પરિની અને જિયાનું નામ પડતાં જ અલકાનો ચહેરો ખીલી ઊઠ્યો. પછી પૂરા એક કલાક સુધી અલકા લંડનની અને જિયાની વાતોમાં મશગૂલ રહી.

જમીને અલકાએ વિદાય લીધી, ત્યાં સુધી કોઈએ ફરી નેહુલ કે નિહારિકાની વાત ન ઉખેળી. ભલે કોઈ કંઈ ન બોલે પણ અલકાએ નક્કી કરી લીધું હતું કે એ આ રીતે ભાઈના પ્રશ્નો અધ્ધર લટકતાં નહીં મૂકે. ભાઈના પ્રૉબ્લેમ્સનું કંઈક સોલ્યુશન લાવવું જરૂરી હતું. એની બાને એણે વચન આપ્યું હતું.



પ્રકરણ 14

અલકાની એ રાત અજંપાભરી વીતી. વારંવાર એને રમણના ઘરે થયેલી વાતો યાદ આવી રહી હતી. ખાસ્સા મનોમંથનને અંતે એણે નક્કી કર્યું કે પહેલા એ નેહુલ માટે સારી નોકરી શોધવાની કોશિશ કરશે. પછી નિહારિકાની સારવાર કરાવશે. જેમાં વધારે સમય લાગવાનો હતો.

બીજે દિવસે સવારે નાસ્તાના ટેબલ પર જ અલકાએ સનતને પકડ્યો.

“આપણી ઑફિસમાં એવું કોઈ કામ નથી કે જે નેહુલ કરી શકે ?”

અલકાના આ ઓચિંતા પ્રશ્નથી સનત ચોંક્યો. એને યાદ આવ્યું કે ગઈકાલે અલકા રમણના ઘરે ગઈ હતી. એના મગજમાં બત્તી થઈ કે ત્યાં થયેલી કોઈક વાતચીતના અનુસંધાન રૂપે જ આ પ્રશ્ન પૂછાયો હતો. સ્વગત બબડતો હોય એમ ધીમે સાદે સનતે જવાબ આપ્યો,

“જેને કામ કરવું હોય, એને ગમે ત્યાં કામ મળે.”

“એટલે ?”

કંઈક સમજાયું અને કંઈક ન સમજાયું હોય એવા ભાવ સાથે અલકાએ પૂછ્યું.

“એટલે એમ કે માત્ર બી-કોમ. ભણેલા ક્લેરિકલ જોબથી શરૂઆત કરી શકે. પછી જો પોતાનામાં પાણી હોય તો આગળ વધતા એને કોણ રોકે છે.”

“શું આપણે ત્યાં એને રાખી શકાય ?”

આ વખતે અલકાએ સનતને સીધો સવાલ કર્યો.

“રાખી તો શકાય. પણ એ આવશે ?”

સહેજ વિચારીને સનત બોલ્યો.

“ન કેમ આવે ? ઘરે નવરો બેઠો છે તે આપણે ત્યાં થોડું શીખશે.”

“ભલે, તો કહી દેજે એને કે આવતીકાલથી આવી જાય.”

“થેંક યુ.” રાજી થતા અલકા બોલી, “આજે જ ભાઈને ફોન કરીને કહી દઉં છું.”

નાસ્તો પતાવીને તરત અલકાએ રમણને ફોન કરીને બીજા દિવસથી નેહુલને સનતની ઑફિસે મોકલવા જણાવી દીધું. થોડી આનાકાની પછી રમણ માની ગયો.

ooo

ત્રીજા દિવસથી નેહુલ સનતની ઑફિસમાં જોડાઈ ગયો. સનતે એની ઑફિસના મૅનેજરને નેહુલને કામ શીખવાડવાની જવાબદારી સોંપી.

પહેલો દિવસ સારો વીત્યો. બીજે દિવસે લંચ પછી સનતે એના મૅનેજરને બોલાવ્યો.

“કૈલાસભાઈ, શું કામ આપ્યું છે નેહુલને ?”

“ગઈકાલે એને થોડા વાઉચર્સ ટેલિ કરવા આપેલા.”

“અને આજે ?”

“આજે સવારે કમ્પ્યૂટર પર બિલ કેવી રીતે બનાવવું એ શીખવ્યું. પણ

હમણાં તો એ ડેસ્ક પર માથું રાખીને સૂઈ ગયો છે.”

“કેમ ?”

“કહે છે કે માથું બહુ દુઃખે છે.”

“ઠીક છે. તમે જાવ અને જુઓ પ્યૂનને કહો કે નેહુલને એક એનાસિન આપી દે.”

“મેં કહ્યું, પણ એ ના પાડે છે. એ કહે છે કે એને એનાસિન ફાવતી નથી.”

“તો પછી બીજી જે ગોળી ફાવતી હોય એ મંગાવી લો.”

“મેં એ પણ કહ્યું, તો એણે ના પાડી. કહે છે કે થોડી વાર ઊંઘી જશે તો ઠીક થઈ જશે.”

“ઓહ !” કહીને નિરાશાથી માથું ધુણવતા સનતે કૈલાસને જવાનો ઈશારો કર્યો.

એ પછીના દિવસે નેહુલે લંચ સુધી બરાબર કામ કર્યું. પછી એને પેટનો સખત દુઃખાવો ઊપડ્યો. સનતે તરત પ્યૂનની સાથે એને નજીકના દવાખાને મોકલી આપ્યો. કલાક પછી પ્યૂન સનતની કેબિનમાં એની સામે ઊભો હતો.

“નેહુલને હવે કેમ છે ?”

“સર, નેહુલભાઈ તો ઘરે ગયા.”

“ઘરે ગયા ?”

“હા, ડૉક્ટરે ગૅસની દવા આપી. પછી એ ત્યાંથી જ ઘરે જવા નીકળી ગયા. મને કહેતા’તા કે જરાય બેસાતું જ નથી.”

સનતના હૈયેથી એક નિઃશ્વાસ સરી પડ્યો.

“કંઈ થવાનું નથી આ છોકરાનું.” એમ મનોમન બબડીને એણે પ્યૂનને જવા કહ્યું.

રાત્રે ડિનર ટેબલ પર અલકાએ સનતને પૂછ્યું,

“કેવો રહ્યો નેહુલનો આજનો દિવસ ? એ બરાબર કામ તો કરે છે ને ?”

“શું બરાબર કામ કરે છે ?” ઉશ્કેરાટ ભર્યા અવાજે સનતે વડચકું ભર્યું, “આ કંઈ આચાર છે કામ કરવાના !”

“કેમ શું થયું ?”

“કાલે ભાઈસા’બને માથું દુઃખતું હતું. એટલે અડધો વખત સૂતો રહ્યો. આજે પેટમાં દુઃખતું હતું તે લંચ પછી ઘરે ભાગી ગયો.”

“મને નથી લાગતું કે એ માંદો હોય. આ તો બધા એના કામ ન કરવાના બહાના લાગે છે.”

“ના, ના. એવું ન હોય. કાલે આવશે. આજે થોડો આરામ કરી લેશે તો બરાબર થઈ જશે.”

“એવું થાય તો સારું.”

કહેતાં સનતે જમવામાં ધ્યાન પરોવ્યું. અને અલકા વિચાર કરતી બેઠી રહી.

બીજે દિવસે રાત્રે ફરી ડિનર ટેબલ પર અલકાએ સનતને પૂછ્યું,

“આજે નેહુલ આવ્યો હતો ?”

“ના.”

સનતના રુક્ષ એકાક્ષરી ઉત્તરે અલકા સમજી ગઈ કે હમણાં સનતને છંછેડવા જેવો નહોતો. ચૂપચાપ બંને જમવા લાગ્યા. બીજે દિવસે સવારે એણે રમણની ઑફિસે ફોન કર્યો.

"હવે નેહુલને કેમ છે ?"

"આમ તો સારું છે."

"આજે કામ પર ગયો છે ?"

"ના."

"કેમ ?"

"એ પૂછતા હતો કે પગાર કેટલો મળશે ?"

રમણના આ પ્રશ્નનથી અલકાને આંચકો લાગ્યો. હજી બે દિવસ કામ નથી કર્યું ને તરત પગારનો પ્રશ્ન ! આ તો ઘરની વાત હતી. નેહુલને આ નોકરી એની લાયકાત પર નહોતી મળી. એ તો સનતની ભલમનસાઈ હતી કે આવા સાવ બિનઅનુભવી યુવકને એણે ઑફિસમાં જગ્યા આપી હતી. જો કે અલકા બરાબર જાણતી હતી કે રમણને આ બધું સમજાય એમ નહોતું. એવું હોત તો એણે આવો પ્રશ્ન પૂછ્યો જ ન હોત. ઊલટું નેહુલને ધમકાવીને પાછો કામ પર મોકલ્યો હોત. ભાઈની માનસિકતા પર અફસોસ કરતાં અલકા એટલું જ બોલી,

"હું પૂછી જોઈશ." અને એણે ફોન મૂકી દીધો.

અલકાએ રાત્રે સનતને આ વાત કરી. સનતનો પ્રતિભાવ પણ કંઈક એવો જ આવ્યો જેવો અલકાએ વિચાર્યો હતો.

"અરે ! હજી પૂરા બે દિવસ કામ નથી કર્યું નેં પગાર ! પહેલાં ખબર તો પડે કે એને શું આવડે છે. એટલે જ તારો ભાઈ જિંદગીમાં ઊંચો નથી આવ્યો. નાની-નાની બાબતમાં રૂપિયાના હિસાબ માંડે છે. આપણો આકાશ જો. મારા દોસ્ત રવિની ઑફિસમાં બે મહિના ગયો હતો. એણે ત્યાં બરાબર ઢસરડો કરેલો અને છતાંય એકેય વાર પૈસાનું નહોતું પૂછ્યું. રવિએ સામેથી પાંચ હજાર આપ્યા, તોય માંડ-માંડ લીધા. એ તો એમ જ કહેતો રહેલો કે મારે અનુભવ જોઈએ છે. પૈસા તો આવતા રહેશે."

"હશે. મારા ભાઈએ આખી જિંદગી નોકરી જ કરી છે. બાંધી આવકમાં ઘર ચલાવ્યું છે. એ આપણી જેમ ન વિચારી શકે. હવે એ કહો કે આપણે નેહુલને કેટલો પગાર આપશું."

અલકાએ ભાઈનો બચાવ કરતા કહ્યું.

"આમ તો ચાર હજારથી વધારે એને કંઈ ન મળે. પણ ઠીક છે, ઘરનો છે, મદદની જરૂર છે, તો હમણાં પાંચ હજાર આપશું. પછી જેવું કામ."

"ઠીક છે. હું કાલે રમણને જણાવી દઈશ."

બીજે દિવસે અલકાએ રમણને ફોન કરીને નેહુલને આપવા નક્કી કરેલા પગારનો આંકડો કહી દીધો. રાત્રે જ રમણનો ફોન આવ્યો. એ કહેવા કે નેહુલની સનતને ત્યાં કામ કરવાની ઇચ્છા નહોતી. પગારની રકમ બહુ ઓછી હતી. કૉલ સેન્ટરમાં એને દસ હજાર મળતા હતા.

અલકાએ કોઈ જાતની ચર્ચા કર્યા વગર 'ભલે' કહીને ફોન મૂકી દીધો. એ

સમજતી હતી કે ભેંસ આગળ ભાગવત નકામું હતું. કૉલ સેન્ટરમાં પગાર ભલે ડબલ હોય, પણ નોકરીની આવરદા સાવ ટૂંકી. બહુ-બહુ તો બે-અઢી વર્ષ. એટલા વખતમાં તો લોકોના પ્રૉબ્લેમ્સ સાંભળી-સાંભળીને કોઈ પણ કંટાળી જાય. વળી નાઇટ શિફ્ટમાં કામ કરવું એ કંઈ ખાવાના ખેલ નહોતા. પાછી કામની વેલ્યૂ કંઈ નહીં. એ અનુભવના આધારે બીજે કશે સારી નોકરી ન મળે.

આમાનું કંઈ જ રમણને કે એના પરિવારને સમજાવાનું નહોતું. એમની સંકુચિત માનસિકતાને પરિણામે જ આજે તેઓ આ પરિસ્થિતિમાં હતા. બસ અલકાને એક વાતનો સંતોષ હતો કે નેહુલને સેટલ કરવા એણે એક પ્રયત્ન કર્યો હતો. બાકી જેના જેવા નસીબ !

નેહુલનું પત્યા પછી અલકાએ નિહારીકાનો પ્રશ્ન હાથ પર લીધો. અઠવાડિયા પછી એણે ફરી રમણને ફોન કર્યો.

“બોલ બેના, શું સમાચાર ?”

“સમાચાર તો કંઈ નથી. બસ રોજિંદું કામકાજ. પણ મને એ કહે કે નિહારિકાને શું થયું છે ? તે દિવસ પછી આપણી એના વિશે કંઈ વાત નથી થઈ.” અલકાએ પૂછ્યું.

“ઓહ એ ! એના પર કોઈનો ઓછાયો પડ્યો હોય એવું લાગે છે ?”

“શું ?”

“હા, ગયા શુક્રવારે જ હું અને કોકિલા બાંદરામાં એક પીરની દરગાહ પર ગયા હતા. ત્યાંના ફકીર જોરદાર છે. એ ધાગો આપે ને તો ઘણાના પ્રૉબ્લેમ સોલ્વ થઈ જાય છે. નિહારિકા માટે એમણે એક ધાગો મંત્રીને આપ્યો છે. જમણા પગે બાંધવા કીધું છે. એ કહેતા’તા કે પંદર દિવસમાં સારું થઈ જશે.”

“તમે બાંધ્યો એ ધાગો ?”

“હા, માંડ-માંડ સમજાવીને બાંધ્યો છે. જોઈએ શું થાય છે.”

દર વખત રમણ અલકાને એક આંચકો આપતો. જોકે હવે અલકા એ આંચકા પચાવતાં શીખી ગઈ હતી. એણે સહેજ કડક સ્વરે રમણને પૂછ્યું,

“તમને એવું કેમ લાગે છે કે નિહારિકા પર કોઈનો ઓછાયો પડ્યો છે ?”

“એ પથારીમાંથી ઊભી જ નથી થતી. આખી-આખી રાત સૂતી નથી. બારીઓ ખોલવા નથી દેતી. કોઈ ઘરમાં આવે એ એને ગમતું નથી. બપોરે એક કામવાળી બાઇ આવે એનોય એને ગુસ્સો આવે. બાઇને કામ કરવામાં જરા વધારે વાર લાગે, તો એનો બબડાટ શરૂ થઈ જાય. બહુ ગુસ્સો આવે, તો એલફેલ બોલવા માંડે, ભલે સામે કોઈ પણ હોય. આવી ભાષા અમે તો નથી શીખવી એને ક્યારેય !”

“તમે લોકોએ ડૉક્ટરને તો નહીં જ બતાવ્યું હોય.”

“આમાં ડૉક્ટરનું કામ નથી. કોકિલાને આ બધામાં બહુ સમજ પડે. એને જ પહેલો ખ્યાલ આવ્યો કે પગ ઝલાઈ જાય એટલે ઓછાયા સિવાય કંઈ ન હોય.”

“હે ભગવાન, તમે લોકો કયા જમાનામાં જીવો છો ? કોકિલાની ખબર નથી, પણ તું તો ભણેલો-ગણેલો છે ને ! તને સમજ નથી પડતી ?”

“મને શી સમજ નથી પડતી ?”

રમણના અવાજમાં રહેલો ધૂંધવાટ અલકાના કાન સુધી બરાબર પહોંચી રહ્યો હતો. અલકાએ આજે નક્કી જ કરી નાખ્યું હતું કે એ એના ભાઈ-ભાભીની કોઈ વાત નહીં સાંભળે. એ નિહારિકાની સારવાર કરાવીને જ રહેશે. સંયત સ્વરે એ બોલી,

“એ જ કે તારી દીકરીની શી હાલત છે. તેં એની સામે ક્યારેય ધ્યાનથી જોયું છે? કેવી થઇ ગઈ છે ! બિચારી, આખો દિવસ ઢસરડા કરીને સાવ નીચોવાઈ ગઈ છે. એનામાં ઉભા થવાની તાકાત ક્યાંથી હોય! આખો દિવસ બેસી રહે, પછી રાત્રે ઊંઘ ન જ આવે ને ! કરે છે શું એ આખો દિવસ પથારીમાં બેઠી-બેઠી ?”

“શું કરે ! થોડું વાંચે, બાકી ટીવી જુએ.”

“બસ તો બીજા પ્રૉબ્લેમનું કારણ પણ તેં જ આપી દીધું. આખો દિવસ ટીવી સીરિયલો જોઇ-જોઈને કોઈનુંય મગજ ખરાબ થઈ જાય. સાસુ-વહુના ઝઘડા, પ્રપંચ, પારિવારિક કાવાદાવા એ જ બધું બતાવતાં હોય છે એ લોકો. એમની ભાષા નિહારિકા ન બોલે તો જ નવાઈ.”

અલકાના આ નિરીક્ષણનો રમણ પાસે કોઈ જ જવાબ નહોતો. બિચારા સ્વરમાં એણે એટલું જ પૂછ્યું, “તો આપણે શું કરવું જોઈએ ?”

“કોઈ સારા ડૉક્ટરને બતાવવું જોઈએ.”

અલકાએ ભારપૂર્વક કહ્યું.

“પણ કોકિલા...”

ફોન પર રમણના દબાયેલા સ્વરમાં પૂછાયેલા અધૂરા પ્રશ્નનો જવાબ અલકા પાસે તૈયાર હતો.

“અરે ! તારી વાત એ નહીં માને ? શું એનામાં એટલો બધો પાવર આવી ગયો છે ? બા ગયા એટલે બધું બદલાઈ ગયું !”

“ના, ના, સાવ એવું નથી. હું એને સમજાવીશ.”

“એણે સમજવું જ પડશે. કાલે જ આપણે અમારા ફેમિલી ડૉક્ટરને મળીએ. એમની સલાહ લઈએ. એ બહુ અનુભવી છે અને ઘણા સારા-સારા ડૉક્ટરો સાથે એમને ઓળખાણ છે. આપણને રવાડે નહીં ચડાવે એટલી ખાતરી મને છે જ.”

“સારું અમે કેટલા વાગે આવીએ ?”

“તમે ત્રણેય સાડા-સાત વાગ્યા સુધીમાં મારે ઘરે આવી જજો. પછી આપણે બધા જોડે જ જઈશું.”

ooo

બીજે દિવસે રાત્રે આઠ વાગ્યે અલકા, રમણ, કોકિલા અને નિહારિકા એમ ચારેય જણ ડૉ. જોષીની કેબિનમાં એમની સામે ગોઠવાયા.

ગોલ્ડન ફ્રેમના ચશ્મા અને કાળા-ધોળા વાળ સાથે લગભગ સાઈઠેકના લાગતાં ડૉ. જોષીનું વ્યક્તિત્વ પ્રભાવશાળી હતું. એમણે શાંતિથી નિહારિકાનું ચેક-અપ કર્યું. એને થોડા સવાલો પૂછ્યા. અલકાએ સવારે જ ફોન પર એમને પેશન્ટ અને એના પરિવાર વિશે માહિતી આપી દીધેલી. નિહારિકાની અસ્વસ્થ માનસિક

પરિસ્થિતિ તરફ પણ ઇશારો કરી દીધેલો. ચેક-અપ પત્યું એટલે ડૉ. જોષીએ નિહારિકા અને કોકિલાને બહાર રાહ જોવા કહ્યું. એમના ગયા પછી ડૉ. જોષીએ રમણ અને અલકા સાથે વાતચીત શરૂ કરી.

"જુઓ અલકાબેન, છોકરી એનેમિક લાગે છે. વિટામિન, આયર્ન અને કેલ્શિયમનો કોર્સ તો તરત જ શરૂ કરી દઈએ. ત્રણ મહિનાની દવાઓ લખી આપું છું."

"ઓકે, ડૉક્ટર. અને એના પગ ?" અલકાએ પૂછ્યું.

"પેશન્ટને ગળામાં એક નાનકડી ગાંઠ છે. એના કારણે એની અમુક નસો દબાય છે. અને પગ જકડાઇ ગયા છે. એક નાનકડી સર્જરીની જરૂર છે. એ ગાંઠ નીકળી જશે અને બીજી બધી ટોનિકની દવાઓ લેશે, એટલે મહિનામાં એ ચાલતી-ફરતી થઇ જશે."

"ડૉક્ટર, એનો સ્વભાવ..." અચકાતાં અચકાતાં રમણે પૂછ્યું.

"મને થોડી ડિપ્રેશનની અસર લાગે છે. આ ટાઇપના દર્દીને ઘરની બહાર નીકળવાનું કે કોઈની સાથે હળવા-મળવાનું મન થતું નથી. નિરાશા એમના મગજ પર છવાયેલી રહે છે. એ માટે સાઇકિયાટ્રિસ્ટને મળવું યોગ્ય રહેશે. પણ એ પછી. પહેલાં એની સર્જરી કરાવવી પડશે. હું ડૉક્ટર બાટલીવાલા પર ચિઠ્ઠી લખી આપું છું. એમની એપોઇન્ટમેન્ટ ગોઠવી આપીશ. તમે જઈને એમને મળી આવજો. હું પછી એમની સાથે વાત કરી લઈશ."

"ઓકે, થેંક યુ ડૉક્ટર."

કહીને અલકા અને રમણ ડૉ. જોષીની કેબિનમાંથી બહાર નીકળ્યા. કોકિલા અને નિહારિકા બંનેએ ઉત્સુકતાથી રમણના ચહેરા સામે જોયું. એમની આંખોમાંનો સવાલ વાંચી લીધો હોય એમ રમણ બોલ્યો,

"ખાસ કશું નથી. આપણને ગળા પર જે સોજા જેવું લાગતું હતું ત્યાં એક નાનકડી ગાંઠ છે. એને લીધે નિહારિકાના પગ જકડાઇ ગયા છે. નાનકડું એકાદ કલાકનું ઓપરેશન કરવું પડશે. એ આપણે આવતાં અઠવાડિયે કરાવી લઈશું. પછી બધું બરાબર થઈ જશે."

એક હાશકારા સાથે સહુ ક્લિનીકમાંથી બહાર નીકળ્યા. છૂટા પડતી વખતે કોકિલા બોલી,

"જોયું, હું નહોતી કહેતી ! બાબાનો ધાગો એકદમ અસરકારક હોય છે. આપણને મૂંઝવણમાંથી રસ્તો મળી ગયો ને !"

અલકાએ કંઈક આશ્ચર્ય અને ગુસ્સા મિશ્રિત આંખોથી કોકિલા સામું જોયું. પણ એ તો બાબાના ગુણગાન ગાવામાં જ મસ્ત હતી. 'આ નહીં સુધરે' – એમ મનોમન બગડી અલકા રમણના પરિવારથી છૂટી પડી.



પ્રકરણ 15

નિહારિકાનું ઓપરેશન સુખરૂપ પતી ગયું. પ્રોસિજરના ભાગ રૂપે ડૉ. બાટલીવાલાએ ગાંઠની બાયોપ્સી કરાવી લીધી. કંઈ વાંધાજનક નહોતું. સાદી ગાંઠ જ હતી. મહિનામાં નિહારિકાને રૂઝ આવી ગઈ. એ પછી અલકાએ સાઈકિયાટિસ્ટની એપોઇનમેન્ટ લીધી. આ એપોઇનમેન્ટ પણ ડૉ. જોષીએ જ ગોઠવી આપી હતી.

નક્કી થયેલા દિવસે અલકા, રમણ, કોકિલા અને નિહારિકાએ સાઈકિયાટ્રિસ્ટ ડૉ. પ્રીતિ મોટાણીની મુલાકાત લીધી. એમનું ક્લિનિક એકદમ સુઘડ અને હવા-ઉજાસવાળું હતું. સફેદ રંગની દીવાલો સાથે વાદળી રંગના સોફા સુકુનની અનુભૂતિ કરાવતા હતા. દાખલ થતાં જમણી તરફ રિસેપ્શનિસ્ટનું ટેબલ હતં. ત્યાં બેઠેલી પ્રૌઢ મહિલાને અલકાએ નિહારિકાની વિગતો લખાવી. પેલી મહિલાએ બધાને સામે રહેલા સોફા પર બેસવાનો ઇશારો કર્યો અને એ નિહારિકાના નામની ચિઠ્ઠી અંદર આપી આવી.

ક્લિનિકના વેઇટિંગ એરિયામાં એમના સિવાય બીજા કોઈ પેશન્ટ ન જોઈને બધાએ હાશકારો અનુભવ્યો. રમણ અને કોકિલાને કોઈ ઓળખીતું મળી જવાની ધાસ્તી હતી. તો અલકાને લાંબો સમય રાહ જોવી પડે તેની ભીતિ હતી. નિહારિકાને અજાણી વ્યક્તિઓનો અણગમો હતો.

બાજુના ટેબલ પર પડેલી મેગેઝિનની થપ્પીમાંથી રમણે એક અંગ્રેજી મેગેઝિન ઉપાડ્યું. અલકાએ છાપું લીધું અને નિહારિકાના હાથમાં એક ફિલ્મી મેગેઝિન આપ્યું. કોકિલા સહુના મોં તાકતી બેસી રહી. સાતેક મિનિટમાં જ ડૉક્ટરની કેબિનમાંથી એક પ્રૌઢ દંપત્તિ બહાર આવ્યું. એમણે રિસેપ્શન પર જઈ ફી ચૂકવી. ત્યાં જ અંદરથી ડૉક્ટરનો નિહારિકાને મોકલવાની સૂચના આપતો ફોન આવ્યો. રિસેપ્શનિસ્ટે બધાંને અંદર મોકલ્યા.

દરવાજો ખોલતા જ સામે એક્ઝેક્યુટિવ ચૅર પર બેઠેલા ડૉ. પ્રીતિ મોટાણી દેખાયા. ગોરા, પાતળા અને અત્યંત દેખાવડા ડૉ. મોટાણી માંડ ચાલીસેકના લાગતા હતા. એમની શાંત મુખમુદ્રા, ચકોર આંખો અને ચહેરા પર વિલસતું મૃદુ સ્મિત સામેવાળાની ચિંતા અડધી કરી દેવા પૂરતા હતા. કેબિનમાં પ્રવેશેલા સહુને બેસવાનો ઇશારો કરતા એ બોલ્યા,

"આવો, બેસો. પેશન્ટ કોણ છે ? એમને અહીં મારી પાસેના સ્ટૂલ પર બેસાડો."

ડૉક્ટરની કેબિનમાં પ્રવેશેલા ચારેય ડૉક્ટરના પ્રભાવશાળી અવાજની અસર હેઠળ આવી ગયા હોય એમ એમની સૂચના પ્રમાણે ગોઠવાઈ ગયા.

"શું નામ છે બેન તારું ?"

ડૉ. પ્રીતિએ સ્નેહાળ સ્વરે નિહારિકાને પૂછ્યું.

"નિહારિકા."

નિહારિકાએ નીચી નજરે જ ફુસફુસાતા સ્વરે જવાબ આપ્યો. એ સ્ટૂલ પર બેઠી ત્યારથી એક પણ વાર એણે ડૉક્ટર સામે જોયું નહોતું.

"હં... તો બોલો શું થાય છે નિહારિકાને ?"

ડૉક્ટરે રમણ, કોકિલા અને અલકા તરફ જોઈ પૂછ્યું.

"આમ તો ખાસ કંઈ નથી. બસ છેલ્લા થોડા વખતથી એને નાની-નાની વાતમાં ગુસ્સો આવી જાય છે. કશે જવાનું, કોઈને મળવાનું મન નથી થતું. કોઈ જરા સરખો અવાજ કરે એ પણ એને નથી ગમતું. ઘરની બારીઓ પણ ખોલવા નથી દેતી. થોડા વખત પહેલા સુધી ચાલી નહોતી શકતી, જો કે હવે સારું છે."

રમણ બોલતો અટક્યો એટલે કોકિલા બોલવા માંડી.

"એને કંઈ નથી થયું, ડૉક્ટર. આ બધા સમજતા નથી. બધું બરાબર તો છે. પેલી ગાંઠ નીકળી ગઈ એના પછી હવે ઘરમાં હરે-ફરે છે. મને ઘરકામમાં મદદ કરાવે છે. ગુસ્સોય હવે પહેલાં જેટલો નથી આવતો. તમે જ જુઓને, ક્યારનીય શાંત બેઠી છે ! આ બધા નકામા મારી દીકરીની પાછળ પડી ગયા છે."

કોકિલાની વાત સાંભળીને ડૉ. પ્રીતિએ સૂચક નજરે અલકા અને રમણ સામે જોયું. જાણે કહેવા માંગતા હોય કે પ્રોબ્લેમ તો આમને પણ લાગે છે. એમની સારવાર કોણ કરશે ?

રમણે કંઈ ન બોલતાં નિહારિકાના પેપર્સ ડૉક્ટર તરફ લંબાવ્યા. એમાં નિહારિકાના ઓપરેશનની વિગતો, એના બ્લડ રિપોર્ટ્સ, દવાના પ્રિસ્ક્રિપ્શન્સ – એવું બધું હતું. ડૉક્ટર બધા પેપર્સ જોઈ રહ્યા એટલે રમણે કહ્યું,

"આમ, તો હવે બધું બરાબર છે. પણ એનો સ્વભાવ..."

સમજી ગયાના ભાવ સાથે ડૉ. પ્રીતિએ ડોકું હલાવ્યું અને નિહારિકાને ચેક-અપ માટેના ટેબલ પર સૂવા જણાવ્યું. ચેક-અપ પત્યા બાદ ડૉક્ટરે કહ્યું,

"તમે બધા પ્લીઝ થોડી વાર બહાર બેસશો ? મારે નિહારિકા સાથે થોડી વાતો કરવી છે."

કોકિલાએ રમણ સામે જોઈને આંખોથી જ આનાકાની કરી. એ નિહારિકાને ડૉક્ટર પાસે એકલી મૂકવા નહોતી ઈચ્છતી. રમણે યાચનાભરી નજરે અલકા સામે જોયું. ભાઈનો ઈશારો સમજેલી અલકાએ કોકિલાને બાવડેથી પકડી અને જરા ભાર દઈને કહ્યું,

"ચલો ભાભી, ડૉક્ટરને નિહારિકા સાથે વાત કરવા દઈએ."

"પણ અલકાબેન..."

હજીયે કોકિલા ઊભી થવા તૈયાર નહોતી.

"બસ, દસ જ મિનિટ... વધારે વાર નહીં લાગે." ડૉ. મોટાણીના આદેશભર્યા અવાજે કોકિલાને બહાર જવા મજબૂર કરી. ત્રણેયના ગયા પછી ડૉ. પ્રીતિએ નિહારિકાનો હાથ પોતાના હાથમાં લીધો અને વહાલભર્યા સ્વરે એને પૂછ્યું,

"શું થાય છે તને ?"

"મને... મને કંઈ નથી થતું."

ધીમે સાદે બોલતા નિહારિકા હજીયે આંખો ઢાળીને જ બેઠી હતી.

"મારી સામે જો નિહારિકા."

ડૉ. પ્રીતિના હેતાળ અવાજે નિહારિકાને ઊંચું જોવા મજબૂર કરી. ડૉક્ટરની આંખોમાં જોતાં જ નિહારિકા ભાંગી પડી. એ ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગી અને

અસ્પષ્ટ સ્વરે બોલવા લાગી,

"ડૉક્ટર મને કંઈ જ ગમતું નથી... મારું ઘર... મારા પપ્પા... મને અહિંયા રહેવું જ નથી. મને ક્યાંક એવી જગ્યાએ જતાં રહેવું છે જ્યાં કોઈ મને ડિસ્ટર્બ ન કરે. કોઈ સવાલ નહીં... કોઈ જવાબ નહીં. બસ... હું ને મારી મમ્મી. અમે બે જ જણ... બીજું કોઈ જ નહીં."

"તો તો તારે ચાંદ પર રહેવા જવું પડે. ત્યાં કોઈ નથી રહેતું."

ડૉક્ટર પ્રીતિ મુસ્કુરાઈને બોલ્યા. એમના આ વાક્યે નિહારિકા સહેજ ચોંકી, એમની સામે જોયું અને પછી હસી પડી.

"કેટલું સરસ સ્માઇલ છે તારું ! આમ હસતાં રહેવાનું, બધાને ગમશે. તનેય મજા આવશે."

"હું શું કરું ડૉક્ટર ? મને ઘરમાં બહું કંટાળો આવે છે. બિલ્ડિંગમાં પણ મારી કોઈ ફ્રેન્ડ નથી. એક હતી એ તો પરણી ગઈ. એય છેલ્લે-છેલ્લે તો મારી સાથે નહોતી બોલતી. કેયૂર પણ પરણી ગયો."

"કેયૂર કોણ ?"

કહેતી નિહારિકા કોઈ ગંભીર ભૂલ કરી બેઠી હોય એમ ગભરાઈ ગઈ. સમય વરતીને ડૉક્ટર મોટાણીએ તરત વાત બદલી નાખી.

"અચ્છા, વાંધો નહીં. હવે જો તારા પપ્પા કહેતા હતા કે તને બહુ ગુસ્સો આવી જાય છે."

"ગુસ્સો તો આવે જ ને. એ કરે છે જ એવું."

"શું કરે છે એ ?"

"બસ આખો દિવસ નોકરી અને રાત્રે બડબડ. કોઈ દિવસ પિક્ચર નહીં, હોટલ નહીં, કશે જવાનું નહીં. રવિવારે પણ ઘરે ટીવી પર પિક્ચર જોવાનું ને નીચે સેંડવીચવાળા પાસે સેંડવીચ મંગાવીને ખાઈ લેવાની. બહુ-બહુ તો ઢોંસો. બહારગામ પણ વરસમાં એક જ વાર લઈ જાય. એય કોઈ જાત્રાના સ્થળે, ધરમશાળામાં. બસ આખો વખત કરકસર."

"હોય એ તો. જૂના જમાનાના છે ને. એમણે મહેનતથી પૈસા કમાવ્યા હોય એટલે ઉડાવે તો નહીં જ ને. આ તારા ઓપરેશન પાછળ પણ ખર્ચો તો થયો જ હશે ને ? કર્યો ને એમણે. હજી એમને ઘણા ખર્ચા બાકી છે. તારા લગ્ન, તારા ભાઈનું ભણતર, પછી એના લગ્ન."

"મારી સાથે કોણ લગ્ન કરશે ? એમને રસ જ ક્યાં છે મારા લગન કરાવવામાં ! એ લોકો તો કામિની માટે જ બધા છોકરા જુએ છે. મારા ભાઈનું ભણવાનું ય પતી ગયું છે. અને મારા લગ્ન નહીં થાય ત્યાં સુધી એના પણ કેવી રીતે થશે ? કંઈ નથી થવાનું મારી લાઇફનું. આમ જ એક દિવસ ઘરમાં પડેલી મળીશ હું બધાને."

"એવું નહીં બોલવાનું. જો, આપણા મગજમાં ક્યારેક એવા કેમિકલ્સ પેદા થાય કે આપણને નિરાશાજનક વિચારો આવે. તું ડૉક્ટર પાસે ગઈ, તો તારા પગ સારા થઈ ગયાને ! હવે હું તને દવાઓ આપીશ, એનાથી તારું મન શાંત રહેશે. સારી ઊંઘ આવશે અને ધીરે-ધીરે તને બધું જ ગમવા માંડશે."

ડૉક્ટરે નિહારિકાને સમજાવતાં કહ્યું.

"એવું થાય ડૉક્ટર ?"

બાલસહજ નિર્દોષતાથી નિહારિકાએ પૂછ્યું.

"અફકોર્સ થાય. એટલા માટે તો અમે બેઠા છીએ. જોજેને, આવતા વરસે તું તારી કંકોત્રી લઈને મને મળવા આવીશ."

ડૉ. પ્રીતિની વાતોથી નિહારિકાનું મન થોડું હળવું થયું. એના ચહેરા પરની પીડાના સ્થાને હળવાશ આવી ગઈ. ડૉ. પ્રીતિએ ઇન્ટરકોમ પર નિહારિકાના પરિવારજનોને અંદર મોકલવા સૂચના આપી.

ફરી પાછા અંદર આવેલા ત્રણેયમાં ફક્ત અલકા સહજ દેખાતી હતી. રમણ અને કોકિલાના મોં પર ઉચાટ તરવરતો હતો. જો કે નિહારિકાને હળવાશથી બેઠેલી જોઈને એ લોકોનો ઉચાટ અદ્રશ્ય થઈ ગયો. ડૉ. મોટાણીએ રમણ અને કોકિલા સામે જોઈ વાતની શરૂઆત કરી.

"જુઓ, તમે સમયસર અહીં આવ્યા છો. બિલકુલ ડરવાની જરૂર નથી. નિહારિકાને કંઈ નથી થયું. બસ, થોડું કેમિકલ ઇમબેલેન્સ છે. હું દવાઓ લખી આપું છું. નિયમિતપણે આ દવાઓ લેવી પડશે. લઈશને નિહારિકા ?"

ડૉક્ટરે પૂછેલા પ્રશ્નના જવાબમાં નિહારિકાએ માત્ર હસીને ડોકું ધુણાવ્યું. ડૉક્ટરે કાગળ પર દવાઓ લખી અને બેલ મારી. અંદર આવેલી રિસેપ્શનિસ્ટને દવા લખેલો કાગળ આપતાં એમણે કહ્યું,

"આ ટાઈપ કરીને લાવો અને નિહારિકાને આપણા એક્વેરિયમમાં નવી આવેલી ઇમ્પોર્ટેડ ફિશ બતાવો. એને ગમશે. જા નિહારિકા."

નિહારિકાએ પરવાનગી માગતી નજરોથી રમણ અને કોકિલા સામે જોયું. ડૉ. પ્રીતિએ એને શબ્દોથી ધક્કો માર્યો,

"જા, તું જઈને જો. મમ્મી-પપ્પા પાંચ મિનિટમાં આવે છે. એમને તારી દવાઓ સમજાવી દઉં."

"હા, હા, બેટા, જા. અમે આવીએ છીએ."

અલકાના કહેવા પર નિહારિકા બહાર ગઈ. દરવાજો બંધ થયો એટલે ડૉ. પ્રીતિએ ગંભીર સ્વરે બોલવાની શરૂઆત કરી,

"જુઓ, આ ડિપ્રેશનનો ક્લિયર કેસ છે. ગભરાવા જેવું કંઈ નથી. પણ આ બીમારીને ક્યોર થવામાં થોડી વાર લાગે. તમારે સહુએ ધીરજ ધરવી પડશે."

કહીને ડૉક્ટર અટક્યા અને વારાફરતી ત્રણેયના મોં સામે જોયું. બધાએ વાત સમજાતી હોય એમ હકારસૂચક આંખો પટપટાવી અને ડોકુ હલાવ્યું. ડૉ. મોટાણીએ સારવારની વાત આગળ વધારી.

"ડિપ્રેશન એક માનસિક બીમારી છે અને જો સમયસર ટ્રીટ કરવામાં ન આવે તો ગંભીર સ્વરૂપ લઈ શકે છે."

ડૉક્ટરની વાત સાંભળીને ચમકેલા રમણે, અધવચ્ચે જ પૂછ્યું,

"એટલે નિહારિકાને... "

રમણને હાથના ઈશારાથી આગળ બોલતો અટકાવતા ડૉ. પ્રીતિ બોલ્યા,

"નિહારિકામાં ડિપ્રેશના સેકન્ડ સ્ટેજની શરૂઆત છે. આમાં ફક્ત દવાઓથી

કામ નહીં ચાલે. ઘરનું વાતાવરણ પણ બદલવું પડશે."

"ડૉક્ટર હું તો આખો દિવસ નોકરી પર હોઉં છું."

રમણે તરત પોતાના બચાવ કર્યો.

"બરાબર છે. એટલે જ આ જવાબદારી નિહારિકાની મમ્મી પર વધારે આવશે. શું તમે તૈયાર છો?"

ડૉક્ટરે કોકિલાની આંખોમાં તાકી પૂછ્યું. કોકિલા કંઈક બોલવા જતી હતી, ત્યાં અલકાએ ખુરશીના હાથા પર ટેકવેલા એના હાથ પર પોતાની હથેળી દાબી ચૂપ રહેવાનો સંકેત કર્યો. કમને કોકિલા ફક્ત 'હા' એટલું બોલી.

"સૌથી પહેલું, આપણા બધાને એનર્જી સૂર્યપ્રકાશમાંથી મળે છે. તમે લોકોએ અનુભવ્યું હશે કે વાદળિયા વાતાવરણમાં થોડી આળસ જેવું લાગે જ. ડિપ્રેશનના દર્દી માટે સૂર્યપ્રકાશ ખૂબ જ જરૂરી છે. નિહારિકા અંધારામાં ન બેસી રહે એ જોવાની તમારી પહેલી જવાબદારી. ઘરની બારીઓ ભલે થોડી પણ ખુલ્લી તો હોવી જ જોઈએ."

"હં."

"તમે પહેલાં કહ્યું એમ નિહારિકા તમને ઘરકામમાં મદદ કરે છે. આખો દિવસ સાવ બેસી નથી રહેતી."

"હા."

"તો પછી ધીરે-ધીરે એણે થોડું ઘરની બહાર પણ નીકળવું જોઈએ. શરૂઆત કદાચ બિલ્ડિંગના કમ્પાઉન્ડમાં સાંજે એકાદ-બે રાઉન્ડ લગાડવાથી કરી શકાય. એ પણ સૂર્યાસ્ત પહેલાં જ. તમારા ઘરની આજુબાજુમાં કોઈ મંદિર છે ?"

"હા, અંબામાતાનું મંદિર છે."

રમણે તરત કહ્યું.

"સરસ. તો અઠવાડિયા પછી દરરોજ સવારે એને મંદિર દર્શન કરાવવા લઈ જાઓ. આનાથી એને લોકોની વચ્ચે ભળવાની પ્રૅક્ટિસ થશે. પણ સાંજે નહીં હોં. ત્યારે બહુ ભીડ હશે તો બીજી વાર ત્યાં જવા એ આનાકાની કરશે. બીજું શું ગમે છે એને ?"

"પહેલાં અમે બંને દરરોજ સાંજે બજારમાં શાક લેવા જતાં. એમાં એને મજા પડતી."

"ઓકે. તો ત્રીજા અઠવાડિયાથી તમે બંને દરરોજ સાંજે શાક લેવા જવાનું રાખજો. જોજો, એને એકલીને નહીં મોકલી દેતાં. તમે સાથે જજો. અને કોઈ ઓળખીતું મળી જાય, તો બહુ લાંબી વાતો કરતા ઊભા ન રહેતા."

"હા, હા." કોકિલા બોલી.

"બાકી તો ઘરમાં હોવ ત્યારે એની સાથે સારી પોઝિટિવ વાતો કરજો. એના બાળપણના મધુર કિસ્સા એને સંભળાવજો. ક્યારેક બધા સાથે બેસી જૂના આલ્બમ જોવાનો કાર્યક્રમ ગોઠવશો, તો તમને બધાને મોજ પડશે. આ બધું તમે ટ્રાય કરો. સાથે દવાઓ તો છે જ. મહિના પછી આપણે મળીએ. મને લાગે છે કે ત્યાં સુધીમાં નિહારિકામાં ઘણો ફેરફાર આવી ચૂક્યો હશે. બીજું કંઈ પૂછવું છે તમારે ?"

ડૉક્ટરના આ પ્રશ્ને રમણે કોકિલા અને અલકા સામે જોયું. બંને કંઈ ન બોલ્યા એટલે રમણ ઊભો થયો "થેંક યુ ડૉક્ટર. હું મહિના પછીની એપોઇનમેન્ટ લઈ લઉં છું."

“ઓકે.”

કહીને ડૉક્ટરે પછીના પેશન્ટને અંદર મોકલવાની સૂચના આપવા ઇન્ટરકોમનું બટન દબાવ્યું.

બહાર આવેલા રમણ, કોકિલા અને અલકાએ જોયું કે નિહારિકા એક્વેરિયમની સામે ઊભી ધ્યાનપૂર્વક રંગબેરંગી માછલીઓ નિહાળી રહી હતી. ડૉક્ટરની ફી ચૂકવી, રિસેપ્શનિસ્ટ પાસે દવાઓ સમજી, આવતા મહિનાની એપોઇનમેન્ટ લઈ ચારેય જણ ઘરે જવા નીકળ્યા.

ડૉ. મોટાણીના માર્ગદર્શન હેઠળ નિહારિકાની સારવાર શરૂ થઈ. અલકા દર અઠવાડિયે રમણને ફોન કરીને નિહારિકાની તબિયતના ખબર પૂછી લેતી. રમણની વાતો પરથી જણાતું હતું કે નિહારિકાની તબિયત સુધારા પર હતી.

બીજે મહિને ડૉક્ટરની મુલાકાત વખતે નિહારિકાને મળેલી અલકાએ એનામાં બદલાવ આવેલો અનુભવ્યો. પહેલાની ઉદાસ નિહારિકા હવે હળવી લાગતી હતી. એ મુલાકાતમાં ડૉક્ટરે દવાનો ડોઝ થોડો ઓછો કરી નાખ્યો. સાથે નિહારિકાને દરરોજ સવારે અડધો કલાક ચાલવા જવાની કસરત સૂચવી. ફરી એક મહિના પછી ડૉક્ટરને મળવાનું હતું.

ડૉક્ટર સાથેની ત્રીજી મુલાકાત વખેત અલકા હાજર ન રહી શકી. બીજે દિવસે રમણે નિહારિકાના સમાચાર આપવા અલકાને ફોન કર્યો. એના ઉત્સાહથી છલકાતા અવાજ પરથી જ અલકા પામી ગઈ કે નિહારિકાના વર્તનમાં સુધારો આવ્યો હતો.

“બોલ, શું કહ્યું ડૉક્ટરે ?”

અલકાએ પૂછ્યું.

“હવે તો નિહારિકા ઘણી સાજી થઇ ગઇ છે. પહેલાનો એનો ગુસ્સો ઓછો થઈ ગયો છે. એણે મારી જોડેના અબોલા પણ તોડી નાખ્યા છે.”

“સરસ.”

“દરરોજ સવારે મારી ચા એ જ બનાવે છે. નેહુલને પણ ક્યારેક આગળ ભણવા સમજાવતી હોય છે.”

“વેરી ગુડ.”

“થેંક યુ અલકા. જો તું એને ડૉક્ટર પાસે ન લઈ ગઈ હોત, તો રામ જાણે મારી દીકરીનું શું થયું હોત !”

આટલું બોલતાં-બોલતાં રમણ ગળગળો થઈ ગયો.

“શું તું પણ ભાઇ ! સગી ફોઇ છું એની, એટલુ તો કરું ને !”

આટલું કહેતાં-કહેતાં અલકાને ગળે પણ ડૂમો ભરાઇ આવ્યો. એને એની બા યાદ આવી ગઈ. એના હૈયામાં ભાઈ માટે કંઈક કરી શક્યાનો સંતોષ ફરી વળ્યો હતો. સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતાં એણે તરત પૂછ્યું,

“હવે ડૉક્ટર પાસે ક્યારે જવાનું છે ?”

"બે મહિના પછી. હવે માત્ર એક ગોળી સવારે અને એક ગોળી રાત્રે લેવાની છે. ડૉક્ટર કહેતા'તા કે ધીમે-ધીમે એ પણ બંધ કરી દેશે."

"સરસ. મને ક્યારનું નિહારિકાને મળવાનું મન હતું, પણ નીકળાતું જ નહોતું. ચાલ આ શનિવારે હું તારા ઘરે આવીશ."

"ચોક્કસ. જમવાનું ગોઠવીને જ આવજે."

"હાસ્તો વળી. નિહારિકાને કહેજે કે મારી માટે કોઈ નવી ડિશ બનાવે."



પ્રકરણ 16

શનિવારે સાંજે અલકા નિહારિકાને મળવા એને ઘરે પહોંચી, ત્યારે રમણ ઑફિસથી ઘરે આવી ગયો હતો. રમણના ઘરમાં પગ મૂકતાં જ અલકાએ બદલાવ આવેલો અનુભવ્યો.

ઘરમાં બધું વ્યવસ્થિત ગોઠવાયેલું હતું. સેટી પર નવી ચાદર પાથરેલી હતી. સોફા પર નવા કુશન્સ ગોઠવેલા હતા. હૉલની બધી બારીઓ ખુલ્લી હતી. રસોડામાંથી ટેપરેકોર્ડરનો અવાજ આવી રહ્યો હતો.

“કેમ છો ફોઈ ?”

પાણીના ગ્લાસની ટ્રે સાથે હૉલમાં પ્રવેશેલી નિહારિકાએ પહોળા સ્મિત સાથે અલકાના ખબર- અંતર પૂછ્યા.

“એકદમ મજામાં. તું કેમ છે બેટા ?”

નિહારિકાને ખુશ જોઈને હરખાયેલી અલકાએ આનંદથી એને પૂછ્યું.

“હું પણ એકદમ ફાઇન. પરિની અને આકાશ કેમ છે ?”

“બધા પોતપોતાનામાં બિઝી. લંડનની લાઇફ તો તને ખબર જ છે. હું મારા સોશિયલમાં બિઝી. કેટલાં લગ્ન હતાં આ વખતે ! થાકી ગઈ બાબા હું તો.”

“ફોઈ, આજે મેં પિત્ઝા કર્યા છે. ભાવશે ને ?”

“હાસ્તો, પિત્ઝા તો મને બહુ ભાવે. પરિનીએ પહેલીવાર લંડનમાં ખવડાવેલા. પછી તો મને એનો ચસ્કો લાગી ગયેલો.”

રાજી થતી-થતી નિહારિકા રસોડામાં ગઈ. રમણ અને અલકા વાતોએ વળગ્યા. જમતી વખતે અલકાએ સૂચન કર્યું,

“નિહારિકા, ચાલ થોડા દિવસ મારા ઘરે રોકાવા. લગ્નગાળો પતી ગયો છે. અને આમેય હું એકલી જ હોઉં છું. તને પણ થોડો ચેન્જ લાગશે.”

“હા, હા, જઈ આવ અઠવાડિયું ફોઈના ઘરે. ફોઈનેય પરિની વગર એકલું લાગતું હશે.”

રમણે અલકાના સૂરમાં સૂર પૂરાવ્યો.

કોકિલાનું મોં સહેજ બગડ્યું. એણે દલીલ કરી, “પછી મને મદદ...”

“શું ભાભી તમેય ! કાલે નિહારિકા સાસરે જશે, પછી તમારી મદદ કોણ કરશે? તમતમારે હવે એને વળાવવાની તૈયારી કરવા માંડો.”

અલકાની આ વાત પર તો રમણ રાજીનો રેડ થઈ ગયો. એણે તરત નિહારિકાને કહી દીધું,

“નિહારિકા, તું તારે કપડાં પેક કરી લે. અહીંનું અમે જોઈ લઈશું. પછી કોણ જાણે ક્યારે ફોઈના ઘરે રહેવા જવાનો મોકો મળે.”

એ રાત્રે અલકા સાથે ઘરમાં પ્રવેશતી નિહારિકાને જોઈને હૉલમાં ટીવી જોતા બેઠેલા સનતને થોડું આશ્ચર્ય અને થોડી મૂંઝવણ થઈ. જોકે ત્યારે એણે બીજું કંઈ ન કહેતા 'આવ નિહારિકા' કહીને એને આવકારી અને ફરી ટીવી જોવામાં ધ્યાન પરોવ્યું.

અલકાએ નિહારિકાની રહેવાની ગોઠવણ પરિનીના રૂમમાં કરી. રૂમ-બાથરૂમ

વિશે બધું સમજાવી, દરવાજો બંધ કરી અલકા પોતાના બેડરૂમમાં ગઈ. જતાં-જતાં એણે નિહારિકાને તાકીદ કરી,

"બેટા, દરવાજો લોક ન કરતી હોં !"

ટી.વી. પ્રોગ્રામ પૂરો થયા બાદ સનત બેડરૂમમાં ગયો. પથારી પર આડી પડેલી અલકાને એણે તરત પૂછ્યું,

"આ બધું શું છે ?"

"આ બધું એટલે ?"

"આ નિહારિકા ... આપણે ઘેર."

"લે, કેમ ? એના ફોઈનું ઘર છે. ન આવે ?"

"ના, ના, એમ નહીં." સહેજ ઓછપાઈને સનત બોલ્યો, "આ તો એની તબિયત બરાબર નથી રહેતી એટલે મને થયું..."

"હવે એને ઘણું સારું છે. ડૉ. મોટાણીની ટ્રીટમેન્ટ કામ આવી ગઈ છે. એ બહું ઝડપથી નોર્મલ થઈ રહી છે."

"ઠીક છે."

કહેતા સનતે પથારીમાં લંબાવ્યું.

ooo

સવારે આઠ વાગ્યે રોજિંદા નિત્યક્રમથી પરવારીને અલકાએ ધીમેથી પરિનીના રૂમનો દરવાજો ખોલ્યો. અંદર નિહારિકાને શાંતિથી સૂતેલી જોઈને એને ધરપત થઈ. સાડા-આઠે રાધાબાઈ આવી એટલે એને જરૂર સૂચનાઓ આપીને પાછી અલકા પરિનીના રૂમમાં ડોકિયું કરવા ગઈ. પથારી ખાલી હતી. બાથરૂમમાંથી પાણીનો અવાજ આવી રહ્યો હતો. અલકા છાપું લઈને ડાઇનિંગ ટેબલ પર ગોઠવાઈ. નવ વાગ્યે સનત અને નિહારિકા બંને સાથે જ ડાઇનિંગ ટેબલ પર આવ્યા.

"ગુડ મોર્નિંગ, નિહારિકા."

સનતે સહજ થવાનો પ્રયાસ કરતા સ્મિત સાથે નિહારિકાનું અભિવાદન કર્યું.

"ગુડ મોર્નિંગ ફુઆ. કેમ છો ?"

"ફાઇન. તું અહીં આવી એ મને ગમ્યું. થોડા દિવસ રોકાવાની છો ને ?"

"હા."

સનત વધુ કંઈ પૂછે એ પહેલાં જ અલકાએ નિહારિકાને પૂછ્યું,

"તું શું લઈશ, ચા કે કોફી ?"

"હું સાકરવાળું ગરમ દૂધ લઈશ. ચા પીવાથી કાળા થઈ જવાય, એવું મમ્મી કહે છે."

માંડ હસવું રોકીને અલકાએ રાધાબાઈને નિહારિકા માટે દૂધ અને એમના માટે ચા લાવવા કહ્યું. અલકાએ એની તરફ ખસેડેલા છાપામાં સનતે ધ્યાન પરોવ્યું. અલકા અને નિહારિકા ચૂપચાપ નાસ્તો કરતા રહ્યા. સનતના ગયા પછી નિહારિકાએ અલકાને પૂછ્યું,

"ફોઈ, હું ટીવી ચાલું કરું ?"

“હા, હા, કરને. જો ત્યાં ટીવીની પાસે જ રિમોટ પડ્યું છે. લઈ લે.”

નિહારિકા પોતાના પ્લેટ અને ગ્લાસ સિંકમાં મૂકી સોફા પર ટીવીની સામે ગોઠવાઈ. અલકાએ નોંધ્યું કે ડાઇનિંગ ટેબલ પરથી બીજું કશું જ ઉપાડવામાં નિહારિકાએ એને મદદ ન કરી. અલકા અને રાધાબાઇએ મળીને ડાઇનિંગ ટેબલ સાફ કર્યું અને બંને કિચનમાં ગયા.

નિહારિકાનો પહેલો દિવસ સરસ વીત્યો. બીજે દિવસે સવારે આઠ વાગ્યામાં રાધાબાઈનો ફોન આવ્યો,

“બાઈ, મી આજ યેણાર નાહી. મારી સાસુ પડી ગઈ છે. ડૉક્ટર પાસે લઈ જવાની છે.”

“ભલે.” કહીને અલકાએ ફોન મૂક્યો અને ચા-નાસ્તાની તૈયારીમાં લાગી ગઈ. આગલા દિવસની જેમ જ નિહારિકા નવ વાગ્યે ડાઇનિંગ ટેબલ પર આવી. ચા-નાસ્તો પત્યો એટલે ટી.વી. ચાલુ કરવા જતી નિહારિકાને અલકાએ રોકી.

“નિહારિકા, આજે રાધાબાઇ આવવાની નથી. મને રસોડામાં થોડી મદદ કરને. ”

નિહારિકાએ ચૂપચાપ રિમોટ મૂકી દીધું અને અલકાની પાછળ-પાછળ રસોડામાં ગઈ. અલકાએ એને દૂધી સમારવા આપી અને પોતે દાળ-ચોખાનું કૂકર મૂકવા માંડી. દસેક મિનિટ પછી અલકાનું ધ્યાન નિહારિકાએ સુધારેલા શાક પર ગયું. દૂધીના નાના-મોટા ટુકડા જોઈને એના ભવાં ખેંચાયાં. એણે તરત નિહારિકાને ટપારી.

“બેટા, દૂધીના કકડા એકસરખાં હોય તો શાક દેખાવમાં સારું લાગે. જરા ધ્યાનથી કર.”

નિહારિકાએ કંઈ ન કહેતાં માત્ર ડોકું હલાવ્યું. શાક સમારતાં નિહારિકાને ખાસ્સી વાર લાગી.

એટલી વારમાં દાળ-શાકનું કૂકર ખુલી ગયું. અલકાએ નિહારિકાને પૂછ્યું,

“દાળ બનાવતા આવડે છે બેટા ?”

“હા, ફોઈ.”

“સરસ. તો તું દાળ વઘાર, ત્યાં સુધીમાં હું શાક વઘારીને લોટ બાંધી દઉં. પછી આપણે તૈયાર થઈ જઈએ.”

નહાઈને, તૈયાર થઈને અલકા એક વાગ્યે રસોડામાં પ્રવેશી. હૉલમાં બેઠેલી નિહારિકાને એણે હાક મારી.

“નિહારિકા, કિચનમાં આવીશ ?”

“આવી ફોઈ.”

“લે તું વણ અને હું શેકું. દસ મિનિટમાં થઈ જશે.”

કહેતાં રોટલીના લોટની થાળી અને આડણી-વેલણ નિહારિકા તરફ સરકાવીને અલકાએ ગૅસ પર લોઢી ચઢાવી. પહેલી રોટલીનો આકાર જોતાં જ અલકાને સમજાઇ ગયું કે નિહારિકાને રોટલી વણવાની ફાવટ નહોતી. નિહારિકાને પોતાને પણ થોડી શરમ આવી. એ ધીમેથી બોલી,

“એકદમ ગોળ નથી થઈ. ચાલશે ?”

"હા. હા. વાંધો નહીં. એમ જ શીખાય. આમેય આ પહેલી રોટલી તો ગાયને જશે. એક કામ કર હું વણું છું, તું શેક." કહેતી અલકાએ નિહારિકાના હાથમાંથી વેલણ લઈ લીધું અને પોતે આડણી તરફ ખસી. રોટલીઓ વણતાં અલકાએ નોંધ્યું કે નિહારિકાએ શેકેલી રોટલીઓ જરાય ફૂલી નહોતી. કડક થઈ ગઈ હતી. 'હશે ! શીખશે ધીમે-ધીમે' – એમ મન મનાવી ચૂપચાપ અલકાએ ડાઈનિંગ ટેબલ પર જમવાનું ગોઠવ્યું.

આખી બપોર નિહારિકા ટીવી સામે ગોઠવાયેલી રહી અને અલકાએ એક નાનકડી ઊંઘ ખેંચી કાઢી. સાંજના મેનૂમાં ઢોકળા અને દાળ-ભાત હતા. સનત આવ્યો એટલે ગરમ ઢોકળાની થાળી નિહારિકાને થમાવતા અલકાએ કહ્યું, "ઢોકળાના ચોસલા કાપીને ફુઆને પીરસ."

નિહારિકા છરીથી થાળીમાં ઢોકળાના ચોસલા પાડવા લાગી. ઢોકળાની થાળીમાં નિહારિકાએ છરીથી કરેલ એક પણ લાઈન સીધી નહોતી. જાણે પૃથ્વીના ગોળા પર અક્ષાંસ-રેખાંશ બનાવ્યા હોય એ રીતે નિહારિકાએ ઢોકળાનાં ચોસલાં કર્યાં હતાં. આ વખતે અલકાથી રહેવાયું નહીં. એનાથી જરા મોટેથી કહેવાઈ ગયું,

"અરે, આ શું ? આવા ઢોકળા કંઈ પીરસાય ? સરખા લંબચોરસ ચોસલાં તો પાડ."

નિહારિકાએ તદ્દન ભાવહીન આંખે અલકા સામે જોયું. અલકાને ખ્યાલ આવ્યો કે થોડી ઉતાવળ થઈ ગઈ. એણે આવું નહોતું કહેવું જોઈતું. વાતને વાળવા એ બોલી,

"વાંધો નહીં, આપણે ઘરના છીએ, એટલે ચાલશે. આવતી વખતે જરા ધ્યાન રાખજે. લાવ હું પ્લેટમાં ઢોકળા કાઢી દઉં. બાકીનું બધું તું ડાઈનિંગ ટેબલ પર ગોઠવ."

એ રાત્રે જ્યારે સનતે અલકાને પૂછ્યું કે કેવો રહ્યો નિહારિકાનો દિવસ, ત્યારે અલકાના મનનો બધો ધૂંધવાટ બહાર આવી ગયો.

"એને એની માએ કંઈ શીખવાડ્યું નથી. આખી દિવસ ફક્ત કચરા-પોતાં-વાસણ જ કરાવતી લાગે છે. નથી શાક સુધારવાના ઠેકાણા કે નથી રોટલી વણતાં આવડતી. આવડી મોટી છવ્વીસ વરસની થઈ તોય હજી ઢોકળાનાં ચોસલાં પાડતાંય નથી આવડતું. કરશે શું આ છોકરી ? આખી જિંદગી માના ઘરની કામવાળી બનીને ઢસરડાં કરશે. બા હોત તો એની આવી હાલત ન થઈ હોત. મને તો સમજાતું નથી કે આ લોકોનું શું થશે ?"

એ રાત્રે અલકાએ નક્કી કર્યું કે એ નિહારિકાને પંદરેક દિવસ રાખશે અને થોડી ઘણી રસોઈ શીખવાડીને મોકલશે. આમેય રાધાબાઈ હજી થોડા દિવસ નહોતી આવવાની. કચરા-પોતાં-વાસણ માટે તો એણે પહેલે દિવસે જ બદલીની બાઈ મોકલી દીધી હતી. રસોઈ અલકા કરી લેવાની હતી.

બીજે દિવસે સવારે આઠ વાગ્યે અલકાએ જ નિહારિકાને ઉઠાડી મૂકી અને નિત્યકર્મથી પરવારીને સાડા-આઠ સુધી રસોડામાં આવવા જણાવી દીધું.

સાડા-આઠે નિહારિકા રસોડામાં આવી, ત્યારે અલકાએ પૌંઆ રાખ્યા હતા. આજે એ નિહારિકાને બટાટાપૌંઆ બનાવતા શીખવવાની હતી. અલકાએ

આપેલી સૂચનાઓ મુજબ નિહારિકાએ બટાટાપૌંઆ બનાવ્યા.

ચા પીતી વખતે સનત બોલ્યો,

“આજે બટાટાપૌંઆ કંઈક જુદા બન્યા છે.”

સનત વધુ કંઈ બોલે એ પહેલાં જ અલકાએ એને અટકાવતા કહી દીધું,

“આજે નિહારિકાએ નાસ્તો બનાવ્યો છે. સરસ બન્યાં છે ને પૌંઆ ?”

અલકાનો ઈશારો સમજી જતાં સનતે કહ્યું,

“હા, થોડા અલગ છે, પણ સરસ છે હોં.”

એ દિવસે દાળ-શાક પણ અલકાએ નિહારિકા પાસે જ બનાવડાવ્યા. રોટલી શેકવા માટેની સલાહો પણ આપી. એ બંને જમવા બેઠા, ત્યારે અલકાએ હોંશમાં ને હોંશમાં નિહારિકાને કહી દીધું,

“જો જે ને પંદર દિસવમાં તો હું તને સરસ રસોઈ શીખવાડી દઈશ. સાંજે આપણે દાળ-ઢોકળી કરીશું.”

નિહારિકા કંઈ ન બોલી. ફક્ત ચૂપચાપ જમતી રહી.

સાડા-ચાર વાગ્યે અલકા ચા પીને તૈયાર થઈને શક લેવા ઊતરી. એણે નિહારિકાને જોડે આવવા આગ્રહ કર્યો, પણ એ ન માની. નિહારિકાને નવી જગ્યાએ જવાનો સંકોચ થતો હશે, એમ માની અલકાએ એને વધુ આગ્રહ ન કર્યો. દાળનું કૂકર તૈયાર કરી, સાડા-પાંચે ગૅસ ચાલુ કરવાની અને ચાર સિટી વગાડવાની સૂચના નિહારિકાને આપી અલકા નીકળી.

શાક લઈને લગભગ સાડા-છ વાગ્યે પાછી ફરેલી અલકાએ ડૉરબેલ રણકાવી. ત્રણ-ચાર વાર બેલ વગાડવા છતાંય કોઈએ દરવાજો ન ખોલ્યો. નિહારિકા કદાચ બાથરૂમમાં હશે, એમ વિચારીને અલકાએ પર્સમાંની ઘરની ચાવીથી દરવાજો ઉઘાડ્યો. હૉલમાં અંધારુ જોઈ અલકાને નવાઈ લાગી. હૉલની લાઇટ કરી એણે કિચનમાં ડોકિયું કર્યું, ત્યાં પણ કોઈ નહોતું. બાથરૂમ ચેક કરવાના ઈરાદાથી અલકાએ નિહારિકાના રૂમનો દરવાજો ખોલ્યો, ત્યાંય અંધારું હતું. હવે અલકાનું હૈયું ધડકવા લાગ્યું. એનું મન જાત-જાતના વિચાર કરવાનું શરૂ કરે એની પહેલાં એણે બાથરૂમના દરવાજાને હળવેથી ધક્કો માર્યો. દરવાજો તરત ખૂલી ગયો. નિહારિકા ત્યાં પણ નહોતી. નિહારિકા ઘરમાં હતી જ નહીં !

અલકાના પેટમાં ફાળ પડી. ક્યાં ગઈ આ છોકરી ?



પ્રકરણ 17

શાક-પાન લઈને સાડા-છએ ઘરે પાછી ફરેલી અલકાને નિહારિકા ઘરમાં ન દેખાતા ફાળ પડી. રસોડામાં કે એના રૂમમાં નિહારિકા ન દેખાઈ, એટલે અલકા આખા ઘરને ખૂણે-ખૂણે ફરી વળી. કદાચ કોઈ કામસર એ અલકાના રૂમ કે બાથરૂમમાં ગઈ હોય, એમ વિચારીને અલકા ત્યાં પણ શોધી આવી. નિહારિકા ત્યાં ય નહોતી. રસોડામાં કૂકર પણ જેમનું તેમ પડ્યું હતું. કૂકરની સપાટી પર હાથ અડાડીને જોયું તો સાવ ઠંડુગાર હતું. નિહારિકાએ ગૅસ ચાલુ કર્યો જ નહોતો.

ગભરાયેલી અલકાએ તરત સનતને ફોન કર્યો અને નિહારિકા ઘરમાં ન હોવાની જાણ કરી. રડમસ થઈ ગયેલી અલકાને સાંત્વન આપતા સનતે કહ્યું, “કદાચ નીચે આંટો મારવા ગઇ હશે. તું વોચમેનને પૂછી જોને.”

આંખોમાં ધસી આવેલા આંસુ લૂછી, પાણી પી, મન મક્કમ કરીને અલકા પર્સ લઈને નીચે ઊતરી. વોચમેન ગેટ પર ઊભો હતો. એના કહેવા પ્રમાણે લગભગ પાંચ-સવા પાંચ વાગ્યે નિહારિકાએ ગેટની બહારથી રિક્ષા પકડી હતી. એના હાથમાં કોઈ જ સામાન નહોતો. ફક્ત એક નાનકડું પર્સ હતું.

અલકા ફટાફટ ઘરે પાછી આવી. વોચમેનની વાત સાચી હતી. નિહારિકાનો બધો સામાન એના રૂમમાં જ પડ્યો હતો. અલકાએ ફરી સનતને ફોન જોડ્યો. એની આંખોમાંથી સતત આંસુ સરી રહ્યા હતા. એ એકદમ ગભરાઈ ગઈ હતી. માંડ-માંડ એણે સનતને કહ્યું,

“નિહારિકા રિક્ષા પકડીને કશે ગઇ એમ વોચમેને મને કહ્યું. ક્યાં ગઇ હશે આ છોકરી ? કંઈ આડું-અવળું કરી બેસશે, તો મારા કપાળે જીવનભરની ટીલડી ચોંટશે. ક્યાં મને અવળી મતિ સૂઝી કે હું એ છોકરીને આપણા ઘરે લઈ આવી ! લઈ આવી એ તો ઠીક, એને એકલી ઘરે મૂકીને હું બહાર ગઈ. મારે એને જોડે લઈ જવી જોઈતી હતી. તમે હમણાં જ ઘરે આવવા નીકળો. પછી આપણે બંને ગાડી લઈને એને શોધવા નીકળીએ.”

અલકાનો રઘવાટ અને ગભરાટ સનતને સમજાતો હતો. અલકાને સધિયારો આપવાનો પ્રયાસ કરતાં સનતે ભારપૂર્વક કહ્યું,

"શાંતિ રાખ. એમ ગમે ત્યાં એને શોધવા ન જવાય. કદાચ એ એના ઘરે પાછી જતી રહી હશે. એને આપણે ત્યાં નહીં ગમ્યું હોય. તું એના ઘરે ફોન કરીને પૂછી જો.”

“ના બાબા ના. જો એ ત્યાં નહીં પહોંચી હોય, તો કોકિલા મારો જીવ ખાઈ જશે. કોણ જાણે શુંય સંભળાવશે ! હું એને ફોન નહીં કરું.”

“તો પછી રમણને ફોન કર. એને ખબર હશે.”

“પણ ભાઈ તો હવે ઓફિસેથી નીકળી ગયો હશે. સાત વાગવા આવ્યા.”

“તો એક કામ કર. તું થોડી વાર રહીને એના ઘરે ફોન કર. ત્યાં સુધીમાં રમણ ઘરે પહોંચી જશે. હું પણ કામ પતાવીને અડધો કલાકમાં નીકળું છું.”

“અરે પણ નિહારિકા...”

“અડધા કલાકમાં કંઇ નથી થવાનું. શાંતિ રાખ.”

આ વખતે સનતે અલકાને ધમકાવી.

"ભલે."

કહીને અલકાએ ફોન મૂક્યો અને હતાશ થઈને સોફા પર બેસી પડી. શું કરવું એ જ એને નહોતું સૂઝતું. જાતજાતની શક્યતાઓ એના મગજમાં ઘૂમરાઈ રહી હતી. કોઈની જોડે ભાગી ગઈ હશે ? આપઘાત કરવા ગઈ હશે ? એક્સિડન્ટ થઈ ગયો હોય તો ? કે પછી કોઈ એને ઉપાડી ગયું હતું ? આવા અને બીજા કંઈ કેટલાયે વિચારો અલકાના મગજને ધમરોળી રહ્યા હતા. થાકીને એણે પીઠ સોફા પર ઢાળીને આંખો મીંચી દીધી.

દસેક મિનિટ સુધી આમ જ પડ્યા રહ્યા બાદ કંઈ ન સૂઝતાં અલકા ઊઠીને કિચનમાં ગઈ. એણે પોતાને માટે ચા મૂકી. ચાના ઉકળતા પાણી સામે તાકતા એ વિચારતી રહી કે જો નિહારિકા એના ઘરે નહીં પહોંચી હોય, તો એ રમણને શો જવાબ આપશે ? રમણનો સ્વભાવ એ બરાબર ઓળખતી હતી. એના મનનું થાય ત્યાં સુધી ઠીક. પણ જો જરા કંઈક આડું-અવળું થાય તો એ ગુસ્સાથી ધમધમી ઊઠતો. પછી સામે ગમે તે હોય, એની જીભ પર લગામ ન રહેતી. એમાંય પોતાનાથી નબળી વ્યક્તિ પર તો એ પૂરેપૂરો ખાર કાઢતો. ભૂતકાળમાં અલકા અને કમળાબાને કેટલીયે વાર આવા અનુભવો થયા હતા. એટલે જ અમુક વાતો એના સુધી પહોંચતી જ નહીં. અલકા અને કમળાબા બારોબાર જ વાત પતાવી આવતાં.

કોકિલાય કંઈ ઓછી નહોતી. ખુલ્લો ઝઘડો ન કરે તો ય દાઢમાં સંભળાવી દેવાની એક પણ તક એ ન ચૂકતી. કમળબાનો આગ્રહ હતો કે કોકિલાને સહુએ સાચવવી, એટલે અલકા કોઈ દિવસ સામો જવાબ ન આપતી. જો એના ભાઈનું ઘર સચવાતું હોય તો એ ય એના ઘરે સુખી હતી.

આ બધા કારણોસર બાના ગયા પછી અલકાએ ભાઈના ઘરે જવાનું સાવ ઓછું કરી નાખ્યું હતું. એમાંય નિહારિકાની તબિયત બગડ્યા પછી તો એ કારણ વગર રમણના ઘરે જવાનું ટાળતી. રમણ જ એને આવીને મળી જતો અને પોતાની રામકહાણી સુણાવી જતો.

ચા થઈ ગઈ એટલે કપમાં ગાળી, દાળના કૂકરનો ગૅસ ચાલુ કરી અલકા ડાઈનિંગ ટેબલ પર ગોઠવાઈ. ચાના બે-ત્રણ ઘૂંટડા ગળા નીચે ઊતર્યા બાદ અલકાનું મગજ કંઈક ઠેકાણે આવ્યું. 'હશે, પડશે. એવા દેવાશે' - એમ મન મક્કમ કરી એણે ધીમે-ધીમે ચા પૂરી કરી. બરાબર પોણા-આઠ વાગ્યે એણે રમણના ઘરે ફોન લગાડ્યો.

"હલો."

સામે છેડે રમણનો અવાજ સાંભળીને અલકાને ધરપત થઈ. એ તરત બોલી,

"ભાઈ, નિહારિકા..."

અલકા આગળ કંઈ બોલે કે પૂછે એ પહેલાં રમણે જ કહ્યું,

"નિહારિકા ઘરે પાછી આવી ગઈ છે. સોરી તને કંઈ કહ્યા વગર જ એ તારે ત્યાંથી નીકળી ગઈ. એને કદાચ તારે ત્યાં નહીં ગોઠ્યું હોય. એણે અમને કશું કહ્યું નથી અને અમે ય એને કશું પૂછ્યું નથી. તું તો જાણે જ છે ને એની માનસિક

સ્થિતિ ! જવા દે. એનાં કપડાં અને બીજો સામાન તારે ત્યાં પડ્યો છે તે આવતી કાલે નેહુલ આવીને લઈ જશે."

"સારું."

કહીને તરત અલકાએ ફોન મૂકી દીધો. મનમાં ને મનમાં એણે નિહારિકા, રમણ અને એના આખા પરિવારને ભરપૂર ગાળો ભાંડી. એ તો પોતાની જાત ઉપર પણ ગુસ્સે હતી કે કેમ એ નિહારિકાને પોતાને ઘરે લઈ આવી હતી. ધૂંધવાટમાં કંઈ બફાઈ ન જાય એટલા માટે જ એણે તરત ફોન મૂકી દીધો હતો. જો કે એના મનમાં ઘરબાયેલો સઘળો આક્રોશ રવિવારે પરિની સાથે ફોન પર વાતો કરતી વખતે નીકળ્યો.

"આવી રીતે કરાય ! કેવી ગભરાઈ ગઈ'તી હું ! નહોતું ફાવતું તો કહી દેવું હતું ને. હું એને એના ઘરે પાછી મૂકી આવત. નહીં તો રમણને કહેત કે આવીને લઈ જા તારી દીકરીને. આવી રીતે કોઈને કીધાં-કર્યા વગર ભાગી જવું એ તે કંઈ રીત છે ! માએ કંઈ શીખવ્યું જ નથી."

"છોડ ને મમ્મી. જે થઈ ગયું એ ભૂલી જા. તારે માટે પણ આ એક વોર્નિંગ હતી. હવે તું એમના ઘરમાં મગજમારી કરવાનું છોડી દે. એ લોકો જાણે ને એમનાં કામ. ઘણું કર્યું તે એમના માટે. હવે એમના કર્યા એ ભોગવશે. કોઈ તમારા માટે કેટલું કરી શકે, જ્યારે તમે જ સુધરવા તૈયાર ન હોવ." આખીય ઘટના સાંભળ્યા પછી પરિનીએ પ્રતિભાવ આપ્યો.

"અરે પણ, એને કંઈ થઈ ગયું હોત તો ? રિક્ષાવાળો ઉપાડી ગયો હોત તો ? એક્સિડન્ટ થઈ ગયો હતો તો ?"

"એમ કંઈ નથી થતું, મમ્મી." પરિનીએ ટાઢકથી કહ્યું. "નિહારિકા કંઈ નાની કીકલી છે કે રિક્ષાવાળો એને ઉપાડી જાય ? અને હવે તો એ ડિપ્રેશનમાંથી પણ બહાર આવી ગઈ છે. તે એની સારવાર કરાવી, બહુ સારું કામ કર્યું. બસ, હવે એમને એમની રીતે જીવવા દે."

"અરે પણ એને કંઈ જ આવડતું નથી !"

અલકાએ હજીયે નિહારિકા માટે આશા છોડી નહોતી.

"મમ્મી, દુનિયામાં બધાને બધું નથી આવડતું. તોય સહુની જિંદગી નભે છે ને ? કામ તો માથે પડે ને એટલે આવડી જ જાય. જોને હું ય લંડનમાં એકલી રહીને ઘર, નોકરી, બાળક બધું સાચવું છું ને ! એના પર જવાબદારી આવશે, ત્યારે એ પણ શીખી જશે."

પરિનીની વાતમાં સહમત થતી હોય, એમ અલકાએ હકારમાં ડોકું હલાવ્યું. પછી નિહારિકાના સુંદર ભવિષ્યની કલ્પના કરતાં એ બોલી,

"બસ, હવે એને સારું પાત્ર મળી જાય અને એ એના ઘરે જાય એટલે ગંગા નાહ્યા."

"એવું થાય તો બહુ સારું. પણ હવે તું એના માટે મૂરતિયો ગોતવાની પળોજણમાં ન પડતી." પરિનીએ અલકાને ચેતવી.

"એમ તે કંઈ હોય ! ફોઈ તરીકે મારી પણ કંઈક ફરજ તો હોય ને !"

"હે ભગવાન ! મમ્મી તું ક્યારે સમજીશ ? જો તે સગપણ કરાવ્યું અને

નિહારિકાએ કંઈ આડું-અવળું કર્યું તો તારા સંબંધો બગડશે. મામા સાથે પણ અને સામેવાળા સાથે પણ."

"એટલે શું તું એમ કહેવા માગે છે કે કંઈક ખરાબ થવાની આશંકામાં મારે કોઈ સારું કામ ન કરવું?"

"ઓહો મમ્મી ! તું સમજતી કેમ નથી ?"

અલકાનો એના ભાઈ અને તેના પરિવાર પ્રત્યેનો આંધળો પ્રેમ જોઈ હવે પરિની અકળાઈ.

"હું શું નથી સમજતી ? સમજાવ તો મને !"

પરિનીને થયું કે આ ચર્ચાનો કોઈ અંત નહોતો અને કોઈ અર્થ પણ નહોતો. પરિની સમજતી હતી કે સગા ભાઈ-બહેન માટે આવો પ્રેમ હોવો સ્વભાવિક હતો, પણ અહિંયા વાત નિહારિકાની હતી. જે કોકિલાની પઢાવેલી ભાષા બોલતી હતી. રમણનો આ રામાયણમાંથી છુટકારો કરાવવા જતાં ક્યાંક નવું મહાભારત શરૂ ન થઈ જાય એનો ડર પરિનીને સતાવતો હતો.

પરિનીને ખ્યાલ આવી ગયો કે રમણ વિરુદ્ધનું એક પણ વાક્ય એની મમ્મી સાંખી નહીં શકે. અલકા પોતાના ભાઈ માટે કંઈ પણ કરી છૂટવા તૈયાર હતી. ભલેને એ પગલું બીજા કોઈ માટે નુકસાનકારક હોય. એને ફક્ત અને ફક્ત રમણનું જ સુખ દેખાતું હતું. આખરે પરિનીએ ચર્ચા પડતી મૂકતાં કહી દીધું,

"ભલે તને જેમ ઠીક લાગે એમ કર."

ooo

"કેમ છે બેના ?"

રમણનો ઉત્સાહથી છલકાતો અવાજ સાંભળીને અલકાને નવાઈ લાગી. એણે તરત પૂછ્યું,

"શું વાત છે ભાઈ ? આજે તો તારા અવાજમાંથી ખુશી ઊભરાઈ રહી છે."

"વાત જ કંઈક એવી છે."

"હવે વાતમાં મોણ નાખ્યા વગર જલદી કહે એટલે હું પણ રાજી થાઉં."

"આપણી નિહારિકાનું ગોઠવાઈ ગયું. આ રવિવારે ગોળ-ધાણા છે."

"વાહ ! વાહ ! મારી તો સવાર સુધરી ગઈ."

રમણે આપેલી ખુશખબરીથી અલકા ઉછળી પડી અને એણે સવાલોનો મારો ચલાવ્યો.

"ક્યાનો છે છોકરો ? શું કરે છે ? કોણે ચીંધ્યું સગપણ ?..."

"અરે, અરે, શાંતિ રાખ. કહું છું તને બધું." રમણે અલકાને ધીરી પાડી.

"કોકિલાની બેન રસીલાએ સગપણ કરાવ્યું. છોકરો એની જ બિલ્ડિંગમાં રહે છે. સીએ ભણેલો છે. છોકરાની મા પાંચેક વર્ષ પહેલા ગુજરી ગઇ છે. હવે ઘરમાં ફક્ત એ અને એના ફાધર જ છે. છોકરો એકનો એક છે અને સારી નોકરી કરે છે. એટલે આપણે નિરાંત."

"બહુ સરસ ! ભલે થોડું મોડું થયું, પણ સારું થયું. પણ... આટલો સરસ મૂરતિયો એની પોતાની દીકરી માટે..."

અલકાને વિમળાફોઈવાળું સગપણ યાદ આવ્યું.

"અરે, ઉપરવાળોય ક્યારેક તો અમારી સામું જુએને ! આ મૂરતિયો કામિની કરતાં ઉંમરમાં નાનો છે, એટલે નિહારિકાને ચાલે ને. હવે તું અને સનતકુમાર આ રવિવારે સવારે દસ વાગ્યે પહોંચી જજો. ઘરે જ ગોળધાણા રાખ્યા છે. સાત જણ એમના અને સાત આપણા, એમ પંદરેક જણ થઈશું. મહારાજને કહેવાઈ ગયું છે. બસ, ગોળધાણા પતે એટલે જમી-કરીને સહુ છૂટા."

"મારા જોગ કઈ કામ હોય તો કહેજે." અલકાએ વિવેક કર્યો.

"ના, ના, આમ તો કંઈ નથી. સીધુ-સામાન પેલો મહારાજ જ લાવવાનો છે. બાકીની તૈયારી આપણે કરેલી જ છે. આ નિહારિકાનું પતે એટલે વરસમાં નેહુલનુંય કરી જ નાખીએ. ઘરમાં રૂમઝૂમ પગલે વહુ આવે તો કોકિલાનેય થોડો આરામ મળે."

રમણ સોનેરી ભવિષ્યના શમણામાં ખોવાઈ જતાં બોલ્યો.

"ખરી વાત છે. હવે આપણેય સાઠના થવા આવ્યા. શરીર તો થાકે જ ને."

"ચાલો ત્યારે, રવિવારે મળીએ. સનતકુમારને ઓફિસે ફોન કરીને આમંત્રણ દઈ દઉં છું."

"ભલે ભાઈ."

કહેતા અલકાએ ફોન મૂક્યો. ભાઈના નસીબનું પાનું ફરતું દેખાતાં એને હૈયે ટાઢક થઈ.



પ્રકરણ -18

ગોળધાણાનો કાર્યક્રમ સરસ રીતે પાર પડ્યો. સાધારણ દેખાવનો પ્રકાશ બીજી બધી રીતે હોશિયાર લાગ્યો. એના પિતાનો સ્વભાવ પણ મળતાવડો હતો.

સાંજે પરિનીનો ફોન આવ્યો, ત્યારે અલકાએ ઉલટભેર ગોળધાણા વિશે અને પ્રકાશ વિશે લંબાણપૂર્વક વાતો કરી. બધી વાતો સાંભળ્યા પછી પરિનીએ પ્રતિભાવ આપતાં કહ્યું,

"ચાલો સરસ. નિહારિકાનો પ્રશ્ન પત્યો. પણ મમ્મી તું તો કહેતી'તીને કે એને કશું આવડતું નથી. તો પછી એ ઘર કેવી રીતે સાચવશે ? અહીં તો સાસુયે નથી."

પરિનીના આ સવાલે અલકાના ઉત્સાહમાં નાનકડું ગાબડું પાડ્યું. સગપણની ખુશાલીના આવરણ હેઠળ અલકાએ નિહારિકાની મર્યાદાઓને સાવ જ નજરઅંદાજ કરી દીધેલી. હવે જ્યારે પરિનીએ આંગળી ચીંધી, ત્યારે એ તરફ જોયું જ ન હોય એમ અલકા બોલી,

"એ તો પડશે એવા દેવાશે. ધીરે-ધીરે બધું શીખી જશે. આ તું ય તારું ઘર અને છોકરું એકલે હાથે સંભાળેજ છેને."

પરિનીએ થોડા દિવસો પહેલાં કહેલા વાક્યો અલકાએ એને જ પાછા સંભળાવ્યા.

"સાસુ હોય, તો કટકટ કરે. આ બેય પુરુષો તો સવાર પડે કામે નીકળી જશે તે છેક રાત્રે જ આવશે. બાકીનો ટાઇમ નિહારિકાને ફુરસદ જ હશે. ધીરે-ધીરે ઘરના કામ પતાવી લેશે. ઘીના ઠામમાં ઘી પડી રહેશે."

"પણ મમ્મી..."

આગળ કંઇક કહેવા જતી પરિનીને અલકાએ ટોકી,

"બસ હવે, પત્યું. એ જાણે એના કામ. જો પાછી બહાર કોઇને કહેતી નહીં કે નિહારિકાને કશું આવડતું નથી."

અલકાની આ વાતે પરિનીને માઠું લાગ્યું. એણે તરત કહ્યું,

"હું કોને કહેવા જવાની હતી ? તું પણ ક્યારેક કમાલ કરે છે હોં મમ્મી !"

"ના, ના, આ તો જરા તને ચેતવી. ક્યાંક તારી સાસુ કે જેઠાણી સાથે વાત કરવામાં આવું કંઇક કહેવાઇ જાય. માંડ-માંડ બધું ઠેકાણે પડ્યું છે. એટલે મનમાં સહેજ ઉચાટ રહ્યા કરે છે. લગ્ન સમા-સૂતરા પાર ઊતરે એટલે ગંગા નાહ્યા."

"લગ્નની તારીખ નક્કી થાય તો મને જણાવજે. જોઇએ, અવાશે તો આવશું."

"મને નથી લગાતું કે બહુ ધામધૂમવાળા લગ્ન હશે. નિહારિકાનું તો થોડામાં પતાવશે. પછી એકાદ વરસમાં નેહુલનું કરવાનું વિચારે છે. ત્યારે તમે બધા આવજો."

અલકાની આ વાત પરિનીને ખાસ ન ગમી. દીકરા-દીકરી વચ્ચેનો ભેદભાવ એને ખટક્યો. જો કે નિહારિકા જે પરિસ્થિતિમાંથી પસાર થઇ હતી, એ જોતાં જલ્દી લગ્ન પતે એમાં જ સહુની ભલાઇ હતી.

ooo

ગોળ-ધાણાની વિધિ અને જમણવાર પત્યા બાદ પ્રકાશ અને એનાં સગાં-વહાલાં નિહારિકાને પ્રકાશના ઘરે લઈ ગયા. ત્યાંથી બંને જણ સાંજે ફરવા જવાના હતા.

પ્રકાશના દહીંસરના એક બેડરૂમ-હોલ-કિચનના ફ્લેટના હૉલમાં નિહારિકા નીચે મોંએ ચૂપચાપ બેઠી હતી. પ્રકાશના કાકી અને ફોઈ નિહારિકા સાથે વાતો કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. પણ નિહારિકા હં, હા જેવા એકાક્ષરી ઉત્તરો જ આપી રહી હતી. નવી વહુ શરમાતી હશે, એમ માનીને બધા એની મીઠી મશ્કરી કરતાં બેઠાં હતાં.

ચાર વાગ્યે પ્રકાશના કાકીએ બધા માટે ચા મૂકી. ચા-નાસ્તો પતાવીને સાડા-ચારે બધા છૂટા પડ્યા. થોડું એકાંત મળતાં પ્રકાશે નિહારિકાને પૂછ્યું,

"ફિલ્મ જોવા જઈશું ?"

નિહારિકાએ કંઈ ન કહેતા ફક્ત 'ના'માં ડોકું ધુણાવ્યું.

"તો પછી જુહુ બીચ ?"

આ વખતે નિહારિકાએ ન 'હા' પાડી, ન 'ના' પાડી. એના મૌનને એનો હકાર સમજી પ્રકાશે નિહારિકાને ઊભા થવા ઈશારો કર્યો. પ્રકાશના પપ્પાની રજા લઈ થોડી વારમાં બંને જણ નીચે ઊતર્યા.

ગેટની બહાર નીકળીને પ્રકાશે રિક્ષા ઊભી રખાવી. બંને જણ રિક્ષામાં ગોઠવાયા કે પ્રકાશે રિક્ષા સીધી જુહુ બીચ લેવડાવી. રિક્ષામાં એનાથી સહેજ દૂર બેઠેલી નિહારિકાની હથેળી પર પ્રકાશે પોતાની હથેળી દાબી. તરત નિહારિકાએ પોતાનો હાથ ખસેડી લીધો અને રિક્ષાના બીજા ખૂણામાં સહેજ સંકોચાઈને બેસી ગઈ. નિહારિકાના આવા વર્તનથી પ્રકાશને અચરજ થયું. કદાચ હજી નવું-નવું છે એટલે શરમાતી હશે, એમ મન મનાવી એ રિક્ષાની બહાર જોતો બેઠો રહ્યો. ફક્ત એક જ ઔપચારિક મુલાકાતમાં બંને પક્ષે હા થઈ ગઈ હતી, તેથી પ્રકાશને નિહારિકાનો સંકોચ સ્વાભાવિક લાગ્યો.

જુહુ બીચ પર એક સારી જગ્યા જોઈને બંને ગોઠવાયા. આખે રસ્તે કંઈ જ ન બોલેલી નિહારિકા સાથે હવે વાતો કરવાનો પ્રયાસ પ્રકાશે કર્યો.

"ભરતીનો સમય છે એટલે મોજાં કેવા સરસ ઉછળે છે ને ? તમને દરિયો ગમે ?"

પ્રકાશના આવા સાવ સાદા પ્રશ્નનો પણ નિહારિકાએ કોઈ જ ઉત્તર ન આપ્યો. એ ફક્ત દરિયાને તાકતી રહી. ઢાલમાં હાથ-પગ સંકોરીને બેસી ગયેલા કાચબા જેવું નિહારિકાનું વર્તન જોઈને પ્રકાશને વિમાસણ થઈ. ક્યાંક નિહારિકાની મરજી વિરુદ્ધ આ સગપણ નહોતું થયું ને ? એવો વિચાર પણ એના મનમાં ઝબકી ગયો. એણે પૂછ્યું,

"તને હું પસંદ તો છું ને ? જો તારી ઇચ્છા ન હોય તો ...."

"ના, ના, એવું કંઈ નથી."

પ્રકાશને અધવચ્ચે જ અટકાવતાં નિહારિકા બોલી. એના આમ કહેવાથી

પ્રકાશનો શ્વાસ હેઠો બેઠો. નિહારિકાએ રેતી પર ટેકવેલી હથેળી પર પ્રકાશે એની હથેળી રાખી. આ વખતે નિહારિકાએ કોઈ વિરોધ ન કર્યો, એટલે પ્રકાશ હળવો થઈને, પોતાના વિશે, એના શોખ, એના મિત્રો, એની અભિલાષાઓ વિશે બોલાવા લાગ્યો. બધો વખત નિહારિકા ચૂપચાપ સમુદ્રને તાકતી પ્રકાશની વાતો સાંભળતી રહી. એક અજબ નિર્લેપતા એના ચહેરા પર છવાઈ હતી. કિનારે આવીને ફીણ-ફીણ થઈ રેતી સાથે ટકરાતાં મોજાંની જેમ પ્રકાશના શબ્દો નિહારિકાના કાને અફળાતા તો હતા, પણ એની સંવેદના નિહારિકાના હૃદયને તરબતર નહોતી કરી રહી. એનું દિલ-દિમાગ બંને રણની રેતી જેવા તદ્દન કોરા-ધાકોર હતા. એનું શરીર ત્યાં હાજર હતું, પણ મન તો ક્યાંક બીજે જ હતું.

અંધારું ઊતરવા માંડતા બંને ઊભા થયા.

"જમવા જઈશું ? મને તો બહુ ભૂખ લાગી છે." પ્રકાશે પૂછ્યું.

નિહારિકાએ સંમતિમાં ડોકું ધુણાવ્યું.

"શું ખાઈશું, પંજાબી કે પછી પાઉંભાજી ?"

"કંઈ પણ ચાલશે."

"તો પછી પાઉંભાજી ખાવા જ જઈએ. શિવસાગરની પાઉંભાજી વખણાય છે. હજી બહુ મોડું નથી થયું. ટેબલ મળી જશે."

નિહારિકાનો હાથ પકડીને ચાલવાની ઇચ્છા પર લગામ મૂકી પ્રકાશ નિહારિકાની જોડે જોડે ચાલવા લાગ્યો. પંદરેક મિનિટમાં ટેબલ મળ્યું. ત્યાં સુધી બંને ચૂપચાપ આજુબાજુ જોતાં ઊભા રહ્યા. ટેબલ પર ગોઠવાઈને પ્રકાશે વેઇટરને ઓર્ડર આપ્યો.

"દો પાઉંભાજી, એક સેવપુરી ઔર દો પેપ્સી." અને પછી નિહારિકાની સામે જોઇ પૂછ્યું, "બીજું કંઇ?"

"હું ફક્ત પાઉંભાજી અને પેપ્સી લઇશ."

નિહારિકાએ ધીમે સ્વરે કહ્યું.

ઓર્ડર લઈને વેઇટર ગયો એટલે પ્રકાશે નિહારિકાને કહ્યુ,

"અહીંની સેવપુરી બહુ સરસ આવે છે. આજે તું ચાખજે."

"મને સેવપુરી નથી ભાવતી."

સપાટ સ્વરે આટલું બોલી નિહારિકા આજુબાજુ જોવા લાગી. હવે પ્રકાશને અકળામણ થવા માંડી હતી. એને લાગતું હતું કે એ પોતાની ફિયાન્સી સાથે નહીં, પણ કોઈ સાવ અજાણી યુવતી સાથે પરાણે ફરવા આવ્યો હતો. સહેજ ઉકળાટભર્યા સ્વરે એણે નિહારિકાને પૂછ્યું,

"તું હંમેશા આમ ચૂપચાપ જ રહે છે ?"

નિહારિકાએ પ્રકાશના સવાલની કોઈ જ પ્રતિક્રિયા ન આપી. એટલામાં જ વેઇટર પેપ્સીના બે ગ્લાસ મૂકી ગયો. પેપ્સી પીવાને બહાને બંને ફરી ચૂપ થઈ ગયા. થોડી વારમાં જ વેઇટર પાઉંભાજીની બે પ્લેટ્સ મૂકી ગયો અને એના પછી થોડી વારે સેવપુરી. પ્રકાશે ચમચીમાં એક સેવપુરી ગોઠવી, નિહારિકા તરફ લંબાવી. નિહારિકાએ હાથના ઇશારાથી ના પાડી.

"અરે, ચાખી તો જો, બહુ સરસ આવે છે..."

"ના, મને નહીં."

"અરે, તારે માટે તો મેં મીડિયમ બનાવડાવી. બાકી મને તો એકદમ તીખી-તમતમતી જ ભાવે."

ફરી એક વાર નિહારિકાએ ફક્ત હાથથી 'ના'નો ઇશારો કર્યો.

"એક તો લે. ખરેખર મજા આવશે."

પ્રકાશે હજી એક વાર પ્રેમપૂર્વક આગ્રહ કર્યો. હવે નિહારિકાની કમાન છટકી. એણે મોટા અવાજે, ગુસ્સાભર્યા સ્વરે કહ્યું,

"ના તો પાડી એક વાર, મને નથી ભાવતી સેવપુરી."

નિહારિકાએ અચાનક પાડેલી બૂમથી પ્રકાશ ચોંક્યો. આજુબાજુના ટેબલવાળા એમની તરફ કંઈક અચરજથી તાકી રહ્યા. ભોંઠા પડેલા પ્રકાશે સેવપુરી પાછી પ્લેટમાં મૂકી દીધી અને ટિસ્યૂ-પેપરથી હાથ લૂછી નાખ્યા. વેઇટરને બિલ લાવવાનો ઇશારો કરી એ નિહારિકાનું જમવાનું પતે એની રાહ જોતો ચૂપચાપ બેઠો રહ્યો.

બિલના રૂપિયા મૂકીને બંને ઊભા થયા. ઝડપી ડગલે આગળ ચાલતાં પ્રકાશની પાછળ કંઈક ગુસ્સાભર્યા ચહેરે ધૂંધવાતી નિહારિકા દોરાઈ. બહાર નીકળીને પ્રકાશે પસાર થતી રિક્ષા રોકી. ઘરે પાછા ફરતી વખતે બેઉ જણ એકબીજાથી દૂર રિક્ષાના બે છેડે બહાર તાકતા બેઠા રહ્યા. પ્રકાશના ગુસ્સાભર્યા મૌન અને વચ્ચે-વચ્ચે અસ્ફૂટ સ્વરે બબડતી નિહારિકાને જોઇને રિક્ષાવાળાને પણ બંને વચ્ચે કંઈક અણબનાવ હોવાની ગંધ આવી ગઇ. થોડી-થોડી વારે મિરરમાંથી એ બંનેના ચહેરા સામે જોતો પેલો કંઈક ગણગણવા લાગ્યો.

નિહારિકાના ઘરના ગેટ પાસે રિક્ષા ઊભી રહી, એટલે નિહારિકા રિક્ષામાંથી ઊતરીને સડસડાટ ઘર તરફ ચાલવા માંડી. ન એ કંઈ બોલી કે ન એણે પાછું વળીને જોયું. એની પાછળ ઊતરેલો પ્રકાશ એનું આવું વર્તન જોઈ પાછો રિક્ષામાં ગોઠવાઈ ગયો અને રિક્ષાવાળાને દહીંસર લઈ લેવા કહ્યું.

એકલી ઘરે પાછી ફરેલી નિહારિકાને જોઈને ઘરના બધાને નવાઇ લાગી. રમણે એને પૂછ્યું,

"કેમ એકલી જ આવી ? પ્રકાશકુમાર ક્યાં ગયાં ?"

કહેતાં એણે બારણાની બહાર ડોકિયું કર્યું.

"એ ઘરે ગયા."

કહેતી નિહારિકા બેડરૂમ તરફ આગળ વધી ગઇ. કંઈક મૂંઝવણ સાથે રમણે બારણું બંધ કર્યું અને નેહુલ સામે પ્રશ્નાર્થ નજરે જોયું.

"એમને મોડું થતું હશે. પાછી કાલે ઓફિસ હશે ને."

કહેતી કોકિલાએ રમણને વધુ કંઈ ન બોલવાનો ઇશારો કર્યો.



પ્રકરણ 19

"કેમ છે બેન ?"

મંગળવારે સાંજે રમણે અલકાને ફોન કર્યો. છેલ્લા થોડા સમયથી ઉત્સાહમાં છલોછલ રહેતાં રમણના અવાજમાં અલકાએ બદલાવ આવેલો અનુભવ્યો. એમાં ઉદાસીની છાંટ હતી કે શું ? મનોમન વધારે અટકળો કરવાનું રહેવા દઈ અલકાએ સીધું જ પૂછ્યું,

"હું મજામાં છું. તારી તબિયત બરાબર નથી કે શું ? કેમ અવાજ આવો ઢીલો-ઢીલો લાગે છે ?"

જવાબમાં અલકાને ફક્ત રમણનો નિઃશ્વાસ જ સંભળાયો. અલકાને ચિંતા થઈ અને એને પહેલો જ વિચાર નિહારિકાનો આવ્યો. ક્યાંક નિહારિકાએ તો કોઈ મોકાણ નથી કરીને ?

થોડી વારે આવેલા રમણના અવાજે અલકાની શંકાને સાચી ઠરાવી. વાત નિહારિકાની જ હતી. રમણ કહેતો હતો,

"મારા તો નસીબ જ ખરાબ છે. જ્યાં એમ લાગે કે પાસા સવળા પડી રહ્યા છે, ત્યાં પહેલાથી વધુ મોટા ઝટકો મારી રાહ જોઈને ઊભો જ હોય છે."

"થયું શું એ કહીશ ?"

"નિહારિકાનું સગપણ તૂટી ગયું."

"હેં !"

અલંકાની આંખો ફાટી ગઈ અને મોં ખુલ્લું રહી ગયું. થોડીવારે કળ વળતા એ બોલી.

"શું નિહારિકાએ ના પાડી ?"

"ના. આજે મારી મોટી સાળી રસીલાનો ફોન આવેલો."

"જેણે સગપણ કરાવ્યું'તું એનો ને ?"

"હા, એનો જ. એ કહેવા કે સામેવાળાની ઈચ્છા નથી. એમણે સગપણ ફોક કર્યું છે."

"પણ કંઈ કારણ તો કહ્યું હશે ને."

"એ લોકો કહે છે કે પ્રકાશને નિહારિકા સાથે ફાવે એવું લાગતું નથી. પછીથી કંઈ મગજમારી થાય એના કરતાં આ સંબંધને અહીં જ અટકાવી દઈએ, એમાં જ બધાની ભલાઈ છે."

"એ તો કંઈ કારણ ન થયું. નક્કી કંઈક બન્યું હોવું જોઈએ."

"મને તો આ કોઈક વિઘ્નસંતોષીનું જ કામ લાગે છે. કોઈનું સારું થતું હોય, તો ઘણાના પેટમાં દુઃખવા આવે છે."

રમણે પોતાના શંકાશીલ સ્વભાવનો પરચો આપતા કહ્યું, છતાંયે અલકાના ગળે આ દલીલ નહોતી ઊતરી રહી. હજી બહારના કોઈને આ સગપણની જાણ પણ નહોતી થઈ. વિમળાફોઈના પરિવાર પર અલકાને પૂરો ભરોસો હતો. ગમે તેવા હોય તોય રમેશ કે અવંતિકા નિહારિકાનું સગપણ બગાડે એવા તો નહોતા જ.

અલકાએ ફેરવી ફેરવીને પ્રશ્નો પૂછ્યા, પણ રમણ પાસે આ સંબંધ તૂટવા

પાછળનું કોઈ ઠોસ કારણ ન મળ્યું. આખરે અલકાએ પૂછ્યું,

"નિહારિકા શું કહે છે? કદાચ એનો ને પ્રકાશનો કોઈ ઝઘડો..."

"એ તો ક્યાં કંઈ બોલે જ છે ? આ સમાચાર આવ્યા ત્યારે પણ એ કંઈ જ ન બોલી. ફક્ત શૂન્યમાં તાકતી બેઠી રહી."

"ગોળ-ધાણાના દિવસે એ લોકો ફરીને પાછા આવ્યા, ત્યારે તું પ્રકાશને મળ્યો હતો ?"

"ના. એ દિવસે તો એ નીચેથી જ જતો રહેલો."

"આ બરાબર ન થયું. પહેલા જ દિવસે જમાઈ દીકરીને રિક્ષામાં ઘરની નીચે ઉતારીને જતો રહે એ એક ચેતવણી હતી, તમે લોકો સમજ્યા નહીં. તરત નેહુલને દોડાવીને એને ઉપર બોલાવી લેવો'તો ને."

અલકાએ એ રાત્રે બનેલી ઘટનાનું વિશ્લેષણ કરતાં કહ્યું.

"નેહુલ તરત બારી પાસે ગયો હતો, પણ ત્યાં સુધીમાં પ્રકાશની રિક્ષા નીકળી ગઈ હતી."

"પછી એનો ફોન આવેલો ? કે તમે કરેલો ?"

"ના."

"શું કહેવું ભાઈ તને ? વિવેક પૂરતો એના ઘરે ફોન તો કરવો હતો. કહેવું હતું કે અમે તમારી રાહ જોઈને બેઠા હતા. નીચેથી જ પાછા વળી જવાનું કારણ એ પોતે કહેત." એક ઊંડો શ્વાસ લઈને અલકા ફરી બોલી, "ઠીક છે. હવે એમની ના આવી જ ગઈ છે, તો શું કરી શકાય ?"

માંડ માંડ કાંઠે આવેલું રમણનું વહાણ ફરી મઝધાર તરફ ઘસડાઈ રહ્યું હતું. હજી કેટલાં ઝંઝાવાતોનો સામનો એને કરવાનો હતો ? નિયતિએ એના ભાગ્યમાં શું લખ્યું હતું ?"

ooo

એક વરસ લંડન ભણીને આકાશ પાછો આવી ગયો અને સનતની ઓફિસમાં જોડાઈ ગયો. એક સાંજે એણે સનત પાસે પ્રસ્તાવ મૂક્યો,

"પપ્પા, મને લાગે છે કે આપણે તારાપુરમાં કેમિકલની ફેક્ટરી નાખવી જોઈએ."

"મનેય છેલ્લા બે-એક વર્ષથી એવું લાગતું હતું, પણ ત્યાં જાય કોણ ?" સનતે કહ્યું.

"જાય કોણ એટલે ? ઓફકોર્સ, હું વળી."

"તું ? તારાપુરમાં તને ફાવશે ?"

"કેમ નહીં ? તારાપુર કંઈ આફ્રિકાનાં જંગલોમાં નથી. મુંબઈથી ફક્ત ચાર-પાંચ કલાકને રસ્તે તો છે."

"એ બરાબર છે, પણ પછી ત્યાં તું એકલો રહીશ ?"

અત્યાર સુધી ચૂપચાપ બાપ-દીકરાની વાતો સાંભળી રહેલી અલકાએ હવે ચર્ચામાં ઝંપલાવ્યું,

"એકલો કેમ ? હવે એને પરણાવી દઈએ. પછી ભલે બંને જોડે જ તારાપુર

જાય.''

અલકાની આ ટિપ્પણી પર આકાશ અકળાઈ ગયો.

''મમ્મી, હું ફેક્ટરીની વાત કરું છું અને તે લગ્નની ચર્ચા માંડી.''

આકાશને અકળાયેલો જોઈ સનતે અલકાને ચૂપ રહેવાનો ઈશારો કર્યો અને કહ્યું,

''ના, ના. આ તો બે ઘડી મજાક. પણ જો તને કોન્ફિડન્સ આવતો હોય, તો મને જરાય વાંધો નથી.''

બસ, પછી તો જમીનની, કેમિકલ્સની, મશીનરીની, સરાકરી કાયદા અને ફાયદાની વાતોમાં રાતના બાર વાગી ગયા.

થોડા જ મહિનાઓમાં આકાશે તારાપુરની આખી ફેક્ટરી સેટ કરી લીધી. ફેક્ટરીની સાથે-સાથે તેમણે ત્યાં એક ફ્લેટ પણ ખરીદી લીધો. શરૂઆતના ત્રણ મહિના અલકા આકાશ સાથે તારાપુરમાં રહી. પછી સોમથી શુક્ર આકાશ તારાપુર રહેતો અને વીક-એન્ડ મમ્મી-પપ્પા સાથે ગાળતો. લંડનથી પરિનીના ફોન પણ નિયમિત આવતા.

ooo

બીજી તરફ રમણ અને એના પરિવારની હાલત બગડતી જતી હતી. ઘણી કોશિશો કરવા છતાં નિહારિકાનું સગપણ તૂટ્યાની વાતો ન્યાતમાં ફેલાઈ હતી. નિહારિકા માટે મૂરતિયો શોધવાના રમણ અને કોકિલાના પ્રયત્નો જારી હતા. પ્રકાશવાળા કિસ્સા પછી અલકાએ નિહારિકાના સગપણમાં સક્રિય રસ લેવાનું મૂકી દીધું હતું. જો કે નિહારિકાની ચિંતા એને થતી રહેતી.

ન્યાતમાં મૂરતિયા શોધવાનો મોહ રમણે છોડી દીધો હતો. એ એને છોડવો પડ્યો હતો. નાનકડી ન્યાતમાં છવ્વીસ વરસની નિહારિકાનું ઠેકાણું પડવું મુશ્કેલ હતું. પ્રકાશ ક્યાં એમની ન્યાતનો હતો. એ સગપણ તૂટ્યા પછી નિહારિકાની તબિયત વિશેની કાનાફૂસી લાગતા વળગતામાં શરૂ થઈ ગયેલી. બસ રમણને જ એનો અંદાજ નહોતો આવી રહ્યો. એ તો હજીય એવા જ ભ્રમમાં જીવતો હતો કે ન્યાતમાં એના કુટુંબની શાખ બહુ સારી હતી. નિહારિકા બીમાર છે એ વાત પણ એ સ્વીકારવા તૈયાર નહોતો.

અધૂરામાં પૂરું રમણની ઓફિસમાં વિવિધ ડિપાર્ટમેન્ટ્સમાં કમ્પ્યૂટર્સ લાગવાની શરૂઆત થઈ ચૂકી હતી. સહુને છ મહિનાની અંદર-અંદર કમ્પ્યૂટર શીખી લેવાની તાકીદ કરવામાં આવી હતી. રમણે એક-બે વાર કમ્પ્યૂટર શીખવવા બાબત નેહુલને પૂછ્યું હતું. પણ નેહુલે એની આ વાતને ગણકારી નહોતી. આમેય એમને ઘરે કમ્પ્યૂટર તો હતું નહીં. નેહુલ રમણને કમ્પ્યૂટર શીખવે તો પણ ક્યાં અને કઈ રીતે ?

રમણે ઓફિસના બીજા લોકો સાથે ક્લાસ બાબત વાતચીત કરી હતી. નોકરી સાથે કલાસ કરવા હોય તો કાં તો વહેલી સવારે અથવા તો મોડી સાંજે જવું પડે. કોકિલાનો સ્વભાવ જોતાં આ બાબતે ઘરમાં નવો ઝઘડો ઊભો થવાની પૂરેપૂરી શક્યતા હતી. અઠવાડિયામાં એક જ વાર રજાના દિવસે કલાસમાં જવું

પૂરતું નહોતું.

કમ્પ્યૂટર શીખવાનો મેળ પડતો નહોતો. અઠ્ઠાવનના થવા આવેલા રમણના રિટાયરમેન્ટનો સમય નજીક આવી રહ્યો હતો. જો એ કમ્પ્યૂટર ન શીખે તો બે વર્ષનું એક્સટેન્શન મળવાની શક્યતા નહિવત્ હતી. સાથે એનું શરીર પણ આરામ માંગી રહ્યું હતું. પહેલાં જેવી દોડધામ હવે એનાથી થતી નહોતી.

આ બધા કારણોસર રમણે રિટાયર થવાનું નક્કી કરી લીધું. નેહુલ ખાસ કમાતો ન હોવા છતાં રમણના પેન્શનની રકમ અને બાપુજીની દુકાનના ભાડાની આવક પર ઘર નભી શકે એમ હતું.

ooo

"આવો રમણભાઈ શું વાત છે ? સાવ નંખાઈ ગયેલા દેખાવ છો."

ડૉ. ચૌધરીએ કેબિનમાં પ્રવેશતા રમણને કહ્યું. એની ધીમી ચાલ, નિસ્તેજ ચહેરો અને આંખોની નીચેના ઘેરા કુંડાળા એની તબિયત બરાબર ન હોવાની ચાડી ખાતા હતા. એક નિઃશ્વાસ નાખી રમણ ડૉ. ચૌધરીની સામેની ખુરશી પર ગોઠવાયો.

"શું કરું સાહેબ ? અમારા જેવા નબળા લોકો પર મુશ્કેલીઓ ટાંપીને જ બેઠી હોય છે."

"કેમ એમ કહો છો ?"

"આ જુઓને સાહેબ, અમારી નિહારિકાનું કંઈ ઠેકાણું પડતું નથી. ને એની ચિંતામાં મારી રાતોની ઊંઘ હરામ થઈ ગઈ છે. છેલ્લી બે રાતો મેં ઉઘાડી આંખે વીતાવી છે. બસ જાત-જાતના વિચારોથી મગજ ઘેરાયેલું રહે છે. ઊંઘ આવે ક્યાંથી ?"

"આવો, અહીં સૂઈ જાઓ. હું ચેક-અપ કરી લઉં."

ડૉ. ચૌધરીએ પહેલાં સ્ટેથોસ્કોપથી રમણના ધબકારા માપ્યા, આંખો ચેક કરી અને પછી એનું બ્લ્ડ પ્રેશર માપ્યું. તપાસ પતી એટલે એમણે પૂછ્યું,

"તમે બ્લડપ્રેશર માટે કોઈ દવા લો છો ?"

"ના સાહેબ, મારા જેવા સુકલકડી માણસને વળી પ્રેશર કેવા ?"

"એવું નથી, રમણભાઈ. અમુક ઉંમર પછી બ્લડપ્રેશર વધે. ફક્ત વજન નહીં, ક્યારેક ચિંતાને કારણેય પ્રેશર થઈ આવે."

"તે સાહેબ, મારે પ્રેશર બહુ વધારે છે ?"

પૂછતાં રમણના કપાળ પર ચિંતાના સળ પડ્યા.

"બહુ વધારે તો નથી, પણ મને લાગે છે કે આ અઠવાડિયું રેગ્યુલર માપવું પડશે. તમે કહો છો એમ બે દિવસથી ઊંઘ ન આવવાને કારણે પણ હોઈ શકે. "

ડૉ. ચૌધરીએ રમણને ઊઠવાનો ઈશારો કરતાં કહ્યું. ડૉ. ચૌધરી પાછા વળીને પોતાની ખુરશી પર બેઠા અને પ્રિસ્ક્રિપ્શન લખવા લાગ્યા. રમણ મૂંઝવણભરી નજરે એમને જોતો રહ્યો. દવાઓ લખાઈ ગઈ એટલે કાગળ રમણના હાથમાં થમાવતાં એ બોલ્યા, "આ એક ઊંઘની ગોળી તમને લખી આપું છું. એકદમ માઇલ્ડ છે. આજે રાત્રે લઈ લેજો. પાછા કાલે સાંજે મને બતાવી જજો."

“ભલે ડૉક્ટર.” કહેતાં રમણ ઊઠ્યો અને ડૉક્ટરની ફી ચૂકવી બહાર આવ્યો.

ooo

બીજે દિવસે સાંજે ફરી રમણે ડૉ. ચૌધરીની મુલાકાત લીધી.

“ગઈકાલે ઊંઘ આવી ગઈ બરાબર ?”

ડૉ. ચૌધરીએ સ્મિત સાથે પૂછ્યું.

“હા સાહેબ, થોડી મોડી આવી. તોય સાતેક કલાક જેવું તો ઊંઘ્યો હોઈશ.”

“સરસ. એ તો ગોળીની અસર થતાં કલાક-દોઢ કલાક લાગે. આ ગોળી તમે સાચવીને મૂકી રાખજો. ક્યારેક અનિંદ્રા જેવું લાગે તો લઈ લેજો. પણ જુઓ, રોજ ન લેતા હોં. નહીંતર ટેવ પડી જશે. ચાલો હવે તમારું પ્રેશર માપી લઈએ.”

બ્લડ પ્રેશર માપ્યા પછી ડૉક્ટરના મુખ પરની હળવાશ હટી ગઈ. એમણે તરત રમણને કહ્યું,

“તમે નકામી ચિંતા કરો છો. બધું બરાબર થઈ જશે. આ રીતે જો તમારું પ્રેશર હાઈ રહ્યું, તો મારે ગોળી શરૂ કરવી પડશે. પછી એ કાયમ માટે ખાવી પડશે.”

“સાહેબ, તમને મારી પરિસ્થિતિ નહીં સમજાય. મોટી ઉંમરની દીકરી ઘરે બેઠી હોય અને ઉંમરલાયક દીકરો કમાતો ન હોય, એ બાપની હાલત કેવી હોય એ તો હું જ જાણું છું. આ પ્રશ્નો એવા નથી કે રાતોરાત સૂલઝી જાય.”

“સમય સમયનું કામ કરશે, રમણભાઈ.” કહેતા ડૉ. ચૌધરીએ હળવેથી રમણનો ખભો દબાવ્યો અને એમની બેઠક તરફ ચાલ્યા. રમણ ચેક-અપની પાટ પરથી ઊતરી ડૉ. ચૌધરીની સામે ગોઠવાયો અને બોલ્યો,

“આ સમય જ તો પસાર નથી થતો. સાંભળ્યું હતું કે સુખ પછી દુઃખ અને દુઃખ પછી પાછું સુખ આવે જ. પણ મારા દુઃખના દહાડા તો કોણ જાણે કેમ પૂરા જ નથી થતા, ચાલો સાહેબ રજા લઉં.”

કહેતો રમણ ઊભો થયો.

“કાલે ફરી આજ ટાઈમે આવજો. હજી બે-ત્રણ દિવસ પ્રેશર રેકોર્ડ કરીને પછી હું દવાનો નિર્ણય લઈશ.”

“ભલે સાહેબ.”

કહેતો રમણ ભાંગેલાં પગે ઘર તરફ વળ્યો.

ooo

“શં કહ્યું ડૉક્ટરે ?”

રમણે ઘરમાં પગ મૂક્યો, ત્યાં બારણામાં ઊભા-ઊભા જ કોકિલાએ પ્રશ્ન કર્યો.

“ડૉક્ટર કહે છે કે કદાચ બ્લડપ્રેશરની ગોળી શરૂ કરવી પડે. પ્રેશર થોડું વધારે છે.”

"અને ઊંઘની ગોળી ?"

"એ સાચવીને દવાના ડબ્બામાં મૂકી દે. રોજ નથી લેવાની. ક્યારેક લાગલગાટ બે દિવસ સુધી ઊંઘ ન આવે તો જ લઈ શકાય. નહીંતર એની ટેવ પડી જાય. અને જો એના પર ઊંઘની ટીકડી એવું સ્ટિકર મારી દેજે. વળી નામ ભૂલાઈ જાય તો ?" કહેતાં રમણે ખિસ્સામાંથી ઊંઘની ગોળીની સ્ટ્રીપ કાઢી કોકિલાના હાથમાં થમાવી.

"સારું."

કહેતી કોકિલા ગોળીની સ્ટ્રીપ ટીવીની ઉપરના શેલ્ફ પર મૂકી રસોડામાં ગઈ અને રમણ બેડરૂમ તરફ આગળ વધ્યો. હૉલમાં બેઠી-બેઠી બંનેની વાતચીત સાંભળતી નિહારિકાની આંખોમાં વિચિત્ર ચમકારો થયો.



પ્રકરણ 20

"નિહારિકા, એય નિહારિકા. ઊઠ બાર વાગવા આવ્યા."

દસેક દિવસ પછીની એક સવારે કોકિલાએ નિહારિકાને ઢંઢોળી.

"ખબર નહીં કેવી ઊંઘ ચડી ગઇ છે આજે આને !"

એમ બબડતી-બબડતી કોકિલા ફરી રસોડામાં ગઈ. કોકિલાની બૂમ સાંભળીને રમણ પથારીમાંથી ઊભો થયો અને એણે રસોડામાં ડોકિયું કર્યું.

"કેમ બૂમો પાડે છે ? નથી ઊઠતી પેલી ?"

"હા, જુઓને, મારી બૂમો તમને છેક તમારા રૂમ સુધી સંભળાઈ, પણ એનું રુંવાડુંય ફરકે છે ! કેટલી ઢંઢોળી તોય હલતી સુધ્ધાં નથી. આ છોકરી આટલું તો ક્યારેય નથી ઊંઘતી."

કોકિલાના છેલ્લાં વાક્યથી રમણ ચોંક્યો. કોકિલાની વાત તો બરાબર હતી. રમણ રોજ રાત્રે દસ વાગ્યે પથારીમાં પડતો. થોડું વાંચીને પછી ઊંઘી જતો. બે-એઢી વાગ્યા સુધીમાં નિહારિકા અને કોકિલા પણ ઊંઘી જતા. નાઇટ શિફ્ટ પતાવીને સવારે લગભગ આઠેક વાગ્યા સુધીમાં નેહુલ આવી જતો. નહાઈ-ધોઈને એ પથારીમાં લંબાવે ત્યાં સુધીમાં રમણનો ચા-નાસ્તો અને છાપું વાંચવાનો કાર્યક્રમ પતી જતો. એ પછી રમણે તૈયાર થવાનું રહેતું.

રોજ સવારે દસેક વાગ્યે જાગતી નિહારિકા માટે રમણે બાથરૂમ ફ્રી રાખવું પડતું. નિહારિકા ચા પીને નહાવા જાય પછી ક્યારેક કલાક તો ક્યારેક બે કલાક સુધી બાથરૂમમાં ભરાઇ રહેતી. દર પંદર-વીસ મિનિટે કોકિલા એનું બારણું ખખડાવતી.

"નિહારિકા, હજી કેટલી વાર છે ? જલ્દી કર. મારે વોશિંગ મશીન ચાલુ કરવું છે."

રોજિંદો આ ઘટનાક્રમ રમણના મગજમાં સડસડાટ દોડી ગયો. એને ખ્યાલ આવ્યો કે આજે કોકિલાનો બાથરૂમનો દરવાજો ઠોકવાનો અને નિહારિકાને ઉતાવળ કરાવતો અવાજ નહોતો આવ્યો. એને કંઈક અજુગતું બન્યું હોવાની શંકા પડી. ફટાફટ હૉલમાં જઈને એણે નિહારિકાને ઢંઢોળી.

"એય નિહારિકા, ઊઠ તો હવે."

રમણના જરાક અમથા અવાજથી ચિડાઈ જતી નિહારિકા એની આવડી મોટી બૂમથીયે ન સળવળી. રમણે નિહારિકાના ખભાને સહેજ ધક્કો મારી એને ઉઠાડવાનો વધુ એક પ્રયત્ન કર્યો. પણ નિહારિકા ન ઊઠી તે ન જ ઊઠી. હવે રમણના પેટમાં ફાળ પડી. એણે તરત આજુબાજુ નજર દોડાવી. બધું જેમનું તેમ હતું. અચાનક એની નજર નિહારિકાની સેટીની બાજુના ટેબલ પર પડી. ત્યાં ગોળીઓની એક ખાલી સ્ટ્રીપ પડી હતી. રમણે ઝડપથી જઈને એ સ્ટ્રીપ ઉઠાવી. એના પર ચોડેલું સ્ટિકર અને એના શબ્દો "ઊંઘની ટીકડી" રમણની આંખોમાં ભોંકાયા. શું બન્યું હોઈ શકે એનો ખ્યાલ રમણને ક્ષણ ભરમાં આવી ગયો.

"હે ભગવાન !" કહેતો રમણ માથે હાથ દઈને સોફા પર ફસડાઈ પડ્યો.

રમણને આમ માથે હાથ દઈને બેઠેલો જોઈને કોકિલાને અંદેશો આવી ગયો કે જરૂર કંઈક ન બનવાનું બની ગયું છે. એણે રમણની બાજુમાં જઈ એને જોરથી

ઢંઢોળતા રાડ પાડી, "શું થયું ?"

"તારું કપાળ ! આ છોકરી મને હજી કેવા દહાડા દેખાડશે, એ તો ભગવાન જ જાણે."

"એને પછી ભાંડજો પહેલાં કહો તો ખરા કે થયું શું ?"

"આ નિહારિકા મારી ઊંઘની ટીકડીઓ ગળી ગઈ છે."

"શું ?"

રમણ જે બોલ્યો એ સમજાતું ન હોય એમ કોકિલા એના મોં સામે બાઘાની જેમ તાકી રહી.

"શું, શું નહીં કર. પેલા નેહુલને જગાડ. હું ડૉક્ટરને ફોન કરું છું ! આમાં તો પોલીસ કેસ થઈ જાય. મારે આજ જોવાનું બાકી હતું."

કહેતો રમણ ઊભો થયો અને એણે ડૉ. ચૌધરીને ફોન લગાડ્યો. કોકિલા નેહુલને ઉઠાડવા ગઈ. પંદર મિનિટમાં ડૉ. ચૌધરી આવી ગયા. એમણે રમણ પાસેથી ઊંઘની ગોળીની ખાલી સ્ટ્રીપ લીધી. એ દસ ગોળીની સ્ટ્રીપ હતી. એમણે તરત રમણને પૂછ્યું,

"આમાંથી પહેલાં તમે કેટલી ગોળીઓ લીધી હતી ?"

"બે."

"એનો મતલબ કે નિહારિકા આઠ ગોળી ગળી ગઈ છે."

આટલું બોલીને એમણે પોતાની બૅગ ખોલીને સ્ટેથોસ્કોપ બહાર કાઢ્યું. એમણે પહેલાં નિહારિકાના ધબકારા માપ્યા અને પછી બ્લડપ્રેશર ચેક કર્યું. બંને નૉર્મલ હતા. એમણે નિહારિકાને તરત એક ઇંજેક્શન આપી દીધું. પછી રમણ અને કોકિલા તરફ ફરીને બોલ્યા,

"જુઓ, ગોળીઓ માઇલ્ડ હતી અને આઠ જ ગોળી ખાધી છે, એટલે બહુ વાંધો નહીં આવે. વીસ-પચ્ચીસ ગોળીઓ ગળી ગઈ હોત, તો જીવનું જોખમ થઈ જાત. પણ એના હાથમાં ગોળીઓ આવી કઈ રીતે ?"

"મને શી ખબર, સાહેબ ? મેં તો ઘરના ગોળીઓના ડબ્બામાં આ દવા રાખી હતી. એ ડબ્બો હૉલના કબાટમાં જ મૂકેલો હોય છે. કદાચ રાત્રે એણે લઈ લીધી હોય."

"પણ એને ગોળીઓ લેવાની જરૂર કેમ પડી ?"

"એ તો સાહેબ નિહારિકાને પણ ઊંઘનો પ્રૉબ્લેમ છે. રાત્રે બે-અઢી વાગ્યા સુધી એને ઊંઘ જ નથી આવતી. કદાચ શાંતિથી ઊંઘવા માટે એણે પેલી ગોળીઓ લઈ લીધી હોય."

"એવું હોય તો માણસ એક-બે ગોળી લે. આમ આઠ ગોળી એક સાથે !"

કોકિલા કંઈક કહેવા જતી હતી, ત્યારે જ રમણે ડૉક્ટરનો ખભો દાબ્યો અને એમને બાજુ પર બોલાવ્યા. ફુસફુસાતા સ્વરે એ બોલ્યો,

"સાહેબ, છેલ્લા ઘણા મહિનાઓથી નિહારિકાની માનસિક સ્થિતિ ડામાડોળ છે. એની સગાઈ તૂટવાનો એને બહુ ઊંડો આઘાત લાગ્યો છે. રાતોની રાતો એ સૂતી નથી અને એની ચિંતામાં મારી ઊંઘ પણ હરામ થઈ ગઈ છે."

ડૉ. ચૌધરીએ કંઈક ગુસ્સાભરી નજરોથી રમણ સામે જોયું અને કહ્યું,

"આ વાત તમે મને કરી નથી !"

"શું કરું સાહેબ ! આ મારી બૈરી માનતી જ નથી. બસ ભૂત-પ્રેતનો વળગાડ હોવાનું પૂછડું એણે પકડી રાખ્યું છે. મેં કેટલીયે વાર એને કહ્યું કે ડૉક્ટરને બતાવીએ. પણ માને એ બીજા. એકદમ જક્કી બૈરું છે. પોતાનું ધાર્યું જ કરશે."

રમણની વાત પૂરી થઈ એટલે ડૉક્ટર બોલ્યા,

"જુઓ રમણભાઈ, આમ તો આ આત્મહત્યાનો પ્રયાસ લેખાય. પોલીસ કેસ બને. પણ વર્ષોથી હું તમારો ફેમિલી ડૉક્ટર છું અને ગોળીઓનો ડોઝ એટલો હેવી નથી, એટલે કશું કરતો નથી. હજી ચોવીસ કલાક સુધી નિહારિકા ઊંઘતી રહેશે. રાત્રે ઘરે જતા પહેલા ફરી એક વાર અહીં આવીને હું એને ચેક કરી જઈશ. પણ એક વાત તમને કહી દઉં. તમારે આ વાતને ગંભીરતાથી લેવાની જરૂર છે."

"બધુંય સમજું છું, સાહેબ, પણ મજબૂર છું. ઘરના બધા મનફાવે તેમ વર્તે છે. હું રિટાયર્ડ થયેલો વૃદ્ધ માણસ કેટલે પહોચું !" રમણે બે હાથ જોડીને વિનવણી કરતાં કહ્યું.

"ડૉક્ટર તરીકેની મારી સલાહ છે કે તમે વહેલી તકે નિહારિકાની સારવાર કરાવો. એને કાઉન્સેલરની જરૂર છે. જો આવું ને આવું રહેશે, તો ક્યારેક કોઈક ગંભીર બનાવ બની જશે."

"ભલે સાહેબ. આ નિહારિકા આમાંથી ઊભી થઈ જાય, ત્યારે તમે જ કોઈ કાઉન્સેલરનું નામ આપજો. અમે જઈ આવીશું."

એક ઊંડો શ્વાસ લઈને નિરાશામાં માથું ધુણાવતાં ડૉક્ટર સેટી પાસે આવ્યા અને એમની બૅગ ઉપાડીને બારણા તરફ આગળ વધ્યા. રમણે નેહુલને ડૉક્ટરની બૅગ લઈ લેવા ઈશારો કર્યો. નેહુલે ડૉક્ટરના હાથમાંથી એમની બૅગ લઈ લીધી અને એમને ગાડી સુધી વળાવી આવ્યો.

"આજે તો બચી ગયા, પણ જો આમને આમ ચાલતું રહેશે, તો આ છોકરી કદીક મારા કપાળે કાળી ટીલડી ચોડશે. સાંભળ્યું ને તેં, ડૉક્ટરે શું કહ્યું એ ?"

રમણે ઉગ્ર સ્વરે બળાપો કાઢી કોકિલા તરફ ગુસ્સા ભરી નજર માંડી.

"હશે હવે. હમણાં તો બધું બરાબર છે ને, જાવ તમે જઈને આરામ કરો. નહીંતર પાછા પ્રેશર વધી જશે."

"કોણ જાણે આ બાઈને ક્યારે અક્કલ આવશે ?"

એમ બબડતો-બબડતો રમણ બેડરૂમમાં જતો રહ્યો. કોકિલાએ નિહારિકાની ચાદર સરખી કરી. અચાનક કંઈક યાદ આવ્યું હોય એમ રમણ તરત પાછો આવ્યો અને ફોન પાસે ગયો. રમણનો ઈરાદો પારખી ગઈ હોય એમ કોકિલાએ શંકા સાથે પ્રશ્ન કર્યો,

"કોને ફોન કરો છો ?"

"અલકાને. એને જરા જણાવી દઉં. બિચારી નિહારિકાની બહુ ફિકર કરતી હોય છે."

"ખબરદાર છે જો એમને ફોન કર્યો છે તો. કહું છું મૂકી દો ફોન નીચે."

અચાનક કાલીમાતા શરીરમાં પ્રવેશી હોય એમ કોકિલાએ જોરથી બરાડો પાડ્યો. હેબતાયેલા રમણે હાથમાનું રિસીવર ક્રેડલ પર પાછું મૂકી દીધું. જોકે હજી

એનો હાથ રિસીવર પર જ હતો. કંઈ સમજાતું ન હોય એમ ધીમા સાદે એના મોંએથી આટલા જ શબ્દો સર્યા, "પણ કેમ ?"

"શું કેમ ? આપણી ઈજ્જતના ગામમાં ધજાગરા કરવા છે કે શું ?"

"પણ અલકા તો ઘરની છે. મારી સગી બેન છે."

"સગી બેન છે, પણ વિમળાફોઈની ચમચી છે. અહીંની બધી વાત ત્યાં કરે છે. તમે એને કહેશો, એ વિમળાફોઈને ફોન કરશે અને ફોઈ એમની વહુ અવંતિકાને. બસ, પછી તો આખા બોરીવલીમાં ઢંઢેરો પીટાયો જ સમજો. નિહારિકાનું સગપણ તૂટ્યું પછી લોકો વાતો કરી જ રહ્યા છે. આ વાત બહાર પડે તો મારે કોઈને મોં દેખાડવા જેવું નહીં રહે."

"તું ધારે છે એવું નથી."

રમણ હજીયે ત્યાં ઊભો ઊભો કોકિલાને મનાવવાના પ્રયાસ કરી રહ્યો હતો. પણ કોકિલા મચક નહોતી આપતી.

"તમારે તમારી જે વાત એમને કરવી હોય એ કરજો. મારી કે મારી દીકરીની કોઈ પણ વાત જો એમને કરી છે, તો મારા જેવી ભૂંડી કોઈ નહીં હોય."

આખરે રમણે હથિયાર હેઠા મૂકતો હોય એમ રિસીવર પરથી હાથ ઉપાડી લીધો અને ધમધમ ચાલતા બેડરૂમમાં જઈને બારણું પછાડી દીધું. બેડરૂમનું બારણું બંધ થતાં પહેલાં કોકિલાને કાને રમણના શબ્દો અથડાયા.

"તમે જાણો ને તમારા કામ. ખબર નહીં હું શું કામ આ ઘરમાં રહું છું !"

એ જ વખતે નેહુલે ઘરમાં પ્રવેશ કર્યો.

૦૦૦

રાત્રે ડૉક્ટર ફરી એક વાર નિહારિકાને તપાસી ગયા. હજી સુધી એ ઘસઘસાટ ઊંઘતી હતી. બાકી બધું નોર્મલ હતું. બીજે દિવસે સવારે દસ વાગ્યે ફરી આવવાનું કહીને ડૉક્ટર ગયા.

બીજે દિવસે સવારે ડૉક્ટર આવ્યા, ત્યારે નિહારિકા જાગી ગઈ હતી. સેટી પર બેસીને ચા પી રહેલી નિહારિકા ઘણી નબળી દેખાતી હતી. આંખો પર ઘેનનો ભાર વર્તાતો હતો. એના હાથમાંનો ચાનો કપ સહેજ ધ્રુજતો હતો. ઠંડી લાગતી હોય એમ ચાદર ઓઢીને, તકિયે અઢેલીને એ સેટી પર ઊભા પગ ગોઠવીને બેઠી હતી. ડૉક્ટરને જોઈને એણે મ્લાન સ્મિત કર્યું. ડૉક્ટરે હૂંફાળા સ્મિતસહ એની ખબર પૂછી,

"હવે કેમ લાગે છે દીકરા ?"

"હું તો બરાબર છું. મને શું થયું છે ?"

ધીમા કંપતાં સ્વરે નિહારિકાએ ઉત્તર આપ્યો. નિહારિકાનું ડાબુ કાંડું હાથમાં લઈ એની પલ્સ ગણતા ડૉક્ટર એમની કાંડા ઘડિયાળમાં તાકી રહ્યા. બે મિનિટ પછી એમણે વાત્સલ્યભર્યા સ્વરે નિહારિકાને પૂછ્યું,

"તે રાત્રે પેલી ગોળીઓ કેમ ખાધી હતી ? એ તારી દવા તો નહોતી."

કંઈ સમજાતું ન હોય એવી મૂંઝવણ નિહારિકાના ચહેરા પર ફરી વળી. એણે પ્રશ્નાર્થભરી નજરોથી ડૉક્ટર સામે જોયું. જાણે પૂછતી હોય કે કઈ દવા. ડૉક્ટરે ફરી

એક વાર ભારપૂર્વક પૂછ્યું,

"તારા પપ્પાની ઊંઘની ગોળીઓ તેં કેમ લીધી હતી ?"

હવે યાદ આવ્યું હોય એમ નિહારિકાએ ભોળપણથી કહ્યું,

"એ તો મને ઊંઘ નહોતી આવતી ને, એટલે."

"પણ ઊંઘ ન આવતી હોય તો એક ગોળી લેવાય. તેં આટલી બધી ગોળીઓ કેમ લીધી ?"

ડૉ. ચૌધરીએ જરા પણ ધીરજ ગુમાવ્યા વગર શાંત સ્વરે પ્રશ્નોત્તરી ચાલુ રાખી.

"ડૉક્ટર અંકલ, એમાં થયું એવું ને કે મેં પપ્પાને થોડા દિવસ પહેલા કહેતા સાંભળેલા કે આજે ગોળી લીધા પછી સારી ઊંઘ આવી. પછી મેં એમની દવાની સ્ટ્રીપ જોઇ તો એમાં બે ગોળી ઓછી હતી. મને એમ કે બે ગોળીઓ લેવાની હશે, એટલે મેં બે ગોળીઓ ખાધી."

"ઓકે. પણ દવાની સ્ટ્રીપ તો આખી ખાલી હતી."

ડૉ. ચૌધરી ધીમે-ધીમે મૂળ હકીકત તરફ આગળ વધી રહ્યા હતા. વળી પાછી નિહારિકા વિચારે ચઢી.

થોડી વાર પછી કંઈક યાદ કરતાં-કરતાં બોલતી હોય એમ એ બારી સામે તાકતી બોલી,

"પેલી બે ગોળીઓ ખાધા પછીય અડધો કલાક સુધી મને ઊંઘ ન આવી. એટલે મેં બીજી બે ગોળીઓ ખાધી. એ પછી અડધો કલાક પછી આંખ ઘેરાવા લાગી, પણ ઊંઘ ચઢતી નહોતી. એટલે મને થયું કે સારી અને લાંબી ઊંઘ ખેંચવી હોય, તો વધારે ગોળીઓ લેવી જોઇએ. ચાર ગોળીથી કંઈ ન થયું, એટલે હું બાકીની ચારે-ચાર ગોળીઓ ખાઇ ગઈ."

આ સાંભળીને ડૉક્ટરે બાજુમાં ઊભા-ઊભા એમની વાતચીત સાંભળી રહેલા રમણ અને કોકિલા સામે સૂચક નજરે જોયું. રમણ વિચારમાં પડેલો હતો અને કોકિલા તદ્દન નિર્લેપ ભાવે ઊભી હતી. વળી પાછું નિહારિકા સામું જોઈને ડૉક્ટરે પૂછ્યું,

"આ ગોળીઓ તને કોઈએ આપી હતી કે તે જાતે લીધી હતી ?"

"મેં જાતે જ લીધી'તી. પપ્પા તો દસ વાગ્યે જ ઊંઘવા જતા રહે છે. નેહુલ રાત્રે ઘરમાં હોતો નથી. મમ્મી પણ દોઢેક વાગે ઊંઘી ગયેલી. એક હું જ પડખા ઘસતી પથારીમાં પડી હતી."

"ઠીક છે, બેટા. પણ ફરી આવું ન કરીશ. જો, દરેક દવાનો એક ડોઝ હોય છે. એનાથી વધુ લેવાય તો નુકસાન થાય. તને ખબર છે તું કેટલું ઊંઘી ?"

"એક રાત."

નિહારિકાએ એ જ ભોળપણ સાથે જવાબ આપ્યો.

"ના, તું ત્રીસ કલાક જેટલું ઊંઘી છે. જો આજે તું ન ઊઠી હોત, તો મારે તને હોસ્પિટલમાં ખસેડવી પડત. જવું છે તારે હોસ્પિટલમાં ?"

"ના ભાઇ ના." જાણે હમણાં જ એને હોસ્પિટલ લઈ જવાના હોય, એમ હાથ-પગ ચાદરમાં સંકોરીને, દીવાલ સરસી ચંપાઇને નિહારિકા બેસી ગઈ. "મારે

નથી જવું હોસ્પિટલ."

કંઈક અકળામણમાં ડોકું હલાવતા, ગુસ્સા અને ભય મિશ્રિત નજરે નિહારિકાએ રમણ અને કોકિલા સામે જોયું. કોકિલાએ તરત આગળ આવીને એના માથે હાથ ફેરવતા કહ્યું,

"તને કોઈ ક્યાંય નહીં લઈ જાય બેટા."

ડૉ. ચૌધરી ઊભા થયા અને બૅગ લઈને દરવાજા તરફ આગળ વધ્યા. એમણે રમણને જોડે આવવા ઇશારો કર્યો. ઘરની બહાર નીકળીને પેસેજમાં એક તરફ ઊભા રહીને એમણે રમણને કહ્યું,

"જુઓ, આ વખતે તો મિસઅન્ડરસ્ટેન્ડિંગ જેવું લાગે છે. પણ હવે તમારે નિહારિકાનું ખાસ ધ્યાન રાખવું પડશે. જો આ આત્મહત્યાની કોશિશ હશે, તો એ ફરી વાર આવો કોઈ પ્રયાસ કરી શકે છે. તમે સાવચેત રહેજો. આજે સાંજે મારા ક્લિનિક પર આવીને કાઉન્સેલરનો નંબર લઈ જજો. હું એપોઇન્ટમેન્ટ ગોઠવી આપીશ."

આટલું કહીને ડૉક્ટર દાદરો ઊતરવા માંડ્યા.

"થેંક યુ. ડૉક્ટર."

રમણે જતાં ડૉક્ટરની પીઠ પાછળ એમને સંભળાય એમ સહેજ ઊંચા સ્વરે કહ્યું. જવાબમાં ફક્ત હાથ ઊંચો કરીને ડૉક્ટર ઝડપથી સીડી ઊતરી ગયા.

સાંજે રમણ ડૉક્ટરના ક્લિનિક પર જઈને એમની ફી ચૂકવી આવ્યો. ડૉક્ટરે પછીના અઠવાડિયાની કાઉન્સેલરની મુલાકાત ગોઠવી આપી. આટલું થયા પછી પણ કોકિલાએ નિહારિકાને કાઉન્સેલર પાસે લઈ જવા માટે ધરાર ઇન્કાર કરી દીધો.



પ્રકરણ 21

પછીના વરસે એક સરસ છોકરી જોઇને આકાશના લગ્ન ગોઠવાયા. આકાશના લગ્નમાં ભાગ લેવા પરિની સપરિવાર પધારી. લગ્નના બધા પ્રસંગો રંગેચંગે ઉજવાઈ ગયા. આ બધા પ્રસંગો દરમ્યાન સર્વે સગાં-સંબંધીઓએ નોંધ્યું કે નિહારિકા એકેય પ્રસંગમાં હાજર નહોતી રહી. બધાની પૂછપરછનો રમણ, કોકિલા અને નેહુલ એક જ ગોખેલો જવાબ આપતા કે નિહારિકાને ફ્લૂ થઈ ગયો હતો. ઠંડી ચડતી હતી અને ખૂબ જ નબળાઈ આવી ગઈ હતી. એટલે એ ઘરે આરામ કરતી હતી.

અલકાને મનોમન પોતાની ભત્રીજી માટે ખૂબ લાગી આવ્યું. આટલા દિવસોમાં એ કશું નહોતી બોલી. પણ લગ્ન પત્યા બાદ રજા લેવા આવેલા ભાઈ-ભાભીને એનાથી કહ્યા વગર ન રહેવાયું,

‘‘નિહારિકાને અમે બધાએ બહુ મિસ કરી. થોડી વાર માટે જો ફક્ત રિસેપ્શનમાંય આવી હોત, તો આનંદ થાત.’’

કોકિલા પાસે અલકાના આ વસવસાનો જવાબ હાજર જ હતો.

‘‘અલકાબેન, એની તબિયત વિશે તમે જાણો જ છો. આટલા બધાની વચ્ચે ક્યાંક એનું ફટકે તો પછી હસવામાંથી ખસવું થઈ જાય. એ ઘરે રહે એ જ સારું છે. એણે ખાસ કહ્યું છે કે લગ્નની સીડી આવે ત્યારે એને જોવા માટે મોકલજો. એ જોઈને એને લાગશે કે એ પણ લગ્નમાં હાજર હતી.

લગ્ન પતાવીને રાત્રે બાર વાગ્યે રમણ, કોકિલા અને નેહુલ ઘરે પહોંચ્યાં, ત્યારે નિહારિકા જાગતી જ બેઠી હતી.

‘‘કેવા હતા આકાશના લગ્ન ?’’

ઘરમાં દાખલ થતી કોકિલાને ધારધાર નજરોથી તાકતાં નિહારિકાએ સવાલ કર્યો.

‘‘સરસ હતા. બહુ મજા આવી. કેટલાં લોકો મળ્યાં !’’

નિહારિકાની નજરોથી અજાણ કોકિલાએ નીચું જોઈ ચંપલ ઉતારતાં હસતાં-હસતાં કહ્યું. જોકે નેહુલે નિહારિકાની નજર અને અવાજમાં દબાયેલો ગુસ્સો પારખી લીધો હતો. એ ફટાફટ શૂઝ ઉતારીને રૂમ તરફ જવા ગયો, ત્યાં જ નિહારિકાએ એને અટકાવ્યો.

‘‘જમવાનું કેવું હતું નેહુલ ?‘‘

‘‘સરસ.’’

કહેતો’ક એ અંદરના રૂમમાં દોડી ગયો.

‘‘થાકી ગયા આજે તો !’’

કહેતો રમણ પંખો ફાસ્ટ કરી નિહારિકાની સેટીની સામેના સોફામાં ગોઠવાયો અને બૂમ મારી.

"નેહુલ, થોડું પાણી આપજે."

રૂમમાં કોટ ઉતારીને આવેલો નેહુલ રમણને પાણીનો ગ્લાસ આપી, એની બાજુમાં પંખા નીચે ગોઠવાયો. કોકિલા કપડાં બદલવા રૂમમાં ગઈ.

''તમારે તો સારું રોજ-રોજ નવા કપડાં પહેરીને બહાર જવાનું, મસ્ત-મસ્ત જમવાનું.''

આંખો ફાડીને જમીન તરફ તાકતી નિહારિકાનો કટાક્ષ ભર્યો બબડાટ સાંભળી નેહુલનો પિત્તો ગયો. એણે તરત સામું ચોપડાવ્યું,

''તે તું ય આવને. તને કોણ ના પાડે છે ? ફોઈએ તનેય આમંત્રણ આપ્યું હતું.''

નેહુલના આ શબ્દોથી નિહારિકાની આંખો ફરી ગઇ. એ જોરથી ચિલ્લાઇ,

''લઈ જઈશ તું મને ? આવા વેશમાં ? વાત કરો છો તમે બધાં. મને ઘરમાં પૂરીને ગયા. મને સમજ નથી પડતી કે શું ? અને નવાં કપડાં ? બધાએ નવાં કપડાં કરાવ્યાં, મારી માટે કંઈ નહીં. આ સામે બેઠો છે ને એ મારો કંજૂસ બાપ છે. મારી માટે એની પાસે કંઈ નથી.''

જોર-જોરથી શ્વાસ લેતી નિહારિકા અટકી ત્યારે રમણે સમજાવટના સૂરમાં કહ્યું,

''તારી માટે પણ નવાં કપડાં લઈશું બસ. જરા તારી તબિયત તો સારી થઇ જાય. તું બહાર હરવા-ફરવા માંડે એટલે તારી માટે પણ બધું જ લઈશું.''

''તમે લેશો મારે માટે ? ત્રેવડ છે તમારી ? આપ્યું છે શું તમે અમને જીવનમાં ? અને આ બીજો નક્કામો. ખબર છે મને, મારી પીઠ પાછળ મારી મજાક ઉડાવતો હોય છે. બધી ખબર છે મને. એના દોસ્તારોને એમ જ કહેતો હશે કે મારી બેન તો ગાંડી છે.''

બૂમાબૂમ સાંભળીને દોડતી બહાર આવેલી કોકિલાએ નિહારિકાને શાંત કરવાનો પ્રયાસ કરતાં કહ્યું,

''તું મગજ શાંત રાખ. કોઈ તને કંઈ કહેતું નથી. આજે ય બધાં તને કેટલું યાદ કરતા હતા !''

''બસ એક મમ્મી જ મને સમજી શકે છે, બાકી કોઈ નહીં.''

કહેતી નિહારિકા અચાનક ધ્રૂસકે ધ્રૂસકે રડવા માંડી. આ તમાશો જોઈ કંટાળ્યા હોય એમ રમણ અને નેહુલ ઊભા થઈને રૂમમાં ગયા.

ooo

આકાશ અને અંકિતા લગ્ન પછી તરત હનીમૂન પર ઊપડી ગયા. પરિની અને અજયનું એક મહિનાનું વેકેશન પણ પાણીની જેમ પસાર થઈ ગયું. લંડન પાછા જવા આડે અઠવાડિયું બાકી રહ્યું ત્યારે પરિનીએ અલકાને ફોન જોડ્યો.

''મમ્મી, આવતા શનિવારે પાછા જવાનું છે. ખબર નહીં ફરીને ક્યારે અવાય. બાકી બધાં સગા તો લગ્નમાં મળી ગયા, એક નિહારિકા જ રહી ગઈ. આમેય હું વર્ષોથી મામાના ઘેર નથી ગઇ. તને ટાઇમ હોય તો આજે જઇએ.''

''ભલે. અજય અને જિયા પણ આવશે ?''

''જિયાને જોડે નથી લેવી. નકામી મને હેરાન કર્યા કરશે. અહીં ભાભી સાથે હળી ગઈ છે. એટલે થોડી વાર એમની જોડે બેસશે. અજયને પૂછી જોઈશ.''

''કેટલા વાગ્યે જવું છે ?''

‘‘પાંચ વાગ્યે ?’’

‘‘વારુ, આમેય ભાઈ તો ઘરે જ હોય છે. છતાંયે એને ફોન કરીને કહી દઉં છું.’’

‘‘ઓકે. હું તને ચાર વાગ્યે પીક-અપ કરીશ. બાય.’’

લગભગ પોણા-પાંચ વાગ્યે બધા રમણના ઘરે ભેગા થયા. પ્રાથમિક વાતચીત પછી પરિનીએ સીધું નિહારિકાને જ પૂછ્યું,

‘‘તું કેમ આકાશના લગ્નમાં ન આવી ? મારી મહેંદી વખતે તો તે કેવો સરસ ડાન્સ કરેલો. હવે તને શું થઈ ગયું ?’’

‘‘મારી તબિયત સારી નથી ને !’’

નિમાણું મોં કરીને અજય અને પરિની સામે જોઈ નિહારિકાએ કહ્યું.

‘‘શું થયું છે તને ? બરાબર તો છે. તાવ હતો. તો ક્રોસિન ખાઈને આવવું’તું. ચાર કલાક તો આમ નીકળી જાય.’’

અજયે ચપટી વગાડી સહેજ પાનો ચડાવતા કહ્યું. એને રમણના ઘર અને નિહારિકાની પરિસ્થિતિ વિશે આછો-આછો ખ્યાલ હતો. થોડો ઉત્સાહ વધારવા જ એણે આવી વાત કરી.

‘‘ના, ના. પછી લગ્નમાં તો બહુ બધા લોકો હોય. જુઓને જીજાજી, મારી સ્કિન પણ કેટલી ખરાબ થઈ ગઈ છે. સાવ કાળી અને ખરબચડી. બધાં મને જુએ અને મારા વિશે ગમે તેવી વાતો કરે એ મને ન ગમે.’’

‘‘અરે ! એટલા માટે તો મેક-અપ હોય છે ! તને શું એમ લાગે છે કે લગ્નમાં આવનારા બધાની સ્કિન શ્રીદેવી જેવી હોય છે ?’’

‘‘ના, ના.’’ કહેતી નિહારિકા સહેજ હસી અને ફરી ગંભીર થઈ જતાં બોલી,

‘‘મને આટલો બધો અવાજ પણ પસંદ નથી. બેંડવાજા, લોકોની વાતો, છોકરાઓની બૂમાબૂમ અને ધમાચકડી– આ બધાથી મને અકળામણ થાય છે.’’

નિહારિકાની વાત સાંભળી અજયે પરિની સામે સૂચક નજરે જોયું. બંને સમજતાં હતાં કે આ બધા ડિપ્રેશનનાં લક્ષણો હતાં.

આટલી વારથી ચૂપચાપ બધાને સાંભળી રહેલી અલકાએ રમણને ઉદ્દેશીને કહ્યું,

‘‘ભાઈ, મને લાગે છે કે ફરી એક વાર આપણે ડૉ. મોટાણીને મળવું જોઈએ. નિહારિકાનેય એ ડૉક્ટર ગમતાં હતા. ખરુંને નિહારિકા ?’’

નિહારિકા કંઈ જવાબ આપે એ પહેલાં જ કોકિલા બોલી,

‘‘ના, ના. એમની દવાઓની નિહારિકાને કોઈ જરૂર નથી. હવે બધું બરાબર છે. તમને લોકોને નિહારિકાનો પ્રોબ્લેમ સમજાતો જ નથી. આ દવાથી સારો થનારો પ્રોબ્લેમ નથી.’’

કોકિલાનો આવો જવાબ સાંભળી અલકાએ ગુસ્સાભરી નજરોથી રમણ સામે જોયું. રમણે કંઈ જ બોલ્યા વગર આંખોથી જ પોતાની લાચારી દર્શાવી. નેહુલ આ બધાથી જાણે અલિપ્ત હોય એમ ચૂપચાપ એક બાજુ બેઠો-બેઠો બધાના મોં સામે તાકતો બેઠો હતો.

અજયને કોકિલાના છેલ્લા શબ્દો ન સમજાયા. એણે પ્રશ્નાર્થભરી નજરે

પરિની સામે જોયું. જવાબમાં પરિનીએ પછી સમજાવીશ એવો ઇશારો કરી દીધો.

નાસ્તો-પાણી પતાવીને ત્રણેયે વિદાય લીધી. રમણે આગ્રહ કરીને પરિનીના હાથમાં જિયાના ઝભલા માટે પાંચસો-એકનું કવર પકડાવ્યું.

ના-ના કરતી પરિનીએ મમ્મી સામે જોયું. અલકાએ કોઇ વિરોધ ન કર્યો, તેથી ચૂપચાપ એણે કવર પર્સમાં મૂકી દીધું. જતાં-જતાં અજય અને પરિનીએ બધાંયને લંડન ફરવા આવવાનો આગ્રહ કર્યો.

''કોને ખબર, લંડન તો ક્યારે અવાશે ! અહિંયા અમદાવાદ જવું હોય તો ય સો વાર વિચાર કરવો પડે છે.''

પરિસ્થિતિથી થાકેલા રમણથી બોલ્યા વગર ન રહેવાયું.

''બધું બરાબર થઇ રહેશે. મામા, તમે ચિંતા ન કરો.''

કહેતી સધિયારો આપતી પરિનીએ બારણાની બહાર પગ મૂક્યો. એ સમજતી હતી કે બધું ધારીએ એટલું સરળ નહોતું. નિહારિકાની માનસિક સ્થિતિ અને ઘરની પરિસ્થિતિ, બંનેની કથળેલી હાલત સાફ નજરે પડતી હતી. જો કે હજી એટલું મોડું નહોતું થયું કે સુધારી ન શકાય. જરૂર હતી થોડા પ્રયત્નોની. પણ એ પરિવાર કેટલા પ્રયત્નો કરી શકશે એ એક યક્ષ પ્રશ્ન હતો.

પાછાં વળતા ગાડીમાં અજયથી રહેવાયું નહીં. એણે પરિનીને પૂછ્યું,

''આ નિહારિકાને ફક્ત ડિપ્રેશનનો જ પ્રોબ્લેમ છે ?''

''કેમ એવું પૂછે છે ?''

''આપણી વાતો દરમિયાન એકાદવાર મને એવું લાગ્યું કે એના એકાદ-બે વાક્યો સાવ જ અસંબદ્ધ હતા.''

''એમ ?'' કહેતાં અલકાએ આશ્ચર્ય જતાવ્યું.

''મને તો એવું ન લાગ્યું.''

પરિનીએ સહેજ વિચાર કરીને કહ્યું.

''તું કદાચ બીજી વાતોમાં હોઇશ, પણ મને બરાબર યાદ છે. નિહારિકાના વર્તનમાં કંઈક તો વિચિત્ર હતું. આઈ મે બી રોંગ. અને પેલી ડૉ. મોટાણીની શી વાત હતી ?''

''એ તો બે વરસ પહેલાં અમે એને એક સાઇકિયાટ્રિસ્ટ પાસે લઇ ગયેલા. ત્યારે એમણે નિહારિકાને સેકન્ડ સ્ટેજ ડિપ્રેશન હોવાનું નિદાન કરેલું. છ એક મહિનાની ટ્રીટમેન્ટ પછી નિહારિકાને સારું થઇ ગયું હતું.''

અલકાએ જૂની યાદો તાજી કરતાં કહ્યું.

''ડિપ્રેશન એમ તરત પૂરેપૂરો સારો થઇ જાય એવો રોગ નથી. જો જીવનમાં કંઈક ડિસ્ટર્બન્સ આવે તો ઉથલો મારી શકે.''

અજયે પોતે ડિપ્રેશન વિશે જે જાણતો હતો એ કહ્યું.

''મનેય લાગે છે કે સગપણ તૂટ્યા પછી નિહારિકાની માનસિક સ્થિતિ ધીમે-ધીમે બગડવા માંડી હોય એવું બને.'' પરિની બોલી.

''તે વખતે પેલી દવાઓ ડૉક્ટરે બંધ કરાવી કે પછી આ લોકોએ જાતે બંધ કરી એનો મને ખ્યાલ નથી.'' અલકાએ કહ્યું.

''અને તારા મામી પેલું શું કહેતા હતા ? દવાથી સારો થાય એવો આ રોગ

નથી. કોઈ રોગ દવાથી ન સારો થાય તો શેનાથી થાય ?'' અજયે પરિનીને પૂછ્યું.

અજયના આ પ્રશ્ન પર પરિનીએ પહેલાં આંખો ફાડી એની સામે જોયું. પછી એની મમ્મી સામે જોયું અને અજયને આ વાત કઈ રીતે સમજાવવી એની સમજણ ન પડતી હોય એમ વિમાસણમાં ડોકું ધુણાવ્યું. પરિનીની મૂંઝવણ સમજી હોય એમ અલકાએ અજયના પ્રશ્નનો જવાબ આપ્યો,

''કોકિલા માને છે કે નિહારિકાને ભૂત-પ્રેતનો વળગાડ છે.''

''ભૂત-પ્રેત ? આ જમાનામાં ? સ્ટ્રેન્જ !'' કહેતાં અજયે ખભા ઉલાળ્યા. ''મને સમજ નથી પડતી કે ભણેલા ગણેલા માણસો કેમ આ ચક્કરમાં ફસાય છે.''

''કોકિલા ક્યાં વધારે ભણેલી છે ! ફક્ત દસમું પાસ છે. એય સાચું ખોટું રામ જાણે.'' અલકા બોલી.

''મમ્મી, તું જ એને પાછી ડૉક્ટર પાસે લઈ જા ને.'' પરિનીએ સૂચન કર્યું.

અલકા કંઈક અચરજથી પરિની સામે જોઈ રહી. જાણે કહેતી હોય કે પહેલાં તું જ મને આ લફરામાં પડવાની ના પાડતી હતી. હવે શું થઈ ગયું ? અલકાની આંખોમાંનો પ્રશ્ન પરિનીને સમજાયો હોય એમ એ ધીમેથી બોલી,

''લંડનમાં રહીને મને ખબર નહોતી કે નિહારિકાની હાલત આટલી ખરાબ હશે. મને તો એમ કે તને બધાની ચિંતા કરવાની ટેવ છે એટલે તું થોડું વધારે જ બોલતી હશે.''

''હવે જોઈ લીધું ને તારી સગી આંખોથી. ત્યારે તો હજીય સારું હતું. હવે હાલત વધારે બગડી હોય એમ લાગે છે. તે જોયું નહીં, ઘણી વાર નિહારિકાની આંખોમાં ગુસ્સો ફરકી જતો હતો. એ તો તું અને અજય બેઠાં હતા, એટલે એ કંઈ બોલતી નહોતી. બાકી હંમેશા એ આવી ઠાવકી વાતો નથી કરતી.'' અલકાએ કહ્યું.

''કેમ તું એવું કહે છે ?'' પરિનીએ શંકાભરી નજરોથી અલકાને તાકતા કહ્યું.

''હું ને તારા પપ્પા આકાશના લગ્નની કંકોત્રી આપવા એમના ઘરે ગયા હતા. પછી બીજે દિવસે મને રમણનો ફોન આવેલો કે અમારા ગયા પછી નિહારિકા ભયંકર તોફાને ચડી હતી. આકાશના લગ્નની કંકોત્રી જોઈને એને પોતાના લગ્ન ન થતાં હોવાનું ધ્યાનમાં આવ્યં હતું. તે રાત્રે એણે રમણ અને કોકિલાને બરાબરની ગાળો ભાંડી હતી. રસોડામાંથી વેલણ લઈ આવીને એણે કોકિલાને પોતાની સામે બેસાડેલી. પછી ટીચર ગોખાવે એમ કોકિલા પાસે એણે સો વાર કામિની-કામિની એમ બોલાવડાવેલું.''

વાત ગંભીર હતી, છતાંય પરિનીને આ સાંભળીને હસવું આવી ગયું. ધ્યાનથી અલકાની વાતો સાંભળી રહેલા અજયે પૂછ્યું,

''આ કામિની કોણ છે ?''

''કામિની કોકિલાની મોટી બહેનની દીકરી છે. એ નિહારિકાથી ચારેક વર્ષ મોટી છે.'' અલકાએ કહ્યું.

''પણ એનો આ વાત સાથે શો સંબંધ ?''

અજય હજીય મૂંઝવણમાં હતો.

અલકાએ ફોડ પાડતાં કહ્યું,

''તમારા લગ્નમાં ઘણાએ નિહારિકાને જોયેલી. અમારા એક જૂના સંબંધીને તો એ બહુ જ ગમી ગયેલી. એમણે વિમળાફોઇ જોડે એમના પોતરા માટે નિહારિકાનું કહેણ મોકલેલું. પણ રમણ અને કોકિલા કામિનીનું માગું લઈને એમને ઘેર પહોંચી ગયેલા.''

''અરે ! આવું તે કંઈ હોય ! મને આ બધી વાતની કેમ ખબર નથી ?'' પરિનીએ આશ્ચર્યથી કહ્યું.

''તારા લગ્ન પછી તરતની જ આ વાત છે. તું લંડન જવાની તૈયારીમાં બિઝી હોઈશ એટલે તને આ વાત નહીં કરી હોય.''

''બસ, એટલામાં નિહારિકાને આટલું બધું ખરાબ લાગી ગયું ?''

અજયને હજી વાતની ગડ નહોતી બેસી રહી.

''આ વાતની તો મને ખબર છે. આવા કેટલા કહેણ સામે એ લોકો કામિનીનું માંગુ લઈ ગયા હશે એની આપણને શી ખબર ? બાકી આટલા બધા વરસ સુધી નિહારિકાના લગ્ન ન થાય એ વાતમાં માલ નથી. એ વખતે તો હજી મારા બા-બાપુજીના નામે ઘણા લોકો અમારા ઘર સાથે સંબંધ રાખતા હતા.''

''અને હવે ?'' અજયે પૂછ્યું.

''હવે...'' કહેતા અલકાથી એક નિઃશ્વાસ મૂકાઈ ગયો. ''હવે તો રામ જાણે શું હશે. ન્યાતના પ્રસંગોએ રમણ અને કોકિલા દેખાતા હોય છે. પણ મને નથી લાગતું કે એમના ઘરે કોઈ પગ મૂકતું હોય. જો ઘરે કોઈ આવે, તો નિહારિકા વિશે જાણ થઈ જાય ને.''

''તો શું એ લોકો એમ માને છે કે નિહારિકા વિશે કોઈને કંઈ ખબર નથી ?''

આખી વાત સાંભળી લીધા પછી પરિની બોલી.

''એ લોકો તો એવું જ માનતા હોય એમ લાગે છે.''

''હમ્મ્મ્...'' કહેતા પરિનીએ એક નિઃશ્વાસ મૂક્યો. હવે એનેય એના મામાના પરિવારની ચિંતા થઈ રહી હતી.



પ્રકરણ 22

એ રાત્રે નિહારિકાની આંખોમાં ઊંઘ નહોતી. વારેવારે એને સાંજે પરિની અને અજય સાથે થયેલી વાતચીત યાદ આવી રહી હતી. રમણ એના નિયત સમયે દસ વાગ્યે ઊંઘવા જતો રહ્યો હતો. અગિયાર વાગે કોકિલાએ પણ પથારીમાં લંબાવ્યું. કોકિલાએ તકિયા પર માથું મૂક્યું ત્યાં જ નિહારિકા બોલી ઊઠી,

''આકાશના લગ્નના દિવસે મને તાવ આવેલો ?''

નિહારિકાના સવાલને અવગણીને કોકિલાએ ચાદર ઓઢી અને આંખો મીંચી દીધી. જો કે નિહારિકા એમ લીધેલી વાત મૂકે એવી નહોતી. એણે કડક સ્વરે ફરી પૂછ્યું,

''મેં તને કંઈ પૂછ્યું. શું આકાશના લગ્નના દિવસે મને તાવ આવેલો ?''

''એ તો બધાને એવું કહેવાય. નહીં તો બધા વધારે પૂછે.'' મીંચેલી આંખે કોકિલાએ ઠંડકથી કહ્યું.

''કોણે કહ્યું તને એવું કહેવા ?''

કમરે બંને હાથ ટેકવી, ડોળા તતડાવતા કોકિલાને તાકી રહેલી નિહારિકાનો અવાજ આ વખતે ખાસ્સો મોટો હતો.

''શી... શ.... ધીરે, રાતનો સમય છે. અવાજ બહાર જાય.''

કોકિલાએ આંખો ઉઘાડી પડ્યા-પડ્યા જ હોઠો પર આંગળી મૂકી, નિહારિકાને ચૂપ કરાવવાનો પ્રયત્ન કર્યો. ગુસ્સામાં આજુબાજુ જોઈને નિહારિકાએ થોડા ધીમા પણ કઠોર સ્વરે ચીપી-ચીપીને પૂછ્યું,

''મને કહે કે કોણે તને આવું કહેવા કહ્યું ? નેહુલે કે પેલા અંદર ઘોરી રહેલા માણસે ?''

બેડરૂમના બંધ દરવાજા તરફ નજર માંડી એ તરફ હાથ લાંબો કરતા નિહારિકા બોલી.

''કોઈએ નહોતું કહ્યું. તું ઊંઘી જા અને મને પણ ઊંઘવા દે. આજે મનેય થાક લાગ્યો છે.''

કહેતી કોકિલાએ ચાદર માથે ઓઢી લેવા માટે હાથ લાંબો કર્યો. એનું માથું ઢંકાય એ પહેલા નિહારિકાએ સડપ દઈને કોકિલાનું કાંડું પકડી લીધું અને જોરથી ઘાંટો પાડ્યો,

''જૂઠું નહીં બોલ. મને ખબર છે આ બધા પેલા બેયના જ કારસ્તાન છે. મને ઘરે મૂકીને તને બહાર ખેંચી ગયા. હું એકલી પડી જાઉંને એટલા માટે.''

''એવું નથી. આ તો તારી તબિયત બરાબર નથી એટલે તને નહોતા લઈ ગયા.''

કોકિલાએ બીજે હાથે કાંડું છોડાવવાની કોશિશ કરતાં કહ્યું.

ઝટકા સાથે કોકિલાનું કાંડુ છોડી, નિહારિકા નાકના ફોયણા ફૂલાવી, ડોળા કાઢતી તાડૂકી,

''એ લોકોને શું એમ લાગે છે કે મને કંઈ ખબર નથી પડતી ? કબૂલ કર કે કોણે કહ્યું તને આવું કહેવા.''

કંટાળેલી કોકિલાએ પીછો છોડાવવા કહી દીધું,

''હા બસ, પપ્પાએ અને નેહુલે કહ્યું હતું.''

કોકિલા કંઈ સમજે એ પહેલા ફરી એક વાર નિહારિકાએ એનું કાંડું પકડી લીધું.

''બોલ ફરીથી. કોણે કહ્યું હતું.''

કોકિલા સ્તબ્ધ થઈને નિહારિકા સામે તાકી રહી. નિહારિકાએ ફરી બરાડો પાડ્યો,

''કહેતી કેમ નથી. બોલ... બોલ... કોણે કહ્યું' તું ?''

એક ઊંડો નિશ્વાસ નાખી કોકિલાએ ધીમે સાદે જવાબ આપ્યો,

''પપ્પાએ અને નેહુલે.''

પછી ફરી એક વાર કોકિલાએ પોતાનું કાંડું નિહારિકાના હાથમાંથી છોડાવવાનો પ્રયત્ન કર્યો. પણ નિહારિકાએ મચક ન આપી.

''બોલતી રહે. સો વાર બોલ કે કોણે કહ્યું'તું આવું કહેવા.''

''અરે પણ...''

''બસ્સો વાર.''

કોકિલાનું કાંડુ પકડી સામી દીવાલને તાકતી નિહારિકા ટાઢકથી બોલી. નિહારિકાનું મગજ ફરી ગયેલું જાણી કોકિલાએ બોલવાનું શરૂ કર્યું.

''પપ્પાએ અને નેહુલે... પપ્પાએ અને નેહુલે... પપ્પાએ અને નેહુલે...''

બરાબર અડધો કલાક સુધી આમ ગોખાવ્યા બાદ નિહારિકાએ કોકિલાનું કાંડુ છોડ્યું અને તરત પૂછ્યું,

''મારો મેક-અપનો ડબ્બો ક્યાં છે ?''

''અંદર કબાટમાં છે.''

કોકિલાએ કંટાળીને કહ્યું.

''સાચું બોલે છે ?''

''હા બાબા. હું શું કામ ખોટું બોલું ?''

''તે ખોલેલો મારો ડબ્બો ?''

''હું કેમ ખોલું એ ડબ્બો ?''

અકળાયેલી કોકિલા ઝલ્લાઈ. નિહારિકાના મેક-અપના ડબ્બા વિશેના અણધાર્યા સવાલો એને નહોતા સમજાઈ રહ્યા.

''કેમ ? તેં મેક-અપ કર્યો હશે ને આકાશના લગ્નમાં ?''

હવે કોકિલાને ગડ બેઠી કે આકાશના લગ્ન વિશે થયેલી પરિની અને અજય સાથેની વાતચીત હજી સુધી નિહારિકાના મગજમાં ઘૂમરાઈ રહી હતી. એ ધીમેથી બબડી,

''મારે હવે આ ઉંમરે શા મેક-અપ ? અને તારા મેક-અપના ડબ્બામાંની વસ્તુઓ તો સાવ જૂની થઈ ગઈ છે.''

સાવ હળવે સાદે કરાયેલો એ બબડાટ નિહારિકાના કાન સુધી પહોંચી જ ગયો. એ તાડૂકી,

''મારો મેક-અપ જૂનો થઈ ગયો છે, એમ ? લાવ તો જોઉં. નેઈલપૉલિશ

જાડી થઈ ગઈ છે કે પછી લિપસ્ટિક પર ફૂગ આવી ગઈ છે. મારો કોમ્પેક્ટ તો તોડ્યો નથી ને તે ?''

હવે કોકિલાની ધીરજ ખૂટી. એણે મક્કમ સ્વરે કહી દીધું,

''મેક-અપનો ડબ્બો બેડરૂમના કબાટમાં છે અને પપ્પા ત્યાં ઊંઘે છે. હું હમણાં ત્યાં નહીં જાઉં. મારે પણ હવે ઊંઘવું છે.''

નિહારિકા આગળ કંઈ બોલે એ પહેલા કોકિલાએ ઊભા થઈને લાઈટ બંધ કરી દીધી અને ચાદર માથે ઓઢીને એ સૂઈ ગઈ. પાસેના ટેબલ-ક્લૉકના રેડિયમવાળા કાંટાની લીલી રોશની રાતના સાડા-બારનો સમય દેખાડી રહી હતી. અસ્ફૂટ સ્વરે નિહારિકાનો બબડાટ સતત ચાલુ હતો. થોડી જ પળોમાં રાતની નિરવ શાંતિમાં ઘડિયાળની ટકટક સાથે કોકિલાના નસકોરા પડઘાવા લાગ્યા.

ooo

''અરે, આ કોણ ઘૂસી ગયું બાથરૂમમાં ? મારે નહાવા જવું છે.''

આઠ વાગ્યે ઘરમાં દાખલ થતાવેંત બાથરૂમ તરફ આગળ વધેલો નેહુલ બાથરૂમનો બંધ દરવાજો જોઈ અકળાયો.

''આ પપ્પાને પણ સમજ નથી પડતી. મારા આવવાના ટાઈમે જ એમને નહાવાનું સૂઝે છે.''

એમ બબડતા નેહુલે બેડરૂમના દરવાજાને ધક્કો માર્યો. ત્યાં સૂતેલા રમણને જોઈને એ પાછો હૉલમાં આવ્યો. હવે એને ખ્યાલ આવ્યો કે નિહારિકાની સેટી ખાલી હતી. આ જોઈને અકળાયેલો એ રસોડામાં ગયો. કોકિલા બધા માટે ચા મૂકતી હતી.

''મમ્મી, આ જો ને નિહારિકા, બાથરૂમમાં ઘૂસી ગઈ છે. હવે ક્યારે નીકળશે ?''

નેહુલે ફરિયાદ કરતાં કહ્યું.

''કલાકથી અંદર બેઠી છે. ખબર નહીં શું કરે છે. સાડા-સાતે હું ઊઠી ત્યારે એ પથારીમાં નહોતી. એ તો સારું છે કે આપણું સંડાસ જુદું છે. નહીંતર સવારના પહોરમાં મારી હાલત બગડી જાત.''

''અરે પણ, મારે નહાઈને સૂઈ જવું છે. તું એને હમણાં ને હમણાં બહાર કાઢ.''

આટલું કહીને નેહુલ બહાર હૉલમાં ગયો અને સોફા પર બેસીને સવારનું છાપું ઉથલાવવા માંડ્યો. કોકિલાએ બાથરૂમનાં બારણાં ઠોકાવ્યાં.

''નિહારિકા, જલ્દી બહાર આવ. ભાઈને નહાવા જવું છે. એને ઊંઘ આવે છે.''

અંદરથી કોઈ જ અવાજ ન આવ્યો. જાણે બાથરૂમમાં કોઈ હતું જ નહીં. આ બધી ધમાલથી જાગેલો રમણ નિત્યકર્મથી પરવારીને બહાર હૉલમાં આવ્યો, ત્યાં સુધી નિહારિકાએ બાથરૂમનો દરવાજો નહોતો ઉઘાડ્યો. નેહુલની બાજુમાં સોફામાં ગોઠવાયેલા રમણ સામે કોકિલાએ ચાનો કપ ધર્યો કે તરત રમણે ઘૂરકિય કર્યું,

''દાંત સાફ કર્યા વગર કેવી રીતે ચા-નાસ્તો કરું ! પેલીને કહે કે બાથરૂમનો

દરવાજો ખોલે. મારું બ્રશ-પેસ્ટ બધું અંદર છે.''

ચાનો કપ બાજુના ટેબલ પર મૂકી કોકિલા બાથરૂમ તરફ વળી. એણે જોરથી બારણું ઠોકતા કહ્યું,

''નિહારિકા... એ નિહારિકા... કેટલી વાર છે ?''

ફરી એ જ સન્નાટો. બહાર સોફા પર બેઠો-બેઠો નેહુલ બબડાટ કરતો હતો.

''આ તો રોજ દસ વાગ્યે ઊઠે છે. આજે વહેલી કઇ રીતે જાગી ગઇ.''

''મને તો કંઈ જ સમજાતું નથી.'' રમણે ટાપશી પૂરતા કહ્યું.

બાપ-દીકરાનો આ સંવાદ કોકિલાના કાને પડ્યો. હૉલના બારણા પાસે આવીને એ બોલી,

''મને લાગે છે કે એ આખી રાત ઊંઘી જ નથી.''

''હે ભગવાન ! તો શું બાથરૂમમાં લાંબી થઈને ઊંઘી ગઇ ! મારું તો માથું ચડવા માંડ્યું છે. ઊભી રહે, હું જ એને બહાર કાઢું.''

કહે તો ગુસ્સાથી ફાટફાટ થતો નેહુલ ઝડપી ડગલાં ભરતો બાથરૂમના દરવાજા પાસે ગયો અને એણે ઘાંટો પાડ્યો,

''એય નિહારિકા... બારણું ખોલ... નહીં તો તોડી નાખીશ.''

આટલું કહીને નેહુલે જોર-જોરથી બારણું ધણધણાવવા માંડ્યું. એના ઘાંટાની અસર થઈ હોય એમ અંદરથી નિહારિકાનો બરાડો સંભળાયો,

''નહીં ખોલું. જા તારાથી થાય એ કરી લે.''

''હે ભગવાન !'' કહેતો નેહુલ પગ પછાડતો પાછો ફરીને સોફા પર બેસી પડ્યો. નેહુલને અકળાતો જોઈને રમણ પણ હવે ઘાંઘો થયો. એણે જઈને બાથરૂમના બારણે ટકોરા માર્યા. નિહારિકાને સમજાવતો હોય એમ એ બોલ્યો,

''નિહારિકા, દરવાજો ખોલ. જો ભાઇને ઊંઘી જવું છે. પછી એની તબિયત બગડે ને.''

''બધાને એની જ પરવા છે. એની તબિયત બગડે એ ન ચાલે. અને મારી તબિયતનું કશું નહીં !''

રમણની બાજુમાં જ ઊભેલી કોકિલાએ આ સાંભળ્યું એટલે એ નિહારિકાને પટાવતા બોલી,

''તારી અમને કેટલી ચિંતા છે એની તને ક્યાંથી ખબર હોય ? અમે તારી બધી વાત માનીએ છીએ. તું કહે એમ કરીએ છીએ. હવે તને શો વાંધો પડ્યો ?''

''એ તો તું એકલી કરે છે. બાકીના લોકોનું શું ? એ લોકોને તો હું જોઇતી જ નથી ને.''

''એવું કેમ કહે છે બેટા ? તારી ફિકરમાં તો મને ઊંઘની..'' કશુંક કાચું કપાયું એમ સમજાતા સહેજ અટકીને રમણ ફરી બોલ્યો, ''પ્રેશરની ગોળીઓ લેવાની આવી ગઇ છે.''

''મારી ક્યાં કોઈને જરૂર છે. ધક્કો મારીને મને ઘરમાંથી કાઢી નાખો અને તમતમારે જલસા કરો.''

''એવું નથી નિહારિકા. અમે તને સરસ ઘરે, તારા પોતાના ઘરે મોકલવા માંગીએ છીએ.'' વળી કોકિલા બોલી.

''એ બધા તમારા નાટક છે. દુનિયામાં ખરાબ ન દેખાય એટલે તમે બંને મૂરતિયા શોધવાના નાટક કરો છો. મને બધી ખબર છે. તું ભલે મારી સામે સારી-સારી વાતો કરે, પણ અંદરખાને તુંય પપ્પા સાથે ભળેલી જ છે. અને પપ્પાને તો નેહુલ સિવાય ક્યાં કોઈ દેખાય છે. બસ આખો દિવસ મારો દીકરો, મારો દીકરો કર્યા કરે છે. મારું તો કોઈ અસ્તિત્વ જ નથી.''

આ સાંભળીને રમણે ઊંડો નિ:શ્વાસ છોડ્યો અને એ ચૂપચાપ બારણેથી હટી ગયો. નિહારિકાને સમજાવવા માટે એણે કોકિલાને આંગળીથી ઇશારો કર્યો.

''તું ખોટું સમજી રહી છે બેટા.''

રમણ સામે હકારમાં ડોકું ધુણાવતા કોકિલાએ બાથરૂમનાં બારણાની નજીક જઈને કહ્યું.

''ના... ના... ના... મને બધી ખબર છે. હું કોઈને નથી ગમતી...''

કહેતી નિહારિકા ધ્રુસકે ધ્રુસકે રડવા માંડી. આ બધાથી કંટાળેલો નેહુલ સોફા પરથી ઊઠીને હૉલની બારી પાસે ગયો. બારી ખોલીને એ બહાર તાકવા લાગ્યો. રમણ થાકીને પાછો હૉલ તરફ વળ્યો. કોકિલા બાથરૂમ પાસે ઊભી-ઊભી અંદરથી આવતા અવાજો સાંભળવાના પ્રયત્નો કરતી રહી. થોડી વારે ધ્રુસકા બંધ થવાનો અને બાથરૂમની અંદરનું નાનકડું કબાટ ખૂલવાનો ખખડાટ થયો. નિહારિકા ઊભી થયાનું જાણી કોકિલાએ ફરી એક વાર બારણું ખખડાવતા કહ્યું,

''નિહારિકા, તું બહાર આવ. તારે જે કહેવું હોય એ સાંભળવા અમે તૈયાર છીએ.''

''ના, ના... મારે હવે બહાર આવવું જ નથી. હું અહીંથી જ સીધી ઉપર જઈશ, ભગવાન પાસે. ત્યાં જ મને શાંતિ મળશે.'' હીબકતા સ્વરે નિહારિકા બોલી.



પ્રકરણ 23

‘‘શું કરી છે આ છોકરી ?’’

નિહારિકાના સીધા ભગવાન પાસે જવાના એલાનથી ભડકેલી કોકિલાએ હૉલ તરફ દોટ મૂકી. સોફા પર પીઠ ઢાળીને, આંખો મીંચીને પડેલા રમણને એણે હલબલાવ્યો.

‘‘એ ય સાંભળો છો... પેલી કહે છે કે એ સીધી ઉપર જશે, ભગવાન પાસે.’’

‘‘હેં !’’ કહેતા રમણ ઝટકા સાથે ઊઠ્યો અને બાથરૂમ તરફ દોડ્યો. એની પાછળ કોકિલાય દોડી.

‘‘બધાં નાટક છે.’’ કહેતો તિરસ્કારથી માથું હલાવતો નેહુલ ફરી એક વાર બારીની બહાર જોતો ત્યાં જ ઊભો રહ્યો.

‘‘નિહારિકા... નિહારિકા... શું કરી રહી છે તું ?’’

રમણ અને કોકિલા બાથરૂમના દરવાજા પાસે ઊભા ઊભા રાડારાડ કરી રહ્યા.

‘‘મારે નથી જીવવું. મારે મરી જવું છે. બસ, આ બ્લેડથી મારા કાંડા પર કાપો મૂકી દઉં એટલે પત્યું.’’

નિહારિકાનો આ બબડાટ સાંભળીને અંદર શું થઈ રહ્યું હશે એનો અંદાજ કોકિલા અને રમણને આવી ગયો. રમણે જોરજોરથી બારણું ધડધડાવવા માંડ્યુ અને કોકિલા રસોડા તરફ દોડી.

‘‘નિહારિકા... દરવાજો ખોલ. તું આવું કંઈ નહીં કરે. દરવાજો ખોલ નહીં તો હું દરવાજો તોડી નાખીશ.’’

રમણ બારણું ઠોકતાં બૂમાબૂમ કરી રહ્યો હતો. એટલી વારમાં કોકિલા રસોડામાંથી દસ્તો લઈ આવી અને અંદરની કડી જ્યાં હતી એ જગ્યા પર જોર-જોરથી દસ્તો ઠોકવા માંડી. ચાલીસેક સેકંડમાં જ અંદરની એલ્યુમિનિયમની કડીને અટકાવતો આગળો ખીલીમાંથી છૂટો પડી ગયો અને બાથરૂમનું બારણું ઉઘડી ગયું. અંદર ધસી ગયેલા રમણ અને કોકિલાએ નિહારિકાને નીચે પાટલા પર એક હાથમાં બ્લેડ સાથે બેઠેલી જોઈ. ઘડીક બ્લેડ સામે અને ઘડીક પોતાના કાંડા પાસે આસું નીતરતી આંખે તાકતી નિહારિકાના હાથમાંથી કોકિલાએ બ્લેડ છીનવીને રમણને આપી દીધી. નિહારિકાનો હાથ ખેંચી, ઊભી કરી, કોકિલા એને બહાર ઢસડી લાવી અને હૉલની સેટી પર બેસાડી દીધી.

તમાશો પત્યાનું જાણી નેહુલે બારી બંધ કરી. કોકિલા અને નિહારિકા તરફ તિરસ્કારભરી નજરો નાખી એ બાથરૂમમાં ઘૂસી ગયો. દરવાજો બંધ કરતી વખતે એણે પાડેલી બૂમ બધાને કાને અથડાઈ,

‘‘અડધો કલાક સુધી કોઈ બારણું ન ખોલતાં. મારે થોડી વાર ઠંડા પાણી નીચે ઊભા રહેવું છે.’’

એ દિવસે તૂટેલી બાથરૂમની કડી ફરી ક્યારેય ન લગાડવાનો નિર્ણય લેવાયો. જેણે બાથરૂમ વાપરવું હોય એણે દરવાજા આડી સ્ટીલની ડોલ લગાડી દેવી અથવા તો કોઈને બહારથી કડી મારવા કહી દેવુ એવું ઠરાવાયું.

૦૦૦

એ દિવસે રમણે ફરી એક વાર કોકિલાને વિનંતી કરી કે નિહારિકાને ડૉક્ટરની જરૂર છે. વાત હાથની બહાર નીકળવા માંડી છે. જો સારવાર નહીં કરવામાં આવે તો પસ્તાવાનો વારો આવશે. આ વખતે કોકિલાને ય લાગ્યું કે કદાચ ડૉક્ટરની દવાથી નિહારિકાના વર્તનમાં કોઇ ફેર પડે. એણે રમણને ડૉ. ચૌધરીને મળી પેલા ડૉક્ટરની ઍપોઇન્ટમેન્ટ લઈ લેવા કહ્યું.

શરૂઆતમાં દર અઠવાડિયે લેવાતી કાઉન્સેલરની મુલાકાત ધીમે-ધીમે બે અઠવાડિયે એક વાર અને પછી મહિને એક વાર લેવાતી ગઈ. દરમિયાન ફરી એક વાર નિહારિકાને કેલ્શિયમ અને વિટામીનનો કોર્સ કરાવડાવાયો. સારવારની અસરરૂપે નિહારિકા ઘરમાં હરતી-ફરતી થઈ. જો કે હજીયે કાઉન્સેલરની મીટિંગ સિવાય ઘરની બહાર નીકળવા એ રાજી નહોતી. છ મહિના ચાલેલી સારવાર દરમિયાન નિહારિકાનું મગજ થોડું શાંત થયું. ઘરના નાના-મોટા કામમાં એ કોકિલાને મદદ કરાવવા લાગી. હવે કામવાળી બાઈની હાજરી સામે એને વાંધો નહોતો એટલે કોકિલાનેય થોડી રાહત થઈ ગઈ.

છ મહિના બાદ રમણ અને કોકિલાએ નિહારિકાને કાઉન્સેલર પાસે લઈ જવાનું બંધ કર્યું. કોકિલાને કામમાં મળેલી રાહત સાથે રમણના ખિસ્સાનેય હવે રાહત મળી. કાઉન્સેલરની દરેક મુલાકાત વખતે એના ખિસ્સામાંથી સરકી જતી પાંચસોની બે નોટો હવે બંધ થઈ.

૦૦૦

સમય સરતો રહ્યો. બધાની જિંદગી એ જ ઘરેડમાં ચાલતી રહી. આકાશ એની પત્ની સાથે તારાપુર સેટલ થઈ ગયો. પરિનીએ બીજા બાળકને જન્મ આપ્યો. આકાશને ત્યાંય ઘોડિયું બંધાયું. અલકાનો સમય મુંબઈ, તારાપુર અને લંડન વચ્ચે વહેંચાતો રહ્યો. બધાના જીવનમાં ધીમો પણ નક્કર બદલાવ આવતો રહ્યો. ન બદલાઈ તો ફક્ત રમણની પરિસ્થિતિ.

દર વખતે અધૂરી રહેતી નિહારિકાની સારવાર એને પહેલાં એક ડગલું આગળ લઈ જઈને પછી બે ડગલાં પાછળ મૂકી દેતી. એની બિમારીથી ઘરનું વાતાવરણ ડહોળાયેલું તો હતું જ. એમાં પેન્શનની બાંધી આવક, નેહુલની બદલાતી નોકરીઓ, કોકિલાનું જક્કી વલણ... આ બધાથી થાકેલો રમણ કઈ રીતે જીવી રહ્યો હતો એ જ મોટો પ્રશ્ન હતો. ભલે એ કોઈને કશું કહેતો નહોતો, પણ એની આર્થિક પરિસ્થિતિ કથળી રહી હોવાનો અંદાજ એના દેખાવ પરથી આવી જતો હતો.

પહેલાં ક્યારેક ક્યારેક અલકા ભાઈના ઘરે આંટો દેવા જતી. પણ હવે એણેય ત્યાં જવાનું બંધ કરી નાખેલું. એ ઘરનું વાતાવરણ જ એટલું બોઝિલ હતું કે એને ત્યાં જવાનું મન જ નહોતું થતું. મુંબઈમાં હોય ત્યારે એ રમણને જ એના ઘરે બોલાવી લેતી. વારે-તહેવારે ક્યારેક નેહુલ પણ એની જોડે ફોઈને મળવા આવતો.

રમણ એકલો અલકાને મળવા આવે ત્યારે પોતાનું હૈયું હળવું કરી લેતો.

બધે બધી વાતો એ નહોતો કરતો તોય એની વાતો પરથી અલકાને સમજાતું કે નિહારિકાની તબિયત થોડા દિવસ સારી રહેતી, તો થોડા દિવસ માટે ફરી બગડી જતી. દર વખતની રમણની વાતચીતમાં એક નવા બાબા, મહારાજ, ફકીર કે તાંત્રિકનો ઉલ્લેખ જરૂર રહેતો. કોકિલાને એ રસ્તેથી પાછી વાળવી હવે રમણના વશની વાત નહોતી રહી.

એક દિવસ અલકાએ રમણને સીધે સીધું જ પૂછી લીધું,

''ભાઈ, તું આ બધામાં કઈ રીતે રહે છે ?''

એક દર્દીલા સ્મિત સાથે રમણે જવાબ આપ્યો,

''મેં હવે એ લોકોની પંચાત કરવાનું છોડી દીધું છે. એ ત્રણેયને જે કરવું હોય એ કરે, જેમ રહેવું હોય એમ રહે. મને ત્રણ ટાઈમ ખાવાનું મળે છે ને. મારે માટે આટલું બસ છે. બહાર જવું હોય તો જાઉં, બાકી મારા બેડરૂમમાં શાંતિથી આરામ કરતો પડ્યો રહું. ત્યાં નેહુલ સિવાય બીજા કોઈને આવવાની પરમિશન નથી. પેલી બંને મા-દીકરી લડે, ઝઘડે કે પીર-ફકીર પાસે જવું હોય ત્યાં જાય, એમને જે કરવું હોય એ કરે. દર મહિને હું ઘરખર્ચના પૈસા કોકિલાને આપી દઉં છું. બાકી એ જાણે ને એના કામ. મેં મારી જાતને એમનાથી અળગી કરી નાખી છે. હું મારું મજાથી જીવું છું.''

આવું બોલવું સહેલું હતું, પણ કરવું કેટલું અઘરું હતું એ અલકા બરાબર સમજતી હતી. રમણ કેટલો મજામાં હતો એ એના ચહેરા પર દેખાઈ આવતું હતું. અલકા ભાઈની આવી વાતો સાંભળી એના દુઃખે દુઃખી થતી રહેતી. જો કે હવે પરિસ્થિતિ પર એનોય કાબૂ નહોતો રહ્યો. એ જાણતી હતી કે હવે આમાં કોઈ કાંઈ કરી શકે એમ નહોતું. જ્યાં વ્યક્તિ પોતે જ સુધરવા તૈયાર ન હોય, ત્યાં કોઈ કઈ રીતે એને મદદ કરી શકે !



પ્રકરણ 24

એક શનિવારે બપોરે અલકા ચા પીતી બેઠી હતી, ત્યાં એનો મોબાઇલ રણક્યો. સ્ક્રીન પર પરિનીનો નંબર વાંચી અલકાને થોડી નવાઈ લાગી. એણે તરત ફોન લીધો.

"હાય મમ્મી! કેમ છે?"

શનિવારે આવેલા પરિનીના ફોનથી અલકાના મનમાં જન્મેલી ચિંતાની લાગણી પરિનીના ખુશાલીભર્યા અવાજમાં ઓગળી ગઈ.

"હું મજામાં છું, બેટા. તું કેમ છે?"

"હું પણ એકદમ ફાઇન."

"તે શનિવારે ફોન કર્યો એટલે હું થોડી ગભરાઈ ગઈ." અલકાથી કહ્યા વગર ન રહેવાયું.

"કેમ? શનિવારે ફોન ન કરાય?"

"કરાય... પણ તું હંમેશાં રવિવારે ફોન કરે છે ને એટલે," અલકાએ સહેજ હસીને જવાબ આપ્યો.

"એક કામ હતું." પરિની બોલી.

"બોલને બેટા."

"અજયના એક ફ્રેન્ડના ઘરે એના ગુરુ-મહારાજ પધાર્યા છે. એણે અમને બધાને આવતીકાલે એના ઘરે આવવાનું આમંત્રણ આપ્યું છે. સાંભળ્યું છે કે ગુરુજી સચોટ ભવિષ્યવેત્તા છે. કોઈની પણ કુંડળી જોઈને એનું ભાગ્ય કહી દે છે. અનિલે કહ્યું છે કે જેમને પણ કુંડળીને લગતા પ્રશ્નો પૂછવા હોય એ એમની કુંડળી જોડે લઈને આવે. ગુરુજી એમની શંકાનું સમાધાન કરશે."

"સારું, તો તું તમારા ચારેયની કુંડળી બતાડી દેજે."

"ગુરુજી નાના બાળકોની કુંડળી નથી જોતાં. અઢાર વરસથી ઉપરનાની જ જુએ છે. અજય આ બધામાં માનતો નથી ને મનેય એવી ખાસ ઇચ્છા નથી."

"તો પછી તારે કોની કુંડળી બતાવવી છે?"

"નિહારિકાની."

પરિનીની આ વાતથી અલકાને નાનકડો ઝટકો લાગ્યો. આ વિચાર એને આવ્યો જ નહોતો. સહેજ ઊંડાણથી વિચાર કરતાં એને લાગ્યું કે પરિનીની વાત સાચી હતી. રમણ અને એના પરિવારને એટલા બધા પ્રોબ્લેમ્સ હતા કે કોઈ એક ઉપાય કામ આવવાનો નહોતો. બધી બાજુએથી કોશિશ થાય ત્યારે જ આ ગૂંચવાયેલું કોકડું ઉકેલાવાની થોડી-ઘણી શક્યતા હતી. નિહારિકાને કારણે આ કોકડું ગૂંચવાયું હતું. તેથી એ દિશામાં પ્રયત્નો કરવાની પહેલી જરૂર હતી. ડૂબતાને તરણાની ઓથ હોય એમ અલકાને આ ઉપાય સાવ કાઢી નાખવા જેવો ન લાગ્યો.

"હલો...મમ્મી... ક્યાં ખોવાઈ ગઈ?"

થોડી વાર સુધી અલકા તરફથી કોઈ જવાબ ન આવ્યો, એટલે પરિનીએ લાઇન ચેક કરતાં પૂછ્યું.

"ના, ના... અહીં જ છું. આ તો જરા વિચાર કરતી હતી."

“શેનો વિચાર?”

એ જ કે કુંડળી બતાવવાનું તારું સૂચન તો સરસ છે, પણ નિહારિકાની કુંડળી તને મોકલવી કઈ રીતે?”

“આખી કુંડળી મોકલવાની જરૂર નથી. જો તને નિહારિકાની જન્મ તારીખ, જન્મનો ચોક્કસ સમય અને જન્મસ્થળ ખબર હોય, તો કુંડળી કમ્પ્યુટર પર અડધા કલાકમાં બની જશે. એની ચિંતા તું ન કરીશ.”

“એવું થાય?” અલકાને હજી પરિનીની વાત પર ભરોસો નહોતો બેસતો.

“હા, મમ્મી. એવી એક કંપની મારા ધ્યાનમાં છે. એમને હું નિહારિકાની ડિટેઇલ્સ મોકલી આપીશ એટલે એ લોકો બે કલાકમાં કુંડળી મને ઇ-મેઇલ કરી દેશે. પછી ઘરે હું એની પ્રિન્ટ-આઉટ કાઢી લઈશ.”

“પણ એ કુંડળી સાચી હશે?”

“હા, મમ્મી. કુંડળી બનાવવી ઇઝ પ્યોર મેથ્સ. બે ને બે ચાર જેવું. કુંડળીની ગણતરી કમ્પ્યૂટર પરફેક્ટ મૂકી આપે, પણ એનો વરતારો બહુ સચોટ નથી હોતો. એ તો કોઈ અનુભવી વ્યક્તિ જ વ્યવસ્થિત રીતે કહી શકે. એની માટે ગુરુજી છે ને.”

“સારું, તો લખી લે. નિહારિકા અને નેહુલ બંનેના જન્મ સમય મને બરાબર યાદ છે.”

કહેતી અલકાએ પરિનીને નિહારિકાની જન્મ તારીખ, જન્મ સમય અને જન્મસ્થળ લખાવ્યા. પરિનીનો ફોન મૂક્યા પછી ચા પીતા-પીતા અલકા વિચારે ચડી ગઈ. કોને ખબર શું લખાયું હતું નિહારિકાના ભાગ્યમાં?

વાતવાતમાં એક વાર રમણે અલકાને કહ્યું હતું કે એની પાછલી જિંદગી બહુ દુઃખભરી વીતવાની હતી એવું એક જ્યોતિષીએ એને જણાવેલું. રમણ હમણાંય દુઃખમાં જ હતો. હજી કેટલા દુઃખ એને સહેવાના હતા? અને કેટલા સમય સુધી?

રવિવારે સવારે બંને બાળકોને ત્રણ કલાક માટે પ્લે-ઝોનમાં મૂકી અજય અને પરિની અનિલના ઘરે પહોંચ્યા. હોલમાં પ્રવેશતાં જ ધૂપ-અગરબત્તીની સુગંધે કોઈ ધર્મસ્થાનમાં પ્રવેશતાં હોવાનો અહેસાસ કરાવ્યો બેકગ્રાઉન્ડમાં સાઉન્ડ સિસ્ટમ પર એકદમ ધીમા અને શાંત સૂરમાં ઓમ નમઃ શિવાયની ધૂન વાગી રહી હતી. બારણા પાસે ઉતારેલાં પગરખાંની સંખ્યા પરથી જણાતું હતું કે લગભગ ત્રીસેક જણ ગુરુજીનાં દર્શન માટે આવ્યા હતા.

હોલમાં એક તરફ એક સિંગલ સોફા પર ગુરુજી બેઠા હતા. છાતીને અડતી સફેદ દાઢી, ખભા સુધી પહોંચતા ફરફરતા સફેદ વાળ, ભગવો ઝભ્ભો અને સફેદ ધોતીમાં સજ્જ બેઠી દડીના ગુરુજી સિત્તેરેક વર્ષના જણાતા હતા. કપાળે સફેદ ચંદનનું તિલક, ગળામાં રૂદ્રાક્ષની માળા અને હોઠો પર વિલસતું સૌમ્ય કરુણાસભર સ્મિત એમના સમગ્ર વ્યક્તિત્વને પવિત્રતાનો ઓપ આપતા હતા.

ઘરમાં પ્રવેશનાર દરેક જણ પ્રથમ ગુરુજીને પગે લાગી, પછી યોગ્ય સ્થળે ગોઠવાતું હતું. અજય અને પરિનીએ પણ તેમ જ કર્યું. ગુરુજીએ બંનેના માથે હાથ મૂકી આશીર્વચન ઉચ્ચાર્યા. જેમને કંઈ પ્રશ્નો પૂછવા હોય એમને માટે ગુરુજીની સામે બે પ્લાસ્ટિકની ખુરશીઓ ગોઠવવામાં આવી હતી. બે જણ ત્યાં બેઠા હતા.

થોડે દૂર ગોઠવાયેલી બીજી ખુરશીઓ પર બેઠેલા થોડા જણ એમનો વારો આવે એની રાહ જોઈ રહ્યા હતા. દૂરની ખુરશીઓ પર બેઠેલાઓને ગુરુજી અને પ્રશ્નાર્થી વચ્ચેનો સંવાદ ન સંભળાય અને દરેકની ગોપનીયતા જળવાઈ રહે એની કાળજી રાખવામાં આવી હતી. જેમને પ્રશ્નો નહોતા પૂછવા તેઓ બંગલાની પાછળની તરફ આવેલા ગાર્ડનમાં બીજા મહેમાનો સાથે ગપસપ લડાવી રહ્યા હતા.

પરિની અને અજય એમનો વારો આવે એની રાહ જોતા ખુરશીમાં ગોઠવાયા. થોડી વારમાં જ અનિલ અને એની પત્નીએ આવીને એમના ખબર-અંતર પૂછ્યા અને ગાર્ડનમાં પ્રસાદ લીધા સિવાય પાછા ન જવાની પ્રેમભરી તાકીદ કરી.

વારો આવ્યો એટલે અજયે પરિનીને એકલીને જ ત્યાં જવા ઈશારો કર્યો. અજય પરિનીની રાહ જોતો ખુરશીમાં બેઠો રહ્યો. નિહારિકાની કુંડળીનું એન્વેલપ લઈને પરિની ગુરુજી પાસે ગઈ. એમના ચરણસ્પર્શ કરી, એમના હાથમાં કુંડળી આપી, પરિની ગુરુજીની સામેની ખુરશી પર ગોઠવાઈ.

બાબાએ કુંડળી ધ્યાનથી જોઈ. કુંડળી જોતાં જોતાં એમના કપાળ પર ઊંડા સળ પડ્યા. ગંભીર સ્વરે એમણે પરિનીને પૂછ્યું,

"બેટા, આ કોની કુંડળી છે?"

"મારી કઝિન નિહારિકાની,"

પરિનીએ બે હાથ જોડી ઉત્તર આપ્યો.

ફરી એકવાર ગુરુજી કુંડળીના અભ્યાસમાં ડૂબી ગયા.

થોડીવાર રહીને એમણે પરિનીને કહ્યું,

"બોલ બેટા, શું પૂછવું છે તારે આ જાતક વિશે?"

"ગુરુજી, આ નિહારિકા મારા મામાની દીકરી છે. છેલ્લા દસેક વર્ષથી એને કંઈ ને કંઈ પ્રોબ્લેમ્સ આવ્યા કરે છે. પહેલાં એનું પ્રેમપ્રકરણ તૂટ્યું. પછી એને ડિપ્રેશનની અસર થઈ. સારવાર કરાવ્યા પછી એનું સગપણ થયેલું. પણ એય બે જ દિવસમાં તૂટી ગયું. એ પછી તો એની માનસિક સ્થિતિ બગડતી ચાલી છે. એની મમ્મી ભારે અંધશ્રદ્ધાળુ છે. ડૉક્ટરની ટ્રીટમેન્ટ કરાવવા તૈયાર જ નથી. એને એમ જ લાગે છે કે નિહારિકાને ભૂત-પ્રેતનો વળગાડ છે. તમે જોઈને કહોને કે એનાં ભાગ્યમાં શું લખ્યું છે? આ બધામાંથી એ ક્યારે બહાર આવશે? શું એના લગ્ન થશે? અને થશે તો ક્યારે?"

પરિનીના મોંએ નિહારિકાની જીવનકથની ધીરજથી સાંભળી લીધા બાદ ગુરુજીએ આંખો મીંચીને એક ઊંડો શ્વાસ ભર્યો અને સહેજ માથું હલાવ્યું. પછી પરિનીની સામે જોઈ ધીર-ગંભીર સ્વરે એ બોલ્યા,

"મન મક્કમ કરીને સાંભળજો બેટા, આ તો આશ્રમની કુંડળી છે."

"એટલે ગુરુજી?"

"એટલે એમ કે આ છોકરીના લગ્ન શક્ય જ નથી. જો એનું સગપણ ટક્યું હોત, તોય એ છોકરી લગ્નના માંડવેથી પાછી ફરી હોત. એના ભાગ્યમાં લગ્ન છે જ નહીં!"

"તો શું એણે એના પિતાના ઘરે જ આખું આયખું વીતાવવું પડશે? એના ભલા માટે કોઈ રસ્તો, કોઈ ઉપાય?" પરિનીએ ચિંતાભર્યા સ્વરે પૂછ્યું.

“આ એટલો ભારે કર્મી જીવ છે કે જો એ સેવાના માર્ગે ચાલે, તો જ એના કર્મો હળવા થાય. પાછું આયુષ્ય પણ લાંબુ લઈને આવી છે આ છોકરી! એમ કંઈ એના પિતાનો છૂટકારો નથી થવાનો એનાથી.”

“ઓહ!” આઘાતના માર્યા પરિની ફક્ત એટલું જ બોલી શકી.

“બની શકે તો એને કોઇ એવી જગ્યાએ રાખો જ્યાં એ દુઃખિયારાની સેવા કરી શકે. તો જ એની પાછલી જિંદગી સારી જશે. બાકી તો હરિઇચ્છા!”

કહેતાં ગુરુજીએ બે હાથ આંખો સામે રાખી ઉપર છત તરફ જોયું.

“જી ગુરુજી.”

કહેતી પરિની ત્યાંથી ઊભી થઈ. નિહારિકાના વિચારોમાં ખોવાયેલી પરિનીને ફરી ગુરુજીને પ્રણામ કરવાનું પણ ન સૂઝ્યું. પાછી ફરેલી પરિનીના ચહેરાનો ઊડેલો રંગ સૂચવતો હતો કે બાબત ગંભીર હતી. પરિનીને ચૂપચાપ નિહારિકાની કુંડળી પર્સમાં સરકાવી દેતી જોઇ અજયે એને કંઇ ન પૂછ્યું. ત્યાંથી ઊઠીને બંને જણ ગાર્ડનમાં પ્રસાદ લેવા ગયા.

ઘરે આવીને પરિનીએ અજયને બધી વાત કરી. અજય આ બધામાં જરાય નહોતો માનતો, તોય એને નિહારિકા માટે ઘણું ખરાબ લાગ્યું. એના મોંએથી ઉદગાર સરી પડ્યા,

“બિચારી છોકરી! કોઈના નસીબ આવા પણ હોય? મને તો માનવામાં જ નથી આવતું.”

સાંજે અલકાને ફોન પર પરિનીએ એટલું જ કહ્યું કે ગુરુજીના હિસાબે નિહારિકાના લગ્ન શક્ય નહોતા. એના નસીબમાં પરણવાનું લખ્યું જ નહોતું. બાકીની વાતો કહીને એ અલકાને વધુ ચિંતામાં નાખવા નહોતી માગતી. આમેય કોઈને એમ કઈ રીતે કહેવાય કે તમારા પરિવારની ફલાણી વ્યક્તિને આશ્રમમાં મૂકી આવો!

OOO

ત્રણ મહિના પછી એક દિવસ સવારમાં દસ વાગ્યામાં અલકાના ઘરનો ફોન રણક્યો.

“શું વાત છે રમણ? આજે સવાર-સવારમાં ફોન કર્યો?”

“હા, વાત જ એવી છે.”

“બધું બરાબર તો છેને?”

“હા, હા, બધું બરાબર છે.”

છેલ્લા ઘણા વખતથી ઉદાસી ભરેલા રહેતા રમણના સ્વરમાં ઉત્સાહ ભળેલો જાણી અલકાને નવાઇ લાગી. એણે કંઈ ન બોલતા રમણની વાત સાંભળવા માટે કાન સરવા કર્યા.

“નિહારિકા માટે મૂરતિયો શોધવાનો છે.”

રમણે જાહેરાત કરવાની ઢબે કહ્યું.

“શું?” અલકાને પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો.

પ્રકરણ 25

રમણે નિહારિકા માટે 'મુરતિયો શોધો' અભિયાનની શરૂઆત કરી હોવાનું સાંભળતા જ અલકા ચોંકી ગઈ. એ ફોન પર કહી રહ્યો હતો,

“હા, હા નિહારિકા ત્રીસની થઈ ગઈ છે. હવે એને સાસરે તો મોકલવી પડશેને!”

રમણમાં અચાનક આવેલા આ બદલાવથી અલકા સુન્ન રહી ગઈ. ઘડી બે ઘડી એને સમજાયું જ નહીં કે રમણ શું કહેવા માંગતો હતો. એનું મગજ તો બહેર નહોતું મારી ગયું ને? સાથે-સાથે એને પરિનીએ કહેલી પેલા બાબાજીની ભવિષ્યવાણી યાદ આવી ગઈ. શું બાબાની ભવિષ્યવાણી ખોટી પડવાની હતી? ક્ષણભર માટે અલકાના મનમાં સવાલ ઉઠ્યો. વળતી પળે એના જ હૃદયે જવાબ આપતા કહ્યું,"એવું થાય તો સારું. થાય કેમ? એવું જ થશે. જરૂરી નથી કે બધા ગુરુઓ અને બાબાઓની વાતો સાચી જ પડે. એ પણ આગાહી જ કરતા હોય છે ને. કંઈ બધાની બધી આગાહીઓ સાચી પડતી હોતી નથી. આગાહી કરીને એ લોકો તો છૂટી જતા હોય છે. લાગ્યું તો તીર નહીંતર તુક્કો. ઓછું કોઈ એમને પકડવા જવાનું હતું કે ફલાણા-ઢીંકણા દિવસે તમે આવું કહેલું, એ સાવ ખોટ્ટું પડ્યું.”

મૂંઝાયેલી અલકાના હોઠેથી ફક્ત આટલા જ શબ્દો સર્યા.

“પણ નિહારિકાની તબિયત...”

“આમ તો એની તબિયત બરાબર જ છે ને. ફક્ત ઘરમાંથી બહાર નથી નીકળતી એટલું જ. અને રાત્રે મોડે સુધી એને ઊંઘ નથી આવતી. બાકી હવે બીજી કોઈ તકલીફ નથી. કાલે અમે એક મહારાજ પાસે ગયા હતા. એ બહુ જ પહોંચેલા સિદ્ધપુરુષ છે. અમે એમને નિહારિકાની વાત કરી, તો એમણે કહ્યું કે એના લગ્ન કરાવી દો બધું બરાબર થઈ જશે.”

“એટલે? એ મળ્યા નિહારિકાને?”

“ના, ના. નિહારિકા ક્યાં ઘરની બહાર નીકળે છે! આ મહાત્મા ફક્ત ફોટો જોઈને જ વ્યક્તિનું ભવિષ્ય કહી આપે છે. પહેલાં એમણે અમારી વાત સાંભળી, પછી નિહારિકાનો ફોટો જોયો અને તરત સૂટકો આપી દીધો. માદળિયું પણ બનાવી આપ્યું છે. નિહારિકાના ગળામાં એ પહેરાવવાથી એના બધા પ્રોબ્લેમ્સ સોલ્વ થઈ જશે.”

“અચ્છા...” કહીને અલકા થોડું વિચારવા થોભી અને બોલી, “તો આપણે પ્રયત્ન કરી જોઈએ.”

“પ્રયત્ન નહીં, હવે તો મિશન જ હાથ પર લેવું પડશે. બને એટલી જલ્દી એને વળાવી દઈએ, તો નેહુલનો રસ્તો ક્લિયર થાય.”

“એટલે શું તમે નિહારિકાની રાહ જોઈને નેહુલનું નહોતા કરતા?”

“હાસ્તો, મોટી બેન ઘેર બેઠી હોય, ત્યારે ભાઈના લગ્ન થોડી થાય?”

“હે ભગવાન! કયા જમાનામાં જીવતા હતા આ લોકો?”

અલકાના હૈયેથી નિઃશ્વાસ સરી પડ્યો. સાથે-સાથે એણે ભાઈને આ છેલ્લી

વારની મદદ કરવાનું નક્કી કર્યું.

કુદરત અલકાના આ સંકલ્પમાં સાથ દેતી હોય એમ થોડા દિવસો પછી અલકાને એની એક જૂની બહેનપણી ભટાકઈ ગઈ. વાતો-વાતોમાં ખબર પડી કે એનો સાડત્રીસ વરસનો દીકરો હજી પરણ્યો નહોતો. છોકરો કાળો અને ભરાવદાર હતો એટલે એનું સગપણ થતું નહોતું. અલકાએ તરત જ એ બહેનપણીના દીકરાનો બાયો-ડેટા લખી લીધો. એ રાત્રે જ એણે રમણને પેલા યુવકની વિગતો જણાવી અને તપાસ કરવા કહ્યું. ચાર દિવસ પછી રમણનો ફોન આવ્યો.

“અલકા, હજી બીજો કોઈ મૂરતિયો હોય તો બતાવજેને.”

“કેમ શું થયું? આ પસંદ ન પડ્યો?”

“એમાં એવું છે ને કે હું અને કોકિલા એની તપાસ કરવા ગયા હતા. એ જે બેંકમાં કામ કરે છે ત્યાં પણ આંટો મારી આવ્યા.”

આટલું કહીને સહેજ અટકીને રમણે બાકીની વાત પણ કહી જ દીધી,

“છોકરો કાળો અને જાડો છે.”

“તો આપણી દીકરી ક્યાં સોનાની છે! કંઇ હોય ત્યારે જ સાડત્રીસ વરસનો કુંવારો રહી ગયો હોય ને. દેખાવ જવા દઈએ તો બાકી બધું બરાબર છે. પાર્લામાં બે બેડરૂમ-હોલ-કીચનનો ફ્લેટ, ગાડી, બેંકની નોકરી, આવો મૂરતિયો કંઈ હવે આપણને મળે?” અલકાએ રોકડું પરખાવ્યું.

“ના, પણ કોકિલાનું મન નથી માનતું. હજી પ્રયત્ન કરીએ તો?

“સારું, કોઈ હશે તો કહીશ.”

કહેતી અલકાએ ફોન મૂક્યો અને મનોમન ધૂંધવાઇ ઉઠી.

રવિવારે બપોરે પરિનીનો ફોન આવ્યો ત્યારે અલકાએ બળાપો ઠાલવ્યો.

“આ કોકિલામાં ક્યારે અક્કલ આવશે?”

“કેમ શું થયું.”

“અરે, ગયા અઠવાડિયે મારી એક જૂની બહેનપણી મળી ગઈ હતી. એનો સાડત્રીસ વરસનો દીકરો હજી કુંવારો બેઠો છે.”

“તો?”

“તો મેં નિહારિકા માટે મામાને આ ઠેકાણું ચીંધ્યું.”

“નિહારિકા માટે?”

માનવામાં ન આવતું હોય એમ પરિનીએ પૂછ્યું.

“હા.”

“તને ખબર તો છે ને કે એ બીમાર છે.”

“હા... પણ કોઈ સિદ્ધપુરુષે મામાને કહ્યું કે એને પરણાવી દેશો તો એ સાજી થઈ જશે. તો મને થયું કે લાવ આ છેલ્લી વારનો પ્રયત્ન કરી લઉં.”

“હે ભગવાન! મમ્મી પેલી તો ગાંડી છે, પણ તારી અક્કલ ક્યાં ઘાસ ચરવા ગઈ છે? એક ગાંડીને કોઈને માથે મઢવાનો વિચાર સુદ્ધા તને કઇ રીતે આવ્યો!”

નિહારિકાના ગુસ્સાથી શિંયાવિંયા થઈ ગયેલી અલકા હળવેથી બોલી,

“મામા કહેતા’તા કે હવે એને સારું છે. ફક્ત ઊંઘ નથી આવતી અને ઘરની બહાર નથી નીકળતી એટલું જ. બાકી હવે એ કોઈના પર ગુસ્સે નથી થતી. આખો

દિવસ બુક્સ વાંચે છે અને સાંજ પડે ટીવી જુએ છે."

"અને ઘરનું કામ?"

"એ તો મને ખબર નથી."

"અરે! તમને શું લાગે છે? જેમ એની મા એને અડધી રાત્રે રાંધીને ખવડાવે છે, એમ એનો વર અને સાસુ એનું ધ્યાન રાખશે? તમે લોકો કંઇક તો વિચાર કરો. અને પેલી વાત જે મેં તને કહી હતી, એ કેમ ભૂલી જાય છે તું!"

"કઈ વાત?"

"મેં અહીં લંડનમાં પેલા ગુરુજીને નિહારિકાની કુંડલી બતાવી'તી એ વાત."

"હા, હા. એ તો હું ભૂલી જ ગઇ હતી. પણ એમ કંઇ બધા ભવિષ્યકથન સાચા નથી પડતા. આપણાથી આમ હાથ પર હાથ ધરીને બેસી થોડી રહેવાય છે? પ્રયત્નો તો કરવા પડે ને. શું ખબર કોઈની સાથે નિહારિકાનો મેળ પડી ય જાય."

અલકાએ આશાવાદ ઉચ્ચાર્યો. જોકે પરિની ખરેખર ગુસ્સે ભરાઈ હતી.

"હવે આ બધી પંચાત મૂકીને એની દવા કરાવવા પાછળ ધ્યાન આપો તો સારું. આટલા બધા બાબા અને તાંત્રિકો પાસે ગયા તો એકાદ વાર ડૉક્ટર પાસે પણ જવું જોઇએ ને. કદાચ નિહારિકાને એની જ જરૂર છે. આટલી હોશિયાર છોકરીની જિંદગી બરબાદ થઇ ગઇ. મને તો એ બિચારી માટે એટલું લાગી આવે છે. પણ આપણે શું કરી શકીએ?"

ફોન મૂકીને અલકાએ મનમાં ગાંઠ વાળી લીધી કે ભાઇને જોઇતી બધી મદદ કરવી, પણ નિહારિકા માટે મૂરતિયો શોધવાની પળોજણમાં ન પડવું. ગાડું બૈરું માથે મઢીને કોઈ પુરુષની જિંદગી બરબાદ કરવાનો કોઈને શો હક!

ooo

"મમ્મી, એક ગુડ ન્યૂઝ છે!"

એક દિવસ સવાર-સવારમાં પરિનીનો ફોન આવ્યો. રવિવાર સિવાયના બીજા દિવસે પરિની ભાગ્યે જ ફોન કરતી. કંઇક અગત્યની વાત હશે એ તો મોબાઇલની સ્ક્રીન પર પરિનીનો નંબર જોતાંની સાથે જ અલકા સમજી ગઇ હતી. પણ ન્યૂઝ શા હતા?

અલકાને બરાબર ખબર હતી કે પરિની અને અજય બે બાળકોમાં ખુશ હતા. એટલે એ ગુડ ન્યૂઝની શક્યતા નહિવત હતી. તો પછી કયા ગુડ ન્યૂઝ હતા? કશો ખ્યાલ ન આવતાં અલકાએ એટલું જ પૂછ્યું, "શું?"

"અમે કાયમ માટે મુંબઈ પાછા આવીએ છીએ."

સમાચાર આનંદના હતાં છતાંય અલકાને ધ્રાસ્કો પડ્યો કે કયાંક અજયની નોકરી તો છૂટી નહોતી ગઈ ને?

જો કે પરિનીના અવાજમાં છલકાતા ઉત્સાહે અલકાની શંકાની બાદબાકી કરી નાખી. એ તરત બોલી,

"વેરી ગુડ. પણ આમ અચાનક?"

"હા, અજયની કંપની મુંબઇમાં નવી ઑફિસ ખોલી રહી છે. પ્રોમોશન સાથે એને મુંબઈનું પોસ્ટિંગ મળ્યું છે. અમે આવતે મહિને મુંબઇ આવીએ છીએ."

"અરે વાહ..."

એ પછી મુંબઈ આવવાની તૈયારીની વાતોમાં મા-દીકરીને ફોન પૂરા એક કલાક સુધી ચાલ્યો.

000

"હલો મામા, કેમ છો?"

ફોન પર પરિનીનો આનંદમાં ઝબોળાયેલો અવાજ સાંભળીને રમણની સાંજ સુધરી ગઈ. એણે તરત પૂછ્યું,

"શું વાત છે! આજે સૂરજ કઈ બાજુ ઊગ્યો'તો? તેં મને છેક લંડનથી ફોન કર્યો!"

"લંડનથી નહીં પ્યારે મામા, મુંબઈથી."

પરિની લાડમાં બોલી.

"હેં! તે તું મુંબઈ કાયમ માટે આવી ગઈ. ક્યારે આવી? તમે બધા જ કાયમ માટે ત્યાંનું ઘર બંધ કરીને આવી ગયા કે થોડા મહિનાઓમાં પાછા જવાના?"

"ધીમે મામા, ધીમે. એટલા બધા સવાલોનો મારો ચલાવશો તો હું પડી જઈશ."

કહેતી પરિની ખડખડાટ હસવા માંડી. ઘણ દિવસે રમણ પણ દિલથી હસી રહ્યો. પરિની કહેતી હતી,

"હું, જિયા અને દેવ અમે ત્રણેય ગયા અઠવાડિયે જ આવી ગયા. અજય મહિના પછી આવશે. ત્યાં સુધી હું બંને કિડ્સનું સ્કૂલનું એડમિશન કરાવીશ. અને અહિંયા સેટલ થવાની તૈયારી કરીશ."

"તો હવે તમે લોકો પાછા નથી જવાના?"

રમણને હજીયે પરિનીની વાત પર વિશ્વાસ નહોતો બેસી રહ્યો. લંડન જેવી સરસ જગ્યા છોડીને કોઈ મુંબઈ પાછું કેમ આવે? પરિનીની જગ્યાએ એ હોય તો ન જ આવે.

"ના, અજયને હવે ઇંડિયા જ રહેવું છે. જિયા અને દેવ પણ વહેલાસર ઇન્ડિયન સ્કૂલિંગ સિસ્ટમમાં સેટ થઈ જાય તો સારું." પરિની કહેતી હતી.

"અને રહેવાનું?"

"હમણાં થોડા દિવસ સાસરે રહીશ. પછી કંપનીના ફ્લેટમાં રહેવા જઈશું."

"ફોરેનની નોકરીનું એ સુખ. એ લોકો ઘર-ગાડી બધું આપે."

આટલું બોલતાંની સાથે જ રમણની આંખો સામે નેહુલનો નિસ્તેજ ચહેરો ઝિલમિલી ઊઠ્યો. એ પણ જો આવી એકાદી નોકરી કરી શક્યો હોત, તો આજે એમના ઘરની આ પરિસ્થિતિ ન હોત. ચહેરા પર ફરી વળેલી વિષાદની છાયા ખંખેરી નાખતા એણે કહ્યું,

"તો બોલ, તને મળવા ક્યારે આવું? ચાર વરસ થયા મેં તને જોઈ નથી."

"મામા, હમણાં તો થોડી બિઝી છું. થોડા દિવસ પછી મળવાનું રાખીએ તો?"

"ભલે, ભલે, જેવી તારી સગવડ. હું રહ્યો રિટાયર્ડ માણસ. આખો દિવસ

નવરોધૂપ. તમારે તો કેટલાંય કામો હોય.”

રમણે ઓછપાઈ જતાં કહ્યું.

“બસ તો. તમારા એ નવરાધૂપ સમયનો સદુપયોગ કરવા તમારે માટે હું એક ગિફ્ટ લાવી છું. એ પણ ખાસ લંડનથી. તેમને એ મોકલવા માટે જ ફોન કરેલો.”

રમણના ઉદાસ સ્વરની જરાયે અસર ન પડી હોય એમ પરિનીના અવાજમાંનો તરવરાટ બરકરાર હતો.

“ગિફ્ટ તો અમારે દીકરીને આપવાની હોય. લેવાની થોડી હોય!”

“હવે, એવું કંઈ નથી. દીકરી-દીકરો બધું સરખું. જો આકાશ લાવે તો તમે ન લ્યો?”

પરિનીએ ફરી એકવાર લાડભર્યા સ્વરે કહ્યું.

હવે રમણની ધીરજનો બંધ તૂટી ગયો. એની આંખોમાં ભીનાશ ફરી વળી. ભરેલા સાદે એણે એટલું જ કહ્યું,

“લઈશ, તારી પાસેથી પણ ગિફ્ટ લઈશ.”

“વેરી ગુડ. તો ક્યારે માણસ મોકલું? અને હા, હું સવારે પણ તમારો ફોન ટ્રાય કરતી હતી. કોઈ ઉપાડતું કેમ નહોતું?”

પરિનીને ઓચિંતુ યાદ આવ્યું.

“એ તો હું અંદર રૂમમાં આડો પડ્યો હોઈશ, ત્યારે નિહારિકાએ ફોનનો પ્લગ કાઢી નાખ્યો હશે.”

રમણની આ વાત સાંભળીને કંઈક વિચિત્રતાના ભાવ સાથે પરિનીએ ભ્રમર સંકોરી અને હોઠોને વળ આપ્યો. પછી આંખો પહોળી કરી, કોઈક વિચારને હડસેલો મારતી હોય એમ માથું ઝટકોરી એ ફરી બોલી,

“ઓકે. તો આવતીકાલે તમે ઘરે હશોને? મોકલું કાલે માણસને?”

“કેટલા વાગે મોકલીશ?”

“જોઈશ, પપ્પાને પૂછીને નક્કી કરીશ. એમની ઑફિસથી માણસ આવશે ને.”

“તું એક કામ કર. આવતીકાલે સાંજે પાંચથી છની વચ્ચે માણસને મોકલજે. હું ઘરમાં બધાને કહી રાખીશ.” રમણે સૂચન કર્યું.

“ભલે.”

“અને જો, તારા માણસને કહેજે કે એ બેલ વગાડે અને તરત કોઈ ન ખોલે, તો પાંચેક મિનિટ ઊભો રહે. એ પછીયે કોઈ ન ખોલે તો બારણું ખખડાવે.”

રમણની આ વાત સાંભળીને પરિનીને અતિશય નવાઈ લાગી. હવે એનાથી રહેવાયું નહીં. એણે પૂછી લીધું,

“એવું કેમ?”

“એ તો છે ને,” સહેજ અટકી, થૂંક ગળે ઉતારી રમણે અચકાતા સ્વરે કહ્યું,

“નિહારિકાને અવાજ થાય એ ગમતું નથી. ક્યારેક એ ફોનનો પ્લગ કાઢી નાખે છે અને ક્યારેક બેલ પણ બંધ કરી નાખે છે. કોઈ બહારની વ્યક્તિ દરવાજે આવે તો એ તરત કિચનમાં ભરાઈ જાય. બહારનાની સામે આવવું એને ગમતું

નથી. એ ઊભી થઈને કિચનમાં જાય ત્યાં સુધી અમારાથી દરવાજો ન ખોલાય.”

નિહારિકાની વણસેલી માનસિક સ્થિતિ વિશે જાણીને પરિનીને દુઃખ થયું. કોઈ વ્યક્તિ પોતાની જાતને જેલમાં પૂરી દે એ કેવી માનસિક અવસ્થા! રમણની વાતો સાંભળ્યા પછી એણે નક્કી કર્યું કે આ વખતે એ માણસ જોડે ગિફ્ટ નહીં મોકલે. જાતે જ એમના ઘરે જશે અને પરિસ્થિતિ નજરોનજર નિહાળશે. હકીકત બરાબર જાણ્યા-સમજ્યા પછી રમણના પરિવાર માટે શું કરી શકાય એનો નિર્ણય લેશે.



પ્રકરણ 26

પરિનીને સમજ પડી ગઈ હતી કે જો એ પોતાના આગમનની જાણકારી આપશે તો રમણ હજાર બહાના કાઢીને એને ઘરે નહીં જ આવવા દે. મનોમન એક નિર્ણય કરીને એણે રમણને કહ્યું,

“મામા, તો પછી આવતીકાલનું રહેવા દઇએ. મને ખબર નથી કે પેલો માણસ કાલે ફ્રી હશે કે નહીં. બરાબર નક્કી કરીને પછી જ તમને જણાવીશ. બાકી શું હાલચાલ?”

“બાકી તો શું હોય, આરામ.”

પરિનીએ રમણના ઘરે જવાનો નિશ્ચય તો કરી લીધો, પણ એને માટે એ જાણવું જરૂરી હતું કે રમણ કયા સમયે ઘરે હોય છે. એ ઘરે હોય ત્યારે ત્યાં જવાય તો સારું. બાકી કોકિલા અને નિહારિકાનો શો ભરોસો? એને માટે ઘરનો દરવાજો ન ખોલે તો? રમણની દિનચર્યા જાણવાના આશયથી એણે સાવ સહજભાવે પૂછ્યું,

“રિટાયરમેન્ટ પછી તમને કંટાળો નથી આવતો? તમારો દિવસ કઈ રીતે પસાર થાય છે?”

“બસ જો, સવારે ઊઠી ચા-પાણી-નાસ્તો પતાવી, તૈયાર થઈ હું અંબામાના મંદિરે જઉં. દર્શન કરી અડધો-પોણો કલાક ઓટલે બેસી મારા જેવા બીજા વૃદ્ધો સાથે થોડાં ગપ્પાં મારું. પાછા વળતાં શાક-ફ્રુટ, દૂધ, નાસ્તો જે જોઈતું હોય એ લઈને બારેક વાગ્યે ઘરે પહોંચું. પછી આખો દિવસ લગભગ ઘરે જ હોઉં. ક્યારેક કોઈ બેસણું, લગ્ન કે સગા-સંબંધીની ખબર કાઢવા જવાનું હોય, તો જ સાંજે બહાર જાઉં. એ દિવસે સવારે આરામ કરી લઉં. હવે બહાર હરવું-ફરવું બહુ સહન નથી થતું, થાક લાગે છે.

“સાચી વાત છે.” પરિનીને જોઈતી જાણકારી મળી ગઇ. એણે વાત પૂરી કરતા કહ્યું,

“ચાલો ત્યારે, ફોન મૂકું? એક-બે દિવસમાં તમને ફરી ફોન કરીશ!”

“ભલે, ભલે. આવજે બેટા.”

કહેતા રમણે ફોન મૂક્યો. અને પરિનીએ એનો મોબાઇલ બંધ કર્યો. મોબાઇલની ખાલી સ્ક્રીન સામે તાકતી પરિની વિચારી રહી. રમણના જીવનમાં પણ આવો જ અંધકારમય ખાલીપો હોવાનો એને ભાસ થતો હતો. એમાં પ્રકાશનું કિરણ ક્યાંથી લાવવું એનો વિચાર કરતી પરિની બેઠી રહી.

ooo

એક શનિવારે બપોરે રમણની ગિફ્ટ લઈને પરિની ઘરેથી નીકળી. જિયા અને દેવને અલકાને ભળાવી, ‘થોડું કામ છે, બે કલાકમાં આવી જઈશ.’ એમ ગોળ-ગોળ વાત કરીને પરિની અલકાને ત્યાંથી નીકળી. રમણ ઘરે જ હોય એવી ઈશ્વરને પ્રાર્થના કરતી એ રિક્ષામાં ગોઠવાઈ.

આજુબાજુ નજર ફેરવતી, બદલાયેલા મુંબઈની સિકલ-સૂરત નિહાળતી પરિની રમણના ઘર પાસે ઊતરી, ત્યારે સાંજના પાંચ વાગવા આવ્યા હતા. નીચેથી

દેખાતી રમણના ઘરની બંધ બારીઓ તરફ જોઇ, એક ઊંડો શ્વાસ લઇ, પર્સમાંથી મોબાઇલ કાઢીને પરિનીએ રમણના ઘરનો નંબર લગાડ્યો. સદભાગ્યે પાંચમી-છઠ્ઠી રિંગે જ કોકિલાએ ફોન ઉપાડ્યો.

"કેમ છો મામી?"

કહેતી પરિનીનો અવાજ ઓળખતાં કોકિલાને સહેજ વાર લાગી. સામેથી કંઇ જવાબ ન મળ્યો એટલે પરિની બોલી,

"મામી, હું પરિની."

"હં, હં. બહુ દિવસથી વાત નથી થઈને એટલે અવાજ ઓળખાયો નહીં. બોલ પરિની, કેમ છે તું? ફાવી ગયું મુંબઇમાં?"

"હા, હા, એકદમ. મુંબઈની છું તો મુંબઈમાં ન ફાવે?"

"તોયે લંડન જેવું તો નહીં ને."

"એવું કંઈ નથી. મને અહીં ગમે છે. મામા છે?"

વધુ વાતો ન કરતાં પરિનીએ લાગલું જ પૂછ્યું.

"હા, હા, છે ને, એક મિનિટ બોલાવું. જાગતાં જ પડ્યા હશે. કંઈક વાંચતા હશે."

રમણ ઘરમાં છે એ જાણીને પરિનીને હાશ થઈ.

મોબાઇલ કાને ધરેલો રાખી એ બિલ્ડિંગના દાદર તરફ આગળ વધી. રમણ ફોન પર આવ્યો એટલી વારમાં તો પરિની દાદર ચઢવાની શરૂઆત કરી ચૂકી હતી.

"કોણ પરિની? બોલ બેટા, કેમ છે?"

રમણે થાકેલા સ્વરે પૂછ્યું.

"હું એકદમ મજામાં છું. તમારા ઘરની બહાર ઊભી છું. દરવાજો ખોલો."

રમણને માનવામાં ન આવ્યું. એણે ખાતરી કરવા ફરી પૂછ્યું,

"હેં! શું કહે છે? દરવાજા પાસે ઊભી છે!"

"હા. જુઓ મેં બેલ મારી."

કહેતાં પરિનીએ બેલના બટન પર આંગળી દબાવી.

"હા, હા, દરવાજો ખોલું છું હોં. તું ફોન મૂક."

ફોન મૂકી, રમણે બાજુમાં ઊભી-ઊભી એમની વાતો સાંભળી રહેલી કોકિલાને હળવે સાદે કહ્યું,

"પરિની આવી છે. બહાર ઊભી છે. એણે જ બેલ મારી. તું દરવાજો ખોલ."

આ સાંભળતા જ કોકિલાએ સેટી પર બેઠેલી નિહારિકાને અંદર જવાનો ઇશારો કર્યો. પછી બંને સેટી પરની ચાદર ઠીક-ઠાક કરીને એણે રમણને દરવાજો ખોલવા ઇશારો કર્યો.

"ગુડ ઇવનિંગ.. કેમ છો?"

પહોળા સ્મિત સાથે પરિનીએ સ્તબ્ધ બની ખુલ્લા બારણામાં ઊભેલા રમણનું અભિવાદન કર્યું. રમણ સંકોચ અને આનંદ મિશ્રિત ભાવો સાથે પરિની સામે તાકી રહ્યો.

"અંદર આવવાનું નહીં કહો?"

વિચારોમાં ખોવાયેલા રમણનો ખભો સહેજ હલાવીને પરિની બોલી.

"અરે, આવને બેટા, તારું જ ઘર છે."

કહીને સહેજ ખસીને પરિનીને અંદર આવવા જગ્યા કરી આપી. ચંપલ ઉતારી પરિની અંદર પ્રવેશી એટલે રમણે બારણું બંધ કરી દીધું અને પરિનીને બેસવા ઈશારો કર્યો. અંદરથી કોકિલા સ્મિત-મઢ્યા ચહેરે પાણીના ગ્લાસ ભરેલી ટ્રે લઈને આવી. સ્ટીલની ટ્રેમાં ગોઠવાયેલા સ્ટીલના ગ્લાસ પર ભેજ જામેલો હતો. હજુ પણ એમને સ્ટીલના ગ્લાસ અને સ્ટીલની ટ્રે વાપરતા જોઈને પરિનીને નવાઈ લાગી. હવે તો મહેમાનને મેલેમાઈનની ટ્રેમાં કાચના ગ્લાસમાં પાણી આપવાનો રિવાજ હતો. કોઈ જાતની ટિપ્પણી ન કરતાં એણે ચૂપચાપ ઠંડા પાણીનો ગ્લાસ મોંએ માંડ્યો.

પંખો ફાસ્ટ કરીને કોકિલા પરિનીની સામેની સેટી પર બેઠી. રમણ એને ગમતી કાળા સીસમની ગોળ પીઠવાળી ખુરશી પર આરામથી ગોઠવાયો હતો.

"કેટલા વરસે તું આવી! ચારેક વરસ થયા હશે નહીં?"

કોકિલાએ વાતચીતની શરૂઆત કરતા કહ્યું. પ્રાથમિક ખબર-અંતર પત્યા એટલી વારમાં નિહારિકા બહાર આવી અને રમણનું મોં ન દેખાય એ રીતે કોકિલાની બાજુમાં એ જ સેટી પર બેઠી.

નિહારિકાની ધીમી ચાલ એના શરીરની નબળાઈ જતાવતી હતી. એના દેખાવ પરથી લાગતું હતું કે એ અંદરથી તૈયાર થઈને આવી હતી. સાવ સાદા કોટનના ચૂડીદાર-કુરતા, ખભા સુધી પહોંચતા પોનીમાં બાંધેલા ટૂંકા નિસ્તેજ વાળ, બેસી ગયેલા ડાચાવાળી આ સામે બેઠેલી યુવતી નિહારિકા જ હતી કે પછી એનું પ્રેત? નિહારિકાને જોતાંવેંત આવો વિચાર પરિનીના મનમાંથી પસાર થઈ ગયો. કંઈ આડું-અવળું બોલાઈ ન જાય એની તકેદારી રાખતા પરિનીએ એને ફક્ત એક સ્મિત આપ્યું અને પછી રમણ સાથે વાતોએ વળગી. એને ખ્યાલ હતો કે નિહારિકા એકીટશે એને જ તાકી રહી હતી. થોડી વાર પછી પરિનીએ પર્સમાંથી એક નાનકડું બૉક્સ કાઢીને રમણને આપ્યું.

"આ શું છે?"

રમણે કૂતુહલ સાથે એ સફેદ લંબચોરસ બૉક્સ હાથમાં લેતા પૂછ્યું.

"આ આઈ-પૉડ છે."

"એટલે?"

"આ મ્યૂઝિક સાંભળવાનું મશીન છે. પહેલાં તમે એલ-પી ચલાવતા, પછી કેસેટો આવી અને પછી સીડી. હવે બધું મ્યૂઝિક આ નાનકડા મશીનમાં ભરી દેવાનું અને જે મન થાય એ સાંભળવાનું."

"અચ્છા," કહેતા રમણે ધ્યાનથી બૉક્સ પરનો ફોટો નિહાળ્યો અને કહ્યું,

"આ તો મોબાઈલ ફોન જેવું લાગે છે. આમાં ફોન પણ થાય?"

"ના, ના. આવો ફોન આવે છે, પણ એ તો બહુ મોંઘો આવે. આ એટલું મોંઘું નથી."

પરિનીએ ચોખવટ કરી.

"પણ અમને આવું બધું ચલાવતા ફાવે નહીં."

રમણ હજી વિમાસણભરી નજરે બૉક્સને તાકી રહ્યો હતો.

"કંઈ અઘરું નથી. લાવો હું સમજાવું."

કહેતા પરિનીએ રમણના હાથમાંથી આઇ-પૉડનું બૉક્સ લઈ લીધું. પછી એ બૉક્સ ખોલીને અંદરથી આઇ-પૉડ કાઢ્યું. પાવર ઑન કરીને એ રમણને આઇ-પૉડના ફીચર્સ સમજાવવા માંડી. જ્યારે ઇઅર-ફોન કાન પર ભરાવીને રમણે પહેલું ગીત સાંભળ્યું ત્યારે એનો ચહેરો હસુ-હસુ થઈ ઉઠ્યો. એકાદ મિનિટ સુધી સાંભળીને એણે પોઝનું બટન દબાવ્યું અને ઇઅર-ફોન કાઢી નાખ્યું. આઇ-પૉડના ટચ સ્ક્રીન પર જાત-જાતના બટન દબાવી એ બધા ગીતોના લિસ્ટ જોવા માંડ્યો.

અત્યાર સુધી આ બધું ચૂપચાપ નિહાળી રહેલી નિહારિકાએ પહેલી વાર મોં ખોલ્યું,

"તે દીદી એમાં ફક્ત જૂના ગીતો જ વાગે કે પછી નવા પણ હોય?"

"બધું વાગે. જે જોઈએ તે. એમાં ફિલ્મ ભરો તો એ પણ દેખાય. જો કે સ્ક્રીન આટલી જ હોય એટલે ફિલ્મ જોવાની બહુ મજા ન આવે."

પરિનીએ નિહારિકાની જિજ્ઞાસા સંતોષાય એવો જવાબ આપ્યો.

"પણ આમાં ગીતો કોણે ભર્યા?"

રમણે મુદ્દાનો સવાલ કર્યો.

"હમણાં તો અજયે એના કમ્પ્યૂટરમાંથી ગીતો ભર્યા છે. નવાં-જૂનાં બધાં મળીને પાંચેક હજાર ગીતો છે. તમતમારે સાંભળ્યા કરો ને ટેસથી!"

"આટલા નાનકડા મશીનમાં આટલાં બધાં ગીતો!"

રમણ હજી માનવા તૈયાર નહોતો.

"આ બધી નેનો ટેકનોલૉજી છે. બધું એકદમ નાનકડું થતું જાય છે."

"પછી આમાં મારા ગમતા કોઈ ગીતો ભરવા હોય તો?"

આઈ- પૉડ હાથમાં પકડીને એની તરફ તાકતો રમણ એક પછી એક સવાલો પૂછતો જતો હતો અને પરિની ધીરજપૂર્વક એના ઉત્તરો આપતી જતી હતી.

"તમે એક કામ કરજો. તમારા ગમતા ગીતોનું એક લિસ્ટ કાગળ પર તૈયાર કરી રાખજો. અજય લંડનથી આવી જાય પછી હું આ આઇ-પૉડ અને તમારું લિસ્ટ બંને મંગાવી લઈશ. એમાં તમારા ગમતા ગીતો ભરીને પાછું મોકલી દઈશ. હમણાં થોડા દિવસ આ એન્જોય કરો."

"થેંક યુ, પરિની!"

આભારવશ નજરે પરિની સામે તાકતા રમણે કહ્યું.

"આના પૈસા..!" કોકિલાએ વ્યવહારુ પ્રશ્ન કર્યો.

"આ ગિફ્ટ છે અને એના પૈસા ન હોય. તમે લોકો તો લંડન આવ્યા નહીં. હવે લંડનની એકાદી વસ્તુ તમને ભેટ તો આપું ને. ડરો નહીં, બહુ મોંઘી વસ્તુ નથી."

"તોય છ-સાત હજારની તો સહેજે હશે."

હજીયે આઇ-પૉડને આમતેમ ફેરવીને જોઈ રહેલા રમણે તરત કહ્યું.

"એનાથી થોડા વધારે. પણ તમ-તમારે એ પંચાત મૂકોને. મ્યૂઝિક એન્જોય કરો. રોજ મને યાદ કરજો હોં."

આ સાંભળતા જ બધા હસી પડ્યા.

એ પછી લંડન વિશે ઘણી-બધી વાતો થઈ. રમણના ઘરના રોકાણ દરમિયાન પરિની સતત નિહારિકાના વર્તનની નોંધ લઈ રહી હતી. એણે જોયું કે નિહારિકા બધાની વાતો ધ્યાનથી સાંભળી રહી હતી. એ પરિની સાથે આઇ-પૉડ વિશે ચર્ચા કરવાનો પ્રયત્ન પણ કરી રહી હતી. ફક્ત એની મમ્મીને ચા-નાસ્તો પીરસવામાં કે બીજા કોઈ જ કામમાં મદદ કરવા એ ઉભી નહોતી થઈ. કદાચ એનામાં તાકાત જ નહોતી.

આખાય નિરીક્ષણ પછી પરિનીને લાગ્યું કે નિહારિકાને માત્ર માનસિક નહીં, શારીરિક સારવારની પણ જરૂર હતી. હજી માંડ બત્રીસેકની થયેલી નિહારિકા આમ સાઠ વરસની વૃદ્ધા જેવી નબળાઈ અનુભવે એ બરાબર નહોતું. સારું ખાવાનું, વિટામિન્સ અને એક્સરસાઈઝ આ બધું સાથે શરૂ કરવામાં આવે તોય એને નોર્મલ થતા સહેજે છ મહિના લાગી જાય એમ હતું. એક વાર મુંબઈમાં સેટલ થઈ જવાય પછી નિહારિકાની મદદ કરવાનું પરિનીએ નક્કી કર્યું.

●●●

પ્રકરણ 27

પરિનીને મુંબઈમાં સેટલ થતાં-થતાં છ મહિના લાગી ગયા. મુંબઈની ધમાલભરી જિંદગીમાં નિહારિકાવાળી વાત વિસારે પડી.

"મમ્મી, આવતા વેકેશનમાં મને મથુરા-આગ્રા-દિલ્હી ફરવા જવાની ઇચ્છા છે. દેવ અને જિયાને હવે થોડું ઇન્ડિયા દેખાડીએને."

મમ્મી-પપ્પાને મળવા આવેલી પરિનીએ પ્રસ્તાવ મૂક્યો.

"બહુ સરસ. આ ક્રિસમસ વેકેશનમાં જ જઈ આવીએ. આકાશ અને અંકિતાને પણ પૂછી લઈએ."

સનતે પરિનીનો પ્રસ્તાવ વધાવતાં કહ્યું.

"ના, ના, આકાશ-અંકિતાને આ વખતે રહેવા દો. બેબી હજી વરસની માંડ થઈ છે. એક તો ડિસેમ્બરમાં દિલ્હી બાજુ ઠંડી ઘણી હશે અને બીજું મુસાફરીમાં ખાવા-પીવાના ઠેકાણા કેવા રહે કોણ જાણે. દેવ તો હવે બધું ખાય છે, પણ પેલી નાનકડી માંદી પડે તો લેવાના દેવા થઈ જાય. એમની જોડે આપણે ક્યાંક આજુબાજુ ફરી આવવાનો પ્રોગ્રામ ગોઠવીશું."

પરિનીએ ચોખવટ કરતા કહ્યું

"ભલે તું કહે છે, તો એમ રાખીએ. અજયને ક્રિસમસમાં નીકળવું ફાવશે ને ?" સનતે પરિનીને પૂછ્યું.

"હા. હા. એકદમ ફાવશે. એના તો બધા ઇન્ટરનેશનલ ક્લાયન્ટ્સ છે. ક્રિસમસ વીકમાં તદ્દન નિરાંત. જિયાને અઢારમીએ વેકેશન પડે છે. વીસમીની આજુબાજુ નીકળીએ અને થર્ટી ફર્સ્ટ પહેલાં પાછા આવી જઈએ."

"સરસ, તો હું ટિકિટ્સ અને હોટેલ બુકિંગ માટે એજન્ટને જણાવી દઉં છું. આપણી પાસે હજુ બે મહિનાનો સમય છે." કહેતાં સનતે ખિસ્સામાંથી મોબાઇલ કાઢ્યો.

જોત-જોતામાં નીકળવાનો દિવસ આવી પહોંચ્યો. મુંબઈથી રાજધાની ટ્રેનમાં પહેલાં મથુરા, ત્યાંથી બાય કાર આગ્રા અને છેલ્લે દિલ્હી જવાનો કાર્યક્રમ હતો. દિલ્હીથી બધા પ્લેનમાં પાછા ફરવાના હતા.

મથુરાના દ્વારકાધીશ મંદિરની ભીડ જોઈને જિયા અને દેવ ડઘાઈ ગયા.

"ઇટ ઇસ સો ક્રાઉડેડ."

અજયે તેડેલા દેવે તરત પોતાનો અભિપ્રાય આપી દીધો.

"મોમ, ધીસ પ્લેસ ઇઝ સો સ્ટિકી."

ઉઘાડા પગે પરિની અને અલકા સાથે મંદિરમાં પ્રવેશેલી જિયાએ નાકનું ટીચકું ચઢાવતાં કહ્યું. જિયાની ફરિયાદને અવગણતી પરિની ધરાર એને હાથ પકડીને દર્શન કરાવવા મૂર્તિ સુધી ખેંચી ગઈ. અલકાએ દિવસનાં બધાં દર્શન કર્યાં. બાકી બધાએ ફક્ત એક વાર મંદિરે જઈને સંતોષ માન્યો.

રાત્રે જમ્યા બાદ આખા દિવસની વાતો વાગોળતાં સહુ બેઠા હતાં ત્યાં સનતને અચાનક યાદ આવ્યું.

"અલકા, તે જોયા એમને ?"

"કોને ?"

"તારા ગુણવંતી ભાભીને."

સનતના આ શબ્દોથી અલકાને આંચકો લાગ્યો. જાણે હવાનું એક જોરદાર ઝાપટું આવ્યું ને અંગારાં પરથી રાખ ઊડી ગઈ. પળભરમાં અલકાને જૂની બધી જ વાતો યાદ આવી ગઈ. સનતની વાત માનવામાં ન આવતી હોય એમ એ બોલી,

"ના હોય ! એ તો કલકત્તામાં રહે છે. અહીંયા ક્યાંથી હોય ?"

"કેમ, તું નથી આવી મુંબઈથી દર્શન કરવા ? એમ એ પણ તો આવી જ શકે છે ને."

પપ્પાની વાતોથી પરિની પણ વિચારમાં પડી ગઈ. અજયે તરત પૂછ્યું,

"કોણ ગુણવંતીભાભી ? અમારા લગ્નમાં આવ્યા'તા ?"

"ના, ના. તું એમને નથી ઓળખતો." કહીને પરિનીએ વાત વાળી લીધી. અને સનત તરફ ફરીને પૂછ્યું,

"તમને ખાતરી છે કે એ એ જ હતા ?"

"હન્ડ્રેડ પરસેન્ટ."

ફરી ત્રણેય જણ વિચારમાં પડી ગયા. આખા દિવસના થાકેલા અજયને બગાસા આવતા હતા. જિયા અને દેવ જમીને તરત ઊંઘી ગયેલા. પરિની અને એના મમ્મી-પપ્પાને ચૂપચાપ બેઠેલા જોઈ અજય કંટાળ્યો. આમેય એને વાતમાં કંઈ સમજ નહોતી પડી રહી. ઊભો થતાં એ બોલ્યો,

"મને બહુ ઊંઘ આવે છે. હું ચાલ્યો સૂવા. તું આવે છે, પરિની ?"

"તું જા. હું થોડી વારમાં આવું છું. મારી પાસે રૂમની ચાવી છે."

કહેતી પરિની ફરી વિચારે ચડી ગઈ. અજયના ગયા પછી એણે ફરી એક વાર સનતને પૂછ્યું,

"તમે એમને ઓળખી ગયા ? આટલાં વર્ષો પછીય ?"

"હું ન ઓળખું એમને ! કેવા ગરમાગરમ ફૂલકા જમાડ્યા છે, એમણે મને !"

"હવે ભાભી કેવા દેખાય છે ?"

અલકાની ગુણવંતી વિશેની ઉત્સુકતા વધતી જતી હતી.

"પહેલાં દેખાતાં હતાં એવા જ. ફક્ત વાળમાં થોડી સફેદી અને ચહેરા પર થોડી વધતી ઉંમરની નિશાનીઓ આવી છે એટલું જ. બાકી ચશ્મા પાછળની આંખો હજીય એવી જ ચમકે છે."

સનતે બપોરે એમને જોયા એ ક્ષણ યાદ કરતા કહ્યું.

"મારે એમને મળવું છે." અલકા અચાનક બોલી.

એની આ વાત સાંભળતા સનતના ભવાં સંકોચાયા અને પરિની મૂંઝાઈ. એના મનમાં ઊઠેલો સવાલ એણે પૂછી જ નાખ્યો.

"પણ કેમ ?"

એક ક્ષણ પરિની અને સનતના મોં સામે તાકીને અલકાએ જવાબ આપ્યો,

"માફી માંગવા."

"શેની માફી ?"

પરિનીને હજી કંઈ સમજાતું નહોતું. જો કે સનતને ધીરે-ધીરે આ વાત સમજાઈ

રહી હતી.

"મારા પરિવારે એમની સાથે જે કર્યું એની માફી. હું એમને કોઈ જાતની મદદ ન કરી શકી એની માફી."

"ઓહ !" કહેતી પરિની ફરી ચૂપ થઇ ગઇ.

"તમે એમની કંઈ ભાળ કાઢોને, મારે એમને મળવું જ છે. હજી કાલનો આખો દિવસ આપણે અહીં જ છીએ."

"જોઈએ. સહેલું નથી, પણ સાવ ઇમ્પોસિબલ પણ નથી. આમેય કલકત્તાથી આવનારા બહુ લોકો ન હોય. મંદિરમાં તપાસ કરું. કદાચ કોઈ પંડા-પૂજારીને ખબર હોય."

જો ગુણવંતીની ભાળ મળે, તો એમને મળવા જવું જ એવો નિશ્ચય કરીને ત્રણેય છૂટા પડ્યા. બીજે દિવસે સવારમાં જ સનત ખબર લઈ આવ્યો. એ લોકો બાજુની ધર્મશાળામાં ઊતર્યા હતા. સનતે એમના પંડા જોડે મળવા માટેનો મેસેજ મોકલ્યો હતો. ગુણવંતીએ મળવા માટે હા પાડી હતી. બપોરે ત્રણ વાગ્યે મળવા બોલાવ્યા હતા.

જમીને થોડો આરામ કરીને અલકા અને સનત નીકળ્યા. બંને બાળકોને અજયને ભળાવી પરિની પણ મમ્મી-પપ્પા સાથે જોડાઈ.

બરાબર સવા-ત્રણ વાગે ગુણવંતીના રૂમની બેલ વગાડતાં અલકાનું હૈયું એક ધબકારો ચૂકી ગયું. શું કહીશ, કેમ કહીશ – એને કંઈ જ સમજાતું નહોતું. પણ એક વાર ગુણવંતીને મળવું જરૂર હતું.

રૂમનો દરવાજો ગુણવંતીએ જ ઉઘાડ્યો. એ જ જૂનું મોહક સ્મિત, પણ થોડું ઔપચારિક. એ જ પાણીદાર આંખો, પણ આજુબાજુ થોડી કરચલીવાળી અને ગોલ્ડન ફ્રેમના ચશ્મા પાછળ ઢંકાયેલી. ઉંમરને હિસાબે ઉજળો રંગ પણ થોડો ભીનાયો હતો.

"આવો ને."

કહેતા ગુણવંતી દરવાજો ઉઘાડો મૂકીને આગળ વધી અને ત્રણેયને સામેના સોફા પર બેસવા ઇશારો કર્યો. પરિની અને અલકા સોફા પર ગોઠવાયા. સનત પાસે પડેલી ખુરશી પર બેઠો. ગુણવંતી પલંગ પર અધુકડી બેઠી.

સનત, અલકા અને પરિની થોડી વાર આજુબાજુ જોતાં ચૂપચાપ બેઠા રહ્યા. વાતની શરૂઆત કઈ રીતે કરવી એની મથામણ એમના ચહેરા પર સ્પષ્ટ અંકાયેલી હતી. એમની આ અવઢવ પામી ગઇ હોય એમ આખરે ગુણવંતીએ જ પૂછ્યું,

"શું લેશો ? ચા-કૉફી કે કંઇ ઠંડું ?"

"મને ચા ચાલશે."

સનતે બાકી બેય સ્ત્રીઓના મોં સામે જોતાં કહ્યું.

"હું કૉફી લઈશ. પરિની તું ?"

કહેતા અલકાએ પરિની સામે જોયું.

મામીને નિરખવામાં મશગુલ પરિની આ અચાનક આવી પડેલા સવાલથી પહેલા ચોંકી અને પછી બોલી, "મને પણ કૉફી ચાલશે."

"ઓકે." કહેતા ગુણવંતીએ ઊભા થઈને ફોન પર ચા-નાસ્તાનો ઑર્ડર

આપ્યો. અને પછી પલંગ પર બેસી ગઈ.

"આ પરિની. મારી મોટી દીકરી."

અલકાએ પરિનીની ઓળખાણ કરાવતા કહ્યું.

ગુણવંતીએ પરિનીના ચહેરા પર એક પ્રેમાળ નજર ફેરવી અને પૂછ્યું,

"બસ, એક જ દીકરી છે તમારે ?"

"ના, ના, એનાથી નાનો દીકરો છે, આકાશ. એની બેબી હજી નાની છે એટલે એ લોકો મથુરા નથી આવ્યા."

સનતે તરત કહ્યું.

"હં, હં." કહેતા ગુણવંતીએ નજર નીચી ઢાળી દીધી.

ફરી એક વાર રૂમમાં મૌન પથરાઈ ગયું. શું બોલવું એ કોઈને સૂઝતું નહોતું. આખરે અલકાએ ચૂપકીદી તોડતાં કહ્યું,

"ભાભી... મારે તમારી માફી માંગવાની છે."

અલકાની આ વાતે ગુણવંતીને આશ્ચર્ય થયું.

"શેની માફી ?"

ગુણવંતી એ સહજ સ્વરે પૂછ્યું.

"તમારી માટે કંઈ ન કરી શકવાની."

નીચી નજરે અંગૂઠાથી ભોંય ખોતરતાં અલકા બોલી.

"એમાં તમારો શો વાંક ? તમને તો કંઈ ખબર જ નહોતી. " ગુણવંતીએ સૌમ્યતાથી કહ્યું.

"એ સાચું, પણ તોયે તમારી યાદ આવે ત્યારે મન ચચરી ઊઠે છે."

અલકાના હૃદયનો પસ્તાવો એના ચહેરા પર અને શબ્દોમાં છલકાતો હતો.

"હશે બેન ! જેવા મારા નસીબ !"

કહેતા ગુણવંતી આંખોની ભીનાશ છુપાવવા નીચું જોઈ ગઈ.

હવે સનતથી રહેવાયું નહીં એણે લાગલું જ પૂછ્યું,

"પણ એક્ઝેક્ટલી થયું'તું શું ? અમને તો એટલી જ ખબર પડી કે તમે કલકત્તા જતા રહ્યા અને પછી તમારા બંનેના છૂટાછેડા થઈ ગયા."

સનતના આ પ્રશ્ને ગુણવંતીના ચહેરા પર અનેક રંગો આવીને પસાર થઈ ગયા. જાણે એ થોડા ક્ષણોમાં એ ભૂતકાળમાં એક ઊંડી ડૂબકી લગાવીને આવી. પાણીમાં ઊંડી ડૂબકી લગાવીને બહાર આવેલા મરજીવાનાં કપડાં પરથી બહાર આવ્યા પછીયે પાણીના બૂંદ ટપકે, એમ ત્યારે અનુભવેલી પીડાના થોડા અંશો અત્યારેય ગુણવંતીના ચહેરા પર ઝળકી રહ્યા. જાત પર કાબૂ મેળવતી, સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતી ગુણવંતીએ એક ઊંડો શ્વાસ લઈ રૂમમાં હાજર રહેલા સર્વે પર એક સરસરી નજર ફેરવી. પછી એમને જોડે લઈને એ ભૂતકાળની સફરે ઊપડી.



પ્રકરણ 28

રમણના લગ્નની પાંચમી વર્ષગાંઠે કમળાબહેને ગુણવંતીના પિયરિયાંને તેડું મોકલ્યું.

ઠરાવેલા દિવસે અને સમયે રમણને ઘેર સર્વે કુટુંબીજનો ભેગા થયા. રમણ અને કમળાબહેન ઉપરાંત વિમળાફોઈ, કુમારફુઆ અને એમનો દીકરો રમેશ હાજર હતા. બીજી તરફ ગુણવંતીના પિયરેથી એના બે મોટા ભાઈ અને એના કાકા આવેલા. ગુણવંતીના પિતાની તબિયત લથડી હોવાથી ડૉક્ટરે લાંબા પ્રવાસ માટે મનાઈ ફરમાવેલી. અલકા અને સનતને આ આખાય પ્રસંગથી જાણી જોઈને બાકાત રખાયા હતા.

છેલ્લા થોડા દિવસોથી બદલાયેલા ઘરના વાતાવરણે ગુણવંતીને આવનારા તોફાનનો આસાર આપી દીધો હતો. ખુલ્લું તો નહીં પણ મોઘમ શબ્દોમાં ગુણવંતીએ એના નાનાભાઈ અશ્વિનને કંઈક ગંભીર બનવાનું હોવાનો અણસાર આપી દીધેલો. કદાચ એટલે જ એના બાપુજીની નરમ-ગરમ રહેતી તબિયત વધુ લથડી હતી. એમણે ઘરેથી નીકળતી વખતે જ બંને દીકરાઓને મગજ શાંત રાખવાની ખાસ સૂચના આપેલી. સાથે-સાથે નાનાભાઈ સાથે બંધ ઓરડે કંઈક મસલત પણ કરી હતી.

બધા આવી ગયા એટલે રમણે ઘરનો મોટો દરવાજો બંધ કરી દીધો. દિવસભર જે ઘરના ફક્ત જાળિયા જ બંધ રહેતા, તે ઘરનો દરવાજો કથોરા ટાણે વાસી દેવાયો એ બાબતે પરિસ્થિતિ ગંભીર હોવાનો અણસાર સર્વેને આપી દીધો. આટલા બધા માણસોને એકઠા થયેલા જોઈને આડોશી-પાડોશીનાં ભવાં ખેંચાયાં હતાં. બે-ત્રણ જણ તો અમસ્તા-અમસ્તા જાળી પાસેથી પસાર થવાને બહાને આંખ-નાક-કાન અંદર ખોસીને અંદરની હવા માપવાનો પ્રયાસ પણ કરી ગયેલા.

બંધ બારણે મીટિંગની શરૂઆત કરતાં કુમારફુઆએ પ્રસ્તાવના કરી.

“આજે આપણે રમણ અને ગુણવંતીના દાંપત્યજીવન વિશે અગત્યની ચર્ચા કરવા ભેગા થયા છીએ. તમને સૌને ખ્યાલ હશે જ કે ગયા અઠવાડિયે એમના લગ્નને પાંચ વર્ષ પૂરા થયા.” આટલું બોલીને કુમારફુઆ સહેજ શ્વાસ ખાવા ઊભા રહ્યા અને રૂમમાં બેઠેલ દરેકના ચહેરા પરના ભાવ વાંચવાની કોશિશ કરી રહ્યા. નીચે ચટાઈ પર બેઠેલી બંને મહિલાઓ માથું નીચું કરીને જમીનને તાકી રહી હતી. ગુણવંતીના પિયરિયાના ચહેરા પર ઉત્સુકતા અને આક્રમકતાના મિશ્ર ભાવો હતા. ગુણવંતી બારણાની આડશે બેઠી પોતાના જ હૃદયના ધબકારા ગણી રહી હતી. રમણ કોઈક મનસૂબો જાહેર કરવાની મકક્કમતા ધારણ કરીને બેઠો હતો. રમેશ આ બધામાં એનું શું કામ હશે એ વિચારે મૂંઝાતો ઘડીક કુમારફુઆ સામે, તો ઘડીક રમણ સામે તાકતો બેઠો હતો. કોઈ તરફથી કોઈ જ પ્રશ્ન ન આવ્યો એટલે એમણે મુદ્દાની વાત કહી જ નાખી.

“ઘણી રાહ જોવા છતાં અમારા પરિવારને હજી વારસદારનું મોં જોવા નથી મળ્યું."

સુરંગ ફૂટે અને ધુમાડાભરી માટીના ગોટેગોટ ઉછળે એમ વિવિધ ભાવો

હાજર રહેલ સર્વેના ચહેરા પર ફરી વળ્યા. થોડી વારે ગુણવંતીનો મોટો ભાઈ શીરિષ બોલ્યો,

"સારા સમાચારની રાહ અમેય જોઈ રહ્યા છીએ. મારી બાએ તો ગુણવંતીને તેડાવવાની તૈયારી ક્યારની કરી રાખી છે. આવનાર બાળકના મણગોટા ય ઘડાવી રાખ્યા છે."

શીરિષ વધુ બોલે એની પહેલા એના કાકાએ એનો હાથ દબાવી એને શાંત રહેવાનો ઈશારો કર્યો. પછી એમણે ગંભીરતાથી પૂછ્યું,

"ડૉક્ટરો શું કહે છે ?"

"એમાં ડૉક્ટરે શું કહેવાનું ? જે છે તે સામે જ છે ને !"

આકળો થયેલો રમણ તરત બોલ્યો.

"શું તમે દાક્તરી તપાસ કરાવી ? ગુણવંતીમાં કંઈ ખામી છે એવું એ લોકોએ કહ્યું ?"

રમણની અકળામણને અવગણતા, પોતાની સ્વસ્થતાને ડગમગવા ન દેતાં ગુણવંતીના કાકાએ એ જ ધીર-ગંભીર સ્વરે બીજો પ્રશ્ન કર્યો.

"ના. અમે એવી કોઈ તપાસ નથી કરાવી. રમણ એના માટે રાજી નથી."

કમળાબહેને સહેજ ભોંઠપ સાથે કહ્યું.

"કશો વાંધો નહીં. અમે ગુણવંતીની તપાસ કરાવી લઈએ. કોઈ મેડિકલ પ્રોબ્લેમ હોય, તો એની દવા કરાવીએ."

ગુણવંતીના કાકાએ સૂચન કર્યું.

"હા. અને કોઈ પ્રોબ્લેમ ન હોય, તો હું નબળો છું એમ જ પુરવાર થાય ને."

આટલી વારથી ધૂંધવાઈ રહેલા રમણે ઉગ્ર સ્વરે કહ્યું,

"હું કંઈ હીજડો નથી ! પૂછી જુઓ તમારી બહેનને જો એને એવું કદી લાગ્યું હોય તો !"

રમણના આ ઉઘાડા શબ્દોએ રૂમમાં બેઠેલી બધી સ્ત્રીઓ નીચું જોઈ ગઈ અને શીરિષ ગુસ્સાનો માર્યો ધ્રુજવા લાગ્યો. એ ઊભો થઈને બરાડ્યો,

"એટલે તું શું એમ કહેવા માંગે છે કે મારી બહેનમાં ખામી છે ? કોણે કહ્યું તને આવું ? છે કોઈ મેડિકલ રિપોર્ટ તારી પાસે ? પુરવાર કર આ વાત, જો સાચી હોય તો."

ફરી એક વાર ગુણવંતીના કાકાએ શીરિષનો હાથ પકડીને એને બેસાડી દીધો. લાલચોળ આંખે રમણની વિરુદ્ધ દિશામાં જોતો શીરિષ પલંગ પર બેસી પડ્યો અને બંને મુઠ્ઠીમાં પલંગની ચાદર જકડી લીધી.

"વાત કરે છે..." એમ બબડતો-ફફડતો એ ઊંડા શ્વાસ લેવા લાગ્યો.

અત્યાર સુધી ચૂપચાપ બેસી તમાશો નિહાળી રહેલો ગુણવંતીનો નાનો ભાઈ અશ્વિન ઊભો થયો.

"હું અહીં સહુથી નાનો છું. જો તમારી બધાની રજા હોય તો મારે કંઈક કહેવું છે."

એનો શાંત અને મક્કમ ચહેરો જોઈ કોઈથી એને ના ન પાડી શકાઈ. કોઈના તરફથી વિરોધ ન આવ્યો એટલે કુમારફુઆએ એને આગળ બોલવાનો ઈશારો

કર્યો. એક નજર પોતાના કાકા અને ભાઈ પર નાખી અશ્વિને બોલવાની શરૂઆત કરી,

"આ મુદ્દો બહુ ગંભીર છે. આપણે એના પર થોડો વિચાર કરવો જોઈએ. મને લાગે છે કે અમે આવ્યા જ છીએ, તો ગુણાબેનને થોડા દિવસ માટે અમારે ઘેર લઈ જઈએ. આમેય બે વર્ષથી એ કલકત્તા આવ્યા નથી. ત્યાં બા પાસે એ દિલ હળવું કરી શકશે અને અહીં તમે બધા આ બાબત પર મોકળા મને ચર્ચા-વિચારણા કરી શકશો."

વડીલોને અશ્વિનનું સૂચન જચી ગયું.

કુમારફુઆએ રમણ અને કમળાબેન સામે જોયું. રમણ ગુસ્સામાં ધૂંધવાતો બારી બહાર જોતો બેઠો હતો. વિમળાબેનને આમાં કોઈ વાંધો નહોતો એ એમનો ચહેરો કહી આપતો હતો. કમળાબહેને આંખોથી હામી ભરી એટલે કુમારફુઆએ અશ્વિનના સૂચન પર સંમિતની મહોર મારતા કહ્યું,

"અશ્વિનભાઈની વાત સાચી છે. આ બાબતનો નિર્ણય અડધો કલાકમાં લઈ શકાય નહીં. રમણ અને ગુણવંતીના આખા જીવનનો પ્રશ્ન છે. વળી વહુના માતા-પિતા પણ અહીં હાજર નથી. એમની સંમતિ વગર કોઈ પણ ફેંસલો લેવાનું યોગ્ય નહીં ગણાય. આ ચર્ચા આજે અહીં જ પૂરી કરીએ. થોડા દિવસો પછી આપણે નિર્ણય લઈએ."

"બરાબર છે." કહેતા ગુણવંતીના કાકાએ આ નિર્ણયને વધાવી લીધો. એ જ સાંજે ગુણવંતી પિયર જવા રવાના થઈ.

ooo

ગુણવંતીને કલકત્તા ગયે બે મહિના વીતી ગયા હતા. વચ્ચે-વચ્ચે એના બાપુજી અને ભાઈઓના ફોન કુમારફુઆને આવતા. એક-બે વાર ગુણવંતીના બા અને કમળાબહેને પણ ફોન પર આ બાબતે ચર્ચા કરી હતી. રમણ એકમાત્ર એવો હતો જે આ બધાથી સાવ જ અળગો રહ્યો હતો.

રમણ કોઈનીયે જોડે આ બાબતે ચર્ચા તો શું વાતચીત કરવા ય તૈયાર નહોતો. હવે ગુણવંતીને ફરી આ ઘરમાં લાવવાની એની લેશમાત્ર ઈચ્છા નહોતી. એણે બીજા લગ્ન કરવાનું મન બનાવી લીધું હતું. ગુણવંતીના પિયરિયાનો ફોન લેવા એ તૈયાર જ નહોતો. એકાદ વાર કમળાબહેને આ વાત છેડી તો - 'તને એની બહુ યાદ આવતી હોય, તો તારીય કલકત્તાની ટિકિટ કઢાવી દઉં' - એમ કહીને એમનું મોં તોડી લીધું હતું. છૂટાછેડાની સલાહ લેવા માટે એ બે-ત્રણ વકીલોને મળી આવ્યો હતો. બધાનું કહેવુ હતું કે જો મેડિકલ રિપોર્ટ હોત, તો કેસ વધારે મજબૂત બન્યો હોત. જો કે ખાસ વાંધો આવે એવું નહોતું. જો ગુણવંતીના પિયરિયા કેસ લાંબો ન ખેંચે, તો ફેંસલો એમની તરફેણમાં આવે તેમ જ હતું.

બીજી બાજુ ગુણવંતીય સમજી ગઈ હતી કે હવે એનું મુંબઈ પાછા ફરવું મુશ્કેલ હતું. બે-ત્રણ વાર એણે રમણની ઓફિસે ફોન કરીને એની સાથે વાત કરવાનો પ્રયત્ન કરેલો, પણ રમણ ફોન પર આવ્યો જ નહોતો. ગુણવંતીએ એના પર લખેલા પત્રોનોય કોઈ જવાબ નહોતો આપ્યો. એવામાં એક દિવસ

ગુણવંતીના નામે પોસ્ટમાં છૂટાછેડાની નોટિસ આવી. અચાનક થયેલા આ ધડાકાથી આખું ઘર હચમચી ગયું.

ગુણવંતીની બાએ રડી-રડીને આખું ઘર માથે લીધું. મોટોભાઈ શીરિષ એવો ભૂરાયો થયો કે જો રમણ સામે આવે, તો એનું ખૂન કરી નાખે. ગુણવંતીના બાપુજીની તબિયત વધુ લથડી. એ સાવ પથારીવશ થઈ ગયા. આટલા દિવસો વ્યગ્રતામાં કાઢી નાખ્યા પછી હવે ગુણવંતીના આંસુય સૂકાઈ ગયેલા. આ બધામાં તટસ્થ હતો તો એકમાત્ર અશ્વિન, ગુણવંતીનો નાનોભાઈ.

છેલ્લા ઘણા દિવસોથી અશ્વિન ગુણવંતીનું વિશેષ ધ્યાન રાખી રહ્યો હતો. શરૂઆતના દિવસોમાં હળવી દેખાતી ગુણવંતીને ધીમે-ધીમે દુઃખી અને પછી ગંભીર થતી અશ્વિને નિહાળી હતી. 'બધું સારું થઈ જશે' કહેતી બાનો સધિયારો કેટલો ખોખલો હતો એ ગુણવંતીના ચહેરા પર અશ્વિનને સાફ વંચાતું હતું. આથમતી સંધ્યાએ, એના પહેલા માળના રૂમની બાલ્કનીમાંથી શૂન્યમાં તાકતી, ખોવાઈ જતી ગુણવંતીને નીચે વરંડામાં બેઠો શીરિષ ચૂપચાપ જોઈ રહેતો. સદા બાપુજીની સેવામાં અને ઘરકામમાં મદદ કરવા તત્પર રહેતી ગુણવંતી ધીમે-ધીમે પિયરના ઘરમાં ગોઠવાવાનો પ્રયત્ન કરી રહી હતી. આ વાત અશ્વિનથી અજાણી નહોતી.

સાંજે ડાઈનિંગ ટેબલ પર જમવા ભેગા મળેલા સહુએ આ નોટિસ વિશે જાતજાતના પ્રતિભાવ આપેલા.

“બળી આ નોટિસ. ફાડીને ફેંકી દો. એમ કંઈ સાત જન્મોના સંબંધ કાગળના પતાકડાથી તૂટતા હશે !”

ગુણવંતીની બાએ પાસે પડેલા નેપકિનનો ડૂચો વાળતાં જાહેરાત કરી દીધી હતી.

“એને તો હું જોઈ લઈશ. વરસોના વરસ એને કોર્ટના ધક્કા ન ખવડાવું તો મારું નામ શીરિષ
નહીં !”

“મારાથી તો ગુણવંતીબહેનના મોં સામું જોવાતું નથી, કેવા પીળા પડી ગયા છે ! એકલા જનમારો કાઢવો આસાન નથી. ભલે આપણે બધા અહીં છીએ, પણ ધણીના છત્તર જેવું તો કંઈ નહીં.”

હળવે સાદે શીરિષની પત્નીએ પણ પોતાનો મત પ્રગટ કરી લીધો હતો. ચૂપ હતા તો માત્ર ગુણવંતી અને અશ્વિન. આજે આવેલી આ ક્ષણનો સામનો કરવાની તૈયારી એ બંનેએ કરી રાખેલી કદાચ.

આગલે દિવસે ડાઈનિંગ ટેબલ પર થયેલી છૂટાછેડાની નોટિસ વિશેની ચર્ચા દરમ્યાન ગુણવંતી અને એનો નાનો ભાઈ અશ્વિન બંને ચૂપ જ રહ્યા હતા. આ બાબતની નોંધ ગુણવંતીના પિતાએ લઈ લીધેલી. બીજે દિવસે એમણે ગુણવંતીનું મન જાણવા અશ્વિનને એની પાસે મોકલ્યો.

●●●

પ્રકરણ 29

બીજે દિવસે બપોરે અશ્વિને ગુણવંતીના રૂમના ઉઘાડા બારણા પર ટકોરા માર્યા.

"આવું કે બેન ?"

કહીને દાખલ થતા નાનાભાઈને જોઈને ગુણવંતીએ ભરત ભરવા લીધેલો ચણિયો બાજુ પર મૂક્યો. સાડીનો છેડો સરખો કરી ભાઈને આવકારતા એ બોલી, "હા, હા, આવને ભાઈ. બેસ અહીં. બોલ, શું કામ પડ્યું મારું?"

ગુણવંતીના ચહેરા પરની સ્થિતપ્રજ્ઞતા જોઈ અશ્વિને કહ્યું,

"મારે તારી સાથે થોડી વાત કરવી છે."

અશ્વિનના મોં પરની ગંભીરતા કહી દેતી હતી કે એ કયા વિષય પર વાત કરવા આવ્યો હતો. છતાંય ગુણવંતીએ હળવાશથી કહ્યું,

"તે કરને વાત. હું તો નવરી જ બેઠી છું."

નીચે જોઈ પલંગની ચાદર પર હથેળી ફેરવી કરચલીઓ કાઢતા અશ્વિન બોલ્યો,

"પેલી નોટિસ વિશે વાત કરવી છે."

સાંભળીને ગુણવંતીથી એક હળવો નિઃસાસો નખાઈ ગયો.

પછી એક મ્લાન સ્મિત સાથે એ બોલી,

"હવે બચ્યું છે કંઈ વાત કરવા માટે ?"

"કરવું હોય, તો તો ઘણું-ઘણું થાય. પણ તારી ઈચ્છા છે ?"

કહેતાં અશ્વિને ગુણવંતીની આંખોમાં આંખો પરોવી. એ નજરની વેધકતા સહેવાતી ન હોય એમ ગુણવંતી નીચું જોઈ ગઈ.

"જ્યાં મન જ ન મળતાં હોય, ત્યાં જબરદસ્તી જોડે રહીને જીવ બાળવામાં કયું ડહાપણ છે ?"

"પણ આટલો વખત તો બધું બરાબર હતું. અચાનક શું થયું ? શું કોઈ બીજી..."

"ના, ના. એવું કંઈ નથી."

કહેતાં ગુણવંતીએ અશ્વિનને ખોટી કલ્પનાઓ કરતાં અટકાવ્યો. પછી જાત સાથે વાતો કરતી હોય એમ એ બોલી,

"શરૂઆતના વર્ષોમાં બધું બરાબર હતું. પણ અલકાબહેનના લગ્ન પછી ખબર નહીં કેમ જાણે બધું જ બદલાઈ ગયું ! અચાનક એમને મારી ભૂલો અને ખામીઓ દેખાવા લાગી. રોજ સવારે નોકરીએ જતાં પહેલાં એકાદી વાતે તો એમને વાંકુ પડતું જ."

"અને તારા સાસુ ?"

અશ્વિન એક પછી એક વ્યક્તિ વિશે પૂછીને ત્યાંની પરિસ્થિતિનો તાગ મેળવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. એને જાણવું હતું કે પ્રશ્ન ફક્ત બાળકનો જ હતો કે પછી એની આડમાં કોઈ જુદી ખીચડી રંધાઈ રહી હતી. જો એમને વધુ દાયજાની લાલચ હોય, તો એ પ્રશ્ન ચપટીમાં ઉકેલાઈ જાય એવો હતો. અને જો કોઈ બીજી

સ્ત્રીનો મામલો હોય, તો અશ્વિન રમણને બરાબરનો સાણસામાં લેવા માંગતો હતો. એની બહેન બિચારી થઈને પિયરમાં પડી રહે અને પેલો ત્યાં જલસા કરે એ વાત એ સાંખી લે તેમ નહોતો.

"મારા સાસુ બિચારા શું બોલે ? એમને તો દીકરાના આધારે જ જિંદગી વીતાવવાની છે. વહુનું ઉપરાણું લઈને દિકરા સાથે દુશ્મની વહોરી લેવાનું એમને ન પાલવે."

"એ એમના દીકરાની મેડિકલ તપાસ કરાવી શકે છે."

"એ મને ડોક્ટર પાસે તપાસ માટે લઈ ગયા હતા. પણ ડોક્ટરે એમ કહીને પાછા વાળ્યા કે તપાસ બંનેની કરવી પડે. એટલે જ તો મેં અહીં આવીને તપાસ માટે ના પાડી હતી."

"ના, ના. તો પછી આપણે નોટિસનો જવાબ આપતાં પહેલાં તારી તપાસ કરાવીએ. ડો. દાસ વરસોથી આપણા ફેમિલી ડોક્ટર છે. આ વાતની એમને ખબર પડશે, તો એ તારી એકલીની તપાસ પણ કરાવી લેશે."

અશ્વિનને આશાનો તંતુ દેખાયો.

"એનો શો ફાયદો છે ? તારા જીજાજીને હું બરાબર ઓળખું છું. જો મારો રિપોર્ટ બરાબર હશે, તો તો એ મને ક્યારેય પાછી નહીં બોલાવે. એ માણસ મારી સામે ઉઘાડો થઈ જાય ને ! મારે તો એક બાજુ કૂવો ને બીજી બાજુ ખાઈ છે."

ગુણવંતીએ રમણના સ્વભાવનું વધુ એક પાસું ભાઈ પાસે ઉઘાડું કર્યું. તે દિવસના રમણના વર્તન પરથી અશ્વિનને એના ગુસ્સાભર્યા અને જક્કી સ્વભાવનો ખ્યાલ આવી જ ગયેલો. હવે એને ખાતરી થઈ ગઈ. છતાંયે બહેનની આંખોનો, એના જીવનનો ખાલીપો જીરવાતો ન હોય એમ એ તરત બોલ્યો,

"આમ તારા કોઈ જ વાંક-ગુના વગર તને સજા મળે એ કેમ ચાલે ?"

"વાંક મારા નસીબનો. બીજું શું ?"

કહેતી ગુણવંતીએ ભીંજાયેલી આંખે અશ્વિન સામે જોયું. અશ્વિનનું મન આ વાત સ્વીકારવા તૈયાર નહોતું એ એના ચહેરા પર સ્પષ્ટ વંચાતું હતું. એ આગળ દલીલ કરે એની પહેલાં જ ગુણવંતી બોલી,

"હમણાં-હમણાંથી તો આડોશ-પાડોશમાં અને સગાં-સંબધીઓમાંય હું થોડી અળખામણી થવા માંડી હતી."

"અરે ! આમાં સગા-સંબંધી ક્યાં વચ્ચે આવ્યા ?"

"વાંઝણી છું ને ! મારાથી મંગળ પ્રસંગે આગળ ન રહેવાય. "

"એવું કંઈ હોતું નથી." અશ્વિનની અંદર રહેલો મોર્ડન પુરુષ બોલી ઊઠ્યો.

"એવું તને લાગે છે ભાઈ. સમાજને આ બધી બાબતે બહુ ફેર પડે છે. પેલા ધનકોરબાનો પોતરો પરણતો હતો અને હું હોંશે-હોંશે પસ ભરાવવા ગઈ, તો એમણે મારો હાથ પકડીને મને રોકી લીધી. એ તરત બોલ્યા કે, આ વિધિ તો સોહગણો અને બચ્ચાવાળી સ્ત્રીઓ જ કરે. તારું ને મારું કામ નહીં ! અને પેલા ભોંયતળિયાવાળા મિસિસ શર્માએ તો મને એમના સીમંત પ્રસંગે બોલાવી જ નહીં. પછી મને સમજ પડી કે વાંઝણી સ્ત્રીઓએ આવા પ્રસંગે ન જવાય."

ગુણવંતીની પેટછૂટી વાતે અશ્વિનને એની પરિસ્થિતિનો ચિતાર મળી ગયો.

હથિયાર હેઠાં મૂકતો હોય એમ એ બોલ્યો,

"તો હવે તારો શો વિચાર છે ?"

"જો તમને બધાને વાંધો ન હોય તો હું આ ઘરના એકાદ ખૂણામાં પડી રહીશ. ભાભીઓને મદદ કરવામાં અને ઘરના કામકાજમાં મારો જનમારો નીકળી જશે. તમારા છોકરા રમાડીશ, બીજું શું ?"

"ના, ના. એમ મનમાં ઓછું નહીં લાવવાનું. તું તો અમારી લાડકી બહેન છે અને સદાય લાડકી રહેશે. આ શીરિષભાઈની માધવીની જેમ તું ય અમારી દીકરી છો. અમને જરાય ભારે નથી પડવાની."

આ સાંભળતા જ ગુણવંતીએ અત્યાર સુધી રોકી રાખેલા આંસુઓનો બંધ તૂટી પડ્યો. એને રડતી જોઈને અશ્વિન પણ ગળગળો થઈ ગયો. થોડી ક્ષણો સુધી બંને ચૂપચાપ બેઠા રહ્યા. પછી બહેનનો હાથ થપથપાવી સ્વસ્થ થતો અશ્વિન ઊઠ્યો. જતાં-જતાં એ કહેતો ગયો,

"હું મોટાભાઈ અને બાપુજી સાથે વાત કરીને આપણો જવાબ કહેવડાવી દઉં છું. ભલે એ પણ હવે થોડા કોર્ટના ધક્કા ખાતો ?"

"એક મિનિટ ભાઈ."

બારણા સુધી પહોંચી ગયેલા અશ્વિનને ગુણવંતીએ અટકાવ્યો. સાડીના છેડાથી પોતાની આંખો લૂછીને મક્કમ સ્વરે બોલી,

"આપણે આવું કશુંય કરવાનું નથી. હું પૂરેપૂરી સંમતિથી આ છૂટાછેડા આપું છું. અને હા, મને એનો એક રૂપિયોય ન ખપે. જે ઘરમાં મારું હૈયું ન ઠર્યું, એ ઘરનું ધન લઈને મારે જીવનભર બળવું નથી."

"ભલે, જેવી તારી મરજી. પણ આપણે દાયજામાં જે દાગીના અને ચાંદીના વાસણો આપ્યા છે એ તો અમે પાછાં લઈશું જ. એ તારું સ્ત્રીધન છે અને તારો એના પર પૂરેપૂરો હક્ક છે. એમાં તું કંઈ ન બોલતી."

"ભલે તમને જેમ ઠીક લાગે એમ કરો. મારે ક્યાં ક્યાં સહીઓ કરવાની છે એ મને જણાવી દેજો."

અશ્વિન રૂમ છોડી ગયો અને ગુણવંતી સૂની આંખે શૂન્યમાં તાકી રહી. એક સંબંધ સદાને માટે પૂરો થયો હતો. જુદા શહેરોમાં રહેતા હોવાથી ફરી ક્યારેય મળવાનો અવકાશ નહોતો અને હવે એવી ઇચ્છાયે નહોતી. ગુણવંતીએ પોતાના નસીબને સ્વીકારી લીધું હતું અને રમણને માફ કરી દીધો હતો.

ooo

ગુણવંતીની આખીય કહાણી સાંભળ્યા પછી અલકા અને સનતનાં મોં પડી ગયા. પરિનીને રમણ અને એના આખા પરિવાર પર ગુસ્સો આવી ગયો. એણે થોડી પળો માટે પોતાને ગુણવંતીના સ્થાને કલ્પી લીધી અને સીધું જ ગુણવંતીને પૂછ્યું,

"મામી, તમે આટલી આસાનીથી છૂટાછેડા કેમ આપી દીધા ?"

"અરે બેટા ! કોઈની નજરમાંથી ઊતરી જઈએ, પછી રોજે-રોજ શા માટે એની આંખો સામે આવવું? દરરોજના હૈયા-ઉકાળા કરવા કરતાં તો સહુ

પોતપોતાને રસ્તે જાય અને શાંતિથી જીવે એ જ સારું નથી ?"

મામીની વાત સાથે થોડે અંશે સહમત થતી હોય એમ પરિનીએ હકારમાં ડોકું ધુણાવ્યું. પછીની જ ક્ષણે એના મનમાં બીજો પ્રશ્ન સ્ફૂર્યો,

"મામી, તમને બીજા લગ્ન કેમ ન કર્યા ?"

પરિનીનો આ સવાલ સાંભળીને ગુણવંતી મરકી રહી.

"આ બધું આજથી પાંત્રીસ-ચાળીસ વર્ષ પહેલાં બન્યું હતું. ત્યારે જમાનો જુદો હતો."

"આજેય સમાજ કઈ બદલાયો નથી. સ્ત્રીઓ માટે બીજા લગ્ન એટલા આસાન નથી."

અલકાએ ગુણવંતીના સૂરમાં સૂર પુરાવતાં કહ્યું.

"હશે, જે થઈ ગયું એના પર ધૂળ નાખો. મારા ભાઈ-ભત્રીજા મને બરાબર સાચવે છે. જુઓને, આ જાત્રા પર પણ આગ્રહ કરીને ખેંચી લાવ્યા છે. બાકી ત્યાં બધું બરાબર છે ને ? બાનીય ઉંમર થઈ હશે હવે. અને તમારા ભાઈને બાળકો તો થયાને ?"

સાંભળતા જ અલકાએ નિઃશ્વાસ નાખી કહ્યું,

"બાને ગયે પંદરેક વરસ થયા. રમણને એક દીકરો અને દીકરી છે."

"સારું. જે થયું તે સારા માટે. એમને વારસદાર જોઈતો હતો તે મળ્યો. ભગવાન સહુને સુખી રાખે. " ગુણવંતીએ ખરા દિલથી સહુને આશિષ આપ્યા. નિખાલસ હૃદયે ગુણવંતીની માફી માંગી ત્રણે પાછા ફરી ગયા.

પાછા ફરતા આખે રસ્તે અલકા વિચારતી રહી. શું એનો ભાઈ ખરેખર સુખી હતો ? એક પળ એને એવો વિચાર પણ આવી ગયો કે જો કોકિલાને સ્થાને ગુણવંતી હોત, તો રમણના પરિવારની આ પરિસ્થિતિ હોત ? કેટલી ડાહી અને ગુણવાન હતી ગુણવંતી. ભૂતકાળને ભૂલાવીને એ તો વર્તમાન પરિસ્થિતિમાં સરસ ગોઠવાઈ ગઈ હતી. ભૂતકાળની કડવી સ્મૃતિઓને વાગોળતા રહેવાને બદલે એ વર્તમાનની મીઠાશને મમળાવી રહી હતી. જો ત્યારે દાક્તરી તપાસ કરીને સારવાર કરાવી હોત, તો આજે કદાચ રમણ સુખી હોત !

દાક્તરી તપાસનો વિચાર આવતાં જ અલકાના મનમાં ઝબકાર થયો. કદાચ પહેલેથી જ રમણને ડોક્ટર્સ માટે અણગમો હતો. નિહારિકાની સારવાર માટેય એ બહુ મોડો-મોડો તૈયાર થયો હતો. એ સારવાર પણ ક્યાં પૂરેપૂરી થઈ હતી ? શું રોકતુ હતું એને ડોક્ટર પાસે જવામાં ?

વધુ વિચાર કરતાં અલકાને સમજાયું કે કદાચ રમણ પરિસ્થિતિનો સ્વીકાર કરતાં ડરતો હતો. એ વખતે જો એનામાં ખામી પકડાઈ હોત, તો એને એ અપનાવવી નહોતી. ઈલાજ કરાવ્યા પછી પણ એનો અહં તો ઘવાત જ કે પોતાનામાં કોઈ ખામી હતી એની બધાને ખબર પડી ગઈ.

નિહારિકાના મામલામાં પણ આવું જ કંઈક થયું હતું. રમણને સ્વીકારવું જ નહોતું કે નિહારિકા બીમાર હતી. એની આ પરિસ્થિતિ માટે એ ક્યાંક ને ક્યાંક જવાબદાર હતો. પણ એ વાત એને સ્વીકારવી જ નહોતી. નિહારિકાને કેયૂર સાથે પરણાવવા સામે એને જ વાંધો હતો. પછી કોકિલાના દોરવ્યા એ કામિની માટે

મૂરતિયા શોધવા દોરવાયો હતો. એમાંને એમાં નિહારિકા લગ્નની ઉંમર વટાવી ગઇ હતી. ડોક્ટરોને ચૂકવવી પડતી ફી પણ એને ભારે લાગતી હતી. નેહુલનેય ક્યાં એણે કોઈ માર્ગદર્શન આપેલું ? જેમ પોતે એક નોકરીમાં ગોઠવાઈ ગયો એમ દીકરો પણ જાતે, ઠેલાં-ઠોબા ખાઈને એકાદી નોકરી કરી લેશે એમ ધારીને હાથ પર હાથ ધરીને બેસી જ રહ્યો હતો ને. અલકાને યાદ નહોતું કે રમણે કોઇ દિવસ કોઇને નેહુલની ભલામણ કરી હોય, ઊલટું એને તો બધાના વાંક જ દેખાતા. નેહુલ સારો હતો, બસ એને બોસ ખરાબ મળતા હતા. જમાનો બદલાયો હતો, પણ રમણ એવો ને એવો જ રહ્યો હતો.

ooo

સવાર-સવારમાં વાગેલી ઘરના ફોનની ઘંટડીએ અલકાને ચોંકાવી. નક્કી રમણનો જ ફોન હોવો જોઇએ. એમ વિચારતી અલકા ફોન લેવા ગઈ. મોબાઇલના આવ્યા પછી ઘણું ખરું લોકો અલકાને મોબાઇલ પર જ ફોન કરતાં. ફક્ત રમણની જૂની ટેવ હજી નહોતી બદલાઈ. સવારમાં રમણનો ફોન હોય એટલે જરૂર એને કોઈ નવી ધૂનકી ઊપડી હોય અને એ પૂરી કરવામાં એને અલકાની મદદ જોઈતી હોય. કોર્ડલેસ ફોન લઈને અલકા સોફા પર બેઠી.

"બોલ ભાઈ, શું કરવાનું છે?"

કોઈ જાતની 'હેલો-કોણ' વગરની સીધી શરૂઆતે રમણને પહેલાં ચોંકાવી દીધો અને પછી ખડખડાટ હસાવી દીધો.

"તને કેવી રીતે ખબર પડી કે હું જ છું?"

અલકાએ પણ હસતા-હસતા જવાબ આપ્યો,

"મારા ભાઈને હું ન ઓળખું? સવાર-સવારમાં મને લેન્ડ-લાઇન પર કોણ ફોન કરે? અને ખાસ કામ હોય ત્યારે જ સવારના પહોરમાં મને યાદ કરી હોય ને."

"તે તારા સિવાય મારું બીજું છે કોણ? આવી ચબરાક બહેનનો ફાયદો તો ભાઈએ ઉઠાવવો જ જોઇએ ને."

"હવે મસકા મારવાના બંધ કર અને કામ બોલ."

અલકાએ બાજુમાં પડેલા પેડ પર પેનથી ડિઝાઇન કરતાં કરતાં પૂછ્યું.

"તને કોઈ સારો મેરેજ બ્યૂરો ખબર છે?"

પેપર પર ડિઝાઇન કરતી અલકાની આંગળીઓ થંભી ગઈ. એને પહેલો જ વિચાર નિહારિકાનો આવ્યો. અને એના પેટમાં શેરડો પડ્યો. આને પાછું ક્યાંક નિહારિકાને પરણાવવાનું ભૂત તો નથી ઉપડ્યું ને!

●●●

પ્રકરણ 30

વહેલી સવારે ફોન કરીને મેરેજ બ્યુરો વિશેની માહિતી પૂછતાં રમણ વિષે વિચારતા જ અલકાના કપાળે સળ પડ્યા. એના મનમાં ફફડાટ થયો કે ક્યાંક એના ભાઈએ નિહારિકા માટેનું 'મુરતિયો શોધો' અભિયાન નવેસરથી આદર્યું તો નહોતું ને? અલકાએ મનોમન સ્વીકારી લીધેલું કે હવે નિહારિકાના લગ્ન થવા શક્ય નહોતા. પણ એના ભાઇના મગજમાં શું રમતું હતું એની એને જાણ નહોતી. એણે હળવેથી પૂછ્યું,

"કોને માટે જોઈએ છે?"

"આપણા નેહુલ માટે. આવતે મહિને એને ત્રીસમું બેસશે. પરણવવો તો પડશે ને? નિહારિકાની રાહ જોઈને કેટલો વખત બેસી રહેશું."

રમણ નિહારિકા માટે નહીં, પણ નેહુલ માટે મેરેજ બ્યૂરો શોધતો હતો એ જાણીને અલકાને રાહતની સાથે-સાથે ખુશી પણ થઈ.

"ચાલો... મોડું-મોડું પણ સત્ય સમજાયું તો ખરું!"

એમ મનોમન બબડીને અલકાએ ફક્ત "હં" કહ્યું.

"હવે પહેલા જેવું નથી રહ્યું. પહેલાં તો સગાં-વહાલાં ઠેકાણું ચીંધતાં અને મોટે ભાગે વાત તરત પતીય જતી. હવે તો કોઈને સગપણના મામલામાં પડવું જ નથી ને. ન્યાત-જાતમાંય પહેલા જેવા બંધન નથી રહ્યા. કન્યા ગુજરાતી હોય તોય ઘણું. મેરેજ બ્યૂરોમાં ચોઈસ ઘણી મળે. તારે તો ઘણી બહેનપણીઓ છે. કદાચ કોઈક મેરેજ બ્યૂરો ચલાવતી હોય. એટલે થયું લાવ પહેલો ફોન તને જ કરું."

રમણ એકધારું બોલ્યે જતો હતો.

"ના. મારી કોઇ બહેનપણી આવો બ્યૂરો નથી ચલાવતી. પણ બે-ત્રણ જણીને પૂછી જોઉં તો કદાચ ખબર પડે."

અલકાએ સહેજ વિચારીને જવાબ આપ્યો.

"હા, હા, તે મને કંઈ અત્યારે ને અત્યારે જવાબ નથી જોઈતો. બે-ત્રણ દિવસમાં મને જણાવ. ત્યાં સુધી હું નેહુલના ફોટા અને બાયો-ડેટા તૈયાર કરાવું.

કહીને રમણે ફોન મૂક્યો. બપોરે અલકાએ બે-ત્રણ બહેનપણીઓને ફોન કરીને આ બાબત પૂછ્યું, પણ કોઈને ખ્યાલ નહોતો. એ બધીના છોકરા પરણી ગયા હતા અને કોઈક-કોઈક તો એની જેમ નાની-દાદી ય બની ગઈ હતી. હવે એમને મેરેજ બ્યૂરોનું કંઈ કામ નહોતું. કદાચ પરિની આ બાબતમાં કંઈ મદદ કરી શકે એમ વિચારીને અલકાએ સાંજે છ વાગ્યે પરિનીને ફોન કર્યો.

"પરિની, તને કોઈ સારો મેરેજ બ્યૂરો ખબર છે?"

"કોના માટે, મમ્મી?"

"આ નેહુલ માટે. સવારે મામાનો ફોન હતો. હવે એમને નેહુલના લગ્ન લેવાની ઉતાવળ આવી ગઈ છે. તું તો જાણે જ છે એમનો સ્વભાવ. એકદમ ઘોડે ચડીને આવે. કોઈ ગુજરાતી સમાજનો બ્યૂરો હોય તો સારું."

"આમ તો મને ખ્યાલ નથી, પણ ઓનલાઈન ચેક કરી જોઉં. ઈન્ટરનેટ પર સો ટકા મળી જશે. તું ફોન ચાલુ રાખ, હું કમ્પ્યૂટરની સામે જ બેઠી છું."

કહેતા પરિનીએ ઇન્ટરનેટ પર 'મેરેજ બ્યૂરો' શબ્દો નાખી સર્ચ મારી. થોડી વારમાં જ પંદરેક મેરેજ બ્યૂરોનાં નામ દેખાયાં. એને મમ્મીએ કહેલી ગુજરાતીવાળી વાત યાદ આવી એટલે એણે તરત જ અલકાને પૂછ્યું,

"મમ્મી, ગુજરાતી જ શા માટે? મારવાડી, કચ્છી પણ ચાલે ને? એમ તો મરાઠી છોકરીઓ પણ બહુ સરસ હોય છે."

"ભાઈ, એ બધું મને નથી ખબર. ભાઇએ મને ગુજરાતી કહ્યું. એ જ મેં તને કહ્યું."

"તો શું હવે નેહુલ એટલું કમાય છે કે ઘરસંસારની જવાબદારી ઉપાડી શકે?"

પરિનીએ મુદ્દાનો સવાલ કર્યો.

"એ એટલું નહીં કમાતો હોય, તો આપણે નોકરી કરતી કન્યા શોધીશું. બેય જણ કમાશે તો ગાડું ગબડી જશે."

અલકા હોંશમાં બોલી. હવે એની આંખોએ પણ નેહુલના લગ્નના સપના સજાવવા માંડ્યા હતા. વહુ આવે તો બે-ત્રણ વરસમાં એના પિતાના ઘરનો વારસદાર પણ આવી જાય. આજ સુધી અલકાએ કદીયે આ વાત સનત કે પરિની સામે ઉચ્ચારી નહોતી. પણ એના પિતાનો વંશ અટકી જવાનો ડર ક્યાંક છાને ખૂણે એના મનમાંય સંતાયો તો હતો જ. પરિનીએ નિહારિકા બાબત એને ચેતવી હતી, બાકી નેહુલના લગ્ન થાય એમાં કોઈને કંઈ જ વાંધો નહોતો. હવે અલકા આ કામ પૂરી મહેનતથી કરવા માંગતી હતી. પરિનીના આ સવાલ સાથે એણે હવે પછી આવી શકનારા સવાલોના જવાબ પણ વિચારી નાખ્યા અને થયું પણ એમ જ. પરિનીએ તરત બીજો પ્રશ્ન કર્યો,

"એવી કન્યા ચાલશે એમને? પછી ઘરના કામ કોણ કરશે? કોકિલામામી વિશે તો આપણને બધાને ખબર છે."

"ના, ના. કમાતી છોકરી જ સારી. જો એ ઘરમાં રહેશે તો આખો દિવસ એની સાસુ ને નણંદ એનો જીવ ખાઈ જશે. એ જોગમાયાઓ આવનારીને ઘરમાં ટકવા નહીં દે."

અલકાએ કડવું સત્ય ઉચ્ચાર્યું. આવું બોલવું એને ગમતું નહોતું પણ શું કરે? કોઈના ગમવા ન ગમવાથી સત્ય ઓછું બદલાઈ જવાનું હતું! એ બરાબર સમજતી હતી કે નેહુલ માટે પાત્ર શોધવાનું સહેલું નહોતું. પાછી આ તો ફક્ત એની સમજણ હતી, નેહુલની શું અપેક્ષાઓ હતી એની ખબર તો પછી પડવાની હતી.

"ઓકે, હું જરા સ્ટડી કરીને તને રાત સુધી જણાવું છું."

કહીને પરિનીએ ફોન મૂક્યો અને કમ્પ્યૂટરના કી-બોર્ડ પર એની આંગળીઓ રમવા માંડી. અડધા કલાકમાં જ એણે પશ્ચિમી ઉપનગરમાં ચાલતાં ચારેક ગુજરાતી મેરેજ બ્યૂરોના ઠામ-ઠેકાણા શોધી લીધા. બધી નોંધ કરીને એણે અલકાને ફોન કર્યો. અલકાએ એ બધી વિગતો રમણને ફોન પર લખાવી દીધી.

ચાર-પાંચ દિવસ પછી એક સાંજે અલકાએ મેરેજ બ્યૂરોનું કેટલે પહોંચ્યું એ જાણવા રમણને ફોન કર્યો. રમણના અવાજમાં પહેલા દિવસ જેવો ઉત્સાહ નહોતો. વાત બહુ જામી નથી એવું એના કહેવા પહેલાં જ અલકા પામી ગઈ. જોકે હવે ફોન

લગાડ્યો જ હતો તો વાત કરી લેવી એમ વિચારીને એણે પૂછ્યું,

"ભાઈ, મેરેજ બ્યૂરોનું શું થયું? તમે લોકો નામ લખાવી આવ્યા?"

"હા, અમે મલાડના એક બ્યૂરોમાં નામ લખાવી આવ્યા છીએ. પાંચ હજાર ભર્યા છે. નેહુલનો બાયો-ડેટા અને ફોટા પણ આપી આવ્યા છીએ, જોઈએ."

"તો શું કહ્યું એમણે? ક્યારે આવશે યોગ્ય કન્યાની વિગતો?"

અલકાની ભત્રીજાને પરણવવાની હોંશ સપાટી પર આવી ગઈ.

"એ લોકોએ તો તરત જ ચાર-પાંચ કન્યાઓ વિશે માહિતી આપી, પણ એમાંની એકેય નેહુલને ગમી નહીં. એક ચશ્માવાળી અને કાળી હતી. બીજી સાવ બટકી હતી. સાડા-ચાર ફૂટ માંડ હશે. થોડી ભરેલીય ખરી. આપણો નેહુલ તો પૂરા સાડા-પાંચ ફીટ ઊંચો છે. ભલે હોય ઓગણત્રીસનો, પણ પચીસનો માંડ લાગે. આ બધી તો દેખાવમાં બહુ મોટી લાગતી હતી અને હતી યે સાવ મણિબેન જેવી."

રમણની આ વાતોથી અલકાને નેહુલની અપેક્ષાઓ સમજાઈ ગઈ. અલકાના હૃદયમાં આવેલો નેહુલના લગ્નની હોંશનો ઉભરો ગ્લાસમાં ફ્લેટ થઈ ગયેલી સોડા જેવો થઈ ગયો. એનાથી બબડી જવાયું - તો શું એને ઐશ્વર્યા રાય જોડે પરણવું છે?

"કંઈ કહ્યું તે?"

અલકાનો અસ્પષ્ટ, ધીમો બબડાટ રમણને કાને પડ્યો.

"ના, ના. કંઈ નહીં. કોઈ ગમે તો જણાવજો. કન્યાની તપાસ-બપાસ કરાવવી હોય, તો તારા બનેવીને કહીશું. એ ઘણાને ઓળખે છે. કંઈ ને કંઈ ક્નેક્શન મળી જ જશે."

"ચોક્કસ."

અલકાએ મોબાઈલ સ્વિચ ઑફ કરીને બાજુ પર મૂક્યો અને સોફા પર પીઠ ઢાળી, આંખો બંધ કરી એ વિચારવા લાગી કે નેહુલનું શું થઈ શકે?

કૉલ સેન્ટરમાં કામ કરનારાને પગાર ભલે ગમે એટલો મળે, પણ ફ્યુચર કંઈ નહીં. એમાંય નેહુલને તો મોટે ભાગે નાઈટ શિફ્ટ જ મળતી. એના જેવી કોઈ કૉલ-સેન્ટરવાળી મળી જાય તો ચાલે. પણ એવી કૉલ-સેન્ટરવાળી ફટાકડીઓ કંઈ નેહુલને પસંદ કરે? એવું હોત તો અત્યાર સુધીમાં એને કોઈકને કોઈક મળી જ ગઈ હોત.

કમાણી પરથી ફરતાં-ફરતાં અલકાના વિચારો રમણના ઘર પર આવ્યા. વન બેડરૂમ-હૉલ-કિચનમાં પાંચ જણ કેવી રીતે સમાય? બેડરૂમ પર રમણનો કબજો હતો અને હૉલમાં ચોકીદારની જેમ નિહારિકા બેસી રહેતી. તો શું નેહુલ અને એની વહુ રસોડામાં સંસાર માંડશે? એ દિવસો ગયા. પોતાના સવાલનો અલકાએ પોતે જ જવાબ આપ્યો. ફ્લેટ પણ હવે તો સાવ ભંગાર થઈ ગયેલો. હૉલમાં ઠેર-ઠેર રંગના પોપડા ઉખડી ગયા હતા. સોફાની ફ્રેમ તૂટી ગઈ હતી. જે બેસે તે અંદર ખૂંચી જતું. સેટીની કધોણી ચાદરો અને એના પર ભૂતની જેમ ગોઠવાયેલી નિહારિકા - વિચાર આવતાં જ અલકાને ધ્રુજારી છૂટી ગઈ. કોઈ અજાણ્યાને ઘરમાં પેસવા ન દેતી નિહારિકા ભાભીને સાંખી શકશે?

નિહારિકાના વિચારો ખંખેરીને અલકાએ રમણનું રસોડું યાદ કરવા માંડ્યું.

વીસ વરસથી રસોડામાં કંઇ જ કામ કરાવાયું નહોતું. ફર્શની લાદી અને સીલિંગ બંને સાવ કાળા થઈ ગયા હતા. સાવ નાનકડા પ્લેટફૉર્મ પર ગોઠવાયેલો બે ચૂલાનો ગેસ અને બાજુમાં જૂની ગ્રેનાઇટ અને ટાઇલ્સની બનાવેલી સીંક. એપલાયન્સમાં ફક્ત ફ્રીજ અને મિક્સર. ઓવન અને માઇક્રોવેવ ગોઠવવાની તો જગ્યા જ ક્યાં હતી?

આવા ઘરમાં આવવા કઈ સ્માર્ટ કન્યા નેહુલને ‘હા’ પાડવાની હતી?

આ બધી ચર્ચા રમણ સાથે કરવાનો કોઈ જ મતલબ નહોતો. એને માટે તો નેહુલ એનો દીકરો હતો. એના વંશનો કુળદીપક. દૂધથી ધોયેલો અને સોને મઢેલો. નેહુલ માટે કોઈ જ જાતની નબળી વાત રમણ સાંભળી શકે એમ નહોતો. એ હજીયે પોતાના ફ્લેટ અને ભાડાની ઇન્કમ પર મુસ્તાક હતો. એને ખ્યાલ નહોતો આવી રહ્યો કે એ જ્યારે ફ્લેટમાં રહેવા ગયેલો ત્યારે બધા ચાલીઓમાં વસતા હતા. હવે ફ્લેટની કયાં નવાઈ હતી. રિડેવલપમેન્ટના વાયરામાં ચાલીવાળા તો ઠીક નાના-નાના ફ્લેટવાળા પણ સરસ સગવડોવાળા મકાનોમાં રહેવા જતાં રહ્યાં હતાં. અહીં રમણની બિલ્ડિંગમાં લિફ્ટ પણ નહોતી.

આ ચર્ચા કરીને અલકા પોતાનું મોં ખરાબ કરવા નહોતી માંગતી. એ સમજતી હતી કે થોડા દિવસોમાં જ રમણ અને નેહુલને એમની પરિસ્થિતિ સમજાશે. બીજું કોઇ નહીં તો મેરેજ બ્યુરોવાળા જ એમને આયનો દેખાડશે. જ્યારે ‘ભાઈને કોઈ દેતું નહોતું ને બેનને કોઈ લેતું નહોતું’ વાળો ઘાટ એમને સમજાશે, ત્યારે જ નેહુલનું ઠેકાણું પડશે. એ દિવસ ક્યારે આવશે, આવશે કે કેમ એ કોઈ નહોતું જાણતું.

ooo

મેરેજ બ્યૂરોના રજિસ્ટ્રેશનને ચાર-પાંચ મહિના વીતી જવા છતાં કશો જ મેળ નહોતો પડ્યો. બધી જગ્યાએ ફી ભરીને રૂપિયા બગાડવાનો રમણનો જીવ નહોતો ચાલતો. એટલી નાણાકીય છૂટ પણ એને નહોતી. વચ્ચે બે-ત્રણ વાર અલકાએ ફોન કર્યો, ત્યારે રમણે નેહુલને કોઈ કન્યા પસંદ ન પડતી હોવાની રેકોર્ડ જ વગાડે રાખેલી. અલકાને સમજાઈ રહ્યું હતું કે નેહુલનું ય કંઈ નહોતું થવાનું. કદાચ એ પણ એના પિતાની જેમ પરિસ્થિતિને સમજી કે અપનાવી શકતો નહોતો.

પરિનીએ એક દિવસ અલકાને નેહુલના મેરેજ બ્યૂરોના પ્રોગ્રેસ વિશે પૂછ્યું, તો અલકાના હૈયાની વાત હોઠે આવી ગઈ.

“આ નેહુલ કોઈને ત્યાં ઘર જમાઈ થઈ જાય તોય શો વાંધો છે? આમેય એના ઘરમાં છે શું? બીમાર બાપ, ગાંડી બહેન અને જક્કી મા. આવનારી કયું સુખ પામશે? અને એની પોતાની જિંદગીનું શું?”

મમ્મીની આવી પેટછૂટી વાત સાંભળીને પરિનીને નવાઈ લાગી. હંમેશા ભાઈનું ઉપરાણું ખેંચતી એની માને શું થયું હતું? શું હવે એની કાળજીનું કેન્દ્ર રમણ પરથી હટીને નેહુલ પર ઠર્યું હતું? કે પછી એય હવે એના ભાઈથી થાકી હતી? જે હોય તે, પણ પરિનીએ અલકાની વાત પર વિચાર કરીને કહ્યું,

“પણ મામા માનશે? એમનો તો નેહુલ પર જીવ છે. આખો દિવસ બસ મારો નેહુલ, મારો નેહુલ કરતાં હોય છે.”

"એ વાત મને ય સમજાય છે. એટલે જ મેં ઘરજમાઇવાળી વાત કદી ઉચ્ચારી નથી. આ તો આજે રહેવાયું નહીં ને તને કહી દીધું."

મનમાં ઘોળાતો આ ઉપાય પરિની સાથે શૅર કરીને અલકાએ હાશ અનુભવી. એના મનના છાના ખૂણે ક્યાંક એવી આશા પણ હતી કે મૉર્ડન ખ્યાલવાળી પરિની આ વિચાર રમણ સામે રજૂ કરે, તો કદાચ રમણ માની જાય. જો કે પરિનીએ તરત બીજો, વધારે વ્યવહારું ઉકેલ સૂચવ્યો.

"મમ્મી, નેહુલ અલગ ઘર માંડે તો?"

અલકાને પરિનીની આ વાત વિચારવા યોગ્ય લાગી. જાત સાથે વાત કરતી હોય એમ એણે પરિનીને પૂછ્યું,

"જુદા ઘરનું ભાડું એ લોકો ભરી શકશે?"

"કેમ નહીં? આમેય નેહુલ વાશીમાં કામ કરે છે. ત્યાં ઘર બહુ મોંઘા નથી હોતા. ભાડું પણ વધારે નહીં જ હોય. વળી બે માણસને જગ્યા જોઈએ કેટલી!"

"પછી ભાઈ? એનું શું થશે?"

અલકાને નબળા પડતાં જતાં ભાઈનો વિચાર આવી ગયો.

"એવું હોય, તો એમને ય જોડે લઈ જાય. પેલા મા-દીકરી ભલે જૂના ઘરમાં રહેતા. અઠવાડિયે એકાદ વાર આંટો મારી જવાનો ને જોઇતું કરતું અપાવી દેવાનું."

"પણ ભાઈ તો કહેતો હતો કે દૂધ, શાક, ફ્રુટ બધું ય લેવા એને જ જવું પડે છે."

અલકા પરિનીની વાત પર ગંભીર પણે વિચાર કરી રહી હતી. આવું કરવામાં શી-શી મુશ્કેલીઓ આવી શકે અને એનો શો ઉકેલ નીકળી શકે એની ચર્ચા એણે પરિની સાથે કરી. આ રીતે એ પોતે મનોમન આ નવી વ્યવસ્થા માટે ભાઈને મનાવવાની માનસિક તૈયારી કરી રહી હતી. પરિની પાસેય લગભગ બધી સમસ્યાનું સમાધાન હાજર હતું. ઘર-વપરાશની વસ્તુઓ માટેય એણે તરત વ્યવસ્થા સૂચવી દીધી.

"ઓહ મમ્મી! હવે હોમ-ડિલીવરીનો જમાનો છે. બધું ય બંધાવી લેવાનું. મહિનાની આખરે હિસાબ કરી લેવાનો. એ ન ફાવે તો તરત પૈસા આપીને હિસાબ ચોખ્ખો જ રાખવાનો."

"એ વાત તારી સાચી. ઉભી'રે. હવે ક્યારેક મોકો મળશે ત્યારે હું જ ભાઈને આ વાત કરીશ."

આમ કહેતા અલકાએ પરિનીને મામા સાથે આ બાબત ચર્ચા ન કરવાનો ગર્ભિત ઇશારો આપી દીધો.

૦૦૦

થોડા દિવસ પછી ઘરે મળવા આવેલા રમણને અલકાએ હળવેકથી પરિનીએ સૂચવેલી વ્યવસ્થા બાબતે જણાવ્યું. પહેલાં તો એના સ્વભાવ પ્રમાણે રમણે ધડાક કરતા ના પાડી દીધી. જોકે પછી જયારે પરિની સાથે થયેલી પૂરેપૂરી વાતચીત અલકાએ રમણ સામે દોહરાવી, ત્યારે રમણ આ વાત પર વિચાર કરવા રાજી થયો. એણે પણ એના મનમાં રમતો વિચાર અલકાને જણાવ્યો.

"આમ તો હું મોટો ફ્લેટ લેવાનો વિચાર કરતો હતો. જો નેહુલને પરણાવીએ તો બીજો બેડરૂમ જોઈએ. હૉલમાં નિહારિકા અડ્ડો જમાવીને બેઠી હોય છે. હું એને દીઠો ય નથી ગમતો. એટલે મારા ત્યાં રહેવાનો તો સવાલ જ નથી ઊઠતો. ને હવે મારી ય ઉંમર થઈ. આખો દિવસ સોફા કે ખુરશીમાં હવે બેસી નથી રહેવાતું. કમર અને પીઠ દુઃખી આવે છે. મારે પણ એક અલાયદો બેડરૂમ તો જોઈએ."

"સાચી વાત છે. હવે તમારા બંનેની ઉંમર થઈ. ભાભીને ય હવે થાક લાગતો હશે."

ભાઈ સાથે વાતો કરતાં કરતાં અલકા પોતાના શરીર વિશે પણ વિચાર કરી રહી હતી. સાઠ વટાવ્યા પછી હવે શરીરમાં પહેલા જેવી સ્ફૂર્તિ નહોતી વર્તાતી. મુંબઈમાં એ અને સનત બે જ જણ હતા અને ઘરનું ઘણું ખરું કામ રાધાબાઈ પતાવતી એટલે વાંધો નહોતો આવતો. પણ જો કોકિલાની જેમ બધાની ત્રણ ટાઈમની રસોઈ અને ઘરનાં ઉપરનાં બધાં કામ પણ જાતે કરવાના આવે, તો એ હવે એના વશની વાત નહોતી. એનું જીવન સુખ-સગવડ ભર્યું હતું એટલે ચહેરા પર ઉંમર વર્તાતી નહોતી. બાકી હવે ઘરના ઢસરડા કરવાની એને જરાય ઇચ્છા નહોતી. આવું વિચારીને જ એણે કોકિલા માટે ય સહાનુભૂતિ દર્શાવી હતી. રમણ કહેતો હતો,

"એટલે જ થયું કે વહુ આવે તો થોડી કોકિલાની જવાબદારીઓ ઓછી થાય. પણ ઘર મોટું થાય તો જવાબદારીઓ વધે. એના કરતાં મને તારો સૂચવેલો ઉપાય વધુ ગમ્યો. વળી નાણાંનું પણ સરસ ગોઠવાઈ જાય."

રમણ મનોમન બધી ગણત્રી કરી રહ્યો.

"એ કઈ રીતે?"

ગૃહિણી તરીકે વીતાવેલી આખી જિંદગીને કારણે અલકાને ફાઇનાન્સમાં ઝાઝી ગતાગમ નહોતી પડતી. ઘરનો ખર્ચ અને એનો હિસાબ જળવાય એટલામાં એની નાણકીય સમજ પૂરી થતી હતી. પણ રમણનો સ્વભાવ પાઈ-પાઈનો હિસાબ રાખવાનો હતો. એ તો પોતાનું મહિનાનું વ્યાજ બચાવવા ક્યારેક લોકોને મોડા પેમેન્ટ કરતો. ભલે એ પોતે એને કરકસરમાં ખપાવતો, પણ સનતને હંમેશા એમાં એનો લોભ દેખાતો. અલકાને એ ઘણી વાર આ બાબતે ટકોર કરતો, પણ અલકા સનતની આ વાત અવગણી દેતી. આજે પરિનીના સૂચનમાં રમણને કયો નાણાકીય ફાયદો દેખાયો, એ સાંભળવા અલકાએ કાન સરવા કર્યા.

"જો હું મોટો ફ્લેટ લઉં, તો આ ફ્લેટ વેચ્યા પછીય સહેજે મા પચીસ-ત્રીસ લાખ નાખવા પડે. મારી પાસે એટલા રૂપિયા છે. પણ પછી મારી પાસે ખાસ મૂડી ન બચે. એના કરતાં આ ફ્લેટ ભાડે આપીને, બીજા થોડા રૂપિયા ઉમેરીને ભાડાના બે ફ્લેટ રાખીએ તો મારી મૂડી સચવાઈ જાય. વળી સહુના મનની શાંતિ જળવાય એ નફામાં."

"સાચી વાત છે. વળી એવું ક્યાં જરૂરી છે કે તમારે અમુક-તમુક એરિયામાં જ ફ્લેટ જોઈએ. નિહારિકા અને કોકિલા તો ખાસ કશે બહાર જતા નથી. એમને સ્ટેશનથી દૂરનો ફ્લેટ પણ ચાલે, ત્યાં ભાડું ઓછું હોય. નેહુલને સ્ટેશન પાસે હોય, તો સારું પડે. વળી થોડા દૂર હોય તો રોજની મગજમારી પણ ઊભી ન થાય."

અલકાની વાત પર વિચાર કરવાનું વચન આપીને રમણ ગયો. તત્પૂરતી અલકાને હાશ થઈ કે ચાલો, ગાડી પાટે ચડી. જો કે પાટા પર ચડેલી દેખાતી આ ગાડી કેટલી આગળ જવાની હતી એની ખબર કોઈને નહોતી.

રમણના નવા ઘરની વધામણી આપતા ફોનના ઇંતજારમાં રહેલી અલકાને નેહુલના ઓચિંતા જ આવેલા ફોને ધરતીકંપનો આંચકો આપી દીધો.



પ્રકરણ 31

એક સાંજે અલકાને નેહુલનો ફોન આવ્યો. નેહુલ હાંફળા-ફાંફળા સ્વરે કહી રહ્યો હતો.

''ફોઈ, પપ્પા બેહોશ થઈ ગયા છે. અમે એમને ખંડેલવાલ હૉસ્પિટલમાં લઈ જઈએ છીએ. તમે ત્યાં જલ્દી પહોંચો.''

કહેતા નેહુલે હૉસ્પિટલનું એડ્રેસ સમજાવ્યું.

''ભલે, ભલે.''

કહેતી ગભરાયેલી અલકાએ તરત સનતને ફોન કર્યો. પછી કબાટ ખોલી, પચ્ચીસ હજાર રૂપિયા અને મોબાઇલ પર્સમાં નાખી એ ઝટપટ દાદરો ઊતરી ગઈ. સાંજના ટ્રાફિકમાં અહીંથી-તહીંથી જગ્યા કરતો રિક્ષાવાળો બને એટલી ઝડપે અલકાને બોરીવલી પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પણ અલકાના મનની પવનની ગતિ સામે એ અળસિયાની ગતિ પુરવાર થઈ રહી હતી. કંઈ કેટલીયે જાતના વિચારો અલકાનાં મનમાં અવર-જવર કરી રહ્યા હતા.

શું થયું હશે? હાર્ટ-એટેક હશે? ગરમી ચડી ગઈ હશે? પડી-બડી ગયો હશે? આ કોકિલામાંય વેતા નથી. પાણી ઢોળાયું હશે અને લૂછ્યું નહીં હોય. કશે પગ લપસી ગયો હશે. ક્યાંક નિહારિકાએ મોટું તોફાન તો નહીં મચાવ્યું હોય? એના ટેન્શનમાં ભાઈને ચક્કર આવી ગયા હોય કદાચ. કે પછી નેહુલ કોઈક કાંડ કરી આવ્યો હશે? એની નોકરી છૂટી ગઈ હશે? ના-ના. નોકરી તો એની ઘણી વાર છૂટતી હોય છે ને નવી મળતી હોય છે. એ બાબત હવે રમણને આઘાત પમાડનારી નહોતી. તો પછી શું થયું હશે? ટ્રાફિકના ધુમાડા અને મનમાં વિચારોના ધમધમાટને લીધે અલકાને અકળામણ થવા લાગી. એને પસીને રેબઝેબ થયેલી, ચિંતાતુર ચહેરે વારંવાર ઘડિયાળ તરફ નજર નાખતી અને ટ્રાફિક તરફ જોતી જોઈ રિક્ષાવાળાને પણ ખ્યાલ આવી ગયો કે કંઈક બન્યું હતું. એણે સહાનુભૂતિભર્યા સ્વરે પૂછ્યું,

''આંટી, કોઈ બડા પ્રોબ્લેમ હુઆ હૈ !''

આ પરિસ્થિતિમાંય અલકાના મોં પર પેલાના ભોળા સવાલથી સ્મિત ફરકી ગયું.

''નહીં, નહીં. ઐસા લગતા તો નહીં. મેરા ભાઈ બીમાર પડ ગયા હૈ, હૉસ્પિટલ લેકર ગયે હૈ, ઇસલિયે થોડા ટેન્શન હો ગયા હૈ.''

''ક્યા કરે, આંટી. દેખોના યે ટ્રાફિક. સારે રાસ્તે ખોદકર રખ દિયે હૈ. સબ જગહ ફ્લાયઓવર બન રહે હૈ. જબ બનેંગે તબ ફાયદા હોગા, લેકિન અભી તો સબકી હાલત ટાઇટ હો રહી હૈ.''

''સહી બાત હૈ.''

કહેતાં અલકાએ ધૂળ અને ધુમાડાથી બચવા નાકે રૂમાલ ધર્યો અને પર્સમાંથી મોબાઇલ કાઢીને ચેક કર્યો. નેહુલનો કોઈ ફોન નહોતો એટલે રિક્ષા સીધી હૉસ્પિટલ તરફ જ લેવડાવી.

રિક્ષામાંથી ઊતરતાં જ અલકાએ જોયું કે ખંડેલવાલ હોસ્પિટલ એ એક

રેસિડન્સ સોસાયટીમાં પહેલે માળે બનાવેલું નાનકડું નર્સિંગ હોમ હતું. ઉપર એક બારીની બાજુમાં હૉસ્પિટલ અને ડૉક્ટરના નામનું એક નાનકડું બોર્ડ હતું. રિક્ષાવાળાને પૈસા ચૂકવી અલકા દાદર તરફ આગળ વધી.

નર્સિંગ હોમમાં પ્રવેશતાં જ સામે રિસેપ્શન કાઉન્ટર હતું. ત્યાં વીસ-બાવીસ વરસની એક યુવતી બેઠી હતી. એની જમણી બાજુએ ડૉક્ટરની કૅબિન હતી અને ડાબી બાજુના બારણા પર પડદો લગાવેલો હતો. કદાચ અંદર પેશન્ટ્સના બૅડ હતા. રમણ વિશે પૂછપરછ કરતા પેલી રિસેપ્શનિસ્ટે એનો બૅડ નંબર કહ્યો અને પેલા પડદાવાળા બારણા તરફ ઇશારો કર્યો.

અંદર પાંચ-છ રૂમોમાં અલગ-અલગ પલંગ પર દર્દીઓ સૂતેલા હતા. કોઈક રૂમમાં બે તો કોઈકમાં ચાર પલંગ ગોઠવેલા હતા. બે પલંગ વચ્ચે પડદાની આડશ કરેલી હતી. નર્સને પૂછીને અલકાએ રમણનો બેડ શોધી કાઢ્યો.

રમણ હવે ભાનમાં હતો. સલાઇનની બોટલમાંથી ધીમે-ધીમે દવા કાંડા પરની નળી મારફતે એના શરીરમાં જઇ રહી હતી. એની પાસે પડેલા સ્ટૂલ પર કોકિલા બેઠી હતી અને નેહુલ બાજુમાં ઊભો હતો. અલકાને જોઈને રમણની આંખો હસી ઊઠી. એણે બીજો હાથ થોડો ઊંચો કરીને અલકાને આવકારી. આ જોઈને કોકિલાએ ચોંકીને પાછળ જોયું અને ઊભી થઈને અલકાને બેસવા સ્ટૂલ ધર્યું. અલકાએ પૂછ્યું,

‘‘શું થયું આમ અચાનક? મને તો એવો ધ્રાસ્કો પડ્યો.’’

‘‘તે અમેય ગભરાઇ ગયેલા. બસ આમ સાંજની ચા પીતા’તા ને ઢળી પડ્યા. ચાનો કપ પડ્યો નીચે અને રકાબી હાથમાંથી સરકી ગઈ. કપના તૂટવાના અવાજથી દોડીને હું રૂમમાં ગઈ. જોઉં તો આ ચત્તાપાટ પલંગ પર પડેલા હતા.’’

કોકિલાએ સાંજે બનેલી ઘટના વર્ણવી. નેહુલ ક્યાંકથી બીજું સ્ટૂલ ઉપાડી લાવ્યો. કોકિલા એની ઉપર બેઠી.

‘‘એ તો સારું થયું કે પલંગ પર પડ્યા. જો નીચે પડ્યા હોત, તો વાગી ગયું હોત.’’

નેહુલે વધારાની જાણકારી આપતા કહ્યું.

‘‘એય સારું થયું કે હજી નેહુલ નીકળ્યો નહોતો. બસ નાસ્તો કરીને તૈયાર થતો હતો, ત્યાં જ આ બન્યું. એ નીકળી ગયો હોત તો એકલી હું શું કરત રામ જાણે !’’

કોકિલાએ ભીની આંખો પર રૂમાલ ફેરવતાં કહ્યું.

‘‘એ તો બરાબર છે. પણ અચાનક થયું શું?’’

અલકાને હજી રમણના બેહોશ થવાના કારણની સમજ નહોતી પડી.

‘‘ડૉક્ટર કહે છે કે પ્રેશર બહુ હાઈ થઈ ગયા છે. ડૉક્ટરે પૂછ્યું ત્યારે પપ્પાને ધ્યાનમાં આવ્યું કે બે દિવસથી પ્રેશરની ગોળી નહોતી લેવાઈ. ગોળીઓ ખલાસ થઈ ગયેલી અને બંને દિવસ બજારે ગયા, ત્યારે લાવવાની રહી ગઈ.’’

નેહુલે પોતાને હતી એટલી જાણકારી આપી.

‘‘અરે, હવે તો કેમિસ્ટ લોકો ઘરે દવા આપી જાય છે. ફોન કરીને મંગાવી લેવાની ને.’’

અલકાએ તરત ટકોર કરી.

''હું તો ક્યારનો કહું છું. પણ એ માને તો ને !''

નેહુલ હાથથી છણકો કરતો બોલ્યો.

''સારું સારું. હવે ડૉક્ટર શું કહે છે? કેટલા દિવસ રાખશે?''

વાતને ત્યાં જ પૂરી કરતાં અલકાએ પૂછ્યું.

''હવે અહીં આવ્યા છીએ એટલે ૪૮ કલાક આબ્ઝર્વેશનમાં રાખશે જ. કદાચ પરમ દિવસે રજા આપે.''

''ઓકે.''

કહેતી અલકા સહાનુભૂતિભરી નજરે રમણને નિહાળી રહી. બહેનની ચિંતાભરી નજરો ન સહેવાતી હોય એમ રમણ આંખો મીંચી ગયો.

''ડૉક્ટરે બોલવાની ના પાડી છે.''

રમણને આંખો મીંચતો જોઇ કોકિલા બોલી. ઓચિંતું કૈંક યાદ આવ્યું હોય એમ અલકા ઊભી થઈ. 'હું આવું' કહેતી એ રૂમની બહાર ગઈ અને નેહુલને ઇશારો કરીને બહાર બોલાવ્યો. પેસેજમાં એક બાજુ ઊભા રહીને અલકાએ ફુસફુસાતા સ્વરે નેહુલને પૂછ્યું.

''હૉસ્પિટલના પૈસા ભરાયા?''

''હા. હમણાં દસ હજાર ભર્યા છે. મમ્મી પાસે હતા. કાલે હું બૅન્કમાંથી બીજા કાઢી આવીશ.''

આ સાંભળીને અલકાએ નેહુલને થોભવાનો ઇશારો કર્યો અને પર્સ ખોલી એમાંથી એક કવર કાઢીને નેહુલના હાથમાં થમાવ્યું.

''આમાં પચીસ છે. હમણાં રાખ.''

''ના, ના, ફોઇ. આની જરૂર નથી. હું કાલે બૅન્કમાંથી લઈ આવીશ.''

પૈસા લેવાની આનાકાની કરતાં નેહુલનું કાંડું દબાવી અલકા બોલી,

''જો, હમણાં તું પપ્પાનું ધ્યાન રાખ. બૅન્કમાં જવામાં બે કલાક ન બગાડતો. પછી પપ્પા ઘરે આવે ત્યારે હું એમની પાસેથી લઈ લઇશ.''

''થેંક યુ ફોઈ.''

એમ ભારે સાદે કહેતાં નેહુલે કવર પેન્ટના ખીસ્સામાં સરકાવ્યું અને બંને જણ પાછા રૂમમાં ગયા. આઠ વાગ્યા એટલે અલકા ઊભી થઈ.

''હું જઉં ત્યારે? રાત્રે કોણ રહેવાનું છે?''

''આજે તો હું જ અહીં રહીશ. પછી કાલનું જોઈશું.''

અલકાના પ્રશ્નનો નેહુલે જવાબ આપ્યો.

''કાલે હું અગિયારેક વાગ્યા સુધી આવી જઇશ. પછી તું ઘરે જજે. અને ભાભી તમે તો ઘરનું બધું પતાવીને સાંજે ચાર વાગ્યે જ આવજો. રમણનું બપોરનું જમવાનું હું લેતી આવીશ.''

''એ જ બરાબર રહેશે.''

કોકિલા સામે જોઈને નેહુલે આ વ્યવસ્થાને સ્વીકારી લીધી.

''તું જમ્યો?'''

અલકાએ નેહુલને પૂછયું.

‘હા, મે સાંજે હેવી નાસ્તો કરી લીધેલો. હમણાં મને ભૂખ નથી. એવું હશે તો દસેક વાગ્યે હું બહાર જઈને કંઈક ખાઈ આવીશ. ડૉક્ટર કહેતા’તા કે આમ ગભરાવા જેવું કંઈ નથી. સમયસર હૉસ્પિટલ પહોંચી ગયા એટલે પ્રેશર કંટ્રોલમાં આવવા માંડ્યા છે. રાત્રે પપ્પાને કદાચ ઘેનની દવા આપી દેશે.’’

‘‘સારું. તો હું નીકળું. તમે પણ ચાલો ભાભી. હું તમને ઘરે ઉતારી દઈશ. આમેય મારે સીધી રિક્ષા જ કરવાની છે.’’

‘‘ઠીક છે.’’

કહેતાં કોકિલા ઊઠી અને એણે સાઇડ-ટેબલના ખાનામાં રાખેલું પર્સ કાઢ્યું. આંખો મીંચીને પડેલા રમણના હાથ પર એણે હથેળી દબાવી. રમણે આંખો ખોલી એની સામું જોયું.

‘‘જઉં છું. કાલે સાંજે આવીશ. સવારે અલકાબેન આવીને નેહુલને છોડાવશે.’’

રમણે ડોકું હકારમાં હલાવી ફરી આંખો મીંચી દીધી. હૉસ્પિટલની બહાર નીકળ્યા.

નેહુલ અલકા માટે રિક્ષા શોધી આવ્યો, ત્યાં સુધી અલકા કોકિલાને રમણના ખોરાકમાં મીઠું ઓછું કરવા બાબતની સલાહ આપતી રહી.

રમણને બે દિવસમાં હૉસ્પિટલમાંથી રજા મળી ગઈ. હાઈ બ્લડપ્રેશરની અસર શરીરના બીજા અવયવો પર કેટલી અને કેવી થઈ છે એ જાણવા માટે ડૉક્ટરે રમણને જાત-જાતના ટેસ્ટ્સ લખી આપ્યા. વિશેષ કરીને ડૉક્ટર રમણના હાર્ટ માટે ચિંતિત હતા.



પ્રકરણ 32

હોસ્પિટલથી ઘરે આવ્યા બાદ ત્રણેક દિવસમાં રમણે ડોક્ટરે લખી આપેલી બધી ટેસ્ટ્સ કરાવી લીધેલી. ડોક્ટરને ભીતિ હતી એવી કોઈ તકલીફ રમણના હાર્ટમાં નહોતી ઉભી થઇ. જો કે હૉસ્પિટલનો ખર્ચ અને અન્ય ટેસ્ટ્સના મળીને ખાસ્સા ચાલીસેક હજાર રૂપિયા ઉડી ગયા હતા.

અઠવાડિયા પછી અલકા રમણના ઘરે એની ખબર પૂછવા ગઈ. રમણ બેડરૂમમાં આડો પડ્યો હતો. એની બાજુમાં ખુરશી લઈને અલકા ગોઠવાઈ. બંનેને ચા-નાસ્તો પીરસીને કોકિલા રસોડાના કામોમાં પરોવાઈ. એકલા પડેલા રમણે અલકાને ધીમેથી કહ્યું,

''હું સાજો થઈશ એટલે તારા રૂપિયા પાછા વાળી દઈશ.''

રમણના અશક્ત સ્વર અને અની આંખોની લાચારી જોઈને અલકાની આંખોમાં ભીનાશ છવાઇ ગઈ. સહેજ આડું જોઈ આંખમાં ધસી આવેલા આસું લૂછી મન મક્કમ કરીને એ બોલી,

''મેં માંગ્યા તારી પાસે રૂપિયા? તારી સગવડે તું પાછા વાળજે. હું ય અહીં જ છું ને તું પણ કશે નથી જવાનો. ભગવાનનો પાડ માન કે હાર્ટ-એટેક ન આવ્યો. હવે તું તારા શરીરની કાળજી લેજે.''

''હા...'' કહેતો શ્વાસ ખાવા અટકી રમણ બોલ્યો,

''ડૉક્ટરે પણ દોડધામ કરવાની ના પાડી છે. અઠવાડિયું તો કમ્પ્લીટ બેડ-રેસ્ટ. ભગવાન કોઈને હૉસ્પિટલનું મોઢું ન દેખાડે. તને ખબર છે કેટલો ખર્ચો થઈ ગયો !''

''થાય હવે. શરીર છે, ક્યારેક તો ભાડું માંગે ને. અને આપણે કમાઈએ છીએ શેને માટે? આવા દિવસોમાં કામ લાગે એને માટે જ ને. પણ મને નવાઈ લાગી કે તમે લોકોએ મેડિક્લેમ નથી કરાવ્યું.''

''એ શું છે?''

''એક જાતની વીમા પૉલિસી છે. માંદગીની વીમા પૉલિસી. જો તમે માંદા પડો અને હૉસ્પિટલમાં ભરતી થાઓ તો માંદગીનો બધો ખર્ચ વીમા કંપની આપે. અમે બધાએ પાંચેક વર્ષ પહેલાં જ કરાવ્યું. મને એમ કે તને આ વિશે ખબર હશે જ.''

''રિટાયર્ડ થઈને ઘરે બેઠેલા માણસને ક્યાંથી આવી બધી ખબર પડે? નેહુલનેય આ બધામાં ઝાઝી ગતાગમ નથી પડતી. બસ નીચી મૂંડીએ નોકરી કૂટે જાય છે. એક નિહારિકા હોશિયાર હતી, બધે પહોંચી વળે એવી. પણ એની ય હાલત...''

કહેતો રમણ સૂની આંખે છતને તાકી રહ્યો.

અલકાના હોઠો સુધી પ્રશ્ન ધસી આવ્યો કે એના માટે શું તમે લોકો જરાય જવાબદાર નથી? પણ પછી ભાઈની નાજુક હાલતનો વિચાર કરીને કંઈ જ ન બોલતા એણે ફક્ત સહાનુભૂતિથી ડોકું ધુણાવ્યું અને બોલી,

''હું નેહુલને સમજાવી દઈશ. તારું પ્રીમિયમ તો હવે ભારે પડશે. પણ બાકીનાનું એ કરાવી લે. ક્યારેક ભવિષ્યમાં આવો કોઈ પ્રોબ્લેમ થાય તો ખીસ્સા

પર ઓછો ભાર આવે.''

''પહેલા હું ઑફિસ જતો ત્યારે દોસ્તારો પાસેથી આવી બધી ખબર પડતી. હવે તો દોસ્તારો ય છૂટી ગયા. ઘરે કોઈને બોલાવી નથી શકતો અને બહાર જવાની તાકાત નથી બચી. એ બધાનીય હાલત કેવી હશે શું ખબર?''

છત તરફ તાકીને સ્વગત બબડતો હોય એમ રમણ બોલ્યો. આવતા અઠવાડિયે પાછા આવવાનો વાયદો કરીને અલકા ગઈ.

પછીના અઠવાડિયે મળવા આવેલી અલકાને રમણની તબિયતમાં ખાસ્સો સુધારો વર્તાયો. અલકાના આવ્યાનું જાણી રમણ બેડરૂમમાંથી બહાર આવી, એની પ્રિય લાકડાની ગોળ પીઠવાળી ખુરશીમાં ગોઠવાયો. ચા-નાસ્તો અને થોડી આડી-અવળી વાતો પતી ત્યાં તો કામ પર જવા તૈયાર થતો નેહુલ હૉલમાં ડોકાયો. એને જોઈને અલકાને ગયે વખતે થયેલી મેડિક્લેમ વિશેની વાતચીત યાદ આવી. એણે નેહુલને પૂછ્યું,

''નેહુલ, પછી પેલા મેડિક્લેમનું શું થયું?''

''મેં પૂછાવ્યું'તું, ફોઈ. એ લોકોએ મમ્મીનું મેડિક્લેમ કરવાની ના પાડી. સાઇઠ વર્ષથી ઉપરનાનું નવું મેડિક્લેમ એ લોકો લેતા નથી. જૂની પૉલિસી હોય તો કન્ટિન્યૂ કરી શકાય.''

કંઈક વિચારીને અલકા ફરી બોલી,

''અચ્છા, તો મમ્મી-પપ્પાનું ભલે ન થતું. તમારું તો કરાવી લે.''

''ના રે ના. મારા મેડિક્લેમની શી જરૂર છે? મને શું થવાનું છે. જુવાન છું, હેલ્ધી છું. ખોટા દર વરસે દસ હજાર ભરવાના આવે.''

નેહુલની વાત સાંભળીને અલકાને નવાઈ લાગી અને સાથે-સાથે દુ:ખ પણ થયું. નેહુલ ફક્ત એના એકલાનો જ વિચાર કરતો હતો. નિહારિકાનું તો જાણે કોઈ અસ્તિત્વ જ નહોતું. એને કંઈ પણ થાય એનાથી નેહુલને કોઈ ફેર પડવાનો નહોતો. નિહારિકા ત્યાં જ બેઠી હોવાથી એના વિશે કે એની તબિયત વિશે અલકા કંઈ ન બોલી. છતાંય નેહુલને સમજાવવાના છેલ્લા પ્રયાસરૂપે એ બોલી,

''અત્યારથી કરાવીશ તો પછી મોટું પ્રીમિયમ નહીં ભરવું પડે. અમુક ઉંમર પછી શરૂ કરો તો વધારે પ્રીમિયમ ભરવું પડે.''

''જોઈશ. ચાલો આવજો. મારે કામ પર જવાનું મોડું થાય છે.''

કહેતો નેહુલ ઉતાવળાં ડગલાં ભરતો દરવાજા સુધી પહોંચી ગયો. શૂઝ પહેરી, રમણને 'જઉં છું' કહીને એ સડસડાટ દાદરો ઊતરી ગયો. વિમાસણભરી નજરે રમણ સામે જોતી અલકા સામે રમણે 'નહીં સમજે' એવા મતલબનો હાથથી ઈશારો કરતાં ડોકું ધુણાવ્યું.

આટલી વાર બેસીને થાકી ગયો હોય એમ રમણ ખુરશીમાંથી ઊભો થયો.

''હું થોડી વાર આરામ કરું. તુંય અંદર જ બેસને.''

કહેતાં એણે બેડરૂમ તરફ ધીમાં ડગલાં માંડ્યાં. ચા-નાસ્તાનાં ખાલી વાસણો રસોડામાં મૂકી આવીને અલકા રમણના બેડરૂમમાં ગઈ. ભાઈની તબિયત સારી હતી અને આસપાસ કોઈ નહોતું એટલે અલકાએ ફ્લૅટની વાત ઉખેળી.

''પછી પેલા બે ઘર કરવા બાબતે તેં કશું વિચાર્યું?''

થોડી વાર સુધી રમણ ચૂપચાપ પડ્યો રહ્યો. કદાચ એને થાક લાગ્યો હતો અને અલકાના પ્રશ્નનો જવાબ પણ એ વિચારી રહ્યો હતો. અલકા એના જવાબની રાહ જોતી ચૂપચાપ એની બંધ આંખોને તાકી રહી. પાંચેક મિનિટ પછી આંખો ઉઘાડી, અલકા સામે પળભર જોઈ છતને તાકતો રમણ બોલ્યો,

‘‘સાચું કહું, હવે હામ નથી રહી. પહેલાં એવું વિચારેલું કે બે ઘર કરીને મારે નેહુલ સાથે રહેવું. પણ પછી નેહુલ અને એની વાઈફ બંને તો કામ પર જતા રહે. હું આખો દિવસ ઘરમાં એકલો પડી જઉં. ઓચિંતું જો મને કંઈ થઈ જાય, તો મદદ કરવાવાળું ય કોઈ ન હોય. એના કરતાં જેમ છે એમ ભલે રહ્યું. આ હૉસ્પિટલના ખર્ચા જોયા બાદ નવા ઘર માટે મૂડી જોડવાનીય મારી ઇચ્છા નથી. કાલ ઊઠે મને કે કોકિલાને કોઈ મોટી બીમારી થાય, તો લાખ-બે લાખ આમ ચપટી વગાડતાં ઊડી જાય.’’

રમણે કરેલી દલીલ સચોટ હતી. અત્યારની એની હાલત જોતાં એને એકલો મૂકાય એમ નહોતું જ. ભલે જેવી આવડે તેવી, પણ બધા એની ચાકરી તો કરતા હતા. નિહારિકાનો ય બીજો કોઇ પ્રોબ્લેમ નહોતો. હવે બધાએ સ્વીકારી લીધેલું કે એ આમ જ ઘરમાં બેસી રહેશે. અલકાએ આ બાબત વધુ ચર્ચા કરવાનું માંડી વાળ્યું.

ooo

છ-આઠ મહિને એકાદ વાર પરિની રમણના ઘરે એને મળવા જતી. હોસ્પિટલમાં મળ્યા પછી ફરીને એનાથી રમણની ખબર કાઢવા જવાયું નહોતું. બંને બાળકોની ટર્મિનલ પરીક્ષાઓ પતી અને દિવાળીનું વેકેશન પડ્યું, એટલે એક દિવસ સાંજે એણે એકલા જ રમણના ઘરની મુલાકાત લેવાનું વિચાર્યું.

બીજા કોઈ આવે એ ગમે કે નહીં, પણ પરિનીને રમણના ઘરમાં બેરોકટોક આવવાની રજા હતી. નિહારિકાને ય પરિનીનું આવવું ગમતું. પરિની આવે ત્યારે નવી-નવી વાતો કરતી. બહારની દુનિયામાં બધું કેટલી ઝડપથી બદલાઈ રહ્યું હતું એની સમજ પડતા ક્યારેક નિહારિકાની આંખો અજાયબીથી પહોળી થઈ જતી. આમેય પરિની રમણના ઘરે ક્યારેય ખાલી હાથ તો જતી જ નહીં. એકાદ નાનકડી વસ્તુ કે ફ્રૂટ કે નાસ્તો એ અચૂક લઈ જતી. હવે રમણ 'દીકરીનું ન લેવાય' વાળી ટકોર ન કરતો. પરિનીની મુલાકાત રમણના ઘરને એ સાંજ પૂરતી હળવાશથી ભરી દેતી.

આજે પણ પરિની ખાલી હાથ નહોતી આવી. ઘરમાં દાખલ થતાં વેંત એણે પાર્સલની થેલી કોકિલાના હાથમાં પકડાવી.

"લો મામી, બધાં માટે નાસ્તો લાવી છું. મને પણ એમાંથી જ આપજો."

"શું તું ય દર વખત કંઈને કંઇ લેતી આવે છે. અમને ભાર ચડે."

એવો વિવેક કરતાં હરખાતાં-હરખાતાં કોકિલાએ પરિનીના હાથમાંથી પાર્સલની થેલી લઈ લીધી.

"તમ તમારે મજા કરોને, મામી. આજે ખાસ નિહારિકા માટે પિત્ઝા લાવી છું. મમ્મી વચ્ચે જ યાદ કરતી હતી કે નિહારિકાને પિત્ઝા બહુ ભાવે છે. એને પિત્ઝા

બનાવતાં ય સરસ આવડે છે."

આ સાંભળતા નિહારિકાનું મોં સહેજ પડી ગયું. એ બોલી,

"હવે તો હું બધું ભૂલી ગઈ છું. કેટલા દિવસથી રસોડામાં પગ જ નથી મૂક્યો."

પંખો ફાસ્ટ કરી પરિની સોફા પર ન બેસતાં સેટી પર બેઠી. સોફા એને એક બાજુ નમેલો લાગ્યો. રમણ પણ આવીને એની બાજુમાં જ ગોઠવાયો. નિહારિકા એની હંમેશની જગ્યાએ બીજી સેટી પર બેઠી હતી. એ વધારે નિરાશ ન થાય એ માટે પરિનીએ વાત બદલી કાઢી. એણે તરત ઉત્સાહથી કહ્યું,

"એક વાર શીખ્યા હોઈએ તે તો તરત યાદ આવી જાય. જોજેને તું રસોડામાં જઈશ કે ધીમે-ધીમે તને બધું યાદ આવવા લાગશે."

રમણ અચરજથી પરિની સામે જોતો મનોમન વિચારી રહ્યો કે આ છોકરીમાં આટલી બધી એનર્જી ક્યાંથી આવતી હશે. જ્યાં જાય ત્યાં વાતાવરણ ખુશાલીથી ભરી દે. આજે ય એના આગમનથી બધા હરખાયા જ છે.

"જુઓ મામી, અંદર બે પિત્ઝા છે અને ત્રણ પ્લેટ ઇડલી-સાંભાર. એક આખો પિત્ઝા નિહારિકા માટે છે. બાકી બધું આપણે શેર કરીશું. નેહુલ છે કે ગયો?"

પાર્સલની થેલી ટેબલ પર મૂકતી કોકિલાને ઉદ્દેશીને પરિની બોલી.

"એ થોડી વાર પહેલા જ નીકળી ગયો. એને થોડું કામ હતું એટલે આજે એ વહેલો ગયો."

કોકિલાએ જવાબ આપ્યો.

"વાંધો નહીં. એ તો રોજ બહાર જાય છે એટલે કંઈક ને કંઈક તો ખાતો જ હશે. આજે આપણે ઘરે એન્જોય કરીએ."

"તું આ બધું ઘરેથી લાવી?"

રમણે હળવેથી પૂછ્યું.

"ના રે ના, હોતું હશે. ઘરે તો આપણે બધા રોજ ખાતાં જ હોઈએ છીએ. આ તો હું બોરીવલી સ્ટેશનની બહાર પેલી ઉડિપી છે ને ત્યાંથી લાવી. પહેલાં પાર્સલ લીધું, પછી રિક્ષા પકડી. જુઓ, ઇડલી-સાંભાર તો એકદમ ગરમા-ગરમ હશે. મામી, પ્લેટ્સ આપોને. ઇડલી હમણાં જ ખાઈ લઈએ. મને ભૂખ લાગી છે."

"હા, હા, હમણાં જ લાવી." કહેતી કોકિલા અંદર ગઈ.

રમણ સાથે ગપ્પા મારતી પરિની અચાનક અટકી અને સામેના ખૂણામાં ધ્યાનથી જોવા લાગી. પછી એણે રમણને કહ્યું,

"ત્યાં... કંઈક હતું."



પ્રકરણ 33

સેટી પર બેસીને નિરાંતે રમણ સાથે ગપ્પાં મારી રહેલી પરિની હૉલના ખૂણામાં થઈ રહેલો સળવળાટ જોઈને ચોંકી. એણે તરત એ તરફ આંગળી ચીંધતા રમણને પૂછ્યું,

''ત્યાં... કંઈક હતું.''

''એ તો ઉંદરડી હશે. હમણાં-હમણાં અમારે ત્યાં ઉંદરોનો ત્રાસ બહુ વધી ગયો છે. ચોમાસા પહેલાં પાઈપલાઈનનું કામ કરાવવા માંચડા બાંધેલા એમાં આ ઉંદર પેધા પડી ગયા.''

રમણે બેફિકરાઈથી જવાબ આપતા કહ્યું.

''હજી કામ ચાલુ છે?''

પોતાના પગ સહેજ સંકોરતાં નીચે આજુબાજુ જોતાં પરિનીએ કઇંક અણગમા સહિત પૂછ્યું.

''ના. કામ તો પતી ગયું છે ને હવે માંચડા ય નથી. ખબર નહીં પાછળ ક્યાંક બાકોરું પડ્યું છે. એમાંથી આ ઉંદરડા ઘૂસી આવે છે. એક-બે તો બહુ મોટા છે?''

''એટલે? ઘરમાં એક કરતાં વધારે ઉંદર છે.''

પરિનીની આંખો પહોળી થઈ ગઈ.

''હા, જોને, હેરાન-પરેશાન કરી મૂકે છે. કશું છોડતાં નથી. બે દિવસ પહેલા રેડિયોનો વાયર કાતરી ગયા. એટલે જ તારી મામીએ પાર્સલ અહીં ટેબલ પર મૂક્યું. રસોડામાં તો કશું રેઢું નથી મૂકાતું. આ સોફાની અંદર પણ દોડાદોડ કરે છે.''

આ સાંભળીને પરિની ભડકી અને તરત એણે એ બેઠેલી તે સેટીની પાછળની તરફ જોયું. એ શું તપાસી રહી છે એ સમજાયું હોય એમ રમણ તરત બોલ્યો,

''ત્યાં નહીં આવે. પલંગ દીવાલથી દૂર રાખ્યો છે એટલે ઉપર નથી ચડી શકતા. પણ આ સોફામાં વચ્ચે ગેપ છે. એટલે ત્યાં ક્યારેક પાછળથી આવી જાય છે.''

આ સાંભળીને પરિનીએ હાશકારો અનુભવ્યો. 'થેંક ગોડ. આજે હું સોફા પર ન બેઠી' એમ મનોમન બબડીને એણે બાજુ પર પડેલી પોતાની પર્સની ચેઇન ચેક કરી. ક્યાંક ઉઘાડી ચેઇનમાંથી અંદર ઘૂસીને એકાદી ઉંદરડી એના ભેગી એના ઘરે ન આવી જાય.

એટલામાં જ કોકિલા ખાલી પ્લેટ્સ અને બાઉલ્સ લાવી. સાથે એ થોડો ઘરનો નાસ્તો અને મીઠાઈ પણ લેતી આવેલી. સાવ ઘસાયેલી પ્રિન્ટવાળી મેલેમાઇનની ક્રોકરી જોઈને પરિનીને અંદાજ આવી ગયો કે રમણનો પરિવાર હવે ગરીબી ભણી ધસી રહ્યો હતો. એક બાઉલમાં નાનકડી તડ પણ પડેલી હતી. જો મહેમાનને આપવામાં આવતી ક્રોકરીની આ હાલત હોય, તો કીચનના શા હાલ હશે એની કલ્પના કરવી અઘરી નહોતી.

કોકિલાએ પાર્સલ ખોલીને બધાને એક-એક ઇડલી સાથે ચટણી અને સંભાર આપ્યા. એણે આગ્રહ કરીને પરિનીની પ્લેટમાં બેસનનો લાડવો અને થોડી

મસાલાપૂરી મૂકી. એ પોતે પણ પોતાની નાસ્તાની પ્લેટ લઈને સોફા પર ગોઠવાઈ.

બેસનનો લાડવો મોંમા મૂકતા જ પરિની બોલી ઉઠી, "Wow... મામી, તમારા ઘરના જેવા બેસનના લાડુ તો ક્યાંય ન મળે. મેં કેટલી બધી જગ્યાએ લાડવા ખાધા હશે, પણ તમારા જેવા એકેય નહીં."

"એ તો બા શીખવી ગયા છે મને." કોકિલા પોરસાતા બોલી, "તો ય એમના જેવા તો નથી જ થતાં. કેટલી ધીરજથી ધીમા તાપે એ લોટ શેકતા. અને એમના હાથનો લાડુ તો મોંમાં મૂકીએ એવો તરત ઓગળી જાય."

નાસ્તો અને વાતચીત ચાલી રહી હતી ત્યાં જ પરિનીએ જોયું કે એક મધ્યમ કદનો ઉંદર કોકિલાની બરાબર બાજુમાં સોફા પર ગોઠવાઈ ગયો હતો. કાન ઊંચા કરીને એમની વાતચીત સાંભળતો હોય એમ એ પરિનીની સામે ટગર-ટગર તાકી રહ્યો હતો. પરિનીએ એકવાર શૂ... શ કરીને એને ભગાડવાની કોશિશ કરી. એ જોઈને કોકિલા બોલી,

"કંઈ નહીં કરે. એ તો આમતેમ ફર્યા કરશે."

કોકિલાએ જે ઠંડકથી કહ્યું એ સાંભળીને પરિનીને નવાઈ લાગી. ઉંદર ત્યાંથી હટતો નહોતો. એને પણ આ સુંદર, બોલકી, હસમુખ નવાંગતુકમાં રસ પડ્યો હતો. થોડી વાર સુધી પરિની ગભરાતી રહી, પણ પછી એણે મન મનાવ્યું,

"હશે એ પણ એક નાનકડો જીવ જ છે. શું કરી લેશે? આમેય મારે ક્યાં અહીં વધારે રહેવું છે."

છતાંય એનાથી પૂછ્યા વગર ન રહેવાયું,

"તમે આનું કંઈ કરતા નથી?"

"શું કરીએ? ઘણું શોધવા છતાંય ક્યાંથી આવે છે એ ખબર જ પડતી નથી. કેટલા તો પાંજરામાં પકડીને ફેંક્યા. પણ ખબર નહીં કેમ જતા જ નથી. કદાચ માળિયાની પાછળ બાકોરું પડ્યું હશે. જો કે મને કંઈ ન લાગે. મારી મમ્મીનું ઘર ભોંયતળિયાનું એટલે અમારા ઘરમાં તો ઉંદરડા ફરતા. ત્યાં તો એવડી મોટી ઘૂસ રહેતી કે એલ્યુમિનિયમના ડબ્બાનાં ઢાંકણાં ય ઉઘાડી નાખતી. પછી અમે અમુક ડબ્બા પર પથ્થર મૂકતા. "

પરિની ચૂપચાપ કોકિલાનું ઉંદર-પુરાણ સાંભળતી રહી. નાસ્તો પત્યો એટલે કોકિલાએ કહ્યું,

"તારે હાથ ધોવા હોય તો અંદર બેસિનમાં ધોઈ લે. જો બાથરૂમ જવું હોય, તો મને કહેજે. હું જરા ચેક કરી લઈશ. ક્યારેક બાથરૂમ-સંડાસમાં ય ફરતા હોય છે. લાકડી ઠકઠકાવીએ તો નીકળી જાય."

આ સાંભળીને પરિનીએ હાથ ધોવા જવાનો અને બાથરૂમ વાપરવાનો વિચાર માંડી વાળ્યો. પોતાના હાથ એણે બાજુમાં પડેલા નેપકીનથી લૂછી લીધા અને પાછા ફરતાં જરૂર પડે, તો કોઈ મોલ કે રેસ્ટોરન્ટના વોશરૂમમાં જઈ આવવાનું નક્કી કર્યું.

વાતો કરતાં-કરતાં નિહારિકાએ પરિનીને પૂછ્યું, "દીદી, તમે આઇ-પોડમાં નવા ગીતો નથી નાખ્યા?"

"નાખ્યા છે ને. હું તો જૂના ગીતો-જૂના ગીતો કરતી'તી, પણ અજયે ધરાર નવા

પણ નાખ્યા. એનું કહેવું હતું કે વસ્તુ આપીએ છીએ, તો ઘરના બધા વાપરે. નેહુલ-નિહારિકાને ગમે એવું ય થોડું નાખી દઈએ."

આ સાંભળીને નિહારિકાના ચહેરા પર ખુશીની લહેર દોડી ગઈ. એણે તરત પૂછ્યું,

"એ કેવી રીતે વગાડાય? તમે મને શીખવાશો? આ નેહુલને કેટલી વાર કહ્યું, પણ એ તો મને શીખવતો જ નથી ને. પોતે હેડફોન લગાડીને નવા ગીતો સાંભળ્યા કરે, હું પૂછું તો કહે કે નવા ગીતો આમાં છે જ નહીં. ક્યારેક તો આઇ-પોડ પણ સંતાડી નાખે. મને આપે જ નહીં. એ મને બહુ હેરાન કરે છે."

"લાવ હું તને શીખવાડું. સાવ ઇઝી છે. ક્યાં છે આઇ-પોડ?"

પરિનીએ કહ્યું એટલે તરત રમણ ઊભો થઈને આઇ-પોડનો ડબ્બો લઈ આવ્યો. પ્લાસ્ટિકના ડબ્બામાં રાખેલા આઇ-પોડને જોઈને પરિનીને નવાઈ લાગી. એના ચહેરા પર અંકાયેલો પ્રશ્ન સમજી ગયો હોય એમ રમણ તરત બોલ્યો,

"આ ઉંદરડા બહુ નુકસાન કરે છે. રેડિયોનો વાયર કાતરી ગયા પછી હવે અમે આઇ-પોડને આ બોક્સમાં રાખીએ છીએ. હેડફોનના વાયર કાપી નાખે તો મોકાણ થાય. બસ, મારા બેડરૂમમાં એકેય ઉંદર નથી. બેડરૂમનાં બારણાં હું બંધ જ રાખું છું."

પરિનીએ આઇ-પોડ ચાલુ કરીને નિહારિકાને નવા ગીતો કેમ વગાડવા એ શીખવ્યું. નિહારિકા ખુશ થઇ ગઈ.

"હવે હું રોજ રાત્રે આ સાંભળીશ. પપ્પા ઊંઘી જાય અને નેહુલ કામ પર જાય પછી આઇ-પોડ ફ્રી જ હોય છે."

"સરસ, તું થોડા મહિના આ સાંભળ. પછી હજી વધારે નવાં ગીતો નાખી આપશું."

નિહારિકાએ આઇ-પોડ બંધ કરીને કાળજીથી ડબ્બામાં ગોઠવ્યો અને ડબ્બો બંધ કરી સામેના ટેબલ પર મૂકી દીધો. પરિની સામે જોઈને એ બોલી,

"દીદી, તમે આવો એ મને બહુ ગમે. તમે કેટલી સરસ નવી-નવી વાતો કરો છો. હું બહાર કશે જતી નથી. બહુ-બહુ તો ટીવી જોઉં. એમાં થોડી-થોડી બહારની ખબર પડે. તોય તમે જે કહેતા હોવ છો એવું એમાં નથી દેખાડતા."

આ સાંભળતા જ પરિનીએ નિહારિકાને સમજાવવાનો મોકો ઝડપી લીધો.

"જો હું તને ગમુ છું, તો મારી એક વાત માનીશ?"

"કઈ વાત?"

"તું આમ આખો દિવસ બેસી રહે છે, તે તને કંટાળો નથી આવતો?"

"આવે છે ને. પણ હું શું કરું?"

નિહારિકા પરિની સામે ભોળપણથી તાકી રહી. આ જોઈને પરિનીને નિહારિકા માટે દુઃખ લાગ્યું. કેટલી હોશિયાર છોકરી હતી એ, અને હવે કેવી થઈ ગઈ છે. વિષાદની લાગણી એના અવાજ પર હાવી ન થઈ જાય એની તકેદારી રાખતા મન મક્કમ કરીને પરિની બોલી,

"જો તું બહાર ન જાય તો કંઇ નહીં. ઘરમાં તો આંટા મારી શકે ને? તને શું લાગે છે? મારામાં આટલી પોઝિટિવ એનર્જી ક્યાંથી આવે છે? હું આખો દિવસ

કંઇને કંઈ કામ કરતી રહું છું. ઇન્ડિયા આવ્યા પછી ઑફિસ-વર્ક છોડી દીધું છે, પણ કંઇ ને કંઈ નવું શીખતી રહું છું. જરા મન પર ભાર વર્તાય, તો આંટા મારવા માંડું. બધી નેગેટિવ એનર્જી ખંખેરાઇ જાય. આ પણ એક જાતનું સાયન્સ જ છે."

રમણ અને નિહારિકા અહોભાવથી પરિનીની વાતો સાંભળી રહ્યા.

"આ તારી સ્કિન જો." કહેતા પરિનીએ સહેજ આગળ વધી નિહારિકાનો હાથ પોતાના હાથમાં લઈ લાંબો કર્યો અને બોલી,

"આપણને બધાને સૂર્યપ્રકાશમાંથી એનર્જી મળે છે. આમ તું આખો દિવસ બારી-બારણા બંધ રાખીને બેસે, તો તને વિટામિન-ડી ક્યાંથી મળે? હાડકાં તો નબળા પડે જ, સાથે-સાથે સ્કિન પણ કાળી પડી જાય. તને ખબર છે, આખો દિવસ કૃત્રિમ લાઇટમાં, એસીમાં બેસી રહેનારા લોકોની ચામડી કાળી અને સૂકી થઈ જાય."

લાગ જોઈને પરિનીએ નિહારિકાની દુઃખતી રગ દબાવી હતી. એને બરાબર યાદ હતું કે ટિન-એજ દરમિયાન ગોરા થવા માટે નિહારિકા જાત-જાતના ક્રીમ્સ લગાડતી. જો કે એ વાત જુદી હતી કે એને કારણે એની સ્કિન સુધરવાને બદલે બગડી હતી. સાથે-સાથે એને આકાશના લગ્ન પછી થયેલી નિહારિકા સાથેની ચર્ચા પણ યાદ હતી. એની સ્કિન ખરાબ થઇ ગઇ હોવાથી એ લગ્ન જેવા જાહેર પ્રસંગે આવવાનું ટાળતી હતી એવું એણે કહેલું. જો સ્કિન સારી થવાના બહાને નિહારિકાને એના કોચલામાંથી બહાર કાઢી શકાતી હોય, તો પરિની એ મોકો ઝડપી લેવા તૈયાર હતી. એણે નિહારિકાની સમજાવટ ચાલુ રાખી.

"જો તું મને મોટી બહેન માનતી હોય, તો આટલું જરૂર કરજે. ભલે આખો દિવસ નહીં, પણ સવાર-સાંજ અડધો કલાક ઘરમાં આંટા મારજે. થોડી વાર બારી પાસે ઊભી રહીને સૂર્યપ્રકાશ લેજે."

"હું બહુ આંટા મારું તો મારા પગ દુઃખી જાય છે અને બારી પાસે ઊભી રહું, તો આજુબાજુવાળા મારી સામે તાકી રહે છે. મને એ જરાયે નથી ગમતું."

નિહારિકાએ પોતાની સમસ્યા પરિનીને જણાવી. જો કે પરિની પાસે એનો ઉકેલ પણ હાજર હતો. એણે તરત કહ્યું,

"બરાબર છે તું આટલા વખતથી ચાલી નથી એટલે એવું થાય. એમ કામ કર, તું પહેલે દિવસે ફક્ત બે આંટા માર. પછીના દિવસે ત્રણ, પછી ચાર... એમ કરતાં-કરતાં અઠવાડિયામાં દસેક આંટા મારવા સુધી પહોંચ. થોડા દિવસ આ રીતે ચાલ. પછી ધીમે-ધીમે ચાલવાનો સમય વધારતી જજે. તારા પગના મસલ્સ જે હમણાં નબળા પડી ગયા હશે, એ ધીમે-ધીમે મજબૂત થતાં જશે. તારો સ્ટેમિના વધશે તો તને થાક નહીં લાગે."

પરિનીની વાત ધ્યાનથી સાંભળી રહેલી નિહારિકાએ સમજણભર્યું ડોકું હલાવ્યું. રમણ ચહેરા પર નિહારિકાને પરિનીની વાતો સાંભળતી-સમજતી જોઈને રાજીપાનો ભાવ ઊભરાયો. કોકિલા પોતાના રસોડાના કામમાં વ્યસ્ત હતી એટલે એના તરફથી કોઈ ડહાપણનું ડબકું નહોતું મૂકાયું. નિહારિકાને પોતાની વાતોમાં રસ પડતો જોઈને પરિનીએ શિખામણનો વધુ એક ડોઝ આપતા કહ્યું,

"જો તારે બારી પાસે ન ઊભા રહેવું હોય, તો બારી ખોલીને, થોડે દૂર ખુરશી

નાખીને, તારા પર તડકો આવે એ રીતે બેસજે. તને બહારનું બધું દેખાશે, પણ તું કોઈને નહીં દેખાય. આટલી નાનકડી બારીમાંથી દિવસે ઘરની અંદરનું કંઈ ન દેખાય. અંદર કરતાં બહાર સૂર્યપ્રકાશનું અજવાળું ઘણું વધારે હોય. રાત્રે બહાર અંધારું હોય અને આપણે ઘરમાં લાઇટ કરીએ ત્યારે બધું દેખાય. રાત્રે બારી બંધ રાખવાની."

પરિનીની વાતો ગળે ઊતરતી હોય એમ નિહારિકા નીચું જોઈને ધ્યાનથી સાંભળતી હતી. પરિનીની દરેક વાતમાં સંમતિમાં ડોકું હલાવતી હતી. લગભગ બે કલાક રમણને ત્યાં ગાળી પરિનીએ વિદાય લીધી. એને વળાવવા દાદર સુધી આવેલો રમણ ગદ્ ગદ્ સ્વરે બોલ્યો,

"થેંક યુ, પરિની. આવી રીતે થોડા-થોડા દિવસે આવીને તું સમજાવીશ, તો આનું કંઈક ઠેકાણું પડશે."

રમણની હામાં હા મેળવતી પરિની હસતી-હસતી દાદરો ઊતરી ગઈ. ઘરે પાછા ફરતી વખતે આખે રસ્તે પરિની રમણના ઘરના માહોલનો અને નિહારિકાનો વિચાર કરતી રહી. રમણની સમસ્યાઓમાં ઘટાડો થવાને બદલે વધારો થયો હતો. આટલા પ્રોબ્લેમ્સ ઓછા હતા એમ હવે ઉંદરોએ ઘરમાં અડ્ડો જમાવ્યો હતો. પરિનીને ક્યાંક વાંચેલુ યાદ આવ્યું કે જો ઘરમાં ઉંદરડા ફરતા હોય, તો રોગચાળો ફેલાય. ગંદી જગ્યાઓમાં ફરતા ઉંદરડા પોતાના શરીર પર હજારો જાતના જર્મ્સ લઈને ફરતા હોય છે. વળી ફેંગશૂઈને હિસાબે તો આવા ઉંદરડા દ્વારા કરાયેલી ગંદકીને હિસાબે ઘરમાં નેગેટિવ એનર્જી ય ખૂબ વધી જાય. બીજા બધા પ્રશ્નો ઉકેલતા લાંબો સમય જાય એમ હતું, પણ ઉંદરનો પ્રોબ્લેમ સોલ્વ કરવો એટલો અઘરો નહોતો. રાત્રે અજય આવે ત્યારે આ બાબતની ચર્ચા એની સાથે કરવાનો પરિનીએ નિર્ણય લીધો.

રાત્રે પરિનીએ રમણના ઘરની મુલાકાત વિશે વિગતે વાત કરી કે અજય તરત બોલ્યો,

"આ પેસ્ટ કન્ટ્રોલવાળાનું કામ છે. એ લોકો ઉંદરડા કાઢી આપે. પણ એને માટે આખું ઘર ખાલી કરવું પડે. બધો સામાન ફેરવવો પડે. ઘરને ખૂણે-ખૂણે ચેક કરી બધે દવા મરાવવી પડે. તારા મામી કહેતા હતા એમ જો માળિયે બાકોરું પડ્યું હોય, તો એ પૂરાવવું પડે. જો પાઇપલાઇનમાંથી ઉંદર આવતા હોય, તો તો મોટું કામ થઈ જાય."

"આ બધું કરવામાં કેટલો સમય લાગે?" ધ્યાનથી અજયની વાત સાંભળી રહેલી પરિનીએ પૂછ્યું.

"જો પ્રોબ્લેમ ફક્ત ઘરની અંદર હોય તો બે-ત્રણ દિવસ લાગે. એટલો ટાઇમ એમણે બીજે રહેવા જવું પડે."

"અરે બાપ રે! તો એ લોકો ક્યાં જાય?"

"કેમ? એ લોકો ક્યારેય બહારગામ નથી જતા? બે-ત્રણ દિવસ આજુબાજુમાં કશે જઈ આવવાનું."

અજય સહજતાથી બોલ્યો.

જો કે પરિની સમજતી હતી કે જેટલી સહજતાથી અજય બોલ્યો એટલે

સહજતાથી રમણ કે એનો પરિવાર ઘર છોડે એમ નહોતા. રમણ તરફથી કયા પ્રશ્નો આવી શકે એનો વિચાર કરતાં-કરતાં પરિની અજયને એ પ્રશ્નો પૂછવા માંડી.

"પછી એમના ઘરનો સામાન?"

"ભઈ, એટલી મહેનત તો કરવી પડે. તે કહ્યું એમ બેડરૂમમાં ઉંદર નથી, તો અગત્યનો સામાન એ રૂમમાં મૂકી, રૂમ લોક કરી દેવાનો. એવું હોય તો હું કોઈ માણસ ગોઠવી આપું. એ લોકોને સમાન ફેરવવામાં મદદ કરશે અને બે દિવસના પેસ્ટ કંટ્રોલ દરમિયાન એમનું ઘર સુપરવાઇઝ કરશે."

"ઠીક છે, હું મામાને વાત કરી જોઉં."

અજયને આમ કહી એ વખતે તો પરિનીએ ચર્ચા પૂરી કરી, પણ આ વાત રમણ કેટલી સ્વીકારશે એ બાબતે એના મનમાં સંશય હતો. રમણના શંકાશીલ અને કોકિલાના જક્કી સ્વભાવનો એને પરિચય હતો. નેહુલ તો જાણે પૂરા પરિવારથી અલિપ્ત, પોતાની અલગ દુનિયામાં જીવતો હતો. એ આ બાબતમાં કોઈ પણ જાતની મદદ કરે એવી અપેક્ષા રાખવી વ્યર્થ હતી. પાછો નિહારિકાનો પ્રશ્ન તો ઊભો જ હતો. જે વ્યક્તિ બારીની બહાર જોવા રાજી ન હોય, એ ઘરની બહાર નીકળે અને બીજે ક્યાંય રહેવા જાય એ વાત મુશ્કેલ લાગતી હતી. છતાંય એણે એક વાર રમણને કાને આ વાત નાખવાનો નિર્ણય કર્યો.

બીજે દિવસે પરિનીએ ધાર્યો હતો એવો જ પ્રતિભાવ રમણ પાસેથી મળ્યો. રમણે આટલું બધું કામ કરવા માટે અશક્તિ દર્શાવી. સુપરવાઇઝરને ભરોસે ઘર છોડવા એનું મન માનતું નહોતું એ એની વાતો પરથી સાફ સમજાતું હતું. ટૂંકમાં રમણ કે એનો પરિવાર બે-ત્રણ દિવસ માટે ઘર છોડીને કશે જાય એ શક્ય નહોતું. એ પછી પરિનીએ વધુ ચર્ચા કરવાનું માંડી વાળી ફોન મૂકી દીધો. એ સમજતી હતી કે તરસ્યાને પાણી સુધી લઈ જઈ શકાય, પણ પાણી તો એણે જાતે જ પીવું પડે.

ooo

પરિનીની રમણના ઘરની મુલાકાતના ત્રણેક મહિના પછી એક સાંજે પરિનીનો મોબાઇલ રણક્યો. સ્ક્રીન પર અજાણ્યો નંબર જોઈ એ ફોન લેવો કે નહીં એની અવઢવમાં પરિની થોડી વાર વિચાર કરતી રહી. પહેલાં તો કોઈક માર્કેટિંગ કંપનીનો કૉલ હશે એમ માની ફોન ન ઉપાડવાનું વિચાર્યું. પછી થયું કે જિયાની કોઈ ફ્રેન્ડનો નંબર હોઈ શકે. એટલે પરિનીએ ફોન લીધો.

“હલો દીદી, હું નિહારિકા.”

સામે છેડેથી નિહારિકાનો અવાજ સાંભળી પરિનીને નવાઈ લાગી. આટલાં વર્ષોમાં પહેલી વાર નિહારિકાએ એને સામેથી ફોન કર્યો હતો. શેના માટે કર્યો હતો?

●●●

પ્રકરણ 34

અજાણ્યા નંબરથી આવેલા ફોન પર સામે છેડે નિહારિકાનો અવાજ સાંભળતા જ પરિની ચોંકી. આટલા વર્ષોમાં ક્યારેય નહીં ને છેક આજે નિહારિકાએ પરિનીને કૉલ કર્યો હતો, એ પણ એક અજાણ્યા નંબરથી. વધુ વિચારો કરવાનું રહેવા દેતાં પરિની બોલી,

"હા, હા, બોલ નિહારિકા. આ નવો નંબર જોઈને થોડી નવાઈ લાગી એટલે ફોન ઉપાડતા વાર થઈ. કેમ છે તું ?"

"હું મજામાં છું, દીદી. આ મારો નંબર છે. નેહુલે મને અને પપ્પાને નવો મોબાઈલ લઈ આપ્યો છે. અમારા ઘરનો ફોન ઘણા દિવસોથી બગડી ગયો છે. બહાર રસ્તા પર ખોદકામ થયું એમાં લાઇન ડેમેજ થઈ ગઈ. રિપેર થતા વાર લાગશે. મારે ક્યારેક કામિની સાથે વાત કરવી હોય, તો હું આ જ ફોન વાપરું છું."

"ઓકે. તો હવે હું આ નંબર તારા નામથી સેવ કરી દઈશ. મામાનો નંબર પણ લખાવને મને."

"હા, દીદી. લખો."

નિહારિકાએ પરિનીને રમણનો નંબર લખાવ્યો.

"બોલ, મને કેમ યાદ કરી ?"

નંબર લખાઈ ગયા પછી હેતાળ સ્વરે પરિનીએ પૂછ્યું.

"દીદી, તમે કોઈ વકીલને ઓળખો છો ?"

નિહારિકાનો આવો વિચિત્ર સવાલ સાંભળીને પરિનીને નવાઈ લાગી. આ નિહારિકાને વળી વકીલનું શું કામ પડ્યું ? એણે તરત પૂછ્યું.

"કોને વકીલ કરવો છો ?"

"મારે."

"કેમ ?"

"મારે મારી બિલ્ડિંગવાળા પર કેસ કરવો છે."

નિહારિકાનું આ નવું તૂત સાંભળીને પરિનીને હસવું આવી ગયું. ફોન પર હસવું ન કળાય એની તકેદારી રાખીને પરિનીએ પૂછ્યું,

"એવું તો શું થઈ ગયું કે તારે તારી બિલ્ડિંગવાળા પર કેસ કરવો છે ?"

"એ લોકો સાલા બદમાશ છે. અમારા ઘરે આવીને ઝઘડા કરી જાય છે."

નિહારિકાના સ્વરમાં વરતાતી તાણ પરિનીના કાનો સુધી પહોંચી રહી હતી. પરિનીએ સંયત સ્વરે એને ફરી પૂછ્યું,

"ઝઘડાનું કંઈ કારણ તો હશે ને ?"

"હું રોજ મારી બારીની પાળી પર કબૂતર માટે ચણ નાખું છું એની સામે એમને વાંધો છે."

"એ વાંધાનુંય કંઈક કારણ હશે ને ?"

પરિની ઠંડા દિમાગથી એક પછી એક પ્રશ્ન પૂછીને સાચી હકીકત જાણવાનો પ્રયાસ કરી રહી.

"એ લોકો કહે છે કે પાળી પરના ચણને કારણે આખો દિવસ કબૂતરો અહીં-

તહીં ઊડાઊડ કરે છે. એમના ઘરમાં ઘૂસી જાય છે. ત્યાં માળા બાંધી ગંદકી કરે છે." નિહારિકાએ કહ્યું.

"વાત તો સાચી છે. થોડા દિવસ પહેલાં મેં ય છાપામાં વાંચેલું કે કબૂતરની હગારથી શ્વાસના રોગ થાય છે."

"દીદી, અમને તો કંઇ નથી થતું. જુઓને હું ઘરની બહાર નીકળી નથી શકતી. બારી પાસે ચણ નાખીને થોડું પુણ્ય કમાવાની કોશિશ કરું છું. એ સામેય એમને વાંધો છે. એ લોકોને હું દેખાડી દઈશ."

ઉત્તેજનાથી નિહારિકાનો અવાજ કંપવા લાગ્યો. એને ટાઢી પાડવાની કોશિશ કરતા પરિની બોલી,

"નિહારિકા, સહેજ ઠંડા દિમાગથી વિચાર કર. એ લોકોને પ્રોબ્લેમ થતો હશે, ત્યારે જ એમણે તને કહ્યું હશે ને. મારી એક ફ્રેન્ડને ત્યાં પણ આવું જ થયેલું. એના સસરા દરરોજ સવારે સોસાયટીના કમ્પાઉન્ડમાં એક તરફ ચણ નાખતા હતા. પછી કબૂતરોનો ઉપદ્રવ એટલો વધી ગયો કે સોસાયટીએ એમને આ ચણ બંધ કરવાની રિક્વેસ્ટ કરી અને એ માની ગયા. હવે એ રોજ સાંજે એમના ઘરની બાજુના કબૂતરખાના પર જઈને ચણ નાખી આવે છે. તું પણ આજુબાજુમાં એવું કોઇ કબૂતરખાનું શોધી લે ને !"

પરિનીએ સૂચવેલો ઉકેલ ગમ્યો ન હોય એમ નિહારિકા તરત બોલી,

"દીદી, તમને ખબર છે કે હું બહાર નથી નીકળી શકતી. અને કોઈને પૈસા આપીને ચણ નખાવીએ તો શું ખબર એ કામ કરે કે નહીં. આપણા હાથે દાન કરીએ તો સારું ને. આ લોકોથી મારી આટલી ખુશીય જોવાતી નથી. બસ, એ લોકો તો અમારી સાથે બાઝવાનાં કારણો જ શોધતા હોય છે. તમને ખબર છે ? અમારા બિલ્ડિંગનો કચરાવાળો અમારા ઘરનો કચરો નથી ઉપાડતો !"

"હવે આમાં કચરાવાળો ક્યાં વચ્ચે આવ્યો ?"

પરિનીએ આશ્ચર્યથી પૂછ્યું.

"એક વાર મમ્મી કચરાની ડોલ બહાર મૂકવાનું ભૂલી ગઈ હતી અને પેલાએ બેલ મારી. મેં એને ગુસ્સો કર્યો. બસ, એ દિવસ પછી એણે અમારા ઘરનો કચરો ઉપાડવાની ના પાડી દીધી. રોજ સવારે પપ્પા નીચે ઊતરે ત્યારે કચરાની થેલી ઉકરડે નાખતા જાય. આ બધા મળીને અમારા વિરુદ્ધ સાજિશ કરે છે. બસ આ રીતે અમને હેરાન કરીને સોસાયટીમાંથી ભગાડી નાખવા માંગે છે. પપ્પા એમનાથી ડરતા હશે, પણ હું કંઇ એમ કોઈનાથી ડરી જાઉં એવી નથી ! મને પણ કાયદા-કાનૂન ખબર છે. એમ સોસાયટી કોઈને હેરાન ન કરી શકે."

ફરી એક વાર નિહારિકાના અવાજમાં ઉગ્રતા ભળી રહી હતી. આટલી વારથી સમજાવટના સૂરમાં બોલી રહેલી પરિની હવે અકળાઈ. નિહારિકાને સચ્ચાઇનો સામનો કરાવવાના ઈરાદાથી કડક સ્વરે એ બોલી,

"જો નિહારિકા, એમ કોઈના પર કેસ કરવો આસાન નથી. વકીલો કંઈ મફતમાં નથી મળતા. એમની હજારો રૂપિયાની ફી ચૂકવવી પડે છે. કોર્ટના દસ-બાર ધક્કા ખાવા પડે છે અને તોય તમે કેસ જીતશો એની ગેરંટી કોઈ નથી આપતું. તું ખર્ચીશ એટલા રૂપિયા ? જઇશ કોર્ટમાં એ લોકો બોલાવે એટલી વાર ?"

પરિનીની આવી ચોખ્ખી વાત સાંભળીને નિહારિકા ઠંડી પડી ગઈ. એના તરફથી કોઈ પ્રતિભાવ ન આવ્યો એટલે પરિની શાંતિથી બોલી,

"જો તારે કેસ કરવો હોય, તો મને કોઈ વાંધો નથી. પણ હું કોઈ વકીલને ઓળખતી નથી. મને તો એ પણ ખબર નથી કે આવા કેસ કયા વકીલ લે. મને તો બસ છૂટાછેડા અને ક્રિમિનલ કેસના વકીલો વિશે ખબર છે. આવો કેસ મારા કોઈ ઓળખીતાએ ક્યારેય નથી કર્યો. એટલે મને આ બાબતમાં ઝાઝી ગતાગમ નથી. તું એક કામ કર. નેહુલને કહીને ઈન્ટરનેટ પરથી અથવા છાપાની ટચૂકડી જાહેરખબરમાંથી આવો કોઈ વકીલ શોધી કાઢ."

પરિનીના આ સુઝાવનો કોઈ જ જવાબ આપ્યા વગર નિહારિકાએ ફોન કાપી નાખ્યો. પરિનીએ 'જાન છૂટી' એવા હાશકારા સાથે મોબાઈલ બાજુ પર મૂકી ટીવી જોવામાં ધ્યાન પરોવ્યું.

૦૦૦

"કોકિલા, ચા આપજે તો."

રમણે ઘડિયાળ સામે જોઈને કોકિલાને બૂમ મારી.

"એ લાવું છું."

કહેતી કોકિલા એક હાથમાં ચાના કપ-રકાબી અને બીજા હાથમાં નાસ્તાની ડિશ સાથે બેડરૂમમાં પ્રવેશી. પલંગની બાજુમાં રાખેલા ટેબલ પર એણે બધું ગોઠવ્યું અને એ રસોડા તરફ પાછી ફરી. નાસ્તાની ડિશ પર નજર પડતા જ રમણના ભવાં ખેંચાયા. એણે બબડાટ કર્યો.

"આ શું ? ચા સાથે બિસ્કીટ ! સવારે ગરમ નાસ્તો છેલ્લે ક્યારે ખાધો'તો એ તો મને યાદ નથી. પણ કંઈક ઘરનો નાસ્તો તો આપ."

રમણના આ શબ્દોએ રસોડા સુધી માંડ પહોંચેલી કોકિલા ધમ-ધમ કરતી પાછી ફરી. કુંગરાયેલા નાક-મોં સાથે એણે ઘૂરકિયું કર્યું,

"ઘરમાં કંઈ નાસ્તો નથી. તમને કહ્યું તો હતું કે ખાખરા ખલાસ થઈ ગયા છે. મહિલામંડળમાંથી લેતા આવજો."

"હા પણ, તને ખબર છે ને કે મને બે દિવસથી તાવ જેવું લાગે છે. તાવ ચડતો નથી, પણ અશક્તિ ખૂબ લાગે છે. દૂધ લેવા નીચે ઊતરું છું, તોય કેટલો થાકી જાઉં છું ! સ્ટેશન પાસે મહિલામંડળ સુધી જવાની તો હિંમત જ નથી થતી."

ચાનો કપ મોંઢે માંડતાં-માંડતાં રમણ બોલ્યો .એનો ધ્રુજતો હાથ જોઈને કોકિલા સહેજ કૂણી પડી. અને બોલી,

"તો હું ય શું કરું ? આખી રાત આ છોકરી સાથે જાગવું પડે છે. મધરાતે એના માટે રાંધવું પડે છે. પાછી તમને સવારે ચા ટાઈમસર જ જોઈએ."

કહેતી કોકિલા રસોડા તરફ પાછી ફરી. એની પીઠ તરફ તાકતાં રમણે ધીમા સ્વરે બબડાટ કર્યો,

"નવ વાગે ચા કયા ઘરમાં સમયસર કહેવાતી હશે ?"

ચા પીતાં-પીતાં રમણનું ધ્યાન પલંગની બીજી તરફ સૂતેલા નેહુલ પર પડ્યું. એણે આગલે દિવસે નેહુલને ખાખરા લાવવા કહ્યું હતું. પણ એ તો 'ભૂલી ગયો'

કહીને છૂટી ગયેલો. એની કોલ સેન્ટરની રાતની નોકરીને કારણે એને કશું કહેવાતું નહોતું. દિવસ આખો એ સૂતો પડ્યો રહેતો. સાંજે પાંચેક વાગ્યે ઊઠી, તૈયાર થઈ બપોરનું ઢાંકેલું જમવાનું જમીને છ-સાડા છએ નોકરી માટે નીકળી જતો, તે છેક સવારે આઠેક વાગ્યે જ પાછો ફરતો. રાતનું જમવાનું અને સવારનો નાસ્તો એ ઑફિસની કેન્ટિનમાં જ પતાવીને આવતો. સૂતેલા નેહુલના ચહેર તરફ જોતાં રમણના હૈયેથી એક નિઃસાસો સરી પડ્યો.

હજી રમણે ચા-બિસ્કિટ પૂરાં કર્યાં જ હતાં કે કોકિલા બેડરૂમના દરવાજે ડોકાઈ.

“તમે જલદી નહાવા-ધોવાનું પતાવો, પછી હું નિહારિકાને જગાડું.”

“હા, હા, જાઉં છું. જરા શાંતિથી ચા તો પીવા દે.”

“જો એ બાથરૂમમાં ઘૂસી જશે, તો બે કલાક સુધી નીકળશે નહીં. પછી મને ન કહેતાં કે યાદ ન કરાવ્યું.” કોકિલાએ ચેતવણી ઉચ્ચારી.

ચા-બિસ્કિટના ખાલી વાસણ લઈને કોકિલા રસોડામાં પાછી ગઈ અને રમણ હળવે રહીને પથારીમાંથી ઊઠ્યો. નાહીને પહેરવાનાં કપડાં પથારી પર ગોઠવી, ટુવાલ લઈને બાથરૂમમાં ગયો. આજે નહાઈને બહાર પડ્યા વગર એનો છૂટકો નહોતો. શાક-ફ્રુટ-નાસ્તો બધું જ ખલાસ થઈ ગયું હતું. સાડા-દસે તૈયાર થઈને કોકિલાએ પકડાવેલી થેલી સાથે રમણ ચંપલ પહેરીને ઘરની બહાર નીકળ્યો. જતાં-જતાં એની નજર પલંગ પર બેઠેલી નિહારિકા પર પડી. ખુન્નસ ભરેલી એની આંખો જિરવાતી ન હોય, એમ નીચી નજરે એણે ઘરનો દરવાજો બંધ કર્યો.

બાર વાગ્યે રમણ પાછો આવ્યો ત્યાં સુધી નિહારિકા બાથરૂમમાંથી નીકળી નહોતી!!



પ્રકરણ 35

“આ છોકરી હજી બાથરૂમમાં જ છે ?”

બપોરે બાર વાગ્યે શાક માર્કેટથી પાછા ફરેલા રમણે શાકની થેલી રસોડામાં મૂકતા નિઃસાસો નાખ્યો.

“શું કરે છે એ આટલી વારથી અંદર ?”

“છોડો ને તમે. આ કંઈ આજનું છે ! છેલ્લા કેટલાય મહિનાથી આ જ તો હાલત છે. શું તમને ખબર નથી ?”

શાકની થેલી પ્લેટફોર્મ પર ઊંધી વાળતા કોકિલા બોલી.

“મને તો બધી ખબર છે. બસ તને જ સમજાતું નથી.”

મટકામાંથી પાણીનો ગ્લાસ ભરતા રમણ બોલ્યો.

“ખબરદાર છે જો પાછી ડૉક્ટરની વાત કરી છે તો. તમને કહ્યું તો છે કે વળગાડમાં ડૉક્ટરની દવા કામ નથી કરતી.”

કોકિલાની આ વાતે રમણ ધૂંધવાયો. એકી શ્વાસે આખો ગ્લાસ પાણીનો પી લઈને પછાડતો હોય એમ એણે જોરથી ગ્લાસ ઊંધો વાળ્યો.

“હે ભગવાન ! કોઈ આ બાઈને સમજાવો. આ વળગાડ નથી, માનસિક બીમારી છે.”

“તમને આમાં સમજ નહીં પડે. તમતમારે જાવ અને ચૂપચાપ પથારીમાં પડ્યા રહો. જમવાનું તૈયાર થશે એટલે બોલાવીશ.”

ખિસ્સામાંથી રૂમાલ કાઢી પસીનો લૂછતો, નિરાશામાં માથું ધુણાવતો રમણ બેડરૂમમાં પ્રવેશ્યો. એની પાછળ પાછળ જ કોકિલા પણ આવી.

“સાંભળો. સાંજે કમાલીબાબા આવવાના છે. તો તમે રૂમમાંથી બહાર ન આવતા. એ કહેતા હતા કે એ જાતે આવીને આપણા હોલના બધા ખૂણા બાંધશે.”

“એટલે ?”

શર્ટના બટન ખોલતાં ખોલતાં રમણે પાછા ફરીને કોકિલા સામે જોઈને પૂછ્યું.

“એટલે એમ કે નિહારિકા હોલમાં સેટી પર સૂએ છે ને. તો હૉલના ચારેય ખૂણામાં એ મંત્રેલું પાણી છાંટશે. એવું કરવાથી નિહારિકાને જે શેતાની શક્તિ સતાવે છે એનો પાવર ઓછો થશે.”

“હમ્બગ... ટોટલ હમ્બગ...”

કહેતાં રમણે શર્ટ ઉતારીને દરવાજા પાછળની ખીંટી પર ટીંગાડ્યું અને પથારી પર બેઠો.

“તમને કંઈ ન સમજાય એટલે હમ્બગ. ખબરદાર છે જો બાબાને આવું કંઈ કહ્યું છે તો. ડૉક્ટરની સારવાર કરાવીને આપણે જોઈ લીધું. કશો ફાયદો થયો ? હવે આમાં તમે કંઈ ન બોલતા.”

આટલું કહીને રૂમમાંથી બહાર નીકળવા જતી કોકિલાને રમણે રોકી.

“કેટલા રૂપિયા લેવાના છે આ બાબા ખૂણા બાંધવાના ?”

“બે હજાર રૂપિયા.”

“હે ભગવાન ! આ છોકરી મને આમ જ પાયમાલ કરશે. જેટલા રૂપિયા આ જંતર-મંતર પાછળ ખર્ચ્યા એટલાની દવા કરાવી હોત, તો છોકરી સાજી થઈને સાસરે જતી રહી હોત.” પથારીમાં લંબાવી, આંખો આડે હાથ ઢાંકતા રમણ બોલ્યો.

“બધું ય થશે, તમે શાંતિ રાખો.”

કહેતી કોકિલા બેડરૂમની બહાર નીકળી અને બારણાને બહારથી કડી વાસી દીધી. નિહારિકાનો બહાર આવવાનો સમય થઈ ગયો હતો ને !

છેલ્લા થોડા સમયથી નિહારિકાએ રમણને એની હાજરીમાં હૉલમાં બેસવાની મનાઈ ફરમાવી દીધેલી. કબૂતર અને કચરાવાળાના મામલે ચર્ચા કરવા સોસાયટીવાળા બે-ત્રણ વાર એમના ઘરે આવેલા. એમના આક્રોશ સામે રમણ ઢીલા અવાજે હા એ હા કરતો બેસી રહેલો. એ જોઈને નિહારિકાનો રમણ પરનો ગુસ્સો વધ્યો હતો. એને થયું હતું કે જો રમણ ન હોત, તો એણે સોસાયટીવાળાઓને બરાબર ખખડાવી નાખ્યા હોત. ઘરની પાળી પર કબૂતરને ચણ ન નાખવા દેવાના રમણના નિર્ણય સામે વિરોધ જતાવતી હોય એમ એણે એના હૉલમાં બેસવા પર પ્રતિબંધ ફરમાવી દીધેલો. એણે કોકિલાને રૂમની કડી બહારથી બંધ રાખવાનો આદેશ આપેલો. જો કે કોકિલા ન માને તો કાનમાંથી કીડા ખરે એવી ગાળો સંભળાવવાની ધમકી આપેલી. નેહુલને આ બધાથી કોઈ જ ફરક નહોતો પડતો. ઊંઘવા અને ખાવા સિવાય આ ઘર સાથે એનો કોઈ નાતો નહોતો.

બરાબર બે વાગ્યે રમણે રૂમનું બારણું ખખડાવ્યું. અવાજ સાંભળીને કોકિલા બારણા પાસે આવી અને ઘાંટો પાડ્યો, "શું છે ?”

“કહું છું, જમવાને કેટલી વાર છે ?”

રમણે અંદરથી બૂમ પાડી.

“હજી અડધો કલાક લાગશે.”

કોકિલાએ બંધ દરવાજાની બીજી તરફથી જવાબ આપ્યો.

“કેમ આટલી બધી વાર ?”

પાંજરામાં ભૂખ્યા થયેલા સિંહની જેમ રૂમની અંદર આંટા મારતો રમણ ઝલ્લાયો.

“અરે ! એટલી વાર તો લાગેને. બધાં કામ મારે એકલે હાથે કરવાનાં. અને ઉપરથી ચાર માણસની રસોઈ. તમે શાક લઈને આવ્યા જ કેટલા મોડા !”

કોકિલાનો પિત્તો ગયો. કમરે બંને હાથ ટેકવીને એણે સામો ઘાંટો પાડ્યો.

“એનેય બે કલાક તો થઈ ગયા.”

કોકિલાના ઘાંટાથી નરમ પડ્યો હોય એમ અંદરથી રમણનો ઢીલો સાદ આવ્યો.

“હા તે કૂકર મૂકવામાં, રોટલી કરવામાં વાર તો લાગે ને. બેસો છાનામાના. થઈ જશે એટલે બોલાવીશ.”

રમણને ડારો દઈને કોકિલા રસોડામાં પાછી ફરી.

“ચા-બિસ્કિટમાં માણસ કેટલું ટકે ? કોણ સમજાવે આ બાઈને !”

બબડતા રમણે ફરી પથારીમાં પડતું મૂક્યું. આ બધાથી બેખબર ઘસઘસાટ

ઊંઘતા નેહુલ સામે જોઈને એણે નિઃશ્વાસ નાખ્યો.

૦૦૦

"કેમ છો મામા ?"

ઉનાળાના વેકેશનમાં બહારગામ ફરવા ગયેલી પરિનીએ પાછા ફરીને બે દિવસમાં જ રમણને ફોન કર્યો. ગયા વખતના ઉંદરડાના અનુભવ પછી પરિની રમણના ઘરે જવાનું ટાળતી હતી. મહિને-દોઢ મહિને એકાદ વાર એ રમણના મોબાઇલ પર ફોન કરીને એના અને ઘરના બીજા બધાના ખબર-અંતર પૂછી લેતી.

"તમે લોકો બહારગામ ગયા હતા ને ? ક્યાં ગયા હતા ?" રમણે પૂછ્યું.

"અમે, યુરોપ ફરવા ગયા હતા. સ્વિટ્ઝરલૅન્ડ અને ફ્રાંસ."

"મજા આવી હશે ને ? કહે છે કે સ્વિટ્ઝરલૅન્ડમાં તો ઉનાળામાંય ઠંડી પડે. અહીં તો કેટલી ગરમી પડે છે ! સહનેય નથી થતી."

"અમને બહુ મજા પડી. તમારી તબિયત સારી છે ને ?"

"હા, હા, તબિયતને શું થવાનું હતું ! જો કે આમ ઘરમાં સાવ એકલા બેઠા-બેઠા કંટાળો આવી જાય છે. તું આ બાજુ આવવાની છે ? મારે તારી સાથે થોડી વાત કરવી છે."

રમણના સવાલે પરિનીને સતર્ક કરી દીધી. રમણને મળવાનું એને ઘણું મન હતું, પણ એને એના ઘરે નહોતું જવું. એકાએક એના મગજમાં એક વિચાર સ્ફૂર્યો. એણે તરત રમણને કહ્યું,

"હા, બોરીવલી તરફ આવવાની તો છું, પણ તમારા ઘરે નથી આવવાની."

"કેમ એવું ?"

રમણને મૂંઝવણ થઈ અને સાથે-સાથે ધ્રાસકો ય પડ્યો. શું હજી એક સંબંધ કપાઈ રહ્યો હતો ?

"એવું એટલા માટે કે આ વખતે મારે તમને બહાર મળવું છે." રમતિયાળ સ્વરે પરિની બોલી.

"એટલે શું ?" રમણ હજી મૂંઝાયેલો જ હતો.

"એટલે એમ કે આ વખતે આપણે મૉલમાં મળશું."

"મૉલ ? કયો મૉલ ? હું કોઈ દિવસ મૉલમાં ગયો નથી."

"એટલા માટે જ સ્તો. તમે હમણાં જ બોલ્યા ને કે તમને ઘરે બેઠા-બેઠા કંટાળો આવે છે. તો આપણે મૉલમાં ફરવા જઈશું. આવતા અઠવાડિયે બચ્ચાઓની સ્કૂલ ખુલે છે. મારે એમની માટે વૉટર બોટલ, ટિફિન બોક્સ એવું બધું ખરીદવું છે, તો હું તમને મૉલમાં મળીશ. આપણે થોડી શૉપિંગ કરશું અને થોડાં ગપ્પાં મારશું."

પરિનીએ કયા મૉલમાં, કયા દિવસે અને કેટલા વાગ્યે મળવું એની પૂરી રુપરેખા રમણને આપી દીધી. પરિનીની વાત સાંભળી લીધા પછી હળવેથી રમણે સૂચન કર્યું,

"તો તું એમ કરને. પહેલાં ઘરે આવ પછી આપણે જોડે જઈએ. કોકિલા અને નિહારિકા પણ તને મળી લેશે."

"ના, ના. એમાં બહુ સમય બગડે. આપણે ડાયરેક્ટ મળીએ તો શો વાંધો છે ?"

પરિનીને રમણના ઘરે નહોતું જ જવું. એમાંય રમણે પોતે કદી મૉલમાં ન ગયો હોવની વાત ઉચ્ચારી, તે પછી તો રમણને બહારની નવી દુનિયાની સેર કરાવવાનો મોકો એ છોડવા માંગતી જ નહોતી.

"પણ હું એકલો બહુ દૂર સુધી નથી જતો. આટલા-આટલામાં ફરી આવું છું."

"દૂર ક્યાં છે ? સીધી રિક્ષા કરજો ને. પંદર-વીસ મિનિટમાં પહોંચી જશો."

રમણની તૂટી ગયેલી હિંમતને ફરી બંધાવતાં પરિની બોલી. પછી એણે એને કઈ રીતે મૉલ સુધી પહોંચવું અને ક્યાં મળવું એ પણ સમજાવી દીધું.

ooo

બે દિવસ પછી ચાર વગ્યે પરિની ગ્લોબલ પ્લાઝાના મેઇન ગેટ પાસે રમણની રાહ જોતી ઊભી હતી. પાંચેક મિનિટમાં જ રમણ રિક્ષામાંથી ઊતરતો દેખાયો. એ આસપાસ જોતો-જોતો ધીમે-ધીમે ગેટ તરફ આગળ વધ્યો. પરિનીએ એની તરફ હાથ હલાવ્યો. પણ કદાચ ગ્રે પ્રિન્ટેડ શર્ટ, બ્લ્યુ જીન્સ અને બ્લેક સેંડલ્સમાં મોટા બ્રાઉન રંગના શેડ્સ પહેરીને ઊભેલી પરિનીને રમણ ઓળખી નહોતો શક્યો. રમણ થોડો નજીક આવ્યો એટલે પરિનીએ એના નામની હાક મારી અને હાથ હલાવ્યો. આ વખતે રમણનું ધ્યાન ગયું. મૉલની ચમક-દમક જોઈને અંજાયેલી રમણની આંખો પરિની ઓળખાતાં હજી વધારે પહોળી થઈ.

"અરે ! જીન્સ અને શર્ટ. મેં તને આવાં કપડાંમાં પહેલી વાર જ જોઈ. સરસ લાગે છે હોં !"

"જેવી જગ્યા તેવો વેશ. તમે ક્યારેય ટી-શર્ટ પહેરો છો કે નહીં ?"

રમણ સાથે ગેટ તરફ આગળ વધતાં પરિનીએ પૂછ્યું, જવાબમાં રમણ મલકાતાં-મલકાતાં બોલ્યો,

"ના ભઈ, ના. આપણે તો શર્ટ-પેન્ટ સારા. બહુ-બહુ તો ઝભ્ભો-લેંઘો હોય."

સિક્યોરિટી ચેક વટાવીને બંને મૉલમાં પ્રવેશ્યા. વચ્ચેના ડોમમાં ઊભા રહીને ઉપરના માળ તરફ તાકતા રમણની આંખો અજાયબીથી પહોળી થઈ ગઈ. એ તરત બોલ્યો,

"આ તો ફોરેન જેવું છે. ફિલ્મોમાં બતાવે છે ને એવું. એકદમ ઝાકઝમાળ ! એસી પણ પાવરફૂલ છે. અને જો સામે પેલો ઓટોમેટિક દાદરો. શું કહે છે એને ? એસ્કે..."

"એસ્કેલેટર." પરિનીએ વાક્ય પૂરું કરતાં કહ્યું.

રમણ હજીયે ત્યાં જ ઊભો-ઊભો ચકળવકળ આંખે આજુબાજુ જોઈ રહ્યો હતો. પરિનીનેય કોઈ ઉતાવળ નહોતી. એ તો નિરાંતે બે કલાક પસાર કરવાનું નક્કી કરીને આવેલી. રમણને આ નવા વાતાવરણમાં ગોઠવાવાનો સમય આપતા એ ત્યાંથી દેખાતા સ્ટોર્સના નામો જોઈને ક્યાં-ક્યાં જવું એની મનોમન નોંધ કરતી રહી.

"કેટલી શાંતિ છે અહીં ! ન ટ્રાફિકનો ઘોંઘાટ અને ન માણસોનો કોલાહલ. અને સુગંધ ક્યાંથી આવે છે ?"

"પેલી અરોમા શોપમાંથી."

એક તરફ આવેલી સુગંધી તેલ-સાબુની દુકાન તરફ આંગળી ચીંધતા પરિનીએ પૂછ્યું,

"તમને સુગંધી સાબુ ગમે ? લઈશું ત્યાંથી ?"

"એ ના, ના. આપણે મેડિમિક્સ બરાબર છે. નેચરલ અને આયુર્વેદિક." રમણે હસતાં-હસતાં કહ્યું

"આ પણ નેચરલ જ છે. ચાલો જઈને જોઈએ તો ખરા !"

"ચાલો."

કહેતાં રમણે પરિનીની પાછળ-પાછળ ધીમાં ડગલાં માંડ્યાં. અંદર દુકાનમાં ફરતાં-ફરતાં રમણે બે-ત્રણ સાબુ ઉપાડીને એની ઉપર લખેલા એના ભાવ વાંચ્યા. સાપને અડકી જવાયું હોય એમ ઝડપથી સાબુને પાછા શેલ્ફ પર ગોઠવી રમણ ફટાફટ દુકાનની બહાર નીકળી ગયો. ભૂલથી કશે જઈ ચડાયું હોય એમ એ બહારથી દુકાનને તાકતો ઊભો રહ્યો. એને બહાર નીકળેલો જોઈ પરિની પણ ઝટપટ બહાર આવી."

"શું થયું, મામા ?"

"બાપ રે ! બધું કેટલું મોંઘું છે ! આટલા એક સાબુના રૂપિયામાં તો મારો આખા મહિનાનો સાબુનો સ્ટોક આવી જાય. હવે સમજાયું કે અહીં ગિરદી કેમ નથી. બધાને આવું થોડી પોસાય ?"

"ન લેવું હોય. તો નહીં લેવાનું. જોવાના રૂપિયા ઓછા લાગે છે ?" પરિનીએ હસતા-હસતા કહ્યું, "બોલો હવે, આપણે મૉલમાં ફરવું છે કે કશે શાંતિથી બેસવું છે ?"

"અહીં બેસવાની જગ્યા છે ?"

"હાસ્તો. એ પણ જેટલી વાર બેસવું હોય એટલી વાર. કોઈ નહીં પૂછે કે તમે કેમ બેઠા છો અને કેટલી વાર સુધી બેસવાના છો. ચાલો, આપણે ઉપર ફૂડકોર્ટમાં જઈએ."

કહેતી પરિની રમણને લિફ્ટ પાસે લઈ ગઈ. ઉપર ફૂડકોર્ટમાં પહોંચ્યા પછી ફરી એક વાર રમણ આસપાસ જોઈ રહ્યો. એ એક પછી એક ફૂડ જોઇન્ટનાં નામો વાંચીને આશ્ચર્યચકિત થતો રહ્યો.

"માળું, અહીં તો બધું મળે છે."

"એ જ તો. તમને શું લાગે છે ? આ જુવાનિયાઓ અમસ્તા મૉલ પાછળ ગાંડા થાય છે ! બધું એક જ ઠેકાણે મળે અને એ પણ એસીની ઠંડકમાં. જો કે આજે આડો દિવસ છે એટલે ખાસ ભીડ નથી. બાકી વીક-એન્ડમાં તો અહીં બેસવાની જગ્યા ય ન મળે."

"આટલા બધા ટેબલ હોવા છતાં ?"

પાસે આવેલા એક ટેબલ-ખુરશી પર ગોઠવાતાં રમણે પૂછ્યું.

"હમમમ્... શનિ-રવિ બધા ફરવા નીકળે ને. બાકીના દિવસોમાં મારા-તમારા

જેવા નવરા લોકો આવે. જુઓ, પેલા કાકાને. એ એકલા જ આવ્યા લાગે છે. એમની ચા પીએ છે અને અહીં-તહીં જોતાં-જોતાં કશુંક વાંચે છે."

થોડે દૂર બેઠેલા એક વૃદ્ધ તરફ આંગળી ચીંધતા પરિની બોલી.

"તમારેય ક્યારેક અહીં આવતાં રહેવું."

"હેં !" કહેતાં રમણે ચોંકીને પરિની સામે જોયું.

"મેં કહ્યું કે તમારે પણ ક્યારેક-ક્યારેક અહીં આવવું. તમે દરરોજ શું કરો છો ? આઇ મીન, તમારો દિવસ કેવી રીતે પસાર કરો છો ?"

"હું તો... હું તો બસ રોજ સવારના માર્કેટ જઉં અને પછી રૂમનાં આરામ કરતો પડ્યો રહું. પણ વાત ફક્ત એટલી જ નથી. બીજું પણ કંઈ છે એના વિશે મારે તને વાત કરવી હતી."



પ્રકરણ 36

રમણે પરીનીને કશીક ચર્ચા કરવા માટે મળવા બોલાવી હતી એ વાત પરિની વિસરી નહોતી. રમણના સ્વરની ગંભીરતા પારખી પરિનીએ ધ્યાનથી સાંભળવા કાન સરવા કર્યા. ટેબલ પર બંને હાથ ટેકવી એ સહેજ આગળ ઝૂકી અને કહ્યું,

"બોલો, શી વાત હતી ? તમે ફોન પર મને કંઈ કહેતા હતાં."

"એ જ કે હું જેટલો સમય ઘરમાં હોઉં છું, તેટલો સમય આ લોકો મને રૂમમાં પૂરી રાખે છે."

"એટલે ?"

"એટલે એમ કે હું સવારનું બધું કામ પતાવીને ઘરે આવું અને બેડરૂમમાં આરામ કરવા જાઉં ત્યારે મારા બેડરૂમને બહારથી કડી મારી દેવામાં આવે છે."

આ સાંભળીને પરિનીને નવાઈ લાગી. એણે તરત પૂછ્યું,

"પણ શા માટે ?"

"એવું નિહારિકાનું ફરમાન છે. મારું મોં જોવું તો એને ગમતું નથી જ. હવે એને મારો અવાજ સાંભળવો ય નથી ગમતો."

"અરે ! એવું તે કંઈ હોય ! પણ એક મિનિટ." સહેજ અટકી, બે પળ વિચાર કરીને પરિની બોલી,

"મારા ખ્યાલથી નિહારિકા તો મોટે ભાગે પલંગ પર બેસી જ રહે છે. ઘરમાં બહુ હરતી-ફરતી નથી. તો પછી ?"

"એ તો કોકિલા કડી મારી દે છે."

"એમ થોડી ચાલે ?"

પરિનીને ગળે આ વાત હજીયે ઊતરી જ નહોતી રહી. આમ કોઈ તમને રૂમમાં પૂરી દે અને તમે ચૂપચાપ સહન કરો ? જો રમણની જગ્યાએ એ હોય, તો તો ન જ કરે. બૂમાબૂમ કરી મૂકે. દરવાજા પછાડે અને એક વાર બહાર આવી જાય તો રૂમની કડી જ કાઢી નાખે. કડી હોય તો કોઈ પૂરે ને ? જો કે એને મનમાં ઊંડે-ઊંડે સમજાતું હતું કે રમણમાં આવું કંઈ કરવાની હિંમત જ નહોતી રહી. વધતી જતી વય સાથે એની હામ ઓસરતી જતી હતી. જાણ્યે-અજાણ્યે એનું જીવન એના પરિવાર પર અવલંબિત થતું ગયું હતું. પોતે એ પરિવારનો આધારસ્તંભ હતો. એના રૂપિયા થકી એ ઘર ચાલતું હતું. જો એ ન હોય તો એના આખા પરિવારની હાલત બદતર થઈ જાય. આ બધી વાતનો એને ખ્યાલ નહોતો આવતો. એ તો બસ પોતાની શારીરિક નબળાઈને કોસતો પડ્યો રહેતો હતો. એટલે જ એ આવી જોહુકમી સામે અવાજ નહોતો ઉઠાવી શકતો.

જો કે આ બધું રમણને કહેવાથી કે સમજાવવાથી કોઈ અર્થ સરવાનો નહોતો એ વાતની પરિનીને બરાબર જાણ હતી. રમણની વ્યથા-કથા સાંભળતાં-સાંભળતાં આ સમસ્યાનો શો ઉકેલ હોઈ શકે એ વિશે પરિનીનું દિમાગ સમાંતરે દોડવા લાગ્યું હતું. રમણ કહેતો હતો,

"જો કોકિલા એમ ન કરે તો નિહારિકા ઉધામા મચાવી દે છે. ભૂંડી ગાળો બોલે છે. એને શાંત રાખવા માટે કોકિલા એ જેમ કહે તેમ કરે જાય છે. મને કલાકો સુધી

બાથરૂમ જવાય નથી મળતું."

"ઓહ !"

"અને નેહુલ ?"

"એ તો આખો દિવસ સૂતો પડ્યો હોય છે. સાંજે એ ઊઠે ત્યારે થોડી વાર માટે જેલનું બારણું ઉઘડે."

"અચ્છા. તો તો નિહારિકાની માનસિક સ્થિતિ વધારે બગડી લાગે છે. પણ તો પછી ડૉક્ટર..."

"ડૉક્ટર નામના પ્રાણીને અમારા સંગ્રહાલયમાં પ્રવેશવાની સખત મનાઈ છે."

પરિનીને અધવચ્ચે જ અટકાવતા રમણ બોલ્યો. એના આ શબ્દોથી આટલી ગંભીર ચર્ચા વચ્ચેય પરિનીને હસવું આવી ગયું. પણ તરત જ ફરી ગંભીર થઈ જતાં એ બોલી,

"મને બે મિનિટ વિચાર કરવા દો."

કહેતી એ દૂર આઈસક્રીમની દુકાન તરફ તાકતી ચૂપચાપ બેઠી રહી. પળ-બે પળમાં જ એની આંખોમાં ચમકારો થયો. એણે તરત રમણને પૂછ્યું,

"સવારે જ માર્કેટ જવું જરૂરી છે ?"

"ના, ના... એવું કંઈ નથી."

"ઉપાય મળી ગયો." કહેતા પરિનીએ હર્ષથી પોતાની જમણી હથેળી ટેબલ પર પછાડી અને બોલી, "તમે ઘરમાં હોવ તો કોઈ તમને બંધ કરે ને. તમારે અઠવાડિયામાં બે-ત્રણ વાર સાંજે માર્કેટનો કાર્યક્રમ રાખવાનો. આજની જેમ બપોરે ઘરેથી નીકળી પડવાનું. કલાક-દોઢ મૉલમાં બેસી, થોડો ટાઇમપાસ કરીને, સાતેક વાગ્યા સુધીમાં નીકળી જવાનું. શાક-ફ્રૂટ લઈને આઠ વાગ્યા સુધી ઘરે. એવું ચાલેને ?"

"હા, હા, સો ટકા ચાલે."

"સાથે તમારે તમારું આઇ-પોડ લેતાં આવવાનું. એકાદી સરસ જગ્યા પર બેસી હેડફોન ભરાવીને મ્યુઝિક સાંભળવાનું. તમને જોઈએ તો હું એમાં થોડા જૂના પિક્ચરો પણ ભરી દઈશ. બસ, શાંતિથી બેસીને આખું પિક્ચર જોઈ લેવાનું. કંઈ ખાવા-પીવાની ઇચ્છા હોય, તો એ લઈને બેસવાનું. અઢી-ત્રણ કલાક તો ચપટી વગાડતામાં પસાર થઈ જાય. અને એમ જ બેસી રહેવું હોય તોય કશો વાંધો નથી. સામે બાથરૂમ છે, એની બાજુમાં પાણીનું કુલર છે. બેસો ને તમતમારે જેટલી વાર બેસવું હોય એટલી વાર."

રમણને પરિનીની વાત સમજાતી હોય એમ એ એની સામે જોતો ડોકું ધુણાવી રહ્યો હતો. જૂની ફિલ્મની વાતે એના હોઠો પરથી એક સ્મિતની લહેરખી પસાર થઈ ગઈ હતી. વાત પૂરી થયા પછીય રમણને વિચારોમાં ખોવાયેલો જોઈ પરિની હળવેથી ઊભી થઈ.

"તમે થોડી વાર અહીં બેસો, હું નીચે પ્લાસ્ટિકની દુકાનમાંથી લંચ-બોક્સ અને વોટર બોટલ ખરીદી આવું. પછી આપણે કંઈક નાસ્તો કરીશું."

પરિનીએ જાણી-જોઈને રમણને સાથે આવવાનો આગ્રહ ન કર્યો. એ

ઇચ્છતી હતી કે રમણ આ રીતે એકલા બહાર નીકળવા, સમય પસાર કરવા કેળવાય. પૈસા ખર્ચીને વારંવાર બહારગામ જવાની કે બીજે કશે ફરવા જવાની એની આર્થિક કે કૌટુંબિક પરિસ્થિતિ નહોતી. આ રીતે દિવસનો થોડો સમય એ ઘરની બહાર પસાર કરે, તો એના જીવનનું કંટાળાજનક એકધારાપણું ઓછું થાય. ઘરના બોઝિલ વાતાવરણમાંથી એને થોડો અવકાશ મળે. બહારની દુનિયા જોઈને એને બદલાતાં સમયનો અંદાજ આવે.

સામાન ખરીદીને અડધા કલાકે પાછી ફરેલી પરિનીએ જોયું કે રમણ બેઠો-બેઠો આઇસક્રીમ ખાઈ રહ્યો હતો.

"અરે વાહ ! આઇસક્રીમ ! કયો ફ્લેવર છે ?"

શોપિંગની થેલી બાજુની ખુરશી પર મૂકતી પરિનીએ પૂછ્યું.

"કાજુ-કિસમિસ. સરસ છે હોં ! તારે ખાવો છે ? તારે માટે લઈ આવું ?"

રમણે ઉત્સાહથી પૂછ્યું.

"ઓકે. લઈ આવો. આમેય રખડી-રખડીને મારા ટાંટિયા તૂટી ગયા છે."

કહેતી પરિની ધબ્બ દઈને રમણની સામેની ખુરશી પર બેઠી. રમણ એની માટે આઇસક્રીમ લઈ આવ્યો. આઇસક્રીમ ખાતાં ખાતાં બંનેએ સ્વિટ્ઝરલેન્ડ અને ફ્રાંસ વિશે થોડી વાતો કરી. થોડી વાર થઈ એટલે પરિનીએ હળવેકથી કોકિલા વિશે પૂછ્યું.

"આજકાલ એને બહુ થાક લાગે છે. ઘરના કામ અને રસોઈ બધાને એ પહોંચી નથી શકતી."

કહેતાં રમણના ચહેરા પર ઉદાસીની છાયા ફરી વળી.

"હજીયે તમને લોકોને કામવાળી નથી મળી ?"

"ના, ના. કામવાળી તો છે. બપોરે એક જ ટાઇમ આવીને બધું કરી જાય છે. રાતના વાસણ રાખી મૂકીએ. પણ ઘરમાં બીજા કામ બી હોય ને. વળી રોજેરોજ ચાર જણની રસોઈ ય ખરી."

"તો તમે ટિફિન કેમ નથી બંધાવી લેતા ?"

પરિનીએ રસોઈની સમસ્યાનો ઉકેલ સૂચવતા કહ્યું.

"એવો વિચાર ક્યારેય આવ્યો નથી. જો કે વચ્ચે અમે ઘરનું કામ કરાવ્યું, ત્યારે થોડા દિવસો માટે કોકિલા અને નિહારિકા રસિલાબેનના ઘરે ગયેલા. તે વખતે હું અને નેહુલ પાસેના એક બારસામાં જમી આવતાં'તા. મને ખબર નથી કે એ બારસાવાળો ટીફીન સર્વિસ આપે છે કે નહીં ?"

"કેમ ન આપે ? એને તો ધંધો મળે છે. હવે મામીની ય ઉંમર થઈ કહેવાય. એ કેટલા વરસના છે?"

"આવતે વર્ષે પાંસઠ પૂરા થશે."

"તો પછી ? તમારે એમનોય વિચાર કરવો જોઈએ. એ કેટલાં વરસ ઢસરડાં કરશે ?"

પરિનીએ સહાનુભૂતિપૂર્વક કહ્યું.

"એ તો આપણે નેહુલના લગ્ન કરશું ને ! વહુ આવશે એટલે પછી એને નિરાંત."

રમણ શૂન્યમાં સપનાં સજાવતો હોય એમ સામેના બોર્ડ તરફ તાકી રહ્યો.

"અને નિહારિકા ?"

"એને તો પહેલાં પરણાવશું. દીકરી તો સાસરે જ શોભે."

આ સાંભળીને પરિની ચોંકી ગઈ. રમણ કઈ દુનિયામાં જીવતો હતો ? શું એને નિહારિકાની પરિસ્થિતિનો ખ્યાલ નહોતો ? કે પછી એણે શાહમૃગની જેમ રેતીમાં મોં ખોંસી દીધું હતું. એને કંઈ જ દેખાતું નહોતું. જોકે એમ કરવાથી આવેલી આંધી શમી જવાની નહોતી. આવા કેટલાયે વિચારો પરિનીના દિમાગમાં દોડી ગયા. રમણને વાસ્તવિકતાની ધરતી પર લાવવાનો પ્રયાસ કરતા પરિની બોલી,

"મામા, હવેના જમાનામાં એવું જરાય જરૂરી નથી કે બધી જ દીકરીઓ પરણે અને સાસરે જાય. ઘણી છોકરીઓ નથી પરણતી. અને ધેટ્સ ફાઈન !"

રમણ અકળાયો. રમણને વાસ્તવિકતાની ધરતી પર પગ મૂકવો જ નહોતો. એને ખબર હતી કે એના પગ નીચે રણ હતું. ભર બપોરે ધખધખતી રેતીવાળું રણ. જો એના પર એ પગ મૂકે તો છાલા જ પડવાના હતા. એના કરતાં સપનાની દુનિયામાં વાતો પવન ઘણો શીળો હતો. જો કે પરિની એમ તંત મૂકે એમ નહોતી. એણે તરત બીજો સવાલ કર્યો,

"તો ક્યારે કરવાના છો એના લગ્ન ?"

"બસ. યોગ્ય મૂરતિયો મળે એટલી વાર છે. તું પણ વાત ધ્યાનમાં રાખજે હોં. કોઈ સારો યુવક હોય તો અમારી બધી તૈયારી છે." આટલું કહીને સહેજ અટકીને રમણ બોલ્યો.

"બસ. મને એક જ વાતનો ડર છે. જો મને કંઈક થઈ ગયું તો...?"

અત્યાર સુધી મનોમન રમણની દયા ખાઈ રહેલી પરિનીએ આ વાતનો તંતુ ઝડપી લીધો. તરત એણે રમણને હજી એક વાસ્તવિક પ્રશ્ન કર્યો,

"જો તમને કંઈ થઈ જાય, તો તમારા પરિવારનું શું થશે એનો તમે વિચાર કર્યો છે ખરો ? તમારા ગયા બાદ એમને બધું મળે એવી વ્યવસ્થા તમે ગોઠવી છે ? તમે તમારું વીલ કર્યું છે ?"

પરિનીના આ સવાલે ધ્રુજી ઊઠ્યો હોય એમ રમણ તતપપ થઈ ગયો.

"ના... વીલ તો મેં નથી બનાવ્યું."

પછી થોડો સ્વસ્થ થતાં બોલ્યો,

"જો કે વીલની શી જરૂર છે ? જે મારું છે એ બધું મારા પછી મારા દીકરા નેહુલને મળશે. નોમિની તરીકે બધે એનું નામ છે જ."

"અને નિહારિકા ?"

પરિની રમણની બરાબરની ઉલટતપાસ લઈ રહી હતી.

"એનું શું છે ? એના તો લગ્ન થઈ જશે ને."

"પણ ન થાય તો ? પછી એનું શું થાય ?"

"તો એનો ભાઈ છે ને. એનું ને એની મમ્મી બંનેનું ધ્યાન રાખશે."

રમણના એક-એક જવાબે પરિનીના મગજનો પારો ઊંચે ચડી રહ્યો હતો. રમણની અણસમજ પર ગુસ્સે થવું કે એણે વણેલા સ્વપ્ન મહેલની દયા ખાવી એ જ એને નહોતું સમજાઈ રહ્યું. ફોરેન રહીને, ત્યાં કામ કરીને આવેલી પરિનીને

કાયદાકીય ગૂંચવણોનો ખ્યાલ હતો. વીલ ન હોય તો કેવી-કેવી મુશ્કેલીઓ આવી શકે એની પૂરેપૂરી સમજ એને હતી. બસ રમણને આ બધું કઈ રીતે સમજાવવું એ જ એને નહોતી ખબર. છતાંયે એણે પોતાના પ્રયત્નો જારી રાખ્યા. એણે રમણને ચોખ્ખું કહી દીધું,

"મામા, એની કોઈ ખાતરી હોતી નથી. મેં ભલભલા પુરુષોને લગ્ન પછી બદલાઈ જતાં જોયા છે. જો ભૂલેચૂકે નેહુલની પત્ની બરાબર ન આવી, તો બધું સત્યાનાશ થઈ જશે. અને આમ પણ ગાંડી બેન અને વૃદ્ધ માતાની સેવા કોઈ કેટલા દિવસો સુધી કરે એની કોઈ ગેરંટી નથી."

"આપણો નેહુલ એવો નથી."

રમણે તરત નેહુલનો બચાવ કરતાં કહ્યું.

"જો અને તો"ની વાતમાં રમણને નહીં પહોંચાય એવો ખ્યાલ આવતાં પરિનીએ બીજી રીતની દલીલ કરી. એણે ઠોસ કાયદાનો આધાર લીધો.

"મામા, તમને ખબર છે કે ફ્લેટના નોમિની તરીકે નેહુલનું નામ હોય તોય વીલ ન બનાવ્યું હોય તો બધા વારસદારોના હક લાગી જાય. ચાલો, તમે કહ્યું તેમ નેહુલ સારો છે, પણ કાલે તમારા ગયા પછી સમજો નિહારિકાના લગ્ન થઈ જાય. જો એનો પતિ ઘરજમાઈ થઈને રહે અને નેહુલને ઘરમાંથી બહાર કાઢી નાખે તો ?"

"તો પોલીસ કેસ કરવાનો."

રમણ પાસે પરિનીના દરેક તર્કના જવાબ હાજર હતા.

"પોલીસ કેસ." પરિનીએ નિરાશામાં ડોકું ધુણાવ્યું.

'"એમ આસાનીથી પોલીસ કેસ થતાં હોત અને માણસો માની જતાં હોત તો ઇન્ડિયન કોર્ટમાં કેસીસનો આટલો ભરાવો ન થયો હતો."

કાયદાકીય દલીલ ગળે ઊતરી હોય એમ રમણ સહેજ કૂણો પડ્યો. એણે હળવેથી પરિનીને પૂછ્યું,

"તો તું એમ કહે છે કે મારે વીલ બનાવી નાખવું જોઈએ ?"

"સો એ સો ટકા. જો તમે તમારા પરિવાર માટે ઝઘડાનાં મૂળ રોપી જવા ન માગતાં હોવ, તો પાકું વીલ બનાવીને જજો. જેથી કરીને પછી મૂંઝવણ ન રહે."

કહેતી પરિનીએ ફરી એક વાર મક્કમતાથી રમણની આંખોમાં જોયું. જાણે પૂછતી હોય કે કરો છો ને વીલ ?

"વીલ બનાવી દઈશ. હવે તો ખુશ ને ?"

કહેતો રમણ મલકાયો.

રમણને મરકતો જોઈને પરિની પણ હળવી થઈને હસી પડી.

છ વાગ્યે બંને છૂટા પડ્યા ત્યારે રમણમાં ઉત્સાહનો સંચાર થયેલો હતો અને પરિનીના હૈયે મામાને મદદરૂપ થયાનો સધિયારો હતો.



પ્રકરણ 37

“એય નેહુલ, આઇ-પોડનો ડબ્બો મને આપી દે. ક્યાં સંતાડ્યો છે તેં?”

હૉલમાં આમતેમ ફરતાં નેહુલ સામે જોઈને નિહારિકાએ બરાડો પાડ્યો.

“આઇ-પોડ જોઈએ છે? લે... લે...” કહેતાં નેહુલે એક પ્લાસ્ટિકનો ડબ્બો નિહારિકા તરફ ફંગોળ્યો. નિહારિકાના પગ પાસે પડતાંવેંત ડબ્બો ખુલી ગયો. આઇ-પોડ તૂટી જવાની બીકે નિહારિકાએ ચીસ પાડી. પણ ખાલી ડબ્બો જોઈને એનો પિત્તો ગયો. નેહુલે પેલા ડબ્બા જેવો જ બીજો એક ખાલી ડબ્બો ફેંક્યો હતો. નિહારિકાએ ગુસ્સામાં આવીને એ ડબ્બો નેહુલને માર્યો. નેહુલ એ ઘા ચૂકવી ખડખડાટ હસતો તાળીઓ પાડવા લાગ્યો.

“હા, હા, હા... એક ડબ્બોય સરખી રીતે ફેંકતાં નથી આવડતું.”

“નેહુલ... ચૂપચાપ મને આઇ-પોડનો ડબ્બો આપી દે. નહીં તો જોવા જેવી થશે.”

નિહારિકાએ લાલચોળ આંખો અને ફુંગરાયેલા નાક સાથે તર્જની નેહુલ તરફ તાકી ધમકી આપી.

“શું કરીશ તું? શું કરી લઈશ? પલંગ પરથી ઊભી માંડ થાય છે. જા કર તારે જે કરવું હોય તે. નથી આપતો હું ડબ્બો.”

કહેતો નેહુલ રસોડામાં ભાગી ગયો.

“નેહુલ... પરિનીદીદીએ આઇ-પોડ બધા માટે આપ્યું છે... તારા એકલાનું નથી.”

ફાટી જતાં સાદે નિહારિકાએ રાડ પાડી. નેહુલે અંદરથી કંઈ જ જવાબ ન આપ્યો. પંદરેક મિનિટ સુધી એ રસોડામાં બેસી નાસ્તો કરતો રહ્યો. બહાર હૉલમાં બેઠી-બેઠી નિહારિકા સેટી પર હાથ પછાડતી ક્વચિત હાથ ઊંચા-નીચા કરતી ગુસ્સામાં બબડતી બેઠી રહી.

જેવો નેહુલ બહાર આવ્યો તેવો જ નિહારિકાએ પાસે પડેલા સ્ટીલના ગ્લાસનો નેહુલના ચહેરા તરફ ઘા કર્યો. આ વખતે એનું નિશાન ચૂક્યું નહોતું. ઘા બરાબર કપાળે વાગ્યો હતો. ઊંધી સાઈડે ગ્લાસ ભટકાયો એટલે કાપો તો ન પડ્યો, પણ કાળું ઢીમચું ઉપસી આવ્યું. કપાળ પર હથેળી દબાવતો નેહુલ તરત બેસિન તરફ દોડ્યો. અરીસમાં કપાળે ઉપસેલું ઢીમચું જોઈ રસોડામાં દોડ્યો. ફ્રીજ ઉઘાડી બરફનો ટુકડો કાઢી કપાળે ઘસતાં-ઘસતાં એ કોકિલાને ભાંડવા લાગ્યો.

“આ ગાંડીનું કંઈક કરો. ક્યારેક મોટી મુસીબત ઊભી કરશે. તે જ એને બગાડી છે. બસ, એને ગુસ્સો ન આવે એનું ધ્યાન રાખો, એ જેમ કહે તેમ કરો. સા...લી... અમારી તો કંઈ લાઇફ જ નથી. કલાક-બે કલાક ઘરે હોઈએ એમાં પણ શાંતિ નથી. સાલું સમજાતું નથી કે આ બધામાંથી કઈ રીતે છૂટું.”

“તો તે કેમ સંતાડ્યો આઇ-પોડનો ડબ્બો? આપી દે ને એને!” બબડતાં નેહુલ સામે ગુસ્સાભરી નજરે જોતાં કોકિલા બોલી.

"હું શું કામ સંતાડું આઇ-પોડ? મારે એની કોઈ જરૂર નથી. મારા મોબાઇલમાં બધાં ગીતો ભરેલાં છે, જ્યારે જોઈએ ત્યારે સાંભળી લઉં છું. મારે

આઇ-પોડનું શું કામ?"

નેહુલે સામું વડચકું ભર્યું.

"તો એને એવું કહી દેવું જોઈએ ને." છણકો કરતાં કોકિલા બોલી.

"મને એ છોકરી દીઠી નથી ગમતી. એ મને કંઈ કહે ત્યારે મને એની પર કાળ ચડે છે. ખબર નહીં કેવો જીવ આવી ગયો છે આ ઘરમાં !"

બેસિનના અરીસા સામે ઊભો-ઊભો કપાળે બરફ ઘસતો નેહુલ બબડતો હતો. એની છેલ્લી વાત જરાય ન ગમી હોય એમ કોકિલાએ ઘાંટો પાડ્યો, "નેહુલ!"

બરફને બેસિનમાં ફેંકી નેહુલ બબડતો-બબડતો બેડરૂમમાં ગયો. રમણની ખાલી પથારી પર એક તિરસ્કારભરી નજર ફેંકી, પોતાનું વોલેટ લઈ, શૂઝ પહેરી એ નોકરી પર જવા નીકળી ગયો.

નેહુલના ગયા પછી કોકિલાએ હૉલમાં આઇ-પોડનો ડબ્બો શોધવા માંડ્યો. ટીવીની ઉપરના શેલ્ફમાં પડેલો આઇ-પોડનો ડબ્બો એણે નિહારિકાને આપ્યો ત્યારે નિહારિકાનો ઘૂંઘવાટ શમ્યો.

ooo

"આ ગયા મેરા બચ્ચા!"

અંબામાના મંદિરને ઓટલે થાંભલાનો ટેકો લઈ બેઠેલા જટાધારી સંન્યાસીએ મંદિરની સીડી ચઢી રહેલા એક યુવકને જોઇ ઉત્સાહભર્યા ઉદગાર કાઢ્યા. કાળી-ધોળી જટામાં ઊંચે બાંધેલા વાળ, ફરતે રૂદ્રાક્ષની માળાના મણકાની બે હાર, કપાળે લાલ-ચટક તિલક અને ભગવા વસ્ત્રો સાથે ખુલ્લી પલાંઠી વાળીને બેઠેલા ફાંદ નીકળેલા સંન્યાસીના મોં પર પેલા યુવકને જોતાંવેંત આનંદ છવાઈ ગયો. પાસે આવેલા યુવકે એમને 'જય રામજી કી, બાપજી' કહેતાં પ્રણામ કર્યા એટલે બાબાએ હાથમાં પકડેલી રૂદ્રાક્ષની લાંબી માળા ગળામાં પહેરી લઈ પેલાને આર્શીવાદ આપ્યા.

"આઓ બેટે ઈધર બૈઠો, મેરી કરીબ." કહેતાં એમણે નીચેના પગથિયા તરફ ઈશારો કર્યો. બાબાના પેલા યુવક સાથેના વાર્તાલાપે મંદિરનો દાદર ચડતાં બે-ત્રણ દર્શનાર્થીઓનું ધ્યાન ખેંચ્યું. કોઇ શિષ્ય મળવા આવ્યો હશે એમ ધારી એ લોકો નજર ફેરવી મંદિરનાં પગથિયાં ચડી ગયાં.

"કૈસે હો બાબા?"

કહેતો પેલો યુવક બાબાના ચરણોમાં ગોઠવાયો. એને બેઠેલો જોતાં જ બાબાએ પોતાના બંને પગ લાંબા કરી પગથિયાં પર ગોઠવ્યા. બાબાનો ઈશારો સમજ્યો હોય એમ પેલા યુવકે એમના પગ દબાવવાની શરૂઆત કરી.

"અબ તો ઉમ્ર હો ગઈ બચ્ચા, યે ઘૂટનોં કા દર્દ થોડે દિનોં સે કાફી પરેશાન કર રહા હૈ."

ચૂપચાપ પગ દબાવી પહેલા પેલા યુવકે ફક્ત સહાનુભૂતિથી માથું હલાવ્યું. એ યુવક નેહુલ હતો. આજકાલ એ ઘરેથી પંદર-વીસ મિનિટ વહેલો નીકળી, નોકરીએ જતાં પહેલા અહીં મંદિરે બાબાના દર્શને આવતો.

પંદરેક દિવસ પહેલાં પધારેલા આ બાબા સાથે નેહુલ ખાસ્સો હળીમળી

ગયો હતો. શરૂઆતના દિવસોનો ઔપચારિક પરિચય હવે સુખદુઃખની વાતો કરવા જેટલો ગાઢ થઈ ગયો હતો. બાબા નેહુલને એમના દેશાટનના અનુભવોની અવનવી વાતો કહેતા, તો ક્યારેક ઘરના વાતાવરણથી અકળાયેલો નેહુલ બાબા પાસે પોતાની હૈયાવરાળ ઠાલવતો. થોડો સમય પગ દબાવ્યા બાદ બાબાએ નેહુલને થોભવાનો ઈશારો કરતા કહ્યું,

"ખુશ રહો બચ્ચા. કામ પર જા રહે હો?"

"જી, મહારાજ. કામ પર તો જવું પડે ને. નહીં તો ખાઈએ શું? અમારે તમારા જેવું થોડી છે કે ભક્તો બધી સગવડ સાચવી લે."

ખસિયાણું હસતા નેહુલે જવાબ આપ્યો.

"તો આ જાઓના તુમ ભી હમારે સાથ. કૌન રોકતા હે તુમ્હેં?"

સાધુબાવાએ નેહુલની આંખોમાં તાકતા કહ્યું. કંઈ સમજાતું ન હોય એમ બાઘાની જેમ નેહુલ બાબા સામે જોતો રહ્યો.

"મેરા શિષ્ય બન જા, સુખી હો જાયેગા."

"મારા એવા ધન્ય ભાગ્ય ક્યાંથી ! અમે તો બસ ગંદી નાલીના કીડા છીએ. અહીં જ જન્મ્યા અને અહીં જ ખપી જઈશું. તમારું સાંનિધ્ય અમારા નસીબમાં ક્યાંથી !"

આટલું બોલતામાં તો નેહુલના ચહેરા પર ગમગીની છવાઈ ગઈ. થોડીવાર પહેલા થયેલી નિહારિકા સાથેની તડાફડી યાદ આવતા એનો હાથ અનાયાસ કપાળે દબાઈ ગયો. ઢીમણું ઓછું થયું હતું પણ હજી દુઃખાવો સખત હતો. એના ચહેરા પરની પીડા જોઈને બાબા સધિયારો આપતા હોય એમ બોલ્યા,

"સબ કુછ હો સકતા હૈ ઈસ જગત મેં. કુછ ભી ઈમપોસિબલ નહીં. તારા એવા ભાગ્ય ન હોત તો હું અહીં કેમ આવત? સાધુ તો હિમાલયમાં ભલા. લાગે છે કે આ ભગવાનનો ઈશારો જ છે. હવે મારી ઉંમર થવા લાગી છે. આટલા વરસ એકલો ફરતો હતો. હવે જોડીદારની જરૂર લાગે છે."

આ સાંભળતાં જ નેહુલ ચમક્યો.

"તે હેં બાબા! તમે મને તમારો શિષ્ય કરશો?"

"કેમ નહીં? શી ખામી છે તારામાં? હટ્ટો-કટ્ટો જુવાન છે. ઈશ્વરમાં શ્રદ્ધા છે. મારા માટે ભાવ છે. આનાથી વધારે શું જોઈએ?"

બાબાની વાત સાંભળતા નેહુલે પોતાની સુકલકડી કાયા પર નજર ફેરવી. કદાચ બાબા મને યોગાસનો શીખવી મારી કાયાપલટ કરી નાખશે. આમેય હું ખાસ કોઈ દિવસ માંદો નથી પડતો. એમને મારી કાયાનું કૌવત દેખાયું હશે. એમ વિચાર કરતો નેહુલ કંઈ ન બોલતા નીચું જોઈ બેઠો રહ્યો.

"મારી વાત પર વિચાર કરજે, બચ્ચા."

નેહુલના ખભે હાથ રાખી બાબા બોલી રહ્યા હતા. નેહુલ ખરેખર વિચારમાં પડી ગયો. થોડી ક્ષણો ચૂપચાપ વીતી ગઈ. નેહુલ અંબામાની મૂર્તિ સામે જોતો રહ્યો અને સંન્યાસી નેહુલ સામે. વચ્ચે વચ્ચે સંભળાવતો ઘંટારવ પણ એમનું ધ્યાન ચલિત ન કરી શક્યો. એટલામાં જ બે સ્ત્રીઓ બાબા પાસે આવી અને એમને નમન કર્યા. બેયમાંની થોડી વૃદ્ધ લાગતી સ્ત્રીએ બાબાના ચરણોમાં પાંચસોની નોટ

અને થોડા ફળો મૂક્યા.

"અરે, અરે માતા... સાધુ કો સંપત્તિ કા ક્યા કામ? આપ ઇસે યહાં સે ઉઠા લો. મેરા ધર્મ ભ્રષ્ટ કરવાઓગી ક્યા?"

"ના નહીં પાડો બાબા, રાખી લો. તમારા આર્શીવાદથી જ પંદર-પંદર દિવસથી ખાટલે પડેલો મારો દીકરો ઊભો થયો છે. આ મારી વહુ છે. એને પણ આર્શીવાદ આપો, બાબા."

પેલી થોડી નાની વયની લાગતી સ્ત્રીએ આગળ આવીને બાબાને પ્રણામ કર્યા.

"અખંડ સૌભાગ્યવતી ભવ."

કહેતાં બાબાએ હાથ ઊંચો કરી આશીર્વચન ઉચ્ચાર્યા. પેલી વૃદ્ધ લાગતી સ્ત્રી બાબા પાસે બેસીને કંઈક પૂછવા લાગી. આ જોઈને નેહુલ ત્યાંથી ઊભો થયો. બાબાને પ્રણામ કરી, અંબામાની મૂર્તિની બહારથી જ નમસ્કાર કરી, એણે શૂઝ ઉતાર્યા હતા એ દિશામાં ચાલવા માંડ્યું.

એ રાત્રે કામમાં નેહુલનું મન જ ન લાગ્યું. સતત એના મનમાં બાબાની વાતો ઘૂમરાતી હતી. એણે પોતાની જાતને ભગવા વસ્ત્રોમાં કલ્પી જોઈ. બધા લોકો એને પગે પડતાં હોય, એને ચરણે જાત-જાતની ભેટ-સોગાદો ધરતા હોય, એની 'જય' બોલાવતા હોય, એવું દિવા સ્વપ્ન પણ એણે જોઈ નાખ્યું.

નેહુલને થયું કે આમેય સંસારમાં ક્યાં સુખ હતું ! ઘરની મગજમારીઓથી છટકવા માટે એ રાતની શિફ્ટ લેતો હતો. જો દિવસની શિફ્ટ હોય, તો આખી સાંજ એને ઘરનાં બધાં કામ કરવા પડે. બધાની કચકચ સાંભળવી પડે. અને ભૂખે મરવું પડે એ અલગ. એની માના રાંધવાના કોઈ ઠેકાણા નહોતા. હમણાં તો એ પાંચેક વાગ્યે બપોરની રસોઈ જમી લેતો. રાત્રે ઓફિસની કેન્ટીનમાં જમતો અને સવારનો નાસ્તો પણ ત્યાં પતાવીને જ નીકળતો. જો એ સંન્સાસી બની જાય તો તો એનો બેડો પાર થઈ જાય. ભક્તો એની પગચંપી કરે, ભાત-ભાતના ભોજન જમાડે. એના પગે પડતા આવે અને એનો જયજયકાર બોલાવે. પછી તો એ મોટો આશ્રમ બનાવી ખૂબ પૈસા કમાય. દેશ-વિદેશ ફરવા જાય. ઘણી-બધી ઇમ્પોર્ટેડ ગાડીઓનો કાફલો રાખે.

નેહુલના દિવા સ્વપ્નો થંભતા જ નહોતા. એણે મનોમન નક્કી કરી નાખ્યું કે પેલા બાબા ત્યાંથી ચાલ્યા જાય એની પહેલા એ એમની પાસે સંન્યાસ લઈ લેશે. એમનો ચેલો થઈને આખું ભારત અને ભવિષ્યમાં આખી દુનિયા ફરશે.

ooo

રવિવારે સાંજે ચાર વાગ્યે અચાનક નેહુલને ઘરે આવેલો જોઈ અલકા અને સનત બંનેને નવાઈ લાગી. આ રીતે એકલો નેહુલ ક્યારેય અલકાને ઘરે નહોતો આવ્યો. એના ચહેરા પરથી દેખાતું હતું કે એના મનમાં કંઈક મથામણ ચાલતી હતી. પ્રાથમિક વાતચીત પત્યા બાદ હોલમાં એક અકળ મૌન ફેલાઈ ગયું. નેહુલને કંઈક કહેવું હતું ને જીભ નહોતી ઉપડતી. સનત અને અલકા પામી ગયા હતા કે વાત કંઈક ગંભીર હતી. એટલે એ લોકો પણ નેહુલ પહેલ કરે એની રાહ જોતા બેસી

રહ્યા હતા. થોડી વારે નેહુલે મોં ખોલ્યું,

“ફોઈ, ફુઆ, હું સંન્યાસ લેવા માંગુ છું.”

નેહુલનું આ વાક્ય સાંભળતા જ જાણે અલકા પર વીજળી પડી.



પ્રકરણ 38

નેહુલ સંસાર છોડવાની વાત કરશે, એવું અલકાએ ક્યારેય વિચાર્યું જ નહોતું. નેહુલના ભાવિ સન્યસ્તના વિચારે હેબતાયેલી અલકા ફાટેલી આંખે નેહુલ સામે તાકી રહી. સનતે બાજી સંભાળી લેતાં કંઈક વિચાર કરીને નેહુલને પૂછ્યું,

"તારે સંસાર કેમ છોડવો છે?"

આઘાતની કળ વળતા અલકાએ પણ નેહુલની કેફિયત સાંભળવા કામ સરવા કર્યા.

"જુઓને ફૂઆ, અમારા ઘરની પરિસ્થિતિ તમને ખબર જ છે. પપ્પા રિટાયર થઈ ગયા છે અને હવે લગભગ આખો દિવસ ઘરે આરામ જ કરતા હોય છે. મમ્મી નિહારિકાની ચાકરીમાંથી ઊંચી જ નથી આવતી. મેં મેરેજ બ્યુરોમાં ઘણી ટ્રાય કરી, પણ કંઈ વળ્યું નહી. આમેય આવી પરિસ્થિતિમાં કઈ છોકરી મારી સાથે લગ્ન કરવા તૈયાર થાય? તો હવે સંસારમાં રહીને હું શું કરું?"

"અરે! શું કરું એટલે? તારા મા-બાપની કાળજી લે. નિહારિકાની દવા કરાવ. અને ઘર છોડવું જ છે, તો કોઈ છોકરીને પરણીને જુદું ઘર માંડી લે ને. એમ કંઈ સંસાર ઓછો છોડાતો હશે !"

અલકાએ ઉતાવળા સ્વરે કહ્યું, જાણે નેહુલ હમણાં જ સાધુ થઈ જવાનો હોય !

"એમ મારાથી પપ્પાને નહીં છોડાય. એમનો મારા પર કેટલો જીવ છે!"

"ને સંન્યાસ લઈશ ત્યારે?"

સનતે વેધક નજરોથી નેહુલને તાકતા કહ્યું.

"ત્યારે તો હું આખો સંસાર જ છોડી દઈશ ને? એમને થોડા દિવસ આકરું લાગશે. પછી ધીમે-ધીમે ટેવાઈ જશે."

"રડી-રડીને મારો ભાઈ જીવ આપી દેશે. અને મારા બાપુજીના વંશનું શું? તું તો અમારા ઘરનો કુળદીપક છે. અમારા પરિવારનું નામ આગળ વધારનારો. બત્રીસ વરસ કંઈ મોટી ઉંમર ન કહેવાય. તું જન્મ્યો ત્યારે ભાઈ લગભગ એટલો જ હતો."

"પણ હું એમનું બીજું સંતાન હતો. અહીં તો લગ્નના જ ઠેકાણા નથી. અને લગ્ન તો થતાં થશે, પહેલા કન્યા તો મળે."

નેહુલે પોતાના દિલનો ડંખ ફોઈને દેખાડ્યો.

"હું તારા માટે સારામાં સારી કન્યા ગોતી દઈશ. તને જે મદદ જોઈએ એ કરીશ. તું ય મારા માટે મારા આકાશ જેવો જ છે."

લાગણીના આવેગમાં અલકાને તણાતી જોઈને સનત ચોંક્યો. એને ફાળ પડી કે ક્યાંક અલકા નેહુલને એમના ઘરે રહેવા ન બોલાવી લે. જો એવું થાય તો નેહુલની પાછળ-પાછળ રમણ પણ અલકાના ઘરે ધામા નાખી દે. પછી શું શું થઈ શકે એની કલ્પના કરતા જ સનત ધ્રુજી ઉઠ્યો. અલકા વધુ કંઈ બોલે એ પહેલાં હાથના ઈશારાથી એને ચૂપ રહેવાનો સંકેત કરતાં સનતે વાતચીતનો દોર હાથમાં લીધો. એણે નેહુલને પૂછ્યું.

"આ અચાનક તને સંન્યાસ લેવાનું કેમ સૂઝયું?"

સનતના પ્રશ્નનો જવાબ મનમાં ગોઠવતો હોય એમ ક્ષણિક નેહુલે અલકા અને સનત સામે જોયું. પછી નજર નીચી ઢાળી, સહેજ વિચાર કરીને એ બોલ્યો,

"હું દરરોજ કામ પર જતાં પહેલાં અંબામાતાના મંદિરે માથું ટેકવતો જતો હોઉં છું. હમણાં પંદરેક દિવસથી મંદિરે એક મહાત્મા પધાર્યા છે. શરૂઆતમાં બે-ત્રણ દિવસ સુધી એ ફક્ત મારી સામે જોઈને સ્મિત કરતા. પછી એક દિવસ એમણે મને બોલાવ્યો. મારી સાથે થોડી વાર વાતો કરી."

"ને એમાં તું ભોળવાઈ ગયો!"

અલકા અધીરાઈથી બોલી ઊઠી.

"એક મિનિટ અલકા, એને બોલવા દે" કહેતા સનતે ફરી એક વાર હાથ ઊંચો કરી અલકાને થોડીવાર ચૂપચાપ સાંભળી લેવા ઇશારો કર્યો અને નેહુલને કહ્યું,

"હં... બોલ નેહુલ, તો શું વાતો થઈ તારી એ બાબા સાથે?"

"શરૂઆતમાં એ મને એમના દેશાટનની, જુદી-જુદી જગ્યાએ રહેતા તેની, એમના ભક્તોની ને એવી બધી વાતો કરતા. એમની વાતો સાંભળવામાં મને ખૂબ મજા પડતી. પછી ધીમે-ધીમે હું પણ એમને મારી વાત કરવા લાગ્યો. એ હંમેશાં મારી વાત શાંતિથી સાંભળતાં. ક્યારેક મને સલાહ-સૂચન આપતા. આ બધાથી મારું મન શાંત થવા લાગ્યું. એ મને હંમેશા કહે છે કે બેટે મૈં તો તેરે પિતા જૈસા હું. તુમ મુઝે અપને દિલકી બાત બેઝિઝક કહ સકતે હો. કેટલું વાત્સલ્ય ! કેટલું હેત ! જે વાત હું કોઈને નહોતો કહી શકતો, એ વાત આપોઆપ એમની જોડે થઈ જતી."

"સાધુઓ પોતાના દરેક ભક્ત સાથે એવી રીતે જ વર્તતા હોય છે."

સનતે વ્યવહારું અભિગમ સામે ધર્યો.

"ના. એમનું વર્તન દરેક ભક્ત સાથે એક જેવું નથી હોતું." નેહુલ ભારપૂર્વક બોલ્યો.

"એમને મારી પ્રત્યે ખાસ લગાવ છે. એમણે જ સૂચવ્યું કે જો હું એમની સાથે જોડાઈ જાઉં, તો મારા જીવનનો ઉદ્ધાર થઈ જશે. બાકી એમના શિષ્ય થવાની મારી શી હેસિયત ?"

"કેટલા શિષ્યો છે એમના ?"

બોલવા માટે ઊંચી-નીચી થઇ રહેલી અલકાને આંખોથી ડારો આપતાં સનતે પૂછપરછ આગળ વધારી.

"એકેય નહીં. એ તો એકલવિહારી છે."

"તને શું લાગે છે કે અચાનક એમને તારા પર પ્રેમ ઊભરાઈ આવ્યો ? આ તો પેલા બાબાને મફતનો એક નોકર જોઈએ છે. એટલે તને શિષ્ય બનાવવા માંગે છે. કેટલા વરસનો છે એ સાધુડો ?"

આટલી વારથી ચૂપ બેસી રહેલી અલકા ઉશ્કેરાઈ.

"સાઠેકના હશે." નેહુલે ધીમેથી કહ્યું.

"બરાબર છે ને, પાંચ-સાત વરસમાં એ થાકશે. પછી એનાથી ચલાશે નહીં. પોતાના કામ નહીં થાય. એવે વખતે તારા જેવો જુવાન શિષ્ય હોય તો સારું પડે ને.

એનાં કપડાં ધુએ, એના માટે ખાવાનું માંગી લાવે. રાત્રે એની પગચંપી કરે. બધું જ ફ્રીમાં. એનો તો બુઢાપો સુધરી જાય."

"હજી એ કંઈ એટલા ઘરડા નથી થયા."

નેહુલ પેલા સંન્યાસીનો બચાવ કરતાં બોલ્યો. થોડાં જ વર્ષોમાં હું એમની પાસેથી ઘણું-બધું શીખી લઈશ. એમના એવા કેટલાય ભક્તો છે જે એમની સેવા કરવા તત્પર હોય છે. મારે એ બધું નહીં કરવું પડે.

"તને શું લાગે છે કે સંન્યાસ જીવનમાં જલસા છે ?"

સનત એક પછી એક વાસ્તવિક હકીકતો નેહુલ સમક્ષ મૂકી રહ્યો હતો.

"જલસા તો નહીં, પણ રોજે-રોજની મગજમારી પણ નહીં."

"શું તું એમ સમજે છે કે જેમ બધા પેલા બાબાની પગચંપી કરે છે એમ તારી કરશે?"

મર્માળુ હસતાં સનત બોલ્યો. નેહુલ પાસે એના આ પ્રશ્નનો કોઈ જવાબ નહોતો. થોડું વિચારીને સનતે નવો પ્રશ્ન કર્યો,

"અચ્છા મને એ કહે, આટલા દિવસોમાં એમના કેટલા ભક્તોને તું મળ્યો?"

છત સામે તાકીને સહેજ વિચાર કરીને નેહુલે જવાબ આપ્યો,

"મેં જોયા તો એકેયને નથી. પણ બાબા રોજ મને એમને મળવા આવતા ભક્તોની વાતો કરતા હોય છે. બધા વહેલી સવારે કે મોડી સાંજે આવતા હોય છે, એટલે મારો એમની સાથે મેળાપ નથી થયો."

"અને કદી થશે પણ નહીં !" સનત સપાટ સ્વરે બોલ્યો.

"કેમ ?" નાના બાળકના ભોળપણથી સનત સામે તાકી રહેતા નેહુલના મોંએથી ઉદ્દગાર સર્યો.

"કેમ એટલે ? એ તો બધી ઠાલી વાતો.. કહેતા ભી દીવાના ને સુનતા ભી દીવાના. એણે કહ્યું ને તે માની લીધું. આવો ભોળો શિષ્ય એમને ક્યાંથી મળે? એટલે જ એ તને લપેટામાં લેવા માંગે છે."

સનતે ગંભીર ચહેરે કડવું સત્ય ઉચ્ચારી નાખ્યું.

"આવું તો મેં વિચાર્યું જ નહોતું."

સનતની વાત સાંભળીને વિચારે ચડેલો નેહુલ ધીમેથી બોલ્યો. એને ધ્યાનથી સાંભળતો જોઈ સનત આગળ બોલ્યો,

"હિમાલયમાં રહેવું આસાન છે ? કેટલી ઠંડી હોય ત્યાં. પાછું બધે ફરતા-ફરતાં જવાનું. ખાવા-પીવાનું મળે કે ન ય મળે. અને જંગલમાં ટોઈલેટ જવાની તૈયારી છે તારી?"

"હાય, હાય, આવું શું બોલતાં હશે?"

સનત હકીકત બયાન કરતો હતો, પણ આવું બધું સાંભળવાની તો અલકાનીય તૈયારી નહોતી. અલકાના આવા ઉદ્દગારો પર પળભરેય અટક્યા વગર સનત બોલતો રહ્યો.

"અને તું જો માંદો પડીશ, તો તારી ચાકરી કોણ કરશે? નાના ગામડા ગામમાં તને ડોક્ટર મળશે? કોણ બોલાવશે ડૉક્ટર? પેલા બાબા કે એમના ભક્તો? ડોક્ટરની ફી કોણ ચૂકવશે? કે પછી તને ત્યાં જ પડતો મૂકીને પેલો બાબા બીજો

શિષ્ય શોધી લેશે? એ તને સાચવશે એની ગેરંટી કોણ આપશે? અને એ તને લઈને ક્યાં ગયો એની ખેર-ખબર કોણ રાખશે? આવા એકલરામ બાબાનો શો ભરોસો? ”

સનતની આ વાતોથી નેહુલની રહી-સહી હામ પડી ભાંગી. અત્યાર સુધી ચૂપચાપ સાંભળી રહેલા નેહુલે પોતાનો આખરી નિર્ણય જાહેર કર્યો.

“સારું થયું ફુઆ કે હું પહેલાં તમને મળવા આવ્યો. આ દિશામાં મેં કદી વિચાર્યું જ નહોતું. અત્યારે સારા લાગતા પેલા બાબા પછીથી બદલાઈ જાય તો મારું શું થાય? કયા મોંએ ઘરે પાછો ફરું? ના, ના એના કરતાં તો હમણાંની લાઇફ શું ખોટી છે? સારી નોકરી છે, ઘર છે, બે ટાઈમ સરસ જમવાનું મળે છે. બે-ત્રણ ફ્રેન્ડ્સ છે. એમની સાથે ક્યારેક પિક્ચર જોવા જાઉં છું. ઘર તો ઠીક છે. થોડો વધારે સમય બહાર ગાળી લઈશ. રસ્તે રખડવા કરતાં તો આ વધારે સારું છે.”

નેહુલનો નિર્ણય સાંભળીને અલકાને હાશકારો થયો. કોઈને આ વાત ન જણાવવાની વિનંતી કરીને નેહુલ અલકાના ઘરેથી નીકળ્યો.

ooo

રવિવારે સાંજે બનેલી આ ઘટના પરિનીને જણાવવાની અલકાને ચટપટી હતી. બીજે દિવસે બપોરે બાર વાગ્યે એણે પરિનીની ફોન લગાડ્યો અને આગલી સાંજની બીનાની વિગતો રજેરજ કહી. આ સાંભળીને પરિની ખડખડાટ હસી પડી. એનું હસવું સાંભળી અલકા ચિડાઈ.

‘‘આમાં હસવા જેવું શું હતું?’’

માંડ-માંડ પોતાનું હસવું રોકતા પરિની બોલી,

‘‘શું મમ્મી તમે પણ ! એને સંન્યાસ લેવાની હા પાડી દેવી’તી ને ! એમ સંન્યાસી બની જવું કંઈ ઇઝી છે?’’

‘‘અરે પણ, એ સાચેસાચ સંન્યાસ લઈ લે તો ?’’

‘‘તને શું એમ લાગે છે કે એ નક્કામો સંન્યાસ લેવાનો છે ? જે માણસ ઢંગની નોકરીયે ન કરી શકતો હોય એ સંન્યાસના કષ્ટ શું સહેવાનો ! તું ભૂલી ગઈ, આપણી ઑફિસે કામ કરવા આવતો, ત્યારે કેટલા નાટક હતા એના? એ તો તમારી કસોટી કરતો હતો કે ભવિષ્યમાં જો એને કોઇ તકલીફ પડે તો તમે લોકો એની મદદ કરો કે નહીં. અને કરો તો કેટલી કરો. એનો જવાબ એને મળી ગયો.’’

‘‘ના, ના. એવું ન હોય. એટલી હોંશિયારી એનામાં હોત, તો તો એ લાઇફમાં ક્યાં ને ક્યાં નીકળી ગયો હોત. આમ કૉલ-સેન્ટરની નોકરી ન કરતો હોત.’’

અલકાએ નેહુલનો બચાવ કર્યો.

‘‘મમ્મી, તારી આંખે પિયર પ્રેમના પાટા બંધાયેલા છે. જે મને દેખાય છે એ તને નથી દેખાતું. જવા દે.’’

‘‘શું નથી દેખાતું મને? તું કહીશ જરા.’’ અલકા ઉખડેલા સ્વરે બોલી.

‘‘મમ્મી, નેહુલને બરાબર ખબર છે કે એના પપ્પા પાસે ઘણા રૂપિયા છે. આખા પરિવારને આખી જિંદગી ખવડાવી શકે એટલા. સરસ ફ્લેટ છે, જે ભવિષ્યમાં એને જ મળવાનો છે. એના દાદાના દુકાનની ભાડાની આવક છે. મોટો

દાબડો ભરીને દાદીનું સોનું છે. એને બરાબર ખબર છે કે એ ન કમાય તોય ચાલે. આ તો ઘરની મગજમારીથી છૂટવા એ કામ પર ભાગી જાય છે. નોકરી પણ એણે એવી પસંદ કરી છે, કૉલ-સેન્ટરની. કોઈ જાતની જવાબદારી નહી. આખો દિવસ નવરો બેઠો કરે શું? જો આ નિહારિકાનું આવું ન થયું હોત, તો એ માણસ સોએ સો ટકા ઘરે બેઠો જલસા કરતો હોત.''

ઘણા વખતથી મનમાં ઘૂંટાઇ રહેલી વાત પરિનીએ એની મમ્મીને કહી દીધી.

''આ બધો તારા મનનો વહેમ છે. તમને કોઈ માણસના ખરાબ સંજોગો દેખાતા જ નથી.''

રડમસ સ્વરે અલકા બોલી.

''મમ્મી, રડવાનું શરૂ ન કરી દેતી. મને ખબર છે કે તારા ભાઈ અને ભત્રીજા માટે કોઈ કંઈ કહે એ તારાથી સહન નથી થતું. એટલે જ હું કંઈ બોલતી નહોતી. આ તો તે મને પૂછ્યું એટલે મેં કહ્યું. બાકી મારે શું? ચલ, મારે દેવને સ્કૂલે લેવા જવાનું મોડું થાય છે. બાય.''

કડક સ્વરે આટલું કહી પરિનીએ ફોન મૂકી દીધો. સોફા પર બેઠી-બેઠી અલકા પરિનીએ જે કહ્યું એના પર વિચાર કરતી રહી. શું નેહુલ સાવ આવો હતો?

રવિવારે રાત્રે અલકાના ઘરેથી નીકળ્યા બાદ નેહુલ મિત્ર સાથે ફિલ્મ જોવા ગયો. ફિલ્મ જોઈને દોઢ વાગ્યે જ્યારે એ પાછો ફર્યો ત્યારે બધા ઊંઘી ગયેલા. નિહારિકાને સૂતેલી જોઈ એણે હાશકારો અનુભવતા હળવેકથી બેડરૂમનું બારણું ખોલ્યું અને અંદર જઈને અવાજ ન થાય એમ કડી મારી દીધી. કપડાં બદલી એ પલંગ પર પડ્યો. કંઈક રોજ રાતની જાગવાની ટેવ અને કંઈક એના મગજમાં ઘૂમરાતી રહેલી સનતની વાતોને કારણે એને પરોઢ સુધી ઊંઘ ન આવી. સંન્યસ્તના કદી ન કલ્પેલાં એવાં સંકટો અને ઘરની કથળતી પરિસ્થિતિ એ બે વચ્ચે એનું મન ઝોલાં ખાતું રહ્યું. જો સંસારમાં જ રહેવાનું હોય, તો આ રીતે કેટલો વખત ખેંચી શકાય?

''ના, ના. કંઈક કરવું તો પડે જ.''

નેહુલે પોતાની જાતને જ કહ્યું. હવે આ બાબતે શું કરી શકાય એનો વિચાર એ કરવા માંડ્યો. ખૂબ મનોમંથનને અંતે એને એક રસ્તો જડ્યો. એના પર તરત અમલ કરવાનું નક્કી કરી આખરે એ ઊંઘી ગયો.



પ્રકરણ 39

પોતાના ઘરની પરિસ્થિતિ કઈ રીતે બદલવી એના વિચારોમાં મોડે સુધી જાગતા રહેલા નેહુલની ઊંઘ નવ વાગ્યે તૂટી. ઓછી ઊંઘ થવાને કારણે એને માથું સહેજ ભારે લાગતું હતું. કોકિલાને આદુ-મસાલા નાખેલી બે કપ ચા બનાવવાની સૂચના આપી એ નિત્યકર્મ પતાવવા ગયો. રોજ એલચીવાળી ચા પીતા નેહુલને એ દિવસે આદુ-મસાલાવાળી ચા માંગતો જોઈને કોકિલાને થોડી નવાઈ લાગી, પણ 'હશે-મારે શું?' એમ બબડીને એણે ચા મૂકી.

ચા તૈયાર થઈ, એટલે બંને કપ બેડરૂમમાં લઈ જઈને નેહુલે દરવાજો લોક કર્યો. નેહુલને ચા સાથે બેડરૂમમાં પ્રવેશેલો જોઈને પથારીમાં આડા પડેલા રમણને નવાઈ લાગી. એ ઊઠીને બેઠો થયો. નેહુલે ચાનો એક કપ રમણ તરફ લંબાવતા કહ્યું,

''પપ્પા, તમારી સાથે થોડી વાત કરવી છે.''

આ સાંભળતા જ રમણના કપાળે કરચલી પડી. વાત કંઈક ગંભીર હશે એમ સમજાતાં રમણે શર્ટની સળ ખેંચી. ઉપરના બટન બંધ કર્યા અને એ પગ નીચે કરી ટટ્ટાર બેઠો.

''બોલ ને બેટા.''

એક પળ રમણ સામે તાકી, કપમાંથી ચાનો ઘૂંટડો ભરી નેહુલ બોલ્યો,

''પપ્પા, આ નિહારિકાનું કંઈક કરવું પડશે. કેટલા દિવસ આપણે આમ ને આમ ચલાવશું? પરમ દિવસે એણે મારા પર હુમલો કર્યો. આવું પહેલી વાર થયું. પછી જો વધારે હિંસક બની જશે તો તકલીફ થશે.''

''હું તો કેટલા દિવસોથી કહું છું કે ડૉક્ટરને બતાવીએ, ઇલાજ કરાવીએ. પણ મારું સાંભળે છે કોણ?'' રમણ ઉગ્ર સ્વરે બોલ્યો.

''મને લાગે છે કે તમારી વાત સાચી છે. આપણે ડૉક્ટરને મળવું જોઈએ.''

નેહુલને આવી સમજણભરી વાતો કરતો જોઈને રમણ રાજી થયો.

''ચાલ તને તો સમજાયું. આ તારી માને કોણ સમજાવશે ?''

''એ અઘરું છે. એને કંઈ કહીએ એ કહેલા આપણે બંને એક વાર ડૉક્ટરને મળીને નિહારિકાનો કેસ સમજાવીએ તો? પછી એ જેમ કહેશે એમ કરીશું.''

નેહુલે હળવેકથી સૂચન કર્યું.

''એમ ડૉક્ટર મળે?''

ચાનો ખાલી કપ બાજુના ટેબલ પર મૂકતાં રમણે પૂછ્યું.

''ન કેમ મળે? આપણે એમની ફી આપી દઈશું. મને લાગે છે કે હવે ડૉક્ટર જ આપણને આમાંથી બહાર નીકળવાનો રસ્તો બતાવશે.''

''તારી વાત સાચી છે. પણ તને આવા કોઈ ડૉક્ટર વિશે જાણ છે?'' રમણે ઉત્સુકતાભરી આંખે નેહુલ સામે તાકતા પૂછ્યું.

''ના... મને નથી ખબર... પણ આપણા ડૉક્ટર ચૌધરી કોઈ નામ આપવાના હતા ને. એમને જ પૂછીએ તો?''

''એ વાત બરાબર. હું આજે સાંજે જ એમને મળીને નંબર લઈ આવું છું.''

રમણે વિચાર કરતાં-કરતાં ડોકું ધુણાવતાં કહ્યું.

''ફક્ત નંબર નહીં, બની શકે તો અપોઇન્ટમેન્ટ પણ ફિક્સ કરતાં આવજો. બે દિવસ પછી મને રજા છે. એ દિવસે સાંજે આપણે બેય જતા આવીશું.''

''ભલે.''

''બસ તો નક્કી. હવે આપણે હાથ પર હાથ ધરીને બેસી નહીં રહીએ. કંઈક રસ્તો કરીશું.''

ચાના ખાલી કપ લઈને બહાર જતાં નેહુલે જાહેરાત કરી.

ooo

બે દિવસ પછી રમણ અને નેહુલ ડૉ. પાતરાવાલાને મળવા એમના દાદર ટી.ટી.ના ક્લિનિક પર ગયા. સો એક વરસ જૂના પથ્થરના મકાનના વળી ગયેલા લાકડાના દાદરા ચડતા ચડતા રમણ અને નેહુલ વિચારી રહ્યા હતા કે ડૉક્ટરને શું કહેવું અને કેટલું કહેવું.

પહેલે માળે અંધારિયા પેસેજમાં દાદરની ડાબી તરફ, બલ્બના ઘેરા પીળા પ્રકાશમાં પહેલા કાચના દરવાજાની બાજુમાં મોટા અક્ષરે ડૉ. પાતરાવાલા લખાયેલું મોટું લાકડાનું બૉર્ડ ધ્યાન ખેંચતું હતું. આગળ નેહુલ અને પાછળ રમણ એમ બંને જણ વારાફરતી કાચનો દરવાજો ધકેલીને અંદર પ્રવેશ્યા.

દરવાજાની જમણી તરફ, મોટા લાકડાના ટેબલની બીજી તરફ બેઠેલો પચ્ચીસેક વરસનો યુવક ફોન પર કોઈની સાથે વાત કરી રહ્યો હતો. નેહુલ અને રમણને જોઈને એણે પેશન્ટની માહિતી લખવા માટેનું પૅડ અને પેન એમની તરફ સરકાવ્યા. નેહુલે બધી વિગતો ભરીને પૅડ પેલાને પાછું આપ્યું અને એનો ફોન પતવાની રાહ જોતા ત્યાં જ ઊભો રહ્યો.

ફોન પત્યો કે પેલા યુવકે કાગળ પરની વિગતો વાંચી. પેશન્ટ તરીકે કોઈ સ્ત્રીનું નામ વાંચીને એણે આજુબાજુ નજર દોડાવી. કોઈ મહિલા ન દેખાઈ એટલે એણે નેહુલને પૂછ્યું, ''પેશન્ટ કિધર હૈ?''

''આજ નહીં આયા.'' નેહુલે દબાયેલે સાદે કહ્યું.

''અરે! યે તો ફર્સ્ટ ટાઇમ પેશન્ટ હૈ. પેશન્ટ કો દેખે બિના ડૉક્ટર દવાઈ કૈસે દેંગે? જાવ, પહેલે પેશન્ટ કો લેકર આઓ.''

''અરે, ભાઈસા'બ,'' નેહુલની પાછળ ઊભેલો રમણ ધીમે ડગલે આગળ આવ્યો અને પેલા યુવકને સમજાવતા બોલ્યો, ''હમારે પેશન્ટ કા હાલત બહોત ખરાબ હૈ. વો ઈધર નહીં આ સકતા. ઈસ લિયે ડૉક્ટર સે સલાહ લેને આયે હૈ.''

''અચ્છા, અચ્છા, તો ઐસા બોલો ના ! ઠીક હૈ. બૈઠો ઉધર. દસ મિનટ મેં ડૉક્ટર સા'બ બુલાયેંગે.''

કહેતાં પેલા યુવકે એમને સામે ગોઠવાયેલા સોફા પર બેસવાનો ઈશારો કર્યો. સાતેક મિનિટ પછી એક આધેડ દંપત્તિ હસતું-હસતું બહાર નીકળ્યું અને એક બેલ સંભળાઈ. રિસેપ્શનિસ્ટ યુવક દોડતો અંદર ગયો. પેલું કપલ કાઉન્ટર પાસે પેલાની રાહ જોતું ઊભું રહ્યું. બંનેના ચહેરા પર છલકાતી ખુશી જોઈને રમણને રાહત થઈ કે ડૉક્ટર સારા લાગે છે. રિસેપ્શનિસ્ટ બહાર આવ્યો અને એણે રમણ અને નેહુલને

અંદર જવા ઈશારો કર્યો.

કેબિનનો દરવાજો ખોલીને અંદર પ્રવેશેલા રમણે સામે બેઠેલા ધોળા વાળવાળા, સોનેરી ફ્રેમના ચશ્માં પહેરેલા, ઊંચા, પારસી ડૉક્ટર સામે નિમાણું સ્મિત કર્યું. ડૉક્ટરની સામે ગોઠવાયેલી બેમાંની અંદરની ખુરશી પર એ ગોઠવાયો. એની બાજુમાં નેહુલ બેઠો.

''બોલો, શું પ્રોબ્લેમ છે?''

કહેતાં ડૉક્ટરે ચિઠ્ઠીમાં પેશન્ટનું નામ વાંચ્યું અને સામે બેઠેલા બંને પુરુષોને જોઈ એમના ભવાં સંકોચાયા.

ડૉક્ટર કંઈ કહે એ પહેલાં અસ્વસ્થતા અનુભવતા રમણે અચકાતે સ્વરે કહ્યું,

''સાહેબ... અમે મારી દીકરી માટે તમને મળવા આવ્યા છીએ.''

''એ મને સમજ પડી, પણ પેશન્ટ ક્યાં છે?''

''એ અહીં આવી શકે એવી એની કંડિશન નથી.''

ખુરશી ભર ઉભડક બેઠેલા નેહુલે થોડા ટટ્ટાર થઈને ક્હયું.

''અચ્છા... શું તકલીફ છે પેશન્ટને?''

પેશન્ટની ગેરહાજરીમાં ડૉક્ટર એમનો કેસ સાંભળવા તૈયાર થયા એ જાણીને રમણે રાહત અનુભવી. એણે નિહારિકાના વર્તન વિશે ટૂંકાણમાં કહ્યું.

રમણની પૂરી વાત ધ્યાનથી સાંભળી લીધા બાદ ડૉક્ટરે ગંભીર સ્વરે સવાલ કર્યો,

''તો આ બધાની શરૂઆત ક્યારે થઈ?''

''લગભગ બારેક વર્ષ પહેલાં.''

''શું?'' ગુસ્સાની એક લહેર ડૉક્ટરના ચહેરા પરથી પસાર થઈ ગઈ.

''યૂ મીન ટુ સે, આ પેશન્ટ બાર વર્ષથી બીમાર છે. અને તમે છેક હમણાં મારી પાસે આવો છો. આટલાં વર્ષો તમે ક્યાં ગયા હતા?'' ડૉક્ટરે રીતસરનો બરાડો પાડ્યો.

''ના, ના. સાહેબ સાવ એવું નથી.'' શિયાવિયા થઈ ગયેલો રમણ બોલ્યો.

''વચ્ચે બે-ત્રણ ડૉક્ટરની ટ્રીટમેન્ટ કરાવી હતી, પણ એની બીમારી ફરી-ફરી ઉથલો મારે છે.''

''શું તમે દર વખતે એની ટ્રીટમેન્ટ પૂરી કરતા હતા? કે પછી અધવચ્ચે જ છોડી દેતાં હતાં?''

ડૉક્ટરે રમણની આંખોમાં તાકતા પૂછ્યું.

''એ તો એવું છે ને સાહેબ.'' કહેતાં રમણે અટકીને નેહુલ સામે જોયું. નેહુલે આગળ બોલવાનો ઈશારો કર્યો એટલે રમણ બોલ્યો.

''એને સારું લાગવા માંડે એટલે અમે દવાઓ બંધ કરી દેતાં હતાં.''

''એને સારું થઈ ગયું છે એ કોણ નક્કી કરતું? તમે કે ડૉક્ટર?''

ડૉ. પાતરાવાલાએ રમણ અને નેહુલની સામે જોઈને કરડા સ્વરે પૂછ્યું.

''એ તો અમને ખ્યાલ આવે ને. નિહારિકાનું મગજ શાંત થઈ જાય એટલે અમે દવાઓ બંધ કરી નાંખીએ.''

આ સાંભળીને કંઈ ન કહેતાં ડૉક્ટરે નિરાશામાં ડોકું ધુણાવ્યું અને રમણે

આગળ કરેલી ફાઈલમાં પહેલાના ડૉક્ટરોએ આપેલી દવાઓ પર નજર ફેરવી.

''આ સિવાય તમે બીજી કોઈ જાતની ટ્રીટમેન્ટ કરાવી છે?''

રમણ કંઈ સમજાયું ન હોય એમ ડૉક્ટર સામે અને નેહુલ સામે બાઘાની જેમ જોવા લાગ્યો. એના તરફથી કોઈ જવાબ ન મળ્યો. એટલે ડૉક્ટરે ફરી પૂછ્યું,

''કોઈ બાબા, તાંત્રિક, એવું બધું?''

ડૉક્ટરના આ પ્રશ્નથી રમણ ચોંકી ગયો. કહેવા-ન-કહેવાની અવઢવ એના ચહેરા પર તરવરી રહી. એને ચૂપ બેઠેલો જોઈ નેહુલ બોલ્યો,

''મારી મમ્મી આ બધામાં બહુ માને છે. દર થોડા દિવસે એ મારી બહેનને આવી કોઈક વ્યક્તિ પાસે લઈ જાય છે. ક્યારેક આવા માણસો અમારા ઘરે પણ આવે છે.''

''હતું જ મને. આ હિન્દુસ્તાનમાં ડૉક્ટરોની જરૂર જ કોને છે? બાબા-તાંત્રિકો જ બધાને સાજા કરી દે છે. ક્યારે ઉપર આવશે ઈન્ડિયા? હવે મારે શું કરવાનું છે?''

ડૉક્ટરે ફરી એકવાર રમણ સામે તાકતાં કહ્યું.

''સાહેબ. ભલે મોડું-મોડું પણ હવે અમને સમજાયું છે કે ડૉક્ટરની ટ્રીટમેન્ટ સિવાય નિહારિકા સાજી નહીં થાય. હવે એની પૂરેપૂરી ટ્રીટમેન્ટ કરાવવાનું નક્કી કરીને જ અમે તમારી સલાહ લેવા આવ્યા છીએ. તમે જેમ કહેશો એમ અમે કરીશું.''

''પેશન્ટને એક્ઝામિન કર્યા વગર હું શું સલાહ આપું? તમે પેશન્ટને અહીં લાવી શકતા નથી. આટ-આટલાં વર્ષોથી કોઈ બીમાર છે અને તમને એની પડી જ નથી.''

ડૉક્ટરનો લાલચોળ ચહેરો કહી દેતો હતો કે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખવાનો એ ભરપૂર પ્રયત્ન કરી રહ્યા હતા.

''સાહેબ, પડી નથી એવું નથી. પણ એ માને તો ને?''

રમણે પાંગળો બચાવ કરતાં કહ્યું.

''એ માને તો? એટલે શું ઘરમાં કોઈ બીમાર પડે તો તમે એને પૂછવા બેસો છો કે તારે દવા કરાવવાની છે કે પછી તરત ડૉક્ટરને બોલાવો છો? જોકે આને તો તમે બીમારી જ નહીં ગણતા હોવ.''

ગુસ્સામાં ડૉક્ટરનો અવાજ ઊંચો થયો અને આંખોમાં રતાશ ફેલાઈ ગઈ. પાસે પડેલી બૉટલમાંથી બે ઘૂંટડા પાણી પી લઈ, પોતાના ગુસ્સા પર કાબૂ મેળવી ડૉક્ટર સંયત સ્વરે ફરી બોલ્યા,

''અને તમે શું કહ્યું મને? એ તમને બંનેને રૂમમાંથી બહાર નીકળવા નથી દેતી. એ તો સહારા વગર ચાલી-ફરી નથી શકતી. પછી બારણાને બહારથી કડી કોણ મારે છે?''

ડૉક્ટરે રમણે અગાઉ કહેલી વાતો યાદ કરતાં પૂછ્યું.

''એ તો... એ તો મારી પત્ની કડી મારી દે છે.''

''એ કડી મારી દે છે અને તમે બંને ચૂપચાપ અંદર પુરાઈ રહો છો. પુરુષો થઈને તમે આવું સહન કરી લો છો? બંગડી પહેરીને બેસી કેમ નથી જતા? '' ફરી એક વાર ડૉક્ટરનો સ્વર ઊંચો થઈ રહ્યો હતો. ''અને તું... આવડો મોટો ત્રીસ-

બત્રીસ વરસનો માટીડો... તારામાં અક્કલ નથી કે? આ બધું ઘરમાં તું કેમનો ચલાવી લે છે? તારી માને તારાથી કહેવાતું નથી?''

પોતાના પર હુમલો થયેલો જોઈને પહેલા નેહુલ સહેજ ડઘાયો, પછી બચાવ કરતો હોય એમ બોલ્યો,

''મેં તો એક-બે વાર કહ્યું, પણ મમ્મી માનતી નથી. આમ પણ હું તો આખો દિવસ ઊંઘતો હોઉં છું. અને સાંજે નોકરી પર જાઉં છું. ઘરમાં શું થાય છે એને મને ખાસ ખબર હોતી નથી.''

''તો અહીંયા કેમ આવ્યો છે? અચાનક તને બધી ખબર પડી ગઈ. જાવ, જાવ, તમે બંને. તમારું કંઈ નથી થવાનું. તમારા ઘરમાં એક નહીં બે માનસિક રોગી છે. સૌથી પહેલા તમારી પત્નીનો ઇલાજ કરાવો. એને કારણે જ આ છોકરીનો કેસ આટલો ખરાબ થયો છે.''

કેબિનના બારણા તરફ ઇશારો કરતાં ડૉક્ટર બોલ્યા.

''સાહેબ, હું તમને હાથ જોડું છું. આમાંથી અમને બહાર કાઢો.''

રમણે ખુરશી પર બેઠા-બેઠા સહેજ ઝૂકી ડૉક્ટર સામે બેય હાથ જોડતા કહ્યું. એની આંખોમાં પાણી ફરી વળ્યાં. એને ઢીલો પડેલો જોઈ ડૉક્ટર થોડા શાંત પડ્યા અને બોલ્યા,

''જુઓ, આટલા વર્ષોમાં તમારી દીકરીની બીમારી ઘણી આગળ વધી ગઈ છે. તમારી વાતો પરથી મને સમજાય છે કે એની કથળેલી માનસિક પરિસ્થિતિને કારણે એની શારીરિક સ્થિતિ પણ કથળી છે. આખો દિવસ બેઠા રહેવાને કારણે એના પગના મસલ્સ ઓગળી ગયા હશે. એટલે જ એ સહારા વગર ચાલી નથી શકતી. એવું જ એના મગજના કોષોનું પણ થયું હશે. ક્યારેય તમે એને અસંબદ્ધ વાતો કરતી જોઈ છે?''

ડૉક્ટરના આ સવાલ પર વિચાર કરીને રમણ બોલ્યો,

''એ મારી સાથે વાત જ ક્યાં કરે છે. અને નેહુલ સાથે તો એને કોણ જાણે કેવી દુશ્મની છે. એને સીધી મારવા જ દોડે છે.''

''જુઓ, આ બધામાં સૌથી મોટો વાંક તમારી પત્નીનો છે. એ દર્દીની બધી વાતો માને છે, એ જેમ કહે તેમ કરે છે. એટલે તમારી દીકરી સાજી થવાને બદલે વધારે ને વધારે જિદ્દી થઇ ગઇ છે. એને લાગે છે કે એનું ધાર્યું બધું જ એ તમારી પાસેથી કરાવી શકશે. એનું ધાર્યું ન થાય તો ટેન્ટ્રમ કરતાં પણ એ શીખી ગઈ હશે.''

ડૉક્ટરે ત્યાં બેઠા-બેઠા જ નિહારિકાની વર્તણૂક વિશે એમને ન કહેવાયેલી વાતો પણ કહી દીધી.

''સાચી વાત છે, સાહેબ. અમે એની વાત ન માનીએ તો એ બૂમાબૂમ ને ગાળાગાળી કરે છે. વસ્તુઓ પછાડે છે. થોડાં દિવસ પહેલાં જ એણે નેહુલ પર ગ્લાસનો છુટ્ટો ઘા કરેલો. ધાર ન વાગી એ સારું થયું, નહીં તો ટાંકા લેવા પડત.''

રમણને ગયે અઠવાડિયે થયેલો નિહારિકા અને નેહુલનો આઇપોડ માટેનો ઝઘડો યાદ આવી ગયો.

''બરાબર છે. એટલે સૌથી પહેલાં તો તમારે એ મા-દીકરીને છૂટ્ટા પાડવાની

જરૂર છે. જ્યાં સુધી એ એની મા પાસે ધાર્યું કરાવતી રહેશે, ત્યાં સુધી એ નહીં સુધરે. બીજું, આટલા વર્ષોમાં તમારા ઘરનું વાતાવરણ પણ ખાસ્સું ડહોળાઈ ગયું હશે. હવે એને ઘરમાં રાખીને ટ્રીટ ન કરી શકાય. માનસિક રોગી માટે દવાઓની સાથે-સાથે વાતાવરણનું બદલાવું એટલું જ અગત્યનું છે. જો તમારી એને રિહેબિલિટેશન સેન્ટરમાં મોકલવાની તૈયારી હોય તો જ હું આ કેસ હાથમાં લઉં.''

આ સાંભળીને રમણ ધબ્બ થઈ ગયો. ડૉક્ટર નિહારિકાને માનસિક રોગીઓની હૉસ્પિટલમાં મોકલવાની વાત કરશે એવું એણે સપનેય નહોતું વિચાર્યું. આ બધું કેમ થશે? આ બધાનો ખર્ચો કેટલો થશે? આવા અનેક પ્રશ્નો રમણના દિમાગને ઘેરી વળ્યા. એના કપાળ પર પડેલા ચિંતાના સળ જોઈ ડૉક્ટર એની મૂંઝવણ સમજી ગયા હોય એમ એમણે કહ્યું,

''જુઓ, તમે બંને જણ બે-ત્રણ દિવસ વિચાર કરો. થોડો ખર્ચો થશે, પણ નોર્મલ હૉસ્પિટલમાં થાય એટલો નહીં થાય. આવી હૉસ્પિટલોમાં ગવર્મેન્ટ અને વિવિધ સંસ્થાઓ તરફથી મદદ મળતી હોય છે. બધો ભાર પેશન્ટના પરિવાર પર નથી આવતો. સેન્ટરને એ બાબતની ભલામણ હું પોતે કરીશ. પણ એક વાત ખાસ ધ્યાનમાં રાખજો કે આ રોગ બે દિવસમાં સારો થાય એવો નથી. ચાર-પાંચ મહિના સહેજે નીકળી જાય. વધારે પણ થઈ શકે. એક વાર દર્દી દાખલ થઈ જાય પછી બધી જવાબદારી મારી. જો તમારી તૈયારી હોય તો મને ફોન કરી દેજો. એ પછીની ગોઠવણમાં હું પોતે તમને મદદ કરીશ.''

થોડું સમજાતું હોય અને થોડું ન સમજાતું હોય એમ વિચારોમાં ડોકું હલાવતો રમણ ઊભો થયો અને બારણા તરફ ચાલવા લાગ્યો.

''થેંક યૂ ડૉક્ટર.'' કહી, ડૉક્ટરની ફી ચૂકવી નેહુલ પણ રમણની પાછળ દોરાયો. એ બંનેને જતાં જોઈ રહેલા ડૉક્ટરે નિરાશામાં માથું હલાવીને પછીના ક્લાયન્ટને બોલાવવા બેલનું બટન દબાવ્યું.



પ્રકરણ 40

ડૉક્ટરને ત્યાંથી નીકળી રમણ અને નેહુલ માટુંગાની એક ઉડિપીમાં ગયા. ઘરે જમવાનું બનાવવાની ના પાડીને જ બંને નીકળ્યા હતા. ઇડલી-ઢોસા ખાતાં-ખાતાં રમણ અને નેહુલે ડૉક્ટરે કરેલા સૂચન પર ચર્ચા શરૂ કરી.

''તને શું લાગે છે, નેહુલ? શું આપણે નિહારિકાને આવા કોઈ સારવાર કેન્દ્રમાં મૂકવી જોઈએ?''

રમણે પોતાને ક્યારનો મૂંઝવતો પ્રશ્ન નેહુલ સમક્ષ મૂક્યો.

નિહારિકાને ઘરે રાખીને સારવાર કરવાની ડૉક્ટરે ચોખ્ખી ના પાડી દીધેલી એટલે જો એ ડૉક્ટર પાસે ટ્રીટમેન્ટ કરાવવી હોય, તો એને આવી કોઈ જગ્યાએ મોકલવું જરૂરી હતું. જો આ માટેની એમની તૈયારી ન હોય તો આગળની ચર્ચાને અવકાશ નહોતો.

''પપ્પા, હવે આપણે નક્કી કર્યું જ છે કે નિહારિકાની ટ્રીટમેન્ટ કરાવવી, તો પછી કેમ આવો સવાલ કરો છો? હવે ડૉક્ટર જે કહે તે આપણે કરવાનું જ છે.''

નેહુલ મક્કમતાથી બોલ્યો. એને ડૉક્ટરની વાત જચી હતી.

નિહારિકાને કારણે જ એ સંસાર છોડવા સુધીના વિચારો કરી ચૂકેલો. જો એ ઘરમાં ન હોય, તો ઘણા પ્રશ્નોનો ઉકેલ આપોઆપ આવી જતો હતો. વળી ડૉક્ટર કહેતા હતા એમ જો નિહારિકાને વધારે સમય સુધી ઘરથી દૂર રહેવું પડે, તો તો પોતાના લગ્નનો પ્રશ્ન પણ ઉકલી જાય. એને ગમેલી ઘણી બધી કન્યાઓને મુખ્ય વાંધો ઘરમાં નિહારિકાની ઉપસ્થિતિનો જ હતો. કદાચ એટલે પણ આ ડૉક્ટર એને ગમ્યા હતા. જો કે આ બધું રમણને જણાવી એ કોઈ નવી ચર્ચા શરૂ કરવા નહોતો ઇચ્છતો.

નિહારિકાને રિહેબિલિટેશન સેન્ટરમાં મૂકવા સામે નેહુલે કોઈ વાંધો ન ઉઠાવ્યો. એટલે રમણે એને પજવતો બીજો અને વિકરાળ પ્રશ્ન નેહુલ સમક્ષ મૂક્યો. એ પ્રશ્ન હતો કોકિલાને આ બાબત રાજી કરવાનો.

''તારી મમ્મીને કોણ સમજાવશે?'' રમણે પૂછ્યું.

સહેજ વિચાર કરીને નેહુલ બોલ્યો,

''મને લાગે છે કે રસીલા માસીને વાત કરીએ. મમ્મી એમની વાત સાંભળે છે. દર બે-ત્રણ દિવસે બંને ફોન ઉપર વાતો કરતા હોય છે. ક્યારેક વાત-વાતમાં જો આ વાત પણ કહી દે, તો મમ્મીને ગળે વાત ઊતરી જાય. એ હું એમને સમજાવી દઈશ. પણ નિહારિકાનું શું? જો એ સારવાર માટે જવાનો ઇન્કાર કરી દેશે, ધમાચકડી મચાવી દેશે, તો મમ્મી ફસકી પડશે.''

નેહુલની વાત સાચી હતી. રમણે વિચાર્યું કે જો નિહારિકા ન માને તો કોકિલાને મનાવવાનો કોઈ અર્થ નહોતો. છેવટે એ નિહારિકાની તરફદારી જ કરવાની હતી. એણે મૂંઝવણભરી નજરે નેહુલ સામે જોયું. એની નજરોમાં નેહુલ માટે પ્રશ્ન હતો, 'નિહારિકાને કોણ મનાવી શકે?''

જેમ રમણ નાનો હતો, ત્યારે દરેક પ્રશ્નના ઉકેલ માટે એની મીટ વિમળાફોઈ – કુમારફુઆ તરફ મંડાતી, તેમ નેહુલને અલકા અને સનત સહુથી પહેલાં યાદ

આવતા. આજે પણ એ જ થયું. એણે તરત કહ્યું,

''પપ્પા તમે અલકાફોઈને કહો તો? એ કદાચ નિહારિકાને સમજાવી શકશે. ભલે આજકાલ એમણે આપણા ઘરે આવવાનું બંધ કર્યું છે, પણ તમારી વાત એ નહીં ટાળે. એક વાર પ્રયત્ન તો કરશે જ.''

રમણને નેહુલનું સૂચન ગમ્યું. એ તરત બોલ્યો,

''તારી વાત સાચી છે. અલકા આ બાબતમાં જરૂર કંઈક કરી શકશે. એ કેટલાં વર્ષોથી મને નિહારિકાની ડૉક્ટર ટ્રીટમેન્ટ માટે આગ્રહ કરે છે. આ મારો જ પનો ટૂંકો પડે છે. તને યાદ હોય તો પહેલી વાર એ જ અમને નિહારિકાની ટ્રીટમેન્ટ માટે લઈ ગયેલી. ત્યારે જ બરાબર ધ્યાન અપાયું હોત તો આજે પરિનીની જેમ નિહારિકાનું ય પોતાનું ઘર હોત, પતિ અને બાળકો હોત. તો તો તારેય આમ...''

રમણને લાગણીના વહેણમાં તણાતો જોઈ, નેહુલે એને ત્યાં જ અટકાવ્યો,

''બસ પપ્પા. જે થઈ ગયું એને ભૂલી જાવ. હવે શું કરવાનું છે એના પર ધ્યાન આપો.''

''હા, હા. આવતીકાલે જ હું અલકાને મળી આવીશ.''

એક વાર નિહારિકા માની જાય પછી તું રસીલામાસીને કહી દેજે કે મમ્મીને સમજાવે. જો નિહારિકાને વાંધો નહીં હોય, તો તારી મમ્મી પણ કંઈ નહીં બોલે. ડૉક્ટરે ભલે બે દિવસનો સમય આપ્યો છે, પણ બેના ચાર દિવસ થાય તોય વાંધો નહીં. એક વાર નિહારિકા હૉસ્પિટલમાં ભરતી થઈ જાય. તો એક નહીં ને બીજો ડૉક્ટરર મળી જ જશે.''

રમણે ચર્ચા પૂરી કરતાં કહ્યું. ઊડિપીનું બિલ ચૂકવીને બંને બહાર નીકળ્યા ત્યારે એમને આજની ડૉક્ટરની મુલાકાત સફળ થઈ હોવાનો સંતોષ હતો. સારા ભવિષ્યનું એક બારણું ડૉક્ટરે દેખાડ્યું હતું, જરૂર હતી ફક્ત એને ઉઘાડવાની.

ooo

આગલે દિવસે નક્કી કર્યા મુજબ રમણ સાંજે અલકાને ઘરે ગયો. રમણની અચાનક થયેલી પધરામણીથી અલકા સમજી ગઈ કે રમણના મનમાં કશુંક રંધાતું હતું. થોડી આડી-અવળી વાતો કર્યા બાદ રમણ મુદ્દા પર આવ્યો.

''બેન, તારું એક કામ હતું.''

''બોલને ભાઈ !''

અલકાએ તરત કહ્યું. જો કે રમણ આવ્યો તે વખતે જ અલકાએ મનોમન નક્કી કરી નાખેલું કે જો રમણની તબિયત કે આર્થિક પરિસ્થિતિને લગતી કોઈ બાબત હશે તો જ એ એને મદદ કરશે. બાકી એના પરિવારજનો - કોકિલા, નેહુલ કે નિહારિકાને લગતી કોઈ પણ મૂંઝવણ કે મુશ્કેલીનો ઉકેલ લાવવામાં એ પોતે નહીં સંકળાય. બહુ બહુ તો ઉકેલ સૂચવશે, પણ પોતે જાતે કંઈ જ નહીં કરે.

અલકા સમજી ચૂકી હતી કે રમણનો પરિવાર એક એવા મુકામ પર આવીને ઊભો હતો, જ્યાં કોઈ જ એમની મદદ ન કરી શકે. હવે એમણે જાતે જ આખી પરિસ્થિતિ સુધારવા પગલાં લેવાં પડે. બહારની વ્યક્તિ કંઈ કરવા જાય અને રમણ પાણીમાં બેસી જાય, તો જશ લેવા જતાં જૂતાં પડે એવો ઘાટ હતો.

કપમાં રહેલી ચા એક ઘૂંટડે પૂરી કરી, પાણી પી લઈ રમણે આગલે દિવસે ડૉક્ટરને ત્યાં થયેલી બધી વાત અલકાને કરી અને કહ્યું,

''મેં અને નેહુલે ગઈ કાલે જ આ વાત પર ચર્ચા કરી. અમને બંનેને લાગે છે કે ડૉક્ટરની વાત સાચી છે. હવે નિહારિકાનો ઇલાજ ઘરે રહીને થઈ શકે એમ નથી. કોકિલાને એની બેન સમજાવી લેશે, પણ નિહારિકાને કોણ સમજાવશે? મારી કે નેહુલ સાથે તો એ વાત કરવાય તૈયાર નથી.''

''તો તારી સાળીની દીકરી કામિનીને કહે ને. એ બંને વચ્ચે તો ખાસ્સા બહેનપણાં છે. એ મા-દીકરી મળીને આ બંનેને સમજાવે.''

અલકાએ આ કળણથી દૂર ખસવાની શરૂઆત કરી દીધી.

''એવું કહી શકાય ખરું. જો કે મને એમ થયું કે તું નિહારિકાને વધારે સારી રીતે સમજાવી શકીશ. એની પહેલી ટ્રીટમેન્ટ વખતે તું જ અમારી જોડે રહી હતી.''

''એ બરાબર છે. પણ હું તો ફક્ત પહેલી વાર જ જોડે હતી. એ પછી પણ તમે એની ટ્રીટમેન્ટ કરાવેલી ને?''

''હા, પણ એ તો બે-ત્રણ મહિના માટે જ હતી. જેવું નિહારિકાનું મગજ શાંત થઈ જતું, એનું વર્તન થોડું સુધરતું કે કોકિલા એની દવાઓ બંધ કરી દેતી. એ પછી છએક મહિના સુધી બધું બરાબર ચાલતું. પછી પાછું એનું એ જ. આમ ને આમ બાર વર્ષ નીકળી ગયાં છે. હવે આ વખતે પૂરેપૂરી ટ્રીટમેન્ટ કરાવવી છે. ભલે છ મહિના લાગે કે બે વરસ. મારી સહનશક્તિ હવે ખૂટી છે.''

ભાઈની વાત પર અલકાએ સહાનૂભૂતિથી ડોકું ધુણાવ્યું, પણ આ બાબતમાં ન પડવા માટે એનું મન મક્કમ હતું. એણે તરત કહ્યું,

''આ પહેલા નિહારિકાને ટ્રીટમેન્ટ માટે કોણે મનાવેલી?''

''એ તો કોકિલા જ કંટાળીને તૈયાર થઈ ગયેલી.''

''તો હમણાં ય એ જ નિહારિકાને મનાવે તો સારું.''

''ભલે... તો તું નહીં આવી શકે એમ જ હું સમજુ ને?''

રમણના અવાજમાં ભળેલી ધાર અલકાએ અનુભવી.

જો કે એ ક્રોધ એના સ્વભાવનું અભિન્ન અંગ હતું. પોતાનું ધાર્યું ન થાય ત્યારે સામાવાળા પર તૂટી પડવાની એની ખાસિયતથી અલકા બચપનથી વાકેફ હતી. એ વાત જુદી હતી કે પરિસ્થિતિએ હવે એને ખાસ્સો નબળો પાડી દીધો હતો. જરૂરિયાત એની હતી એટલે એ સ્વર ઊંચો નહોતો કરી શક્યો. અલકાએ સમજાવટના સૂરમાં કહ્યું,

''જો ભાઈ, આપણું એક લોહી રહ્યું. તને હું સમજાવી શકું, ક્યારેક વઢી ય શકું. પણ નિહારિકામાં કોકિલાનું લોહી છે અને હવે તો મા-દીકરી બંને સામા પક્ષે જઈને બેઠા છે. તને જે ન ગણકારે એ મારી વાત ક્યાંથી માનવાના? હવે આ ઉંમરે જેવું-તેવું સાંભળવાની મારી કોઈ તૈયારી નથી. મારાથી બનતું બધું મેં કર્યું જ છે. હજીયે તારી કોઈ વાત હશે તો કરીશ, પણ હવે તારા પરિવારની બાબતમાં મને ન કહેતો. બહુ-બહુ તો હું સલાહ-સૂચન આપી શકીશ. બાકી જે કરવાનું હોય એ તારે જ કરવું પડશે.''

ક્ષણમાત્ર માટે રમણના ચહેરા પર ઝળકેલો ધૂંધવાટ અલકાની આ વાતથી

સાવ અદ્રશ્ય થઈ ગયો. એનું સ્થાન નિઃસહાયતાએ લઈ લીધું. એની આંખો ઢળી ગઈ અને ચહેરા પર ચિંતા છવાઇ ગઈ. પરિસ્થિતિનો સ્વીકાર કરવાની ઢબે નિમાણા સ્વરે એણે પૂછ્યું,

''જો રસીલા નિહારિકાને ન મનાવી શકે, તો આ પરિસ્થિતિના ઉકેલ માટે તારું શું સૂચન હશે?''

એક ઊંડો શ્વાસ લઈને અલકાએ જવાબ આપ્યો,

''જો ભાઈ, માઠું ન લગાડતો. હવે પરિસ્થિતિ તારા કાબૂમાંય નથી રહી. હું તો કહીશ કે આપણા પરિવારના હાથમાંય નથી રહી. હવે કોઈ સામાજિક સંસ્થા વચ્ચે પડે તો જ કંઈ થાય. તું એક વાર રસીલાબેનથી વાત કરી જો. પછી જોઈએ.''

અલકાને ત્યાંથી રમણ નીકળતો હતો ત્યાં જ પરિનીનો ફોન આવ્યો. અલકાએ પછી ફોન કરવાનું કહીને ફોન મૂકી દીધો. ઘરે પાછા ફરતી વખતે રમણને પરિની પાસે મદદ માંગવાનો વિચાર આવ્યો. નિહારિકા પરિનીની વાત માનતી હતી એ પહેલાં કેમ યાદ ન આવ્યું એવો ખ્યાલ પણ એના મનમાં ઝબકી ગયો. ઘરે પહોંચીને, બેડરૂમનું બારણું બંધ કરીને રમણે એના મોબાઇલ પરથી પરિનીને ફોન લગાડ્યો.

મોબાઇલની સ્ક્રીન પર રમણનો મોબાઇલ નંબર જોઈ પરિની સમજી ગઈ કે વાત શી હતી. થોડી વાર પહેલાં જ અલકાએ એને ફોન પર એની રમણ સાથે થયેલી વાતચીત જણાવી હતી. પરિની પણ એ જ મતની હતી કે હવે આમાં અલકા કે એના પરિવારે પડવા જેવું જ નહોતું.

પરિનીને એક બીજો ભય પણ દેખાતો હતો. જો કોઈ નિહારિકાને મનાવવામાં સફળ થાય, નિહારિકા હૉસ્પિટલમાં જાય અને સારી થઈ જાય પછી નેહુલ કે રમણ એને ઘરમાં પાછી લેવાનો ઇનકાર કરી દે, તો નિહારિકા ક્યાં જાય? પછી એને કોણ રાખે? અને આવું કંઈ થાય તો એને બેઘર કરવાનું આળ એને હૉસ્પિટલ જવા સમજાવનારી વ્યક્તિ પર જ આવે. જિંદગીભર આવો માનસિક બોજ ઉઠાવવાની પરિનીની તૈયારી નહોતી.

રમણે એને આખી વાત કરી અને એની મદદ માંગી ત્યારે પરિનીએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું,

''મામા, તમારા ગયા પછી મમ્મીએ મને ફોન કરેલો. આ બધી જ વાત એણે મને કરી. એણે તમને કરેલું સૂચન પણ મને જણાવ્યું. મને લાગે છે કે એની વાત સાચી છે. આ પરિસ્થિતિ આપણા પરિવારના કાબૂની બહાર છે. હું કે મમ્મી આમાં કંઇ કરી શકીએ એવું મને નથી લાગતું.''

''તો પછી તું કોઈ સંસ્થાને મળીને મારી પરિસ્થિતિ સમજાવે તો? તને તો આવી બધી બહુ ખબર હોય છે.''

એના ખભા પર રાખીને બંદૂક ફોડવાની રમણની માનસિકતા પરિનીને તરત સમજાઈ ગઈ. કશું પણ ઊંધું વેતરાય, તો એની જવાબદારી લેવાની રમણની તૈયારી નહોતી, એ બાબત પણ પરિનીના ધ્યાનમાં આવી. એણે તરત કહી દીધું,

''જુઓ મામા, હું સંસ્થા શોધી આપું. પણ એને તમારી પરિસ્થિતિની રજૂઆત તમારે પોતે જ કરવી પડે. એમ મારા જેવી ત્રાહિત વ્યક્તિની વાત એ લોકો

ન માને. હું બે-ત્રણ દિવસમાં આવી કોઈ સંસ્થા શોધી રાખીશ. તમારા મિત્રો-પરિચિતોમાં કોઈને આવી કોઈ સંસ્થા વિશે જાણ હોય, તો તમે પૂછી જુઓ. જો કોઈની ઓળખાણ હોય, તો આવા કામ જલ્દી થાય. એ દરમિયાન રસીલાબેન કોશિશ કરી જુએ. જોઈએ શું થાય છે તે.''

``જોઈએ.'' કહેતાં હળવો નિઃશ્વાસ નાખી રમણે ફોન કટ કર્યો.

ધાર્યા મુજબ જ રસીલાબેન નિહારિકા કે કોકિલા કોઈનેય સારવાર માટે મનાવી ન શક્યા. ઉલટું નિહારિકાની ધાંધલ-ધમાલ વધી ગઈ. જેટલી વાર રમણ કે નેહુલ સાથે એની નજરો મળતી, એટલી વાર એની આંખોમાં એમને ખુલ્લી ધમકી વંચાતી.

``જોઉં છું, કઈ રીતે તમે મને આ ઘરની બહાર ધકેલો છો.''

પરિનીના સૂચન પર વિચાર કરતાં રમણને વિમળાફોઈનો દીકરો રમેશ યાદ આવ્યો. એ બોરીવલીમાં જ રહેતો હતો. એક દિવસ ન્યાતના કોઈ લગ્નપ્રસંગે બંને જોડે બેઠા હતા, તે વખતે એણે વર્ણવેલો એક પ્રસંગ રમણને યાદ આવી ગયો.



પ્રકરણ 41

‘‘શો જમાનો આવ્યો છે ! આજના જમાનામાં કેવી કેવી જોડી ભગવાન મેળવતો હોય છે !’’

સ્ટેજ પર ઉભેલા દંપતિ તરફ જોઈને રમેશ બોલ્યો.

‘‘કેમ? શું થયું? આ લગ્નમાં કોઈ પ્રોબ્લેમ છે?’’

રમણે ઉત્સુકતાથી પૂછ્યું.

‘‘ના, ના. આમાં કોઈ પ્રોબ્લેમ નથી. આ તો વરઘોડિયાને જોઈને મને ગઈ કાલે અમારી સોસાયટીમાં થયેલી ધમાલ યાદ આવી ગઈ. વાત પોલીસ સુધી પહોંચી ગયેલી.’’

‘‘કેમ શું થયેલું?’’

‘‘‘પતિ-પત્નીના ઝઘડામાં પોલીસ બોલાવવી પડેલી. આપણા જમાનામાં પતિ-પત્ની ઝઘડે, તો પાડોશી સમજાવીને છૂટા પાડતા.

‘‘બરાબર છે.’’ રમણે ટાપશી પુરાવતાં કહ્યું.

‘‘ગઈ કાલે પાડોશી વચ્ચે પડવા ગયા તો એમનેય ખાવી પડી. પછી પોલીસ આવી ત્યારે બધું થાળે પડ્યું.’’

રમેશની વાતમાં રમણને રસ પડ્યો. વધારે જાણકારી મેળવવાની ઉત્સુકતા સાથે એણે પૂછ્યું,

‘‘માંડીને વાત કરને. આમ ઉપલક બોલે એમાં શી સમજ પડે !’’

‘‘અરે, છએક મહિના પહેલાં એ કપલ અમારી સોસાયટીમાં રહેવા આવ્યું હતું. વર પાંત્રીસેકનો છે ને વહુ બત્રીસેકની.’’

‘‘બરાબર.’’

‘‘તો ગઈ કાલે બેય જણ વચ્ચે ઝઘડો થયો. વાત હાથાપાઈ પર પહોંચી ગઈ.’’

‘‘અરે બાપ રે! ધણીએ બહુ માર્યું, એમ?’’

‘‘ના, ના’’ રમેશ હસતાં-હસતાં બોલ્યો,

‘‘બૈરીએ ધણીનું માથું ફાડી નાખ્યું.’’

‘‘હેં !’’ રમણને માનવામાં ન આવ્યું. થોડી વારે સીન સમજાયો એટલે એ પણ હસી પડ્યો,

‘‘ઘોર કળજુગ, બાપા ઘોર કળજુગ !!’’

‘‘હાસ્તો, કળિયુગ જ વળી. બેય જોરજોરથી ઝઘડતા હતા ને બારણું ઉઘાડું હતું તે પાડોશીએ ડોકિયું કર્યું. પેલી બાઈ એના ધણીનો કોલર પકડીને એને ધમકાવતી હતી. પાડોશણ એને સમજાવવા ગઈ તો એને ધક્કે ચડાવી અને એના વાળ ખેંચીને ધમકાવવા માંડી. બાઈનો ધણી પેલી પાડોશણને બચાવવા ગયો તો એને ગમે તેમ બોલવા લાગી અને પાસે પડેલું ફ્લાવરવાઝ એના માથા પર મારી દીધું. પેલો માણસ તો માથું પકડીને એક બાજુ બેસી ગયો. પેલી બાઈ વાઝ હાથમાં જ પકડી રાખીને દરવાજા પાસે ઊભેલા બધાને ધમકાવતી રહી કે ખબરદાર જો કોઈએ એના ધણીની કોઈ જાતની મદદ કરી છે તો.’’

''બાપ રે ! પછી?''

''પછી શું? આ બધું ચાલતું'તું ત્યારે જ કોઈ મને બોલાવવા આવ્યું. હું સોસાયટીનો સેક્રેટરી ખરો ને ! પછી મેં તરત પોલીસ બોલાવી. પુરુષ માણસ કંઈ કરતો હોય, તો ચાર જણ મળીને ઠમઠોરી નાખીએ. પણ આ રહ્યું બાઇ માણસ. કાયદા બધા એમના તરફી. કંઈ કરવા જઈએ ને ખોટા આરોપ લાગી જાય તો ઉલમાંથી ચૂલમાં પડવા જેવું થાય.''

રમેશે બળાપો કાઢ્યો.

''સાચી વાત છે. પારકી પળોજણમાં પડવાનો જમાનો જ નથી રહ્યો. પછી પોલીસે શું કર્યું?

''બંનેને થાણે લઈ ગઈ. ત્યાં જે થયું હોય તે. હવે પેલીનો વર કશે બીજે રહેવા જતો રહ્યો છે. બાઇ એકલી રહે છે ને રોજ કોઈની ને કોઈની જોડે બાઝે છે.''

''આ તો એવું થયું કે લડ નહીં તો લડવાવાળો દે.''

''એવો ત્રાસ થઈ ગયો છે. હવે સોસાયટીએ એને ઘર ખાલી કરવાની નોટીસ આપી છે.''

રમેશે કિસ્સાની પૂર્ણાહૂતિ કરતાં કહ્યું.

''તે એમ એ લોકો નીકળશે ખરા?''

રમણને આ કિસ્સામાં ખાસ રસ પડ્યો હતો. રમેશ જ્યારે પેલા બહેનની વર્તણૂક વિશે વાત કરતો હતો, ત્યારે વારંવાર રમણને નિહારિકાની વર્તણૂક યાદ આવી જતી હતી. એમની સોસાયટીના લોકોય નિહારિકાથી કંટાળ્યા હતા. એ જાણવા માંગતો હતો કે આવા લોકો સામે સોસાયટી કયા પગલાં લઈ શકે.

''જોઈએ. રેન્ટલ ફ્લેટ છે એટલે વાંધો નહીં આવે. પેલી બાઇના હસબન્ડને કીધું તો એણે હાથ ઊંચા કરી દીધા. એનું કહેવું છે કે એણે ત્રણ વરસનું એડવાન્સ ભાડુ ભરી દીધું છે. એ આમાં કંઈ ન કરી શકે. જે કરવું હોય તે સોસાયટી જ કરે. એ પણ પોલીસ અને કાયદાની પળોજણથી દૂર રહેવા માંગે છે. એણે ડિવોર્સ કેસ ફાઇલ કરી નાખ્યો છે. નીવેડો ન આવે ત્યાં સુધી એને પત્ની સાથે કોઈ સંપર્ક રાખવો નથી.''

''આવું પણ હોય?'' રમણને નવાઈ લાગી.

''આવું ય હોય. કામવાળી બાઈઓ વાતો કરતી'તી કે થોડા દિવસ પહેલાં એ બાઈએ ઘરનું ટીવી તોડી નાખેલું. કેટલો મોટો ધડાકો થયેલો ! પ્રોબ્લેમ શો હતો? તો કહે વર બે કલાકથી મેચ જોતો'તો. લોકો એવું ય બોલે છે કે બે-ત્રણ વાર એણે એના ધણીને રાત્રે ઘરમાંથી બહાર કાઢી મૂકેલો. પેલો બિચારો માવતરે જતો રહેલો.''

''હા, હા, હા, બોલો, હવે તો પુરુષોય માવતરે જાય છે !''

રમણે હસતાં-હસતાં કહ્યું અને પૂછ્યું,

''તો હવે તમે લોકો શું કરશો?''

''જોઈએ. એક સંસ્થા જોડે વાતચીત ચાલે છે. જો પેલા બેનનો ઉપાડો બહુ વધશે, તો સંસ્થા એને કાઢવામાં મદદ કરશે. એવું ય સંભળાય છે કે એમની માનસિક સ્થિતિ ઠીક નથી. સાઇકિયાટ્રિસ્ટની ટ્રીટમેન્ટ ચાલુ છે. આવા લોકોને

સમાજમાં ખુલ્લા કેમ છોડતાં હશે? મેન્ટલ અસાયલમમાં કેમ નહીં મોકલતા હોય?''

૦૦૦

રમેશના છેલ્લા શબ્દો આજે ય રમણને બરાબર યાદ હતા. તે વખતે આખો કિસ્સો સાંભળ્યા પછી એના મનને ધરપત થયેલી કે એનો ફ્લેટ એની પોતાની માલિકીનો હતો. એટલે કોઈ એમને જબરદસ્તીથી કાઢી શકે એમ નહોતું.

રમેશે પહેલાં આવી પરિસ્થિતિ સંભાળી છે તો એની તરફથી કંઈક મદદ મળી રહેશે એવો વિચાર કરીને રમણે રમેશને ફોન લગાડ્યો. બંનેએ બીજે દિવસે રાત્રે નવ વાગ્યે સ્ટેશન પાસેની ઉડિપીમાં મળવાનું ગોઠવ્યું.

૦૦૦

બીજે દિવસે રાત્રે નવ વાગ્યે રમેશ રમણને મળવા 'શક્તિ વિહાર' પહોંચ્યો. રમણ પોણા-નવ વાગ્યે જ પહોંચી ગયેલો.

“કેમ છો, રમણભાઈ ? મેં બહુ રાહ જોવડાવી ?”

હાથમાંની ગાડીની ચાવી અને મોબાઇલ ટેબલ પર મૂકી રમેશ રમણની સામેની ખુરશી પર ગોઠવાયો.

“હેં હેં” ખસિયાણું હસતાં રમણે જવાબ આપ્યો,

“ના, ના, આ તો હું જ થોડો વહેલો આવી ગયેલો. અમારે નવરા માણસને શું હોય ? ઘેર બેઠા કે અહીં બેઠા, બધું એકનું એક. તું કેમ છે ? કેવા ચાલે ધંધા-પાણી ?”

“બસ, મજા છે જુઓ. હવે રાહુલ ઑફિસે આવવા માંડ્યો છે, એટલે મારે થોડી રાહત રહે છે. તમે કહો. પણ એક મિનિટ. ઘરે મળવાને બદલે તમે મને અહીં મળવા કેમ બોલાવ્યો ?”

એક નજર રમેશના મૂંઝવણ ભરેલા ચહેરા પર ફેરવી, નીચું જોઈ હળવેથી રમણ બોલ્યો,

“વાત જ કંઈક એવી હતી. ઘરે બધા હોય તો આપણને એકાંત ન મળે.”

રમેશ સમજ્યો કે રમણનો ઈશારો અવંતિકા તરફ હતો. એને એ પણ ખ્યાલ આવ્યો કે ખરેખર કોઈક ગંભીર બાબત પર રમણ ચર્ચા કરવા ઈચ્છતો હતો. ઘરે બધાની સામે ન કહી શકાય એવી કોઈક વાત હતી.

“આપણી વાત શરૂ કરીએ એની પહેલા ખાવાનું ઑર્ડર કરી દઈએ.”

કહેતાં રમેશે ક્યારના એમની તરફ તાકી રહેલા વેઈટરને ઈશારો કરીને નજીક બોલાવ્યો. અને રમણને પૂછ્યું,

“બોલો, શું લેશો ? ઈડલી-ઢોંસા ? કૉફી ?”

“ના, ના. હું જમીને આવ્યો છું. રાતના કૉફી પીશ તો ઊંઘ બગડશે.” રમણ ઉતાવળે બોલ્યો.

“એમ તો હું પણ જમીને જ આવ્યો છું. તો ચાલો, આપણે ફાલુદા

મંગાવીએ. અહીંના રોયલ ફાલુદા વખણાય છે."

રમણે ડોકું હલાવીને સંમિત આપી એટલે રમેશે બે ફાલુદાનો ઑર્ડર આપીને વેઇટરને રવાના કર્યો.

"હવે બોલો, શી વાત હતી ?"

રમેશના સવાલના જવાબમાં રમણે હળવે રહીને એક કાગળ એના હાથમાં થમાવી દીધો. કાગળની ગડી ખોલતા-ખોલતા રમેશે પ્રશ્નાર્થ નજરે રમણ તરફ જોયું,

"તું આ વાંચ. પછી આપણે વાત કરીએ."

રમેશે કાગળ વાંચવા માંડ્યો. જેમ-જેમ એ વાંચતો ગયો તેમ તેમ એના કપાળ પરના સળ વધતા ગયા.

કાગળમાં રમણે એની વર્તમાન પરિસ્થિતિનો પૂરેપૂરો ચિતાર આપ્યો હતો. રમેશ કાગળ વાંચવામાં એટલો ખોવાઈ ગયેલો કે વેઇટર ફાલુદા મૂકી ગયો એના પર પણ એનું ધ્યાન નહોતું પડ્યું. આખો કાગળ વંચાઈ ગયા પછી ગંભીર ચહેરે રમણ સામે તાકતા એ બોલ્યો,

"આટલું બધું થઈ ગયું અને તમે હવે મને કહો છો ! મને ખબર નહીં કે તમારી પરિસ્થિતિ આટલી હદે વણસી છે. આ તો નિહારિકા અને અવંતિકાને બહુ જામતું નથી એટલે અમે તમારા ઘરે આવવાનું ઓછું કરી નાખ્યું છે. જોકે હવે સમય પણ નથી મળતો. બાના ગયા પછી તો તમેય નથી આવતા. આ રીતે થોડું જીવાય ?"

"એ જ તો હું કહું છું. હવે હું એકલો આમાં કંઇ કરી શકું એમ નથી. અલકાએ પણ હાથ ઊંચા કરી નાખ્યા છે. એનાથી બનતું બધું એણે કર્યું. હવે એ બિચારીય શું કરે ?"

રમણે હૈયાવરાળ ઠાલવી.

"તો હવે મારે આમાં શું કરવાનું છે ?"

"જો, તું નિહારિકાને સમજાવે એવું તો હું નથી જ કહેવાનો. મને ખબર છે કે તમારા પરિવારના નામથીય એ કતરાય છે. પણ તું પેલા દિવસે કોઈક સંસ્થાની વાત કરતો હતો ને ?"

"કયા દિવસે ? કઈ સંસ્થા ?"

રમેશે યાદ કરવાનો પ્રયત્ન કર્યો, પણ એને કંઈ યાદ ન આવ્યું.

"અરે પેલા તમારા બિલ્ડિંગમાં કોઈ બેન ધમાલ મચાવતા હતા અને એને તમે ફ્લેટ ખાલી કરાવવાના હતા."

"હં... હં..."

"તો ભાઈ, પ્લીઝ તું મારું એક કામ કર ને. પેલી સંસ્થાને મારો આ લેટર પહોંચાડીને એમને મારી મદદ કરવા વિનંતી કરને. તને આ બાબતનો અનુભવ છે એટલે તારી મદદ માંગું છું. ના ન પાડતો."

રમણની વાત પર રમેશ થોડી વાર વિચાર કરી રહ્યો, પછી મનોમન કંઈક નિર્ણય કરીને મક્કમ સ્વરે એ બોલ્યો,

"જુઓ રમણભાઈ, એમ કાગળ પહોંચાડે નહીં ચાલે. તમારે મારી જોડે એ સંસ્થામાં આવવું પડે. ત્યાંના અધિકારી બહેનને મળીને તમારી પરિસ્થિતિ

સમજાવવી પડે. એમ હું જઈને કાગળ આપી આવું તો એ લોકો તરત પગલાં ન લે. એમની રીતે બધી તપાસ કરાવે અને પછી વિચાર કરે. જો તમે જાતે જઈને મદદ માંગો તો કામ જલદી થાય."

"હું ન આવું તો ન ચાલો ?"

રમણ હજીયે પોતાના હાથમાં બંદૂક ઝાલીને ફોડવા નહોતો માગતો.

"ના, ન ચાલે. મેં બિલ્ડિંગના સેક્રેટરી તરીકે પેલા બહેનની ફરિયાદ કરેલી એ પછી મહિના સુધી એ લોકોએ જાત-જાતની તપાસ કરેલી. એ પછી અમને મદદ કરવા હામી ભરેલી. તમારા કેસમાં તમે પોતે પીડિત છો એટલે કદાચ જલદી એક્શન લે."

"અચ્છા." કહેતો રમણ વિચારમાં ને વિચારમાં ફાલુદા ખાતો રહ્યો.

"બીજી એક વાત," કહેતા રમેશે રમણના વિચારોમાં ગાબડું પડ્યું.

"એ સંસ્થાવાળા આવશે તો સાથે પોલીસનેય લેતાં આવશે. જે કરશે એ બધું કાયદાની રૂએ કરશે. અને પોલીસ આવશે તો કદાચ પત્રકારોય આવે. એવું ય બને કે છાપામાં નાનકડા ન્યૂઝ છપાય. એ તમને ચાલશે ?"

"હેં ! છાપામાં છપાય ? ના, ના. તો તો આપણા પરિવારની ઇજ્જતના ધજાગરા થાય. આપણું નામ ખરાબ ન થાય એટલા માટે તો અમે નિહારિકાને બહાર નથી કાઢતા. ક્યાંક આવેશમાં આવીને કોઈ બહારની વ્યક્તિને નુકસાન ન પહોંચાડે એ ખાતર તો કોકિલા બધો વખત એને લઈને ઘરમાં જ બેસી રહે છે. બહારનાં બધાં કામોની જવાબદારી મારે માથે છે. એકદમ અંગત સગાંને ત્યાં પ્રસંગ હોય તો કોકિલાની મોટી બહેન થોડી વાર ઘરે બેસે છે. બાકી નિહારિકા ક્યાંય બહાર જતી જ નથી. આ તો મુશ્કેલી થઈ જાય. કાલે મારે નેહુલના લગ્ન કરાવવા હોય ત્યાંય આ વાત નડે."

રમણ એકી શ્વાસે બોલી ગયો.

"સંસ્થાની પ્રોસિજર તો આવી જ હોય." હાથ સહેજ ઊંચા કરીને રમેશ બોલ્યો,

"ફાઈનલી શું કરવું છે એનો તમે વિચાર કરી લો. બે-ત્રણ દિવસમાં મને ફોન કરજો. પછી આપણે આગળ શું કરવું એ નક્કી કરી લઈએ. આ લો તમારો કાગળ." કહેતાં રમેશે રમણના હાથમાં કાગળ પાછો આપ્યો.

"ક્યાંક અવંતિકાના હાથે ચડી જશે તો રામાયણ વચ્ચે મહાભારત છેડાઈ જશે."

રમેશે લંબાવેલો કાગળ લઈને રમણે ખિસ્સામાં મૂક્યો. ઘડિયાળ સામે જોઈને રમેશે વેઇટરને બિલ લાવવાનો ઇશારો કર્યો. બિલ ચૂકવીને બંને છૂટા પડ્યાં, ત્યારે રમણ પહેલાં કરતાં વધારે દુઃખી જણાતો હતો, શું એની મુશ્કેલીઓનો કોઈ જ અંત નહોતો ?



પ્રકરણ 42

રાત્રે પથારીમાં પડખાં ઘસતા રમણ રમેશની વાત પર વિચાર કરતો રહ્યો. કોઇ દિવસ પોલીસ સ્ટેશનના પગથિયાં ન ચડેલા રમણને ઘરે પોલીસ આવવાના વિચારમાત્રથી ધ્રુજારી છૂટી રહી હતી. માંડ માંડ મળેલી આંખ વચ્ચે અર્ધતન્દ્રાવસ્થામાં રમણે એક સપનું જોયું. એ માર્કેટમાં શાક લેતો ઉભો હતો. એની બાજુમાંથી પસાર થનાર દરેક વ્યક્તિ એને વિચિત્ર નજરોથી તાકી રહી હતી. અચાનક ક્યાંકથી હાથમાં શાકની થેલી સાથે અવંતિકા પ્રગટ થઇ. ભર બજારે હાથ લાંબા-ટૂંકા કરતી એ જોર-જોરથી રમણને સંભળાવી રહી હતી,

"આખરે ગઇને તમારી દીકરી પાગલખાને! હું તો પહેલેથી કહેતી'તી કે આ છોકરી કુળનું નામ બોળશે. આખરે ઘર આંગણે પોલીસ લાવીને જ છુટકારો કર્યો. ગામ આખામાં ધજાગરો કર્યો.

અવંતિકાનો શોર-બકોર સાંભળીને તેમની આજુબાજુ લોકો ભેગા થવા માંડ્યા. રમણ તરફ આંગળી ચીંધી, સવારના છાપાંમાં છપાયેલ નિહારિકાના સમાચાર વિશે ગુસપુસ કરતો એમનો અવાજ ધીમે-ધીમે મોટો થતો ગયો. એ કોલાહલ એટલો વધી ગયો કે અવાજથી રમણના કાન ફાટવા માંડ્યા.

"ના....ના....ના...."

કરતો કાન પર હથેળીઓ દબાવતો રમણ પથારીમાં બેઠો થઇ ગયો. એક આંચકા સાથે એની આંખો ખુલી ગઇ. પળભર એને સમજાયું જ નહીં કે એ ક્યાં હતો અને શું થઇ રહ્યું હતું. બાઘાની જેમ ચોતરફ ચકળવકળ જોતા એને ધીમે ધીમે ખ્યાલ આવ્યો કે એણે એક ભયાનક દુઃસ્વપ્ન જોયું હતું.

રમણના ભીરુ સ્વભાવે એની થોડી-ઘણી એકઠી થયેલી હિંમત પર પાણી ફેરવી દીધું હતું. રમેશે કરેલી પોલીસ અને પત્રકારોની વાતે એના સંસ્થાની મદદ લેવાના વિચારને ડગમગાવી દીધો હતો. આ બધી સામાજિક વિટંબણાઓનો સામનો કરવાની હિંમત નેહુલમાંય નહોતી. કોકિલા તો આ બધાથી સાવ જ બેખબર હતી. આખરે ફરી એક વાર રમણની જિંદગી એ જ જૂની ઘરેડમાં ગોઠવાઈ ગઈ.

ooo

સવાર-સવારમાં વાગેલી મોબાઇલની રિંગે પરિનીને અકળાવી. અજય નાસ્તા માટે ડાઇનિંગ ટેબલ પર ગોઠવાઇ ચૂક્યો હતો. એક બાજુ એના માટે ચા મૂકી, બીજા ચૂલા પર પરિની અજયના ડબ્બામાં ભરવા માટેની રોટલીઓ તૈયાર કરી રહી હતી. એણે રસોડામાં રહ્યે રહ્યે બૂમ મારી.

“અજય... પ્લીઝ મારો ફોન લે ને. ડાઇનિંગ ટેબલ પર જ પડ્યો હશે. અત્યારે સાડા-આઠ વાગ્યામાં કોને મારું કામ પડ્યું ? સ્કૂલમાંથી તો નથી ને ? દેવ કંઈ લઈ જવાનું ભૂલી ગયો હશે, તો પંચાત.”

હાથમાંનું છાપું બાજુ પર મૂકી અજયે પરિનીનો મોબાઇલ હાથમાં લીધો. સ્ક્રીન પર સનતના ઘરનો નંબર ફ્લેશ થતો હતો. અજયે ફોન ઉપાડ્યો. સામે કોઇ

અજાણ્યો મહિલા સ્વર બોલી રહ્યો હતો,

"હલો... હું ડૉ. કવિતા સૂરી બોલું છું. પરિનીનાં મમ્મીને ત્યાંથી."

"હું અજય.... પરિનીનો હસબન્ડ."

"ઓહ, અજયભાઈ ! સારું થયું તમે ફોન ઉપાડ્યો..."

ફોન પરની વાત સાંભળતાં-સાંભળતાં અજય ગંભીર થઈ ગયો. ફોન પત્યો એટલે એણે પરિનીને હાક મારી "પરિની... ડબો ભરવાનો રહેવા દે. અને તું તૈયાર થઈ જા." રસોડામાં ઊભા-ઊભા ડબ્બાનું ઢાંકણ ખોલતી પરિનીના હાથ થંભી ગયા. હાથમાં ડબ્બા સાથે જ એ બહાર આવી.

"કેમ ? શું થયું ? કોનો ફોન હતો ?"

"તમારા પાડોશી કવિતાબેનનો ફોન હતો. તારી મમ્મીની તબિયત બગડી છે. અરજન્ટ આપણને બંનેને બોલાવ્યા છે."

અજયે ગંભીરતાથી કહ્યું. એક તો સવારના પહોરમાં ફોન અને ઉપરથી અજયનો ગંભીર સ્વર – એ બંનેથી પરિનીના પેટમાં ફડકો પડ્યો. ડાઈનિંગ ચેર પર બેસી પડતાં એણે પૂછ્યું,

"શું થયું છે મમ્મીને ? પપ્પા સાથે વાત થઈ ? કદાચ એ મૂંઝાઈ ગયા હશે ?"

"હા, એવું જ લાગે છે. તું જલદી તૈયાર થઈ જા. હું ઑફિસે ફોન કરી દઉં."

"હા, હા. કદાચ હૉસ્પિટલ લઈ જવા પડે, તો વાર લાગી જાય."

એમ બબડતી પરિની તૈયાર થવા ગઈ.

૦૦૦

પાર્લાના સનતના ફ્લેટનું બારણું ઉઘાડું જોઈ પરિનીને ધ્રાસ્કો પડ્યો. ત્રણ-ચાર પાડોશીઓ હૉલમાં ગંભીર ચહેરે ઊભા-ઊભા ધીમે સાદે વાતો કરી રહ્યા હતા. અજય અને પરિનીને આવેલા જોઈ એમણે ખસીને અંદર જવાની જગ્યા કરી આપી. એક ભાઈએ બેડરૂમમાં જવા ઈશારો કર્યો. બેડરૂમમાં પ્રવેશેલી પરિનીની નજર પલંગ પર આંખો મીંચીને સૂતેલી અલકા પર પડી. એની બાજુમાં સનત નીચે મોંએ ચૂપચાપ બેઠો હતો. પરિનીને આવેલી જોઈને એની આંખોમાં વ્યથાનો સાગર ઉમટી આવ્યો. ડૉ. જોષી પાસે રાખેલી ખુરશી પર બેસી, બેગ ખોળામાં રાખી, કાગળ પર કશુંક લખી રહ્યા હતા. ડૉ. કવિતા સૂરીએ આગળ આવીને પરિનીનો હાથ ઝાલ્યો અને એને અલકા પાસે લઈ ગયા. એમણે હળવે સાદે કહ્યું,

"શી ઈઝ નો મોર. રાત્રે ઊંઘમાં જ હાર્ટ-એટેક આવી ગયો લાગે છે."

સાંભળતા જ પરિનીની આંખોથી આંસુની ધાર વહી નીકળી. એ ધબ્બ દઈને પલંગ પર ફસડાઈ પડી. અજયે એનો ખભો દાબી એને સાંત્વન આપ્યું. થોડી ક્ષણો સુધી ત્યાં ચૂપચાપ ઊભા રહીને પછી એ બહાર નીકળ્યો અને આગળની વ્યવસ્થામાં પરોવાયો.

સગા-સંબંધીઓની વચ્ચે બેઠો-બેઠો રમણ રડતી આંખે અલકાની યાદો વાગોળી રહ્યો હતો. 'બા પણ આમ ઓચિંતી જ જતી રહેલી' – એ વાક્ય વારંવાર એના મોંએથી નીકળતું રહેતું. એનો એક માત્ર સહારો એની બહેન જતી રહેવાનો આઘાત એના સમગ્ર અસ્તિત્વ પર છવાયો હતો. કોકિલાએ એક-બે વાર એને

આશ્વાસન આપવાના પ્રયત્નો કર્યા હતા. જો કે એના વર્તન પરથી સ્પષ્ટ કળાતું હતું કે અલકાના જવાથી એને ખાસ ફેર નહોતો પડ્યો. કદાચ એ એના પિયરિયાની વધારે નજીક હતી. હંમેશ મુજબ પોતાની આસપાસ ઘટતી ઘટનાઓથી અલિપ્ત રહેવા ટેવાયેલો નેહુલ એ દિવસેય રમણની બાજુમાં બેઠો-બેઠો એની વાતો સાંભળી રહ્યો હતો. નિહારિકા નહોતી આવી.

અલકાની વિદાય પછી સનતે આકાશના પરિવાર સાથે તારાપુર રહેવાનું મન બનાવી લીધું હતું. આમેય ઈન્ટરનેટના વધતા વ્યાપ અને નેટ બેન્કિંગ શરુ થયા બાદ એમની મુંબઈ ઑફિસ ખાતે ખાસ કામ રહેતું નહોતું. સનત માત્ર સમય પસાર કરવા અને મુંબઈની માર્કેટ અને અહીંના વેપારીઓ સાથે સંપર્ક જાળવી રાખવાના હેતુથી સાંજે ચાર-પાંચ કલાક માટે ઑફિસ જતો. હવે એણે તારાપુરમાં આકાશના બાળકો સાથે ઘેર જ સમય વિતાવવાનું નક્કી કર્યું.

અલકાના જવાથી પરિની માટેય મુંબઈનું પિયરનું ઘર લગભગ બંધ થયું. તેરમાના દિવસે જમણ પત્યા બાદ રમણે પરિનીની વિદાય લેતા કહ્યું,

"જો બેટા, મમ્મી ગઈ, પણ હજુ આ મામો બેઠો છે હં. એમ ના સમજતી કે મુંબઈમાં તારા પિયરિયાં નથી. મોસાળુંય પિયર જ કહેવાય. થોડા થોડા દિવસે આવતી રહીશ તો મારુંય મન ભરેલું રહેશે. કુદરત આગળ કોઈનું ક્યાં કંઈ ચાલ્યું છે. બાકી મોટો ભાઈ આમ બેઠો હોય અને નાની બહેન જતી રહે એવું બને?"

તે વખતે રમણની હા માં હા ભેળવતા ડોકું હલાવી રહેલી પરિની બરાબર સમજતી હતી કે રમણ ભલે કહેતો હોય પણ એના ઘરે જવું હવે પરીની માટે વધુ અઘરું હતું. પહેલાં તો અલકા મારફત એને રમણના સમાચાર મળતા રહેતા અને પરિસ્થિતિ અનુસાર તે રમણને એની મુશ્કેલીઓમાંથી માર્ગ શોધવામાં મદદ કરતી રહેતી. હવે અલકાના જવાથી રમણ ઘણો નબળો પડ્યો હતો. પોતાની અંગત વાતો જેને કહી શકાય એવું એકેય જણ એની પાસે રહ્યું નહોતું. પહેલા કોકિલાને થોડી ઘણીય અલકાની આંખની શરમ રહેતી. પોતે વધુ ઉપાડા લેશે તો અલકા એના ભાઈનું ઉપરાણું ખેંચતી એની પાસે જવાબ લેવા આવશે એ બાબતનો એને છાનો ડર હતો. હવે એને અને નિહારિકાને છુટ્ટો દોર મળી જવાનો હતો. રમણ પાસે હવે આ બધું સહન કરવા સિવાય કોઈ છૂટકો નહોતો. આવા બધા વિચારોમાં ખોવાયેલી નિહારિકાનું હૃદય ભરાઈ આવ્યું અને એની આંખોથી આંસુ ટપકી પડ્યા.

પરિની પોતાની મમ્મીને યાદ કરીને રડી રહી છે એવું ધારી કોકિલા આગળ આવી પરિનીના ખભે હાથ મૂકતા બોલી,

"બહેન જાનારાને કોણ રોકી શક્યું છે. આ ઘરની મોટી દીકરી તરીકે તારે તો મન મક્કમ રાખવું જ પડશે. ચાલ, હવે અમે રજા લઈએ. અમારે લાયક કંઈ કામકાજ હોય તો કહેવડાવજે. "

કહેતી સાચા-ખોટા આંસુ લુછવાનો પ્રયાસ કરતી, આંખો પર રૂમાલ દાબતી કોકિલા રમણને અલકાના ઘરની બહાર દોરી ગઈ.

થોડા દિવસોમાં જ સનત તારાપુર જતો રહ્યો. પાર્લાનું ઘર પરિનીએ સમેટીને બંધ કરી નાખ્યું. મુંબઈ ઑફિસ ભાડે આપી દેવાનું નક્કી થયું. રમણ માટે પગ

મુકવાની એક જગ્યા ઓછી થઇ.

૦૦૦

રવિવારે સવારે સાડા-આઠ વાગ્યે લેચ-કીથી દરવાજો ખોલીને નેહુલ ઘરમાં પ્રવેશ્યો. ઘરમાં પથરાયેલો સન્નાટો એને અજબ જેવો લાગ્યો. એણે હૉલમાં નજર ફેરવી. નિહારિકા એની સેટી પર ઊંઘતી હતી. રમણના બેડરૂમનું બારણું બંધ હતું. એ વિચારી રહ્યો કે આજે ઘરમાં શું જુદું હતું. આટલી શાંતિ કેમ હતી? સહસા એને ખ્યાલ આવ્યો કે રસોડામાંથી કોકિલાનો વાસણોનો ખખડાટ નહોતો સંભળાઈ રહ્યો. કોકિલા હૉલમાંની એની પથારીમાં નહોતી જ. કદાચ બાથરૂમમાં હોવી જોઇએ. એમ વિચારીને એણે પાણીનો અવાજ સાંભળવા કાન સરવા કર્યા, ત્યાંય કોઈ જાતનો સંચાર નહોતો. કોકિલા ક્યાં હતી ? ઝડપથી ડગલાં ભરતો નેહુલ રસોડા તરફ આગળ વધ્યો. રસોડામાં નજર કરતાં જ એની રાડ ફાટી ગઈ.

“મમ્મી...”

હાંફળા-ફાંફળા થઈને એણે રમણના બેડરૂમનું બારણું ખોલ્યું. નેહુલની રાડથી રમણની ઊંઘ ઊડી જ ગયેલી. એ પથારીમાંથી ઊભા થવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

“પપ્પા... જલદી જુઓ. મમ્મીને કંઈ થઈ ગયું છે.”

“હેં ! શું થયું ?”

કહેતા રમણે આંખો ચોળી, ચહેરા પર હાથ ફેરવી સ્વસ્થ થવાનો પ્રયત્ન કર્યો. જો કે એટલીવારમાં નેહુલ પાછો રસોડામાં દોડી ગયેલો. રસોડામાં ડોકિયું કરતાં રમણ હતપ્રત થઇ ગયો. સામે કોકિલા જમીન પર ચત્તીપાટ પડી હતી. એના માથાની નીચે લોહીનું ખાબોચિયું ભરાયું હતું. ખુલ્લી હથેળીની બાજુમાં પાણીનો ગ્લાસ ઢોળાયેલો પડ્યો હતો. નેહુલે તરત ડૉ. ચૌધરીને અને પછી એમ્બ્યુલન્સ માટે ફોન લગાડ્યો.

●●●

પ્રકરણ 43

અગિયાર વાગ્યે ડાઈનિંગ ટેબલ પર બેસી રવિવારની પૂર્તિ વાંચી રહેલી પરિનીને મોબાઈલની રિંગે વિક્ષેપ પાડ્યો. સ્ક્રીન પર નેહુલનું નામ જોઈને એણે તરત ફોન લીધો. સામેથી નેહુલનો ડુસકાયેલો અવાજ સંભળાતો હતો.

"પરિની'દી મમ્મી ગઈ !"

"હે ! ક્યાં ગઈ ? શું થયું મામીને ?"

"મમ્મી ગુજરી ગઈ. આજે સવારે હું ઘરે આવ્યો ત્યારે એ રસોડામાં પડેલી હતી. માથામાં વાગેલું અને બેહોશ હતી. અમે તાબડતોડ હૉસ્પિટલ લઈ ગયા, પણ..." કહેતાં નેહુલે પોક મૂકી.

"ઓહ ! પપ્પા ક્યાં છે ?"

"એ હૉસ્પિટલના પેપર્સ પર સહીઓ કરે છે. થોડી વારમાં અમે ઘરે જઈશું."

"અને તારા રસીલામાસી ?"

"એ અહીં જ છે."

"ઠીક છે. હું અને તારા જીજાજી થોડી વારમાં જ તમારા ઘેર પહોંચીએ છીએ."

પરિનીએ ફોન બંધ કરી, છાપાની ગડી વાળી ડ્રોઅરમાં મૂક્યું અને બેડરૂમમાં ગઈ. ઊંઘતા અજયને ઢંઢોળીને સમાચાર આપ્યા અને ઝટપટ તૈયાર થવા કહ્યું. કામવાળી બાઈને આખા દિવસ માટેની વિવિધ સૂચનાઓ આપીને પરિની અને અજય રમણના ઘરે જવા નીકળ્યા.

ooo

પરિની અને અજય રમણના ઘરે પહોંચ્યા, ત્યારે કોકિલાના પિયર પક્ષના થોડા સગા અને રમેશ તથા અવંતિકા આવી ગયેલા. પૂછપરછ કરનારાને રસીલાબહેન કહેતા હતા,

"ખબર નહીં શું થયું? ચક્કર આવ્યા ને પડી ગઈ કે પાણી ઢોળાયું એમાં લપસી પડી. અમે હૉસ્પિટલ પહોંચ્યા ત્યાં સુધી તો હંસલો ઊડી ગયેલો."

સનત અને આકાશની રાહ ન જોવાનું નક્કી થયેલું. અંતિમક્રિયા અને બીજી વિધિ પતાવીને કુટુંબીજનો ચાર વગ્યે રમણના હૉલમાં ગોઠવાયા. આ બધા સમય દરમિયાન કોકિલાની બહેનો નિહારિકા સાથે વારાફરતી રૂમમાં બેઠી હતી. આજનો દિવસ એને અંદર જ રાખવાનું નક્કી કરાયું હતું. સનત અને આકાશ તારાપુરથી આવી પહોંચ્યા હતા.

બહેનના મૃત્યુ પછી છ જ મહિનામાં આવેલા આ બીજા આઘાતે રમણને હચમચાવી દીધો હતો. પ્રશ્નો અનેક હતા અને ઉકેલ એક પણ નહીં. હવે તો એની આંખોના આંસુ ય ખૂટી ગયા હતા. સૂની આંખે બધાને તાકતો એ ચૂપચાપ સેટી પર બેઠો હતો.

"તો હવે સાદડી ક્યારે રાખવી છે ?"

રમેશે ચર્ચાની શરૂઆત કરતાં રમણ સામે જોયું. રમણ કંઈ બોલે એ પહેલા

જ રસીલાબહેને ચર્ચામાં ઝૂકાવ્યું,

"ના, ના. સાદડી રાખવાની શી જરૂર છે. બધા આવી તો ગયાં."

રમેશે પ્રશ્નાર્થભરી નજરે સનત સામે જોયું. સનત આવ્યો કે તરત જ રમેશ અને અજયે સનત સાથે આ બાબત ચર્ચા-વિચારણા કરી લીધી હતી. રમેશની મૂંઝવણ કળી ગયો હોય એમ સનતે ગળું ખોખાર્યું અને બોલ્યો,

"સાદડી રાખીએ તો સારું. નહીં તો ઘરે મહેમાનોની અવરજવર ચાલ્યા જ કરશે. વળી લોકો કોઈ પણ સમયે આવશે. રમણભાઈને ઊલટાની મૂંઝવણ વધશે. નિહારિકાનું ય જોવું પડશે ને !"

નિહારિકાનું નામ પડતાં જ બેઠકમાં સોંપો પડી ગયો. કોઈ કંઈ બોલ્યું નહીં એટલે રમણે મોં ખોલ્યું,

"મને લાગે છે કે સનતકુમારની વાત બરાબર છે. સાદડીમાં બધા એકસામટા આવી જાય એ સારું. આમેય હવે પહેલાં જેવા સંબંધો તો રહ્યા નથી. જે થોડા-ઘણા સગાં-સ્નેહી છે એ એક જ દિવસે આવીને મળી જાય એ બહેતર રહેશે."

"અને સાદડીની જાહેરખબરમાં લખી નાખીશું કે કોઈએ ઘેર આવવાની તસદી લેવી નહીં. જોડે રમણભાઈનો મોબાઇલ નંબર મૂકી દઈશું એટલે પત્યું. જે બાકી રહેશે એ ફોનથી પતાવશે."

રમેશે વ્યવહારુ સૂચન કર્યું.

"ભલે. એમ કરો તોય વાંધો નથી."

રસીલાબહેનનો વિરોધ ન આવ્યો એટલે સનત અને રમેશ બંનેને નિરાંત થઈ. બાકીનો દિવસ હૉલ શોધવામાં, જાહેરખબરની મેટર તૈયાર કરવામાં, ભજનની પાર્ટી નક્કી કરવામાં અને બેસણામાં કોણે ક્યાં બેસવું એ ઠરાવવામાં વીતી ગયો. સાડા નવે બધા છૂટા પડ્યા, ત્યારે સહુના ચહેરા પર થાક વર્તાતો હતો. રસીલાબહેનની દીકરી કામિની અઠવાડિયું ત્યાં જ રોકાવાની હતી. બે દિવસના ટિફિનની વ્યવસ્થા થઈ ગઈ હતી. બીજે દિવસે બપોર પછી રમણના ઘરે આવવાનું નક્કી કરીને સહુ છૂટા પડ્યા.

ooo

કોકિલાના અવસાનને મહિનો વીતી ચૂક્યો હતો. રમણના પરિવારની ગાડી ધીમે-ધીમે પાટે ચડી રહી હતી. સવારના અગિયારનો સમય હતો. રમણ બેડરૂમમાં તૈયાર થઈ રહ્યો હતો. કામવાળી બાઈ બાથરૂમમાં પોતા માટેની પાણીની ડોલ ભરી રહી હતી. હૉલમાં પોતાની સેટી પર ગોઠવાયેલી નિહારિકા ટીવી જોતા-જોતા સફરજન સુધારી રહી હતી. સામેના સોફા પર બેઠો નેહુલ પણ ટીવીનો પ્રોગ્રામ જોવામાં મશગુલ હતો.

"નેહુલ, હું માર્કેટ જઈને આવું છું. થોડો નાસ્તો અને ફ્રુટ લઈ આવું. હું પાછો આવું ત્યાં સુધી ઘરમાં જ રહેજે."

હૉલમાં આવીને ચંપલ પહેરતાં રમણે નેહુલને તાકીદ કરી.

"હા, પપ્પા."

રમણની સામે જોયા વગર જ નેહુલે જવાબ આપ્યો.

કામવાળી પાણીની ડોલ બહાર લઈ આવી અને એણે હૉલમાં પોતું મારવાની શરૂઆત કરી. રમણ જાળિયા અડકાવીને બહાર નીકળી ગયો.

સફરજનની છાલ ઉતારવાની કોશિશ કરી રહેલી નિહારિકા સામે વારેવારે જોઈને નેહુલ ઉપહાસ ભર્યું સ્મિત કરી લેતો હતો. એના આવા વર્તનથી નિહારિકા આકળી થવા માંડી હતી. પણ કશું ન કહેતાં ચૂપચાપ સફરજન સમારી રહી હતી. રમણ ગયો એ પછી થોડી વારે નેહુલે નિહારિકા સામે જોઈને કહ્યું

"આવડતું તો કંઈ છે નહીં અને બેન'બા બેઠાં છે સફરજન સમારવા."

“તો લે, તું સમારને. તને બહુ સરસ સમારતાં આવડે છે ને !”

કહેતાં નિહારિકાએ સફરજન અને છરી નેહુલ સામે ધર્યા. ત્યાં જ બેઠા-બેઠા, હસતાં-હસતાં નેહુલ બોલ્યો,

"હું કેમ સમારું? તારે ખાવું છે તો તું જ સમાર."

આટલું કહીને નેહુલે નજર પાછી ટીવીની સ્ક્રીન પર ઠેરવી. નિહારિકાએ સફરજનની થોડી આડી-તેડી ચીરીઓ સમારીને પ્લેટમાં મૂકી અને ખાવા માંડી.

“મને એક ચીરી આપ તો.”

ટીવી સામે જ નજર ખોડી રાખીને નેહુલે નિહારિકા તરફ હાથ લંબાવ્યો.

“નહીં આપું જા.”

કહેતી નિહારિકાએ સામે ટેબલ પર પડેલી ડિશ ઉપાડીને પોતાની બાજુમાં સેટી પર મૂકી દીધી.

“અરે ! આપને એક ચીરી.”

કહેતો નેહુલ ઊભો થયો અને બે ડગલાં આગળ વધીને એણે સેટી પર પડેલી સફરજનની ડિશ તરફ હાથ લંબાવ્યો.

“ના પાડીને એક વાર.”

નિહારિકાએ ડોળા તતડાવતાં જોરથી બરાડો પાડ્યો. હૉલમાં પોતું મારતી બાઈએ ચોંકીને બંનેની તરફ જોયું અને ફરી પોતું મારવા માંડી.

“ઠીક છે. જા, નહીં આપ. આમેય ગાંડીએ સમારેલું સફરજન કોણ ખાય !”

ત્યાં ઊભા-ઊભા જ નેહુલે ઉપાલંભ કર્યો.

“શું બોલ્યો તું ? ફરી બોલ તો.”

કહેતી નિહારિકાએ ઘુરકિયું કર્યું. જાળિયા પાસે પોતા મારતી બાઇ થોભીને ભાઈ-બહેનની ઝકઝક નિહાળી રહી.

“ગાંડી, ગાંડી, સો વાર ગાંડી. લે જો બોલ્યો. શું કરીશ ?”

કહેતો નેહુલ નિહારિકા સામે જોઈને કટાક્ષભર્યું હસ્યો. નેહુલના આ શબ્દો સાંભળતાં જ નિહારિકાનો પિત્તો ગયો. એ સડાપ દઈને ઊભી થઈ ગઈ અને બોલી,

“હું શું કરીશ જોવું છે તારે ? ગાંડા લોકો શું કરે એ જોવું છે તારે ?”

“હા, હા. બતાવને. શું કરે ગાંડા લોકો.”

કહેતો નેહુલ કમર પર પોતાના બંને હાથ ટેકવીને નિહારિકાની બરાબર સામે આવીને ઊભો રહી ગયો.

“લે. જો.”

કહેતા નિહારિકાએ થાળીમાંથી ચપ્પુ ઉપાડ્યું અને નેહુલના પેટમાં મારી દીધું.

"લે જો... લે જો..."

કહેતી નિહારિકાએ ધડાધડ ચપ્પુના ઘા નેહુલ પર કરવા માંડ્યા. જાળિયા પાસે પોતાં સાથે ઉભડક બેઠેલી બાઇ આ દ્રશ્ય જોતાંવેંત પોતું ફેંકીને ઊભી થઇ ગઈ.

"ખૂન... ખૂન... મારુન ટાકલા... મારુન ટાકલા..."

એવી બૂમો પાડતી પાડતી એ ઘરની બહાર દોડી ગઈ અને બહારથી જાળિયાને કડી મારી દીધી. પેસેજમાં દોડતી-દોડતી પાડોશીઓના દરવાજા ઠોકતી એ હજી બૂમો પર બૂમો પાડી રહી હતી.

"ખૂન... ખૂન... વાચવા... વાચવા... ખૂન... ખૂન...."

●●●

પ્રકરણ 44

કામવાળી બાઈની ધમાલ સાંભળીને બાજુવાળા મીનાબેન બહાર નીકળ્યા. રમણના ઘર તરફ હાથ લાંબા કરી કરીને બૂમો પાડી રહેલી બાઈને જોઈને મીનાબેન રમણના ઘર તરફ આગળ વધ્યા.

“નકો... નકો... તિકડે નકો જાવા...” (નહીં... નહીં... ત્યાં ન જાઓ..)

કહેતી બાઈએ મીનાબેનનો હાથ પકડી એમને રોકી લીધા.

“અરે પણ, થયું શું એ તો કહે.”

મીનાબેને બાઈને ઝંઝોડીને મોટા અવાજે કડક સ્વરે પૂછ્યું. કંઈક ભાનમાં આવી હોય એમ પેલી બાઈ બે પળ મીનાબેનના ચહેરા સામે તાકી રહી. પછી તૂટક-તૂટક સ્વરે બોલી, “તી વેડી... ચાકુ... ભાવાલા મારલા...” (પેલી ગાંડી... ચાકુ... ભાઈને માર્યું..)

બાઈના ગભરાટ અને એના તૂટક-તૂટક શબ્દો પરથી મીનાબેનને ખ્યાલ આવ્યો કે રમણના ઘરમાં નેહુલ અને નિહારિકા વચ્ચે કંઈક ભયાનક બન્યું હોવું જોઈએ. એમણે તરત બિલ્ડિંગના વૉચમેનને બોલાવ્યો. બિલ્ડિંગના બીજા બે-ત્રણ લોકોને પણ તરત ફોન કરીને બોલાવ્યા.

સમયસૂચકતા વાપરતા વૉચમેને તરત પોલીસને ફોન લગાડી પ્રાથમિક માહિતી આપી દીધી. દરવાજો બહારથી બંધ હતો એટલે બીજો કશો વાંધો આવે એવું નહોતું. પોલીસ આવે ત્યાં સુધી બધાએ પેસેજમાં ઊભા રહીને રાહ જોવાનું નક્કી કર્યું. સોસાયટીની સ્ત્રીઓએ બાઈને પ્રશ્નો પૂછીને પરિસ્થિતિનો ક્યાસ કાઢવાનો પ્રયત્ન કર્યો.

વીસેક મિનિટ બાદ રમણ આવ્યો ત્યારે એના ઘરની બહાર જમા થયેલું ટોળું જોઈને એને આઘાત લાગ્યો.

“શું થયું ? શું થયું ?”

કહેતો એ ઘર તરફ દોડ્યો ત્યાં તો પેસેજમાં ઊભેલા લોકોએ એને પકડી લીધો.

“અરે ! જવા દો મને. શું થયું છે એ તો જોવા દો.”

કહેતો એ હાથ છોડાવવાની કોશિશ કરવા લાગ્યો.

“રમણભાઈ, રમણભાઈ.... હમણાં અંદર જવામાં જોખમ છે. અહીં જ ઊભા રહો. પોલીસ આવશે. ત્યારબાદ જ અંદર જવાશે.”

રમણને સમજાવતા એક પાડોશી બોલ્યો.

"ગાંડીનો શો ભરોસો ! આમને પણ ક્યાં મારી બેસે તો ?” એક પાડોશણે ધીમે સાદે કહ્યું.

'પોલીસ' શબ્દ સાંભળીને ભડકેલા રમણને પાડોશણના આ વાક્યથી આંચકો લાગ્યો. નક્કી કંઈક ન બનવાનું બની ગયું છે એવો અંદેશો એને આવી ગયો.

“પણ થયું શું એ તો કહો. પોલીસ કેમ બોલાવી છે ?”

ચકળવકળ ડોળા ફેરવતા રમણે ગભરાયેલા સ્વરે પૂછ્યું. એની નજર

વારેવારે ઘરના જાળિયા તરફ જઈને પાછી ફરતી હતી. એને સમજ જ નહોતી પડી રહી કે આ બધું શું થઈ રહ્યું હતું ? રમણની મૂંઝવણ સમજતા હોય એમ મીનાબેન રમણની નજીક આવીને ધીમે સાદે બોલ્યો,

"નિહારિકાએ નેહુલને ચાકુ મારી દીધું છે."

સાંભળતા જ "શું ?" એમ રાડ પાડતો રમણ ફરી ઘર તરફ ધસ્યો. પણ ત્યાં ઊભેલા લોકોએ એને પકડી રાખ્યો અને જાળિયું ખોલવા ન દીધું.

"જવા દો... મને જવા દો... મારો નેહુલ... એને શું થયું છે એ તો જોવા દો..."

એમ કરગરતો રમણ પોતાના હાથ છોડાવવાની કોશિશ કરતો રહ્યો. પણ જો જાળિયું ખૂલે અને નિહારિકા બહાર ઊભેલા બધા પર હુમલો કરે તો શું થાય એમ વિચારીને કોઈએ રમણને જાળિયાની કડી ખોલવા ન દીધી.

દસેક મિનિટમાં પોલીસ આવી પહોંચી. ગન અને દંડા તૈયાર રાખીને એક લેડી કોસ્ટેબલ અને સિનિયર ઇન્સ્પેક્ટરે અવાજ ન થાય એમ જાળિયાની કડી ખોલી. બધા લોકોને થોડા દૂર ઊભા રહેવાનો ઇશારો કરતાં એકદમ સાવધાનીથી જાળિયું ઉઘાડીને અંદર ડોકિયું કર્યું.

ઇન્સપેક્ટરે જોયું કે લોહી-લુહાણ નેહુલ જમીન પર ચત્તોપાટ પડેલો હતો. પાસેના ટેબલ પર લોહીથી ખરડાયેલું ચાકુ પડ્યું હતું. સેટી પર બેઠેલી નિહારિકા નેહુલ સામે જોતી-જોતી બબડાટ કરી રહી હતી.

"બોલ... બોલ... હવે... કે મને ગાંડી.... સા...લો... રોજ મને હેરાન કરે છે... મારી વસ્તુઓ સંતાડી દે છે... મને ટાઇમસર જમવાનું નથી આપતો... હવે ખબર પડી ને કે ગાંડી શું કરે... હવે કેમ બોલતો નથી ?... બોલ ને હવે... કહે મને ગાંડી..."

ઇન્સપેક્ટરે લેડી કોન્સ્ટેબલ અને હવાલદારને ઇશારો કર્યો એટલે ત્રણેય એકસામટા અંદર ધસી ગયી. ગ્લોઝ પહેરેલા હવાલદારે ઝડપથી ચાકુ ઉપાડી લીધું. લેડી કોન્સ્ટેબલે નિહારિકાનો હાથ સખતાઈથી પકડી લીધો.

"છોડો... છોડો... છોડો મને.... કોણ છો તમે ? મને કેમ પકડી છે ? છોડો... છોડો..."

અજાણ્યા માણસોને જોઈને નિહારિકાએ બૂમાબૂમ કરવા માંડી. પોલીસ ઇન્સ્પેક્ટરે ગન નિહારિકા તરફ તાકેલી રાખી હતી. આ જોઈને બહાર ઊભેલા ટોળામાં હિંમત આવી. સૌથી પહેલા રમણ દોડીને ઘરમાં પ્રવેશ્યો. એની પાછળ-પાછળ આખું ટોળું ઘરની અંદર ધસ્યું. જમીન પર લોહીમાં લથબથ પડેલા નેહુલ પાસે રમણ ફસડાઈ પડ્યો.

"આ શું થઈ ગયું ? નેહુલ... નેહુલ..."

ચીસો પાડતો રમણ માથું પછાડવા લાગ્યો.

"એમ્બ્યુલન્સ... એમ્બ્યુલન્સ... કોઈ એમ્બ્યુલન્સ તો બોલાવો..."

સ્તબ્ધ ઊભેલા ટોળા સામે જોઈ રમણે બૂમ પાડી. અચાનક ટોળામાં સંચાર થયો. ઇન્સ્પેક્ટરે ફોન કરીને જોડે લાવેલી એમ્બ્યુલન્સમાંથી કર્મચારીઓને ઉપર બોલાવ્યા. સ્ટ્રેચર પર નાખેલા નેહુલને લઈને એમ્બ્યુલન્સ તરફ ધસી રહેલા માણસોની પાછળ-પાછળ રમણ પણ દોડ્યો. નિહારિકાને લઈને પોલીસ-ટીમ

નીકળી ત્યારે બિલ્ડિંગના ગેટની પાસે સમગ્ર વિસ્તારના લોકોનું ટોળું જમા થઈ ગયું હતું.

અતિશય લોહી વહી ગયું હોવાને કારણે નેહુલને બચાવી ન શકાયો. નિહારિકાને પોલીસ લોક-અપમાં અલગ સેલમાં રાખવામાં આવી.

એક જ મહિનાની અંદર બે સ્વજનો ગુમાવી ચૂકેલો રમણ સુધબુધ ખોઈ બેઠો હતો. પોલીસ તપાસ માટે ઘર સીલ કરવાનું હોઈને રમેશ અને અવંતિકા રમણને પોતાને ઘેર લઈ ગયા. પરિની અને સનત દરરોજ એને મળવા જતા. કોઈ સાથે કંઈ જ ન બોલતો રમણ આખો દિવસ શૂન્યમાં તાકતો બેસી રહેતો. કોઈ જમવાની થાળી સામે મૂકે તો ચૂપચાપ જમી લેતો.

આવી જ એક બપોરે અવંતિકાએ રમણની સામે જમવાની થાળી પીરસીને મૂકી. ડાઈનિંગ ટેબલ પર ગોઠવાયેલો રમણ જૂની યાદોમાં ખોવાઈ ગયો. એને પોતાના જુના દિવસો યાદ આવી ગયા. ક્યાં પોતાના ઘરે બે-અઢી વાગ્યે એના તરફ ધકેલાતી થાળી અને ક્યાં એકદમ સમયસર દરરોજ બપોરે એક વાગ્યે રમેશના ઘરે પીરસાતી થાળી. બંને પરિવારોમાં કેટલો ફરક હતો! આખી જિંદગી ટિફિનનું જમેલા અને એ પછી ઘરના કકળાટભર્યા વાતાવરણમાં લુસ-લુસ જમીને ઉઠતા રમણ માટે આ નવું હતું. મનોમન એનાથી બંને પરિવારોની સરખામણી થઇ ગઈ. પોતાના ઘરની પરિસ્થિતિ માટે કોણ કેટલું જવાબદાર હતું એ મનોમંથનમાં સામે પડેલું જમવાનું ભુલાઇ જ ગયું. ગરમ રોટલી પીરસવા આવેલી અવંતિકાનું ધ્યાન વિચારોમાં ખોવાયેલા રમણ પર પડ્યું એણે રોટલી રમણની થાળીમાં મૂકી થાળી સહેજ રમણ તરફ ખસેડતાં હેતાળ સ્વરે કહ્યું ,

"ભાઈ, જમી લ્યો."

થાળી ખસેડવાથી રમણનું ધ્યાન ભંગ થયું 'હા, હા' કહેતા એણે નીચે મોંએ જમવાની શરૂઆત કરી. જમતાં-જમતાંય એની વિચારધારા ચાલુ રહી. એને ઓચિંતું પેલું ભયાનક સ્વપ્ન યાદ આવી ગયું જેમાં અવંતિકા ભર બજારે એને મહેણાં મારી રહી હતી. તે દિવસે સ્વપ્નમાં એણે સંભળાવેલી દરેક વાત આજે સાચી પડી હતી. ઘરે પોલીસેય આવી હતી અને છાપાંમાં ખબરોય છપાઈ હતી. ફરક ફક્ત એટલો હતો કે આટ-આટલું થવા છતાંય અવંતિકાએ કોઈ દિવસ એને મહેણું નહોતું માર્યું કે એની અવગણના નહોતી કરી. ઉલટું એણે જ રમેશને કહીને રમણને પોતાના ઘરે લઇ આવવાની વ્યવસ્થા ગોઠવી હતી. તો શું અવંતિકા બદલાઈ ગઈ હતી કે પછી એ ક્યારેય એવી હતી જ નહીં. બધો નિહારિકાના મનનો ભ્રમ માત્ર હતો. કંઈ સમજાતું ન હોય એ રીતે રમણે વિચારોમાં ખોવાયેલા જ નકારમાં ડોકું ધુણાવ્યું. રસોડામાંથી રોટલીની થાળી લઈને આવી રહેલી અવંતિકાનું ધ્યાન એના પર પડ્યું કે એણે તરત પૂછ્યું,

"શું થયું રમણભાઈ? બધું ભાવે એવું તો છે ને?"

એના આ પ્રશ્ને રમણના હૈયાનો બંધ તૂટી પડ્યો. એની આંખો આંસુથી છલછલાઈ ઉઠી. એનાથી કહેવાઈ ગયું,

" બધું બહુ સરસ છે હોં. આ તો બસ કશુંક યાદ આવી ગયું. "

"હોય ભાઈ. જીવન છે. ભરતી -ઓટ ચાલ્યા કરે. પણ તમે ચિંતા ના કરતા.

બધું થઇ રહેશે. "

કહેતી એ રસોડામાં પાછી ફરી.

થોડા દિવસો બાદ રમણની શી વ્યવસ્થા કરવી એ નક્કી કરવા માટે પરિવારની મીટિંગ બોલાવાઈ.

સનત, રમેશ-અવંતિકા, પરિની-અજય, રસીલા અને અન્ય બહેનો, કોકિલાના કાકા – એ સર્વ પરિવારજનોની સાથોસાથ ન્યાતના બે મોવડીઓનેય હાજર રખાયા.

"તો હવે શું કરવાનું વિચાર્યું છે ?"

ન્યાતના પ્રમુખ સોમચંદભાઈએ ચર્ચાની શરૂઆત કરતાં પરિવારજનો સામું જોયું. આ મીટિંગમાં રમણને પણ હાજર રખાયો હતો. આટલા દિવસોથી ગુમસુમ રહેલો રમણ આજેય ચૂપચાપ જ બેઠો હતો. બધાના ચહેરા પર એની નજરો ફરતી હતી, પરંતુ એનું દિમાગ ક્યાંક બીજે જ હતું. એ કમરામાં શું ચાલી રહ્યું ગતું એની સહેજ પણ ગતાગમ ન પડતી હોય એમ એ ઘડીમાં નીચું જોતો અને ઘડીમાં સહુના ચહેરા તરફ તાકી રહેતો.

"મને લાગે છે કે રમણભાઈને કોઈ વૃદ્ધાશ્રમમાં ખસેડવા જોઈએ."

કોકિલાના કાકાએ પ્રસ્તાવ મૂક્યો. થોડી વાર સુધી કોઈ કંઈ ન બોલ્યું. કોઈને બીજો ઉપાય પણ નહોતો સૂઝતો. આ પરિસ્થિતિ હવે કાયમની હતી. થોડા દિવસો કે મહિના, બે મહિનાનો સવાલ હોય તો વાત જુદી હતી. પણ આખી જિંદગી માટે એ વડીલની જવાબદારી લેવા કોઈ તૈયાર નહોતું. સૌને પોતપોતાના પ્રશ્નો અને મર્યાદાઓ નડતા હતા. કોઈ કંઈ ન બોલ્યું એટલે મૌનને સહુની સ્વીકૃતિ ગણતા ન્યાતના બીજા મોવડી ધનસુખભાઈ બોલ્યા,

"ઠીક છે. અને નિહારિકાના કેસનું શું ?"

"એમાં બહુ વાંધો આવે એવું નથી. નિહારિકાની માનસિક પરિસ્થિતિનો બધાને ખ્યાલ છે. સાઈકિયાટ્રિસ્ટના સ્ટેટમેન્ટ અને સરકારી મેડિકલ ચેકઅપના આધારે એને સજા નહીં થાય. જો કે એને ઘરે નહીં આવવા મળે. અત્યારની એની અને એના કુટુંબની પરિસ્થિતિ જોતાં સરકાર એને મેન્ટલ અસાયલમમાં મોકલશે. ત્યાં એની સારવાર કરવામાં આવશે."

અજયે માહિતી આપતા કહ્યું.

"એના સાજા થવાના ચાન્સીસ કેટલા ? અને સાજી થઈ જાય પછી એને સજા થાય કે નહીં ?"

ધનસુખભાઈ બધું પાકે પાયે નક્કી કરી નાખવા માગતા હતા.

"એના સાજી થવાના ચાન્સીસ ફિફ્ટી-ફિફ્ટી છે. અને આવા કેસમાં આરોપી સાજો થાય એ પછી કોઈ સજા થતી નથી. આવા દર્દી તરફ કોર્ટ સહાનુભૂતિ રાખે છે."

સનતે પૂરક માહિતી આપતા કહ્યું.

"રમણભાઈના વૃદ્ધાશ્રમમાં રહેવાના ખર્ચનું કેમનું કરવાનું છે ?"

સોમચંદભાઈએ અનુભવ વાણી ઉચ્ચારતા પૂછ્યું.

ખૂબ ઊંડો વિચાર કરી એ એક પછી એક ઊભા થનારા પ્રશ્નોને પરિવાર

સાથે ચર્ચી રહ્યા હતા અને સાથે-સાથે એને ઉકેલવાનો પ્રયત્ન પણ કરી રહ્યા હતા.

"એ તો અમે બધા ભેગા થઈને આપશું."

સનત અને રસીલા બંને એકી સાથે બોલ્યા.

"કેટલા વરસ સુધી ?"

સોમચંદભાઈએ મુદ્દાનો પ્રશ્ન કર્યો. અનુભવે એમને સમજાતું હતું કે શરૂઆતના થોડા મહિનાઓ વાંધો નહીં આવે. પણ આ વ્યવસ્થા લાંબી નહીં ટકે. ધીમે-ધીમે, એક પછી એક સહુ સરકવા માંડશે. એ પછી છેલ્લી રહી જનાર વ્યક્તિ પર બોજો વધી પડશે.

સોમચંદભાઈના સવાલે સહુને વિચારતા કરી મૂક્યા. જ્યારે થોડી મિનિટો સુધી કોઈ કંઈ ન બોલ્યું, ત્યારે એમણે જ વ્યવહારુ સૂચન કર્યું,

"આપણે એમ કરીએ કે રમણભાઈનો ફ્લેટ ભાડા પર આપી દઈએ. આ રીતે એમની આવક ચાલુ રહેશે અને ઘર સચવાયેલું રહેશે. આ રૂપિયામાંથી વૃદ્ધાશ્રમનો અને નિહારિકાની સારવારનો ખર્ચ નીકળી જશે. બચશે એ રકમ એમના એકાઉન્ટમાં જમા થશે."

"પણ આ ઘર ભાડે લેશે કોણ ? જે ઘરમાં ખૂન થયું હોય એવા..."

ક્યાંક કાચું કપાયું હોય એમ આટલું કહેતા-કહેતા રસીલા અટકી ગઈ. ફરી એક વાર બધાના મોં પર મૂંઝવણ ફરી વળી.

"કંઈ નહીં. ગામ કરતાં વીસ-પચીસ ટકા ઓછું ભાડું લઈશું, તો કોઈક ને કોઈ ગરજાઉ મળી જ જશે. મુંબઈમાં રોટલો મળે, પણ ઓટલો ન મળે એમ અમસ્તું નથી કહ્યું. પોલીસનું કામ પતે એટલે ઘરની સાફસફાઈ અને રંગરોગાન કરાવી લઈએ. એ પછી કોઈ એજન્ટને કહીને ભાડે ચડાવી દઈએ. એટલા વખતમાં રમણભાઈ માટે નજીકનું કોઈ વૃદ્ધાશ્રમ ખોળી કાઢીએ. ઘરનું ભાડું આવવાનું શરૂ થાય ત્યાં સુધીનો ખર્ચ તમે સર્વ પરિવારજનો વહેંચી લેજો. શું કહો છો ધનસુખભાઈ ?"

ધનસુખભાઈને ઉદ્દેશીને પૂછાયેલો પ્રશ્ન આડકતરી રીતે ઉપિસ્થિતિ સર્વે જનોને પૂછાયો હતો. ધનસુખભાઈએ કંઈ ન કહેતા ફક્ત સંમતિમાં ડોકું ધુણાવ્યું. બાકી સર્વે પરિવારજનોએ થોડો વિચાર કર્યા બાદ 'બરાબર છે'ની મહોર મારી દીધી. બધાની સહમતી લેવાઈ અને ચર્ચા પૂરી થઈ ત્યાં સુધી રમણ એકેય શબ્દ બોલ્યો નહોતો. છેલ્લે સોમચંદભાઈએ રમણને પૂછ્યું,

"રમણભાઈ,... બરાબર છે ને ?"

રમણે સોમચંદભાઈના આ પ્રશ્નનો કોઈ જ ઉત્તર ન આપ્યો. એ બે પળ છત તરફ તાકી રહ્યો. આખરે ઝળઝળિયાં ભરેલી આંખે એણે હા પાડી અને ફરી જમીન તરફ તાકવા લાગ્યો.



પ્રકરણ 45

ડૉ. રાજવી આચાર્યએ બેસતાવેંત ટેબલ પર પડેલું રજિસ્ટર ઉઘાડ્યું અને સામે ઊભેલી અટેન્ડન્ટને પૂછ્યું,

"શોભાતાઈ, ઓલ વેલ? મારી ત્રણ દિવસની રજા દરમિયાન કશી નવા-જૂની ?"

"હા મેડમ ગઈ કાલે એક નવી પેશન્ટ આવી છે. ક્રિમિનલ કેસ છે. એણે પોતાના સગા ભાઈનું મર્ડર કરી નાખ્યું છે. બીજે માળે સ્પેશિયલ રૂમમાં રાખી છે."

રજિસ્ટરમાંથી નજર ઉંચી કરી ડૉ. રાજવીએ શોભાતાઈ સામે જોયું. કંઈક વિચાર કરીને બોલ્યા,

"ઓહ ! મને એની ફાઈલ આપીશ ?"

"હા મેડમ."

કહેતી શોભા કબાટ તરફ આગળ વધી. શોભા ફાઈલ શોધીને લાવી એટલી વાર ડૉ. રાજવી નવી પેશન્ટ વિશે વિચારતી રહી. કોણ હશે ? કેવી દેખાતી હશે? યુવાન હશે કે પ્રૌઢ ? કેવા પરિવારમાંથી આવતી હશે ? ઝૂંપડપટ્ટીની હશે કે મધ્યમવર્ગીય ? ડૉ. આચાર્યની વિચારધારાને તોડતા શોભાએ ફાઈલ ખોલીને ડૉક્ટરની સામે મૂકી. પહેલા પાના પર પેશન્ટના ફોટા સાથે એના વિશેની વિગતો લખેલી હતી. એનું નામ, ઘરનું એડ્રેસ અને એણે કરેલા ગુના વિશેની માહિતી હતી. પાછળના પાનાઓમાં સરકારી હોસ્પિટલના રિપોર્ટ્સ હતા. ડૉ. આચાર્યએ પેશન્ટનું નામ વાંચ્યું. - નિહારિકા રમણ મહેતા.

"અરે ! આ તો ગુજરાતી લાગે છે."

એમ મનોમન બબડી ડૉ. આચાર્યએ આગળની વિગતો વાંચવા માંડી. ઉંમર - 39 વર્ષ... બધી વિગતો વંચાઈ ગયા બાદ રાજવીએ શોભા સામે જોઈ સ્મિતસહ પૂછ્યું,

"બોલો શોભાતાઈ, તમારું ઓબ્ઝર્વેશન શું કહે છે ? પેશન્ટ વિશે કોઈ ખાસ વાત ?"

"મેડમ, આમ તો ખાસ કંઈ નથી, પણ એ કોઈને રૂમમાં આવવા નથી દેતી. ગઈ કાલે રાત્રે પેલી તારાબાઈ ખાવાની થાળી લઈને ગઈ, તો એના પર બરાડો પાડીને એને બહાર કાઢી નાખી. એ તો એવી ગભરાઈ ગઈ કે એણે પેલીના રૂમમાં ફરી વાર જવાની જ ના પાડી દીધી. મર્ડર કરીને આવી છે એટલે સ્ટાફમાં થોડો ગભરાટ તો છે જ."

"તો શું એને સવારથી કંઈ નથી આપ્યું?"

રાજવીના પ્રશ્ને ગભરાઈ હોય એમ શોભાએ સ્વ બચાવ કરતાં તરત કહ્યું,

"ના, ના, મેડમ. સવારે હું પોતે જ એને માટે ચા અને ઈડલી લઈને ગઈ હતી. એણે બૂમો પાડી કે જા... જતી રહે... અહીં કેમ આવી છે... પણ મેં તો ડર્યા વગર રૂમની અંદર દરવાજા પાસે એનો ચા-નાસ્તો મૂકીને દરવાજો બહારથી બંધ કરી દીધો. પછી એણે ખાધું કે નહીં એ તો કોણ જાણે? અમે તમારા આવવાની રાહ જોતા હતા."

"ઠીક છે, ઠીક છે."

કહેતાં રાજવીએ કાંડા ઘડિયાળ જોઇ અને બોલી, "આ બાકીના કેસીસની ત્રણ દિવસની વિગતો જોઇ લઉં પછી એને મળવા જઇએ."

"ઓકે, મેડમ."

કહેતી શોભા બહાર જવા વળી અને ફરી રાજવી તરફ ફરી પૂછ્યું,

"મેડમ, ચા લઈ આવું?"

"હા, અને સાથે ત્રણ-ચાર બિસ્કિટ પણ લેતી આવજે."

"જી, મેડમ."

કહેતી શોભા કેબિનની બહાર ગઇ. રાજવીએ રજિસ્ટરમાંની વિગતો વાંચવામાં ધ્યાન પરોવ્યું.

અડધા કલાક પછી રાજવી અને શોભા નિહારિકાના રૂમની બહાર ઊભા હતા. રાજવીએ હળવેકથી કડી ખોલી, ટકોરા મારીને દરવાજાને ધક્કો માર્યો. બે અજાણી મહિલાઓને દરવાજા પર ઊભેલી જોતાં જ બેડ પર સૂતેલી નિહારિકા સડપ દઈને બેઠી થઇ ગઇ. એણે જોરથી રાડ પાડી,

"શા માટે ઘડી ઘડી અહીં આવી જાઓ છો ? અહીંયા આવવાની ના પાડી છે ને તમને લોકોને, તોય સમજાતું નથી ?"

ડૉ. રાજવીએ કોઇ જ પ્રતિભાવ આપ્યા વગર ત્યાં ઊભા-ઊભા જ કમરાનું નિરીક્ષણ કર્યું. બારી બંધ હતી. પડદો પણ બંધ કરેલો હતો. નિહારિકાના બેડની બાજુના ટેબલ પર ચા-નાસ્તાના ખાલી વાસણો પડ્યા હતા. કલાકોથી બંધ રહેલા કમરામાં અજબ જેવી વાસ આવી રહી હતી. રાજવીએ પડદા અને બારી ખોલવા માટે શોભાને ઇશારો કર્યો. સાવધાનીથી રૂમમાં જઇ શોભાએ પડદો સહેજ ખસેડ્યો ત્યાં તો નિહારિકા ફરી ભડકી,

"બંધ કરો પડદા, મને નથી ગમતું આટલું બધું અજવાળું. બારી તો ખોલશો જ નહીં. બહારથી કોઈ મને જુએ એ મને જરાય નથી ગમતું. તમને લોકોને કશું સમજાતું કેમ નથી ? પ્લીઝ, મને એકલી છોડી દો. આ નેહુલ પણ નહીં સમજ્યો. એને વાગી ગયું ને ? પપ્પા પણ ખબર નહીં ક્યાં ગયા? ક્યારની રાહ જોઉં છું, આવતા જ નથી."

નિહારિકાની વાતનો તંતુ પકડી લેતાં રાજવી તરત બોલી,

"તારા પપ્પાએ જ તો મને તારી ખબર પૂછવા મોકલી છે. એમને એક અરજન્ટ કામ આવી ગયું એટલે એ આવી ન શક્યા. તું કેમ છે?"

કંઈ ન બોલતા નિહારિકાએ કંઈક અવિશ્વાસભરી નજરોથી રાજવી સામે જોયું. રાજવીની સૌમ્ય મુખમુદ્રા, એના ચહેરા પરનું વાત્સલ્યભર્યું સ્મિત અને કોઈ જ જાતની બળજબરી કર્યા વગર શાંતપણે દરવાજા પર જ ઊભા રહીને મીઠાશભર્યા શબ્દોમાં એણે કરેલી વાતચીતે નિહારિકાના ઉગ્ર થઇ ગયેલા મગજને સહેજ શાંત પાડ્યું. વધુ સાંભળવાની અપેક્ષામાં એ રાજવી તરફ ચૂપચાપ તાકતી રહી.

રાજવી દરવાજામાં ઊભા-ઊભા નિહારિકાના હાવભાવ અને એની શારીરિક હલનચલનને ધ્યાનથી નીરખી રહી હતી. નિહારિકા કંઈ બોલતી નહોતી, પણ એના

બંને હાથની ઉઘાડ-બંધ થતી મુઠ્ઠીઓ વચ્ચે પથારીની ચાદર ચોળાઈ રહી હતી. એના મગજનો આવેગ એના હાથ દ્વારા વ્યક્ત થઈ રહ્યો હતો. વાતચીત દરમિયાન શોભાતાઈ બારી અડધી ખુલ્લી રાખીને, પડદા પાડીને પાછી રાજવીની બાજુમાં આવીને ઊભી રહી ગઈ હતી. એની તરફ ઈશારો કરતાં રાજવી બોલી,

"હું રાજવી છું અને આ શોભાતાઈ."

રાજવીએ જાણીજોઈને પોતાના નામની આગળ લગાડાતું ડૉક્ટરનું સંબોધન ઉચ્ચારવાનું ટાળ્યું હતું. નિહારિકાને ચૂપચાપ બેઠેલી જોતા શોભા ચા-નાસ્તાના ખાલી વાસણ લેવા બે ડગલાં આગળ વધી કે નિહારિકાની કમાન ફરી છટકી.

"દૂર... બિલકુલ દૂર... ના પાડું છું તોય સમજાતું નથી તમને લોકોને?"

આગળ વધતી શોભા અટકી ગઈ અને રાજવીના મોં-સામું જોવા લાગી. રાજવીએ આંખોથી જ એને આગળ વધવાની ના પાડી એટલે શોભા પાછી હટી ગઈ.

"ઓકે, સોરી, અમને ખબર નહોતી કે તારા રૂમમાં કોઈ આવે એ તને ગમતું નથી."

રાજવીએ ફરી એ જ મીઠાશભર્યા સ્વરે કહ્યું.

"મારો રૂમ ? આ મારો રૂમ ક્યારથી થઈ ગયો ? તમે લોકો મને અહીં કેમ લાવ્યા છો ? મારે મારા ઘરે જવું છે, હમણાં જ. મારી મમ્મી... ઓહ... મમ્મી તો હવે નથી. મારા પપ્પાને બોલાવો. એ મને લઈ જશે."

કહેતી નિહારિકાએ યાચના ભરી નજરોથી રાજવી સામે જોયું. રાજવીએ કંઈ જવાબ ન આપ્યો એટલે એણે બરાડો પાડ્યો,

"બોલાવો મારા પપ્પાને... હમણાં જ..."

રાજવીએ સહેજ પણ સ્વસ્થતા ગુમાવ્યા વગર શાંત સ્વરે કહ્યું,

"હું એમને ફોન કરીને બોલાવી લઉં છું. તું સૂઈ જા."

આટલું કરીને રાજવી બહાર નીકળી ગઈ. એની પાછળ-પાછળ શોભા પણ બહાર નીકળી અને એણે દરવાજો બહારથી બંધ કરી દીધો.

"શું લાગે છે, મેડમ ?"

કોરીડોરમાં રાજવી સાથે ચાલતી શોભાએ પૂછ્યું.

"ક્યોર થતા વાર લાગશે, પણ આપણે પૂરી કોશિશ કરીશું. એ જ તો આપણું કામ છે ને ?"

સહજ સ્મિત સાથે રાજવીએ શોભા સામે જોયું. હકારમાં ડોકું ધુણાવતી શોભાએ રાજવીના તેજ કદમ સાથે તાલ મિલાવતા રાજવીની કેબિન તરફ ચાલવા માંડ્યું.

"શોભા, મને આ પેશન્ટની ડિટેઈલ્ડ કેસ હિસ્ટરી જોઈશે. એની બધી જ ફાઈલો મારા ટેબલ પર મૂકી દે."

કેબિનમાં પ્રવેશી પોતાની ખુરશી તરફ આગળ વધતા રાજવીએ શોભાને કહ્યું.

શોભા બહારના કબાટમાં નિહારિકાની ફાઈલો શોધવા ગઈ એટલી વારમાં રાજવીએ કમ્પ્યૂટર પર પોતાના ત્રણ દિવસના ઈ-મેઈલ ચેક કર્યા. દસેક મિનિટમાં

જ શોભાએ રાજવીના ટેબલ પર નિહારિકાની ફાઈલોની થપ્પી મૂકી.

"મેડમ, આમાં એની પહેલાની ટ્રીટમેન્ટની ફાઈલો, પોલીસ કેસની વિગતો, લોકઅપ અને સરકારી મેડિકલ ઓફિસરની નોંધ વગેરે બધું જ છે."

"ઠીક છે." કમ્પ્યૂટર સ્ક્રીન પરથી નજર ખસેડી ડૉ. રાજવીએ એક નજર થપ્પી પર નાખી અને પૂછ્યું,

"અહીં આવ્યા પછી નિહારિકાને કોઈ દવા અપાઈ છે?"

"ના મેડમ, એ કોઈને પાસે જ ક્યાં આવવા દે છે ? જો કે એણે બીજી કોઈ ધમાલ નહોતી કરી એટલે રાત શાંતિથી વીતી હતી."

"વેરી ગુડ, લંચ પછી આપણે મળીએ, ત્યાં સુધીમાં હું એની લાઇન ઓફ ટ્રીટમેન્ટ નક્કી કરી લઉં."

"ઓકે, મેડમ." કહેતી શોભા પાછા પગલે કેબિનની બહાર નીકળી ગઈ.

દોઢ વાગ્યે શોભાએ ફરી રાજવીની કેબિનમાં દેખા દીધી. એને જોઈને રાજવીએ રોજિંદું સ્મિત કરતા કહ્યું,

"આવ શોભા. આ નિહારિકાનો કેસ ધાર્યો હતો એટલો અટપટો નથી. ઈટ્સ અ કેસ ઑફ શીયર નેગ્લેજન્સ. ઘણા વખતથી એ ડિપ્રેશનથી પીડાતી હશે, પણ કોઈએ એની બરાબર સારવાર જ કરી નથી. વીતેલાં વર્ષો સાથે મગજના કોષોને વધુ નુકસાન થયું છે અને બીમારીએ ઉગ્ર સ્વરૂપ પકડી લીધું છે. શરૂઆતની હતાશા ધીમે-ધીમે અણગમા, નફરત અને છેલ્લે હિંસામાં ફેરવાઈ ગઈ. હવે અહીં આવી ગઈ છે, તો એનો વ્યવસ્થિત ઇલાજ શરૂ કરી શકાશે. જો એના તરફથી સારો રિસપોન્સ મળશે, તો મને લાગે છે કે દોઢેક વર્ષમાં એ સાજી થઈ જવી જોઈએ. જરૂર છે ફક્ત ધીરજની. એ તો આપણામાં છે જ."

"બરાબર મેડમ."

કહેતી શોભાના ચહેરા પર સ્મિત ફરી વળ્યું. એને રાજવીની આ ખાસિયત ખૂબ ગમતી. એ હંમેશાં સ્ટાફની બહેનોના વિશિષ્ટ ગુણોના વખાણ કરીને એમને પોરસ ચડાવતી. એના ડૉક્ટર હોવાનું ગુમાન ક્યારેય એના વર્તનમાં ન ડોકાતું. જો કોઈનાથી ભૂલ થાય, તો શાંતિથી એને સમજાવતી. વઢી ન કાઢતી. એની આ ખાસિયાતોએ જ એને સ્ટાફ અને પેશન્ટ્સ બંનેમાં પ્રિય બનાવી હતી.

"હમણાં મેં એક ગોળી લખી આપી છે. એ એના રાતના જમવામાં મિક્સ કરી નાખજો. એનાથી એનું મગજ શાંત રહેશે અને એને સારી ઊંઘ આવશે. ત્રણેક દિવસ સુધી આવું કરજો. ત્યાં સુધીમાં એ આ જગ્યાથી, અહીંના વાતાવરણથી થોડી પરિચિત થઈ જશે. પછી બીજી દવાઓ શરૂ કરીશું."

કહેતા રાજવીએ શોભાને નિહારિકાની દવાનું પ્રિસ્ક્રિપ્શન આપ્યું. ડોકું ધુણાવી, પેપર લઈ શોભા બહાર જતી હતી, ત્યાં જ રાજવીએ એને રોકી.

"અને જો, હું ન કહું ત્યાં સુધી કોઈ એની રૂમમાં જતા નહીં, એનું ખાવા-પીવાનું એના રૂમમાં દરવાજા પાસે જ મૂકી દેજો. સાથે એણે અહીં પહેરવાનાં કપડાંનો એક સેટ મૂકી દેજો. રાતની મેટ્રનને કહેજો કે સવારે ચારેક વાગ્યે ચૂપચાપ એના કમરામાં જઈ ખાલી વાસણો લઈ આવે. પણ નિહારિકા ઊંઘતી હોય તો જ."

વાત સમજતી હોય એમ ડોકું હલાવી કંઈ પણ બોલ્યા વગર શોભા ગઈ.

ત્રણેક દિવસમાં નિહારિકાના મગજનો પારો થોડો નીચે ઊતર્યો હતો. હવે જમવાની થાળી મૂકવા આવતી બાઈને એ બરાડા પાડીને ભગાડતી નહોતી. રાજવી દરરોજ સવારે રાઉન્ડ પર નીકળી ત્યારે દરવાજા પાસે ઊભી રહીને જ નિહારિકાના ખબર પૂછતી. નિહારિકા દરરોજ એને એક જ સવાલ પૂછતી,

"મારા પપ્પા ક્યારે આવશે?"

રાજવી પણ રોજ એને એક જ જવાબ આપતી,

"કાલે આવી જશે હોં. એમનું કામ હજી પત્યું નથી."

ચોથા દિવસે નિહારિકાના વર્તનમાં એક નોંધનીય બદલાવ આવ્યો. જમવાનું લઈને આવેલી બાઈને એણે થાળી ટેબલ પર મૂકવા ઈશારો કર્યો. પેલી બાઈ ગભરાતી-ગભરાતી થાળી મૂકીને રીતસર બહાર દોડી ગઈ. પહેલાની ખાલી પડેલી થાળી લેવાય ન રોકાઈ. શોભાએ લંચ પછી તરત રાજવીને આ 'ગૂડ ન્યૂઝ' આપ્યા.



પ્રકરણ 46

રમણને દહાણુ પાસેના એક વૃદ્ધાશ્રમમાં ખસેડવાનો નિર્ણય લેવામાં આવ્યો. સનત અને પરિની ગાડીમાં એને આશ્રમ મૂકવા ગયા.

મુંબઈથી દહાણુના પ્રવાસ દરમિયાન વૃદ્ધાશ્રમના સરસ વાતાવરણ અને ત્યાં અપાતી સવલતો વિશે વાતો કરીને પરિની રમણને ત્યાં રહેવા માટે માનસિક રીતે તૈયાર કરતી રહી. રમણનું ધ્યાન પરિનીની વાતોમાં હતું કે નહીં એ તો કોણ જાણે ? પ્રવાસ દરમ્યાન બધો વખત એ ચૂપચાપ સામે વહેતા રસ્તા પર નજર નાખતો બેસી રહ્યો હતો.

સવારે અગિયારેક વાગ્યે 'સોનેરી સંધ્યા'ના ગેટમાં પ્રવેશતી ગાડી સાથે રમણના ચહેરાની લકીરોમાં સહેજ બદલાવ આવેલો પરિનીએ અનુભવ્યો. સતત સામે જ ખોડાયેલી રહેલી રમણની નજર હવે આજુબાજુ ફરી રહી હતી.

ગેટથી ઑફિસ જવાના રસ્તાની જમણી તરફ એક વિશાળ બગીચો હતો. એક મોટા વૃક્ષની છાયા નીચે આવેલા બાંકડા પર બે વૃદ્ધો બેઠા હતા. એકના હાથમાં છાપું હતું. એ ભાઈ છાપાના કોઈક સમાચાર તરફ આંગળી ચીંધી બીજા ભાઈને કંઈક કહી રહ્યા હતા. થોડે દૂર છાંયડામાં એક બહેન ઘાસ પર મેટ પાથરી હળવી કસરત કરી રહ્યા હતા. ઊભા-ઊભા બગીચાની વાડને બાગકામની કાતરથી મઠારી રહેલો માળી પોતાનું કામ અટકાવી ઑફિસ તરફ જઈ રહેલી ગાડીને જોઈ રહ્યો.

'ઑફિસ' લખેલા કોટેજ પાસે ગાડી ઊભી રહી કે તરત અંદરથી બદામી રંગનું ખાદીનું શર્ટ અને સફેદ પાયજામો પહેરેલા પ્રૌઢ ઉંમરના, ચશ્માવાળા એક ભાઈ ઝડપથી ચાલતા બહાર આવ્યા.

"આવો, આવો, હું તમારી જ રાહ જોઈ રહ્યો હતો. મારું નામ મગનભાઈ મકવાણા. અહીં વ્યવસ્થાપક છું."

કહેતાં સ્મિત સાથે હાથ જોડી એમણે ગાડીમાંથી ઊતરનાર સર્વેને નમસ્કાર કર્યા. વળતા નમસ્કાર કરી સનત, રમણ અને પરિની ત્રણેય એમની પાછળ દોરવાયા.

"તમારો મેસેજ મળી ગયેલો એટલે અમે બધી તૈયારી કરી રાખી છે."

કહેતા એમણે કેબિનનો પંખો શરૂ કરી, પોતાની ખુરશી પર બેઠક લીધી. એમની સામે ત્રણેય મહેમાનો ગોઠવાયા.

"ફોર્મની વિગતો મેં ભરી રાખી છે. તમારે ફક્ત અહીં સહીઓ કરવાની છે."

કહેતાં મગનભાઈએ કાગળ અને પેન પરિની તરફ સરકાવ્યા. ફોર્મની વિગતો પર એક નજર ફેરવી પરિનીએ ફોર્મ રમણ તરફ સરકાવ્યું અને સહી કરવાની જગ્યા બતાવી. અત્યાર સુધી ચૂપચાપ રહેલો રમણ ત્યારેય કંઈ ન બોલ્યો. એણે સહી કરીને પેપર અને પેન પરિની તરફ સરકાવ્યા. ગાર્ડિયનની જગ્યા પર પહેલાં પરિની અને પછી સનતે સહીઓ કરી. મગનભાઈએ ફોર્મ ખાનામાં મૂકી દીધું.

"ચાલો, તમને એમનો રૂમ બતાવી દઉં. એમનો સામાન ક્યાં છે?"

કહેતાં મગનભાઈ ઊભા થયા.

"સામાન ગાડીમાં છે."

કહેતી પરિની ઊભી થઈ અને બાકીનાને ઊભા થવાનો ઇશારો કર્યો.

"વાંધો નહીં એ હું કોઈ જોડે મંગાવી લઉ છું."

કહેતા મગનભાઈએ બેલ મારી. બાવીસેક વરસનો, રાખોડી યુનિફોર્મ પહેરેલો એક યુવક ક્યાંકથી દોડતો આવ્યો. મગનભાઈએ એને સૂચના આપી,

"આમનો સામાન રૂમ નં. 32 માં લઈ આવ."

પાંચેય જણ બહાર નીકળ્યા એટલે પરિનીએ સહેજ થોભીને ડ્રાઈવરને રમણના સામાન બાબતની જરૂરી સૂચનાઓ આપી અને ઝડપથી ચાલતી એ મગનભાઈ તથા અન્યો સાથે જોડાઈ ગઈ.

પાંચેક એકરમાં પથરાયેલ આશ્રમમાં અંદરના ભાગે બંને તરફ કોટેજિસ અને વચ્ચે ચાલવાની પહોળી પગથી હતી. બે કોટેજ વચ્ચે આંબા તથા ચીકુનાં વૃક્ષો હતાં. ચાર-પાંચ કોટેજિસ વટાવ્યા પછી મગનભાઈ જમણી તરફના કોટેજ બ્લોક તરફ વળ્યા. એક-એક બ્લોકમાં ચાર-ચાર રૂમ બનાવેલી હતી. દરેક રૂમમાં બે જણને રહેવાની વ્યવસ્થા હતી. રૂમની અંદર ડાબે-જમણે એક-એક પલંગ રાખીને વચ્ચેની જગ્યા કોરી રાખવામાં આવી હતી. બંને પલંગની એક તરફ એક મોટી લંબચોરસ ટિપાઈ મૂકેલી હતી. અંદરને ભાગે બંને તરફ એક-એક એમ બે બાથરૂમ હતા.

જમણી તરફના પલંગ પર આડા પડી એક ભાઈ પુસ્તક વાંચી રહ્યા હતા. મગનભાઈ જોડે મહેમાનો આવ્યાનું જાણી એ પથારીમાંથી બેઠા થયા. પુસ્તક અને ચશ્માં બાજુના ટેબલ પર રાખી એ ઉત્સુકતાથી નવા આગંતુકોને નિહાળી રહ્યા.

"અંદર આવી જાઓ. ચંપલ બાજુ પર ઉતારી દેજો."

કહેતા મગનભાઈએ બારણાં બહાર જ ઊભા રહી ગયેલા બાકીના ત્રણેયને અંદર આવવા ઇશારો કર્યો. મગનભાઈએ રૂમ અને એમાં રહેલી સગવડો વિશે માહિતી આપી. પલંગ પર બેઠેલા પેલા ભાઈ ચૂપચાપ બધું જોતાં-સાંભળતાં રહ્યા. દરમિયાન પ્યૂન આવીને સામાન મૂકી ગયો. નીકળતા પહેલા મગનભાઈએ પલંગ પર બેઠેલા ભાઈની ઓળખાણ કરાવી. "આ છે કીર્તનભાઈ. એમને અહીં આવ્યે લગભગ વરસ થયું. બરાબર ને કીર્તનભાઈ?"

પૂછતા મગનભાઈ સામે કીર્તનભાઈ હૂંફાળુ હસ્યા અને બાકીના સર્વેને નમસ્કાર કર્યા.

"આ રમણભાઈ છે. આજથી અહીં રહેવાના છે." કહેતા મગનભાઈએ રમણ તરફ આંગળી ચીંધી. રમણે કઈ જ પ્રતિભાવ ન આપ્યો, વૃદ્ધાશ્રમમાં પ્રથમ વખત દાખલ થનારી વ્યક્તિની માનસિક સ્થિતિથી સુપેરે પરિચિત એવા મગનભાઈએ સહજભાવે સનતને કહ્યું,

"વાંધો નહીં, પહેલો દિવસ છે ને. થોડું અજાણ્યું લાગશે. ધીમે-ધીમે ફાવી જશે. ચાલો આપણે બાકીની ફોર્માલિટીસ પતાવીએ. બહેન, તમે ત્યાં સુધી એમને સામાન ગોઠવવામાં મદદ કરો."

કહીને મગનભાઈ સનતને લઈને ઑફિસે પાછા ફર્યા.

મગનભાઈ અને સનતના ગયા બાદ પરિનીએ રમણનો સામાન ગોઠવવા

માંડ્યો. કીર્તનભાઈ પરિનીને જરૂરી માર્ગદર્શન આપતા રહ્યા. સામાન ગોઠવતાં-ગોઠવતાં પરિનીએ કીર્તનભાઈ પાસેથી જમવાના સમય અને બીજી બધી જરૂરી માહિતી મેળવી લીધી. સામાન ગોઠવાઈ ગયો એટલે પરિની રમણને લઈને કૉટેજ બ્લોકની બહાર આવી. બહાર ઉભા રહી, કૉટેજ તરફ તાકતા એ બોલી,

"મને લાગે છે કે વાંધો નહીં આવે. અહીં તમને ગમશે. શહેરથી થોડું દૂર છે એટલે મજાની શાંતિ છે. બધા મળીને લગભગ સિત્તેરેક મેમ્બર્સ છે. આઈ એમ સ્યોર તમે નવા મિત્રો બનાવી લેશો."

આટલું કહીને એણે પ્રતિભાવની અપેક્ષાએ રમણ સામે જોયું. રમણે એની સામે એક માંદલું સ્મિત કરતાં કહ્યું,

"તું ચિંતા નહીં કર, હું મારું ફોડી લઈશ. આમેય હવે કેટલા વરસ જીવવું છે ? અહીં રહું કે મુંબઈ, શો ફેર પડે છે ? બસ ક્યારેક-ક્યારેક મળવા આવતાં રહેશો તો આનંદ થશે."

રમણના આ શબ્દોએ ઢીલી થઈ ગયેલી પરિનીએ સહેજ થોભી, મન મક્કમ કરી, ચહેરા પર સ્મિત રેલાવી કહ્યું,

"હા, હા, હું તો આવતી રહીશ. મને તો આવી શાંત જગ્યા ખૂબ ગમે. આવીશ ત્યારે આખો દિવસ તમારી જોડે પસાર કરીશ."

કહીને સહેજ અટકી, રમણ સામે જોઈ ગંભીરતાથી બોલી,

"અને તમે નિહારિકાની ચિંતા જરીકેય ન કરતા. એ પણ ત્યાં સરસ ગોઠવાઈ ગઈ છે.
ડૉ. આચાર્યના મેસેજીસ મને નિયમિત મળતા રહે છે."

"એની ચિંતા તો હું શું કરું ! કંઈ જ નથી કરી શક્યો હું કોઈનીય માટે !"

એમ બબડતા રમણે ઑફિસ તરફ ધીમે ડગલે ચાલવા માંડ્યું. પરિની પણ એની પાછળ-પાછળ દોરવાઈ.

OOO

દર શનિવારની જેમ એલ. એન. સેન્ટરની બધી મહિલા પેશન્ટ્સ સાંજે પાંચ વાગ્યે ગાર્ડનમાં ડોજ-બૉલ રમવા ભેગી થઈ હતી. એક બહેનને વચ્ચે ઊભી કરીને બાકીની બધી બહેનો મોટું કુંડાળું વાળીને એની ફરતે ઊભી રહી ગઈ હતી. સામ-સામે ફેંકાતા બૉલથી વચ્ચે ઊભેલી બહેને બચવાનું હતું. ફક્ત પોતાના હાથની મુઠ્ઠીઓથી એ બૉલને ધક્કો મારી શકે. જો શરીરના બીજા કોઈ ભાગને એ બૉલ અડે તો એ આઉટ. જેણે ફેંકેલો બૉલ વચ્ચે ઊભેલી બહેનને વાગે, એણે દાવ લેવા વચ્ચે આવવું પડે.

ગાર્ડનમાં થતો શોરબકોર બરાબર ઉપર જ આવેલી નિહારિકાની રૂમમાં સંભળાતો હતો. કંઈક ઉત્સુકતા અને થોડી ચીડ સાથે નિહારિકા ઊભી થઈને બારી પાસે આવી. પડદો સહેજ ખસેડીને એ નીચે શું થઈ રહ્યું હતું એ જોવા માંડી. બહેનોની ધમાચકડીમાં એને રસ પડ્યો. બારીના સળિયા પકડી એ રમત જોવામાં મશગૂલ થઈ ગઈ. થોડી વાર થઈ હશે, ત્યાં નીચે બધા સાથે રમી રહેલી સુહાનીનું ધ્યાન બારીમાં ઊભી-ઊભી રમત નિહાળી રહેલી નિહારિકા પર પડ્યું. એણે

નિહારિકા સામે સ્મિત કરી હાથ હલાવ્યો.

આ જોઈને નિહારિકા ખચકાઈ ગઈ અને એણે ઝડપથી પડદો બંધ કરી નાખ્યો. ફરી પાછી એ પલંગ પર આવીને બેસી ગઈ. એનું શરીર ભલે પલંગ પર હોય, પણ એનું મન હજીય નીચે રમાતી પેલી રમતમાં જ હતું. હજીયે એને કાને પેલી બહેનોનો કલબલાટ અથડાતો હતો. કોઈના આઉટ થવાનો શોરબકોર થયો એટલે નિહારિકા કોણ આઉટ થઈને દાવ લેવા આવ્યું એ જોવા ફરી બારી પાસે આવી. આ વખતે એણે પડદો ફક્ત એક ઈંચ જ ખસેડ્યો જેથી એ પોતે રમત જોઈ શકે પણ કોઈની નજરે ન ચડે. બરાબર સાડા છ વાગ્યે રમત પૂરી થઈ અને બધી બહેનો વિખરાઈ ગઈ ત્યાં સુધી નિહારિકા બારી પાસેથી ખસી નહીં.

સાંજે સાત વાગ્યે જમવાની થાળી લઈને આવેલી બાઈ સાથે સુહાની પણ આવી.

''હાય ! હું સુહાની. તમે ?''

''નિહારિકા.''

બાઈની સાથે પેલી સાંજવાળી સ્ત્રીને જોઈને ચમકેલી નિહારિકાએ ફક્ત એક જ શબ્દમાં જવાબ આપ્યો અને શરીર અક્કડ કરીને, મોઢું બારી તરફ ફેરવીને બેસી ગઈ. એના આ માનસિક વિરોધને અવગણતા સુહાનીએ પૂછ્યું,

''કેમ તમે સાંજે રમવા ન આવ્યા ?''

''મને એવું બધું નથી ગમતું.''

નિહારિકાએ રૂક્ષ સ્વરે ઉત્તર આપ્યો.

''તમને ટીવી જોવું ગમે ?''

સુહાનીના આ પ્રશ્ને ચમકેલી નિહારિકાએ બારી પરથી નજર ખસેડીને એની સામે જોયું. નિહારિકાનો સકારાત્મક પ્રતિભાવ નોંધતા સુહાનીએ તરત કહ્યું,

''રોજ રાત્રે સાડા આઠ વાગ્યે નીચે કોમન હૉલમાં ટીવી ચાલુ કરે છે. અમે બધા સાથે બેસીને હનુમાનની અને ઉલટા-ચશ્મા નામની સીરિયલ જોઈએ છીએ. ઉલટા-ચશ્મા જોતાં તો અમે હસી હસીને બેવડ વળી જઈએ છીએ. તમે અમારી જોડે ટીવી જોવા બેસશો?''

''ના...'' કહીને કંઈક વિચારતી હોય એમ નિહારિકા થોડું અટકીને બોલી,

''ત્યાં તો બહુ લોકો હશે ને.''

''બહુ નહીં, બસ પંદર-વીસ.''

''ના, ના. મને નહીં ફાવે. બહુ લોકોને જોઈને મને ગભરામણ થાય છે.''

''તો તમારી ખુરશી થોડી દૂર મૂકીશું. બધાથી જુદી.''

''પણ... મને ખબર નથી કે ટીવી હૉલ ક્યાં છે ? હું તો આખો દિવસ આ રૂમમાં જ હોઉં છું.''

નિહારિકા કંઈક મૂંઝવણ સાથે બોલી.

''એ તો આ તારાબાઈ તમને લઈ આવશે. બરાબરને તારાબાઈ ?''

કહેતાં સુહાનીએ ત્યાં ઊભી-ઊભી બંનેનો સંવાદ સાંભળી રહેલી તારાબાઈ સામે જોયું. તારાબાઈએ સહમતિમાં ડોકું ધુણાવ્યું.

''ભલે ત્યારે. હું તમને સાડા આઠ વાગ્યે ટીવી હૉલના દરવાજા પાસે મળીશ.

જરૂરથી આવજો.''

''હં.'' કહીને નિહારિકાએ જમવાની થાળી ઊપરનું ઢાંકણ ખોલી એમાં શું-શું છે એ જોવામાં ધ્યાન પરોવ્યું. તારાબાઈ અને સુહાની રૂમનો દરવાજો અડકાવી બહાર નીકળ્યા.

આઠ ને પચ્ચીસ મિનિટે તારાબાઈ નિહારિકાને લેવા આવી. ટીવી હૉલના દરવાજા પાસે સુહાની એમની રાહ જોતી ઊભી હતી. એણે દરવાજાથી થોડે દૂર, રૂમના એક ખૂણામાં નિહારિકા માટે ખુરશી ગોઠવી હતી. નિહારિકાને ત્યાં બેસાડીને સુહાની આગળ બીજી બહેનો સાથે ટીવીની સામે જમીન પર પાથરેલી ચટાઈ પર ગોઠવાઈ ગઈ. બે-ત્રણ સ્ત્રીઓએ સહેજ પાછું વળી, નિહારિકા પર અછડતી નજર નાખી, ટીવી જોવામાં ધ્યાન પરોવ્યું. દસ વાગ્યે સીરિયલો પતી એટલે શોભાએ આવીને ટીવી બંધ કર્યું. લાઇટ બંધ કરીને બધી બહેનોને પોત-પોતાના રૂમમાં મોકલી. સુહાની નિહારિકાને એની રૂમ સુધી મૂકવા ગઈ.

''કાલે ફરી મળીશું. આવજો હં. ગુડ નાઇટ.''

કહીને સુહાની દરવાજેથી જ પાછી વળી ગઈ. નિહારિકાએ રૂમમાં જઈને પોતાની પથારીમાં લંબાવ્યું.

બીજે દિવસે સવારે શોભાએ ફોન પર ડૉ રાજવીને આગલી સાંજનો રજેરજ રિપોર્ટ આપ્યો.

''મેડમ, સુહાનીએ એની ડ્યૂટી બરાબર બજાવી છે. ગઈ કાલે રાત્રે એ નિહારિકાને ટીવી રૂમ સુધી લઈ આવી. જોઈએ, હવે એ એને જનરલ રૂમ સુધી ક્યારે પહોંચાડે છે ?''

''થશે. એ પણ થશે. સુહાની પોતે પણ આવી જ સ્થિતિમાંથી પસાર થઈ ચૂકી છે. એ નિહારિકાને સમજી શકશે અને એની મદદ પણ કરી શકશે.''

કહીને રાજવીએ ફોન મૂક્યો.

છેલ્લા ત્રણેક મહિના દરમિયાન નિહારિકાની વર્તણૂકમાં ઘણો સુધારો થયો હતો. હવે એ એકલી બંધ, અંધારા રૂમમાં બેસી નહોતી રહેતી. હવે એના રૂમનું બારણું ઉઘાડું રહેતું. ત્યાંથી પસાર થતાં ક્યારેક કોઈક એને સ્મિત આપે તો એ મોઢું ફેરવી નહોતી લેતી. જો કે હજી એ સુહાની સિવાય બીજી કોઈ પેશન્ટ સાથે વાત નહોતી કરતી. એ પણ સુહાની પૂછે એટલા જ પ્રશ્નોના સાવ ટૂંકા-ટચ ઉત્તરો આપતી.

નિહારિકાની પ્રગતિ જોતાં ડૉ. રાજવીને થયું કે હવે નિહારિકા એકાદ સ્વજનને મળવા જેટલી સ્વસ્થ થઈ ગઈ હતી. એક સવારે એમણે પરિનીને ફોન કર્યો. નિહારિકાની તબિયત વિશેની પ્રાથમિક જાણકારી આપ્યા બાદ ડૉ. રાજવીએ સૂચન કર્યું,

''પરિનીબેન, નિહારિકાની સ્થિતિ હવે સુધારા પર છે. એ વારંવાર એના પપ્પા માટે પૂછે છે. જો તમે એમને એકાદ વાર અહીં લાવી શકો તો સારું.''

ડૉ. રાજવીની આ વાતે પરિની વિચારમાં પડી. રમણને વૃદ્ધાશ્રમ ગયે હજી મહિનો માંડ થયો હતો. ધીમે-ધીમે એ ત્યાંની દિનચર્યામાં ગોઠવાઈ રહ્યો હતો. નવા મિત્રો સાથે હળી રહ્યો હતો. દર રવિવારે પરિની એને ફોન કરતી ત્યારે એ કોઈક

નવા મિત્ર વિશે જરૂર વાત કરતો. એવામાં જો એને નિહારિકાને મળવા મુંબઈ પાછો લાવવામાં આવે, તો એની માનસિક સ્થિતિ ડહોળાઈ જવાની શક્યતા હતી.

વૃદ્ધાશ્રમના વ્યવસ્થાપક મગનભાઈએ પરિની અને સનતને આ બાબતની આગોતરી ચેતવણી આપતા કહ્યું હતું કે ઓછામાં ઓછા બે મહિના સુધી કોઈએ એમને મળવા ત્યાં જવું નહીં. એમને મુંબઈ પણ ન બોલાવવા. આવી સ્થિતિમાં ઘણી વાર એવું બને કે વ્યક્તિ આશ્રમમાં પાછા ફરવા ઈનકાર કરી દે. અઠવાડિયે એકાદ વાર ફોન કરતી વખતે એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે એમને દુનિયાથી કપાઈ ગયા હોવાની લાગણી ન થાય. એમને સામાન્ય સમાચાર આપતા રહેવું, પણ ક્યારેક એમ ન કહેવું કે એમના વગર સોરવતું નથી. દરરોજ ફોન તો ન જ કરવો.

થોડીવાર સુધી પરિનીએ કંઈ જવાબ ન આપ્યો ત્યારે ડૉ. રાજવીએ કહ્યું,

''ઉતાવળ નથી. તમે વિચાર કરીને કહેજો.''

''ભલે.''

કહીને પરિનીએ ફોન મૂકી દીધો.



પ્રકરણ 47

રાત્રે અજય અને પછી સનત તથા અન્ય પરિવારજનો સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ એવું નક્કી થયું કે પહેલી વાર પરિનીએ એકલીએ જ નિહારિકાને મળવા જવું. જો બધું બરાબર હોય, તો પછી ક્યારેક રમણને ત્યાં લઈ જવો. બે દિવસ પછી સેન્ટર પર ફોન કરીને પરિનીએ નિહારિકા સાથેની એની મુલાકાતનો દિવસ અને સમય બુક કરી લીધા. નિર્ધારિત દિવસે અને સમયે પરિની સેન્ટર પર પહોંચી અને સૌથી પહેલા ડૉ. રાજવીને મળી.

''ગુડ મોર્નિંગ.'' કહેતી પરિની ડૉ. રાજવીની કેબિનમાં પ્રવેશી અને એમની સામેની ખુરશી પર ગોઠવાઈ.

''ગુડ મોર્નિંગ.'' ડૉ. રાજવીએ હુંફાળું સ્મિત આપતાં પૂછ્યું,

''તમે નિહારિકાના કઝિન છો ને ?''

''યસ ડૉક્ટર. હવે એની તબિયત કેમ છે ?''

''શી ઇઝ રિસ્પોન્ડિંગ વેલ ટુ અવર ટ્રીટમેન્ટ. છેલ્લા ત્રણેક મહિનામાં એનામાં સારો એવો બદલાવ આવ્યો છે. તમે એને પંદર-વીસ મિનિટ માટે મળી શકો છો. પણ અમુક વાતોનું ખાસ ધ્યાન રાખજો. એની સાથે ફક્ત અને ફક્ત વર્તમાનની જ વાતો કરજો, એ પણ સાવ જનરલ. જેમ કે ન્યૂઝ, નવી ટીવી સીરિયલ કે ફિલ્મ એવું બધું. બને ત્યાં સુધી અન્ય પરિવારજનો વિશેની વાતચીત ટાળજો. એનાથી કદાચ એ ઘરે પાછા જવાની જીદે ચઢે. ટૂંકમાં એ ડિસ્ટર્બ થાય એવી કોઈ વાત ન કરતા.''

''ઓકે ડૉક્ટર. અને એના પપ્પા અત્યારે વૃદ્ધાશ્રમમાં છે તો એના વિશે...''

''બિલકુલ નહીં. એનાથી એને આઘાત પહોંચી શકે છે. તમે ફક્ત એટલું જ કહેજો કે એમની તબિયત સારી નહોતી એટલે એ ન આવી શક્યા. પણ તેઓ એને ખૂબ યાદ કરે છે.''

આટલું કહીને ડૉ. રાજવીએ બેલ મારી. શોભા આવી એટલે એમણે એને કહ્યું,

''આમને નિહારિકાની રૂમમાં લઈ જાવ.''

''થેંક યૂ ડૉક્ટર.''

કહેતી પરિની ઊભી થઈ અને શોભાની પાછળ-પાછળ ચાલવા માંડી. એ બંને નિહારિકાના રૂમ સુધી પહોંચ્યા એટલી વારમાં પરિનીએ શોભા પાસેથી નિહારિકાની દિનચર્યાની વિગતો મેળવી લીધી હતી.

નિહારિકાના રૂમનો દરવાજો અડધો ખુલ્લો હતો. શોભાએ હળવા ટકોરા મારીને દરવાજો પૂરો ખોલી નાખ્યો. પથારીમાં આડી પડેલી નિહારિકા રૂમમાં થયેલા સંચારથી બેઠી થઈ અને એણે દરવાજા તરફ જોયું.

''અરે, પરિની દીદી ! તમે ક્યારે આવ્યા ?''

નિહારિકાના અવાજમાં હર્ષ છલકાઈ ઊઠ્યો. બે હાથે વાળ સરખાં કરી,

કપડાંના સળ ખેંચી એ પથારી પર વ્યવસ્થિત બેઠી. શોભાએ પરિનિને બેસવા માટે સ્ટૂલ લાવી આપ્યું.

''હું બહાર ઊભી છું.''

કહીને શોભા રૂમની બહાર નીકળી ગઇ.

''તું કેમ છે, નિહારિકા ?''

સ્ટૂલને તદ્દન બાજુમાં ખેંચીને બેઠેલી પરિનીએ નિહારિકાના હાથ પોતાના હાથમાં લેતા પૂછ્યું,

''હું તો બરાબર છું. પણ મને અહીં કેમ રાખવામાં આવી છે ? પપ્પા ક્યાં છે ? એ મને લેવા આવવાના હતા ને ? આવ્યા છે એ ?''

કહેતાં નિહારિકાએ ઉઘાડા બારણાની બહાર આંખોથી રમણને શોધવાનો પ્રયત્ન કર્યો.

''એમની તબિયત સારી નથી ને એટલે આજે એ નથી આવી શક્યા. એમણે જ મને તારી ખબર પૂછવા મોકલી છે. તને અહીં ફાવે છે ને?''

પરિની સાચવીને બોલી.

''આમ તો બધું સારું છે. પણ અહીં રૂમમાં ટીવી નથી. એને માટે મારે નીચે જવું પડે છે.
ડૉ. રાજવી બહુ જ સારા છે. એ મને રોજ મળવા આવે છે અને મારી સાથે સરસ વાતો કરે છે. પેલા શોભાતાઈ...''

કહેતી નિહારિકા અટકી અને એણે બારણાની બહાર નજર કરી. પછી એકદમ હળવે સાદે બોલી,

''એ થોડા સ્ટ્રીક્ટ છે. એમને બધું ટાઇમસર જોઇએ, નહીં તો ગુસ્સો કરે.''

નિહારિકાની આ વાત સાંભળી પરિની હસી પડી. એણે તરત શોભાનો બચાવ કરતા કહ્યું,

''અહિંયા ઘણી બધી બહેનો હોય ને. બધી સરખી ન હોય એટલે એમણે થોડું કડક રહેવું પડે.''

''હં.'' કહેતા નિહારિકાએ ડોકું હલાવ્યું અને સહસા પૂછ્યું,

''અજય જીજુ કેમ છે ? એ ન આવ્યા ?''

''ના. એમને ઑફિસમાં બહુ કામ હતું. અચ્છા તું ટીવી પર શું જોય છે એ તો કહે.''

પરિનીએ સિફતથી નિહારિકાને સામાન્ય વાતોના પાટે ચડાવી દીધી. એ પછી નિહારિકાએ જુદી-જુદી સીરિયલો, નવી એડવર્ટાઇઝમેન્ટ્સ અને એણે જોયેલી ફિલ્મો વિશે વાતો કરી. વીસેક મિનિટ થઇ ત્યાં શોભા અંદર આવી. એનો ઇશારો સમજી હોય એમ પરિનીએ કહ્યું,

''ચલ ત્યારે, નિહારિકા હું નીકળું ?''

''થોડી વાર બેસોને દીદી. કેટલા દિવસે કોઇની સાથે વાતો કરી.''

પરિનીએ રજા માગતી નજરોએ શોભા સામે જોયું.

શોભાએ આંખોથી મંજૂરી આપી અને ફરી એક વાર એ બહાર જઇને ઊભી રહી. દસેક મિનિટ રહીને પરિની નીકળી ત્યારે એના ચહેરા પર નિહારિકાની હાલત

સુધારા પર હોવાનો સંતોષ છલકાતો હતો. શોભાતાઈની વિદાય લઈ ગાડીમાં બેસતાંવેંત એણે અજયને ફોન જોડ્યો.

મહિના બાદ રમણને મળવા ગયેલી પરિનીએ પહોંચતાવેંત નિહારિકાના ખુશખબર આપ્યા. પોતે એને મળવા ગઈ ત્યારની રજેરજ વિગત એણે રમણને કહી સંભળાવી. સમગ્ર અહેવાલ દરમિયાન રમણના ચહેરા પર ભાવપલટા થતા રહ્યા. ક્યારેક ગ્લાનિ, ક્યારેક હર્ષ તો ક્યારેક ઉત્સુકતાની લહેરો એના ચહેરા પરથી પસાર થતી રહી. જોકે પરિનીનું બોલવું પત્યું ત્યારે રમણે એટલું જ કહ્યું,

‘‘ચાલો, સારું. મારાથી જે ન થઈ શક્યું એ કોઈક તો કરે છે. ભગવાન સહુનું ભલું કરે.’’

૦૦૦

દરરોજ ટીવી જોવા જતી નિહારિકા હવે સુહાની સાથે થોડી વાતચીત કરતી થઈ હતી. જોકે હજીયે એની ખુરશી બધાથી દૂર જ રહેતી. એક રવિવારે એના આ નિયમમાં બદલાવ આવ્યો.

એ દિવસે ડીવીડી પર અક્ષયકુમારની નવી ફિલ્મ ‘એરલિફ્ટ’ લગાડવામાં આવી હતી. નિહારિકાને ફિલ્મમાં ખાસ્સો રસ પડ્યો હતો. ટીવી પરના દ્રશ્યો એને બરાબર દેખાતા હતા, પણ ડાયલોગ પૂરા સંભળાતા નહોતા. અડધો કલાક સુધી નિહારિકા જેમતેમ કરીને બેઠી રહી, પણ પછી એણે પોતાની ખુરશી સહેજ આગળ ખસેડી. દરરોજ સુહાની ટીવી જોતાં જોતાં જાહેર ખબર આવે તે વખતે નિહારિકા પર નજર નાખી લેતી. એણે આ ફેરફાર તરત નોંધ્યો. ફિલ્મ પતી ત્યારે બધી સ્ત્રીઓએ તાળીઓ પાડીને અક્ષયકુમારને વધાવી લીધો. ફિલ્મ પતતા ઊભી થયેલી બહેનોએ નિહારિકાની આગળ આવેલી ખુરશી જોઈ. કેટલીક બહેનો એની સામે સ્મિત કરીને તો કેટલીક એમ જ બહાર નીકળી ગઈ. હંમેશ મુજબ નિહારિકા અને સુહાની સહુથી છેલ્લા બહાર આવ્યા. બીજે દિવસે સવારે રાઉન્ડ પર નીકળેલા ડૉ. રાજવી આચાર્યએ નિહારિકાને પૂછ્યું,

‘‘કેવી હતી ગઈકાલની ફિલ્મ?’’

‘‘બહુ સરસ હતી હોં મેડમ. મને તો જોવાની બહુ મજા પડી.’’

નિહારિકાએ ઉત્સાહથી કહ્યું.

નિહારિકાને સારા મૂડમાં જોઈ ડૉ. આચાર્યએ સ્વાભાવિક પણે પૂછતા હોય એમ પૂછ્યું,

‘‘તને રૂમમાં એકલા કંટાળો નથી આવતો ?’’

‘‘આવે છે, પણ શું કરું?’’

ઉતરેલા ચહેરે નિહારિકાએ જવાબ આપ્યો.

‘‘તને નવી બહેનપણીઓ બનાવવાનું ગમશે ?’’

‘‘મારી એક બહેનપણી છે, સુહાની.’’

‘‘એવી બીજી બે-ત્રણ છે, જેની સાથે તને મજા પડશે. બોલ, તું કહે તો હું કંઈ કરું’’

સાંભળીને નિહારિકા કંઈ બોલી નહીં, પણ કંઈક હકાર અને થોડા નકાર જેવા

મિશ્ર હાવભાવ સાથે એણે ડોકું ધુણાવ્યું.

''ઠીક છે. આજે લંચ પછી તને નવો રૂમ આપીશું.''

કહીને ડૉ. આચાર્ય ગયા.

બપોર પછી નિહારિકાને શેરિંગ રૂમમાં મોકલવામાં આવી. ત્યાં એની ઉપરાંત બીજી ત્રણ મહિલાઓ હતી. કોઈપણ જાતના વિરોધ વગર નિહારિકા ત્યાં ગોઠવાઈ ગઈ. બાકીની સ્ત્રીઓએ પણ કંઈ ન પૂછતાં ફક્ત સ્મિત સાથે એનું સ્વાગત કર્યું.

સાંજે પોણા-સાત વાગ્યે પેલી ત્રણમાંની એક સવિતા નિહારિકા પાસે આવી અને પૂછ્યું,

''જમવા નથી આવવું ?''

''જમવા ?''

''હા, નીચે ડાઇનિંગ હૉલમાં જમવા.''

''ના, ના. હું અહીં જ ખાઈશ.''

''ચલોને. આજે ખીચડી હશે. નીચે આવશો તો ગરમા-ગરમ મળશે.''

થોડું વિચારીને નિહારિકા ઊભી થઈ. 'ચલો' કહેતી એ સવિતાની જોડે ચાલવા લાગી. ડાઇનિંગ હૉલમાં એ સવિતાની બાજુમાં જ ગોઠવાઈ. બધી બહેનોએ ભોજન પહેલાં પ્રાર્થના કરી. નિહારિકાએ પણ હાથ જોડ્યા. ઘર કરતાં અહીં બધું જુદું હતું. અહીંનું વાતાવરણ એને ગમવા માંડ્યું હતું. ઘણા દિવસે એ ધરાઈને જમી. જમવાનું પત્યું એટલે ડાઇનિંગ હૉલની બહાર નીકળતા સવિતાએ નિહારિકાને પૂછ્યું,

''થોડી વાર ગાર્ડનમાં આવશો ?''

''ગાર્ડન ?''

''આ અહિંયા પાછળ જ છે. સરસ પવન આવે છે. થોડા આંટા મારીશું. થોડી વાતો કરીશું.''

''ના, ના. તમે જાઓ. મારે નથી આવવું.''

''પણ કેમ ? આખો દિવસ રૂમમાં બેસીને તમને કંટાળો નથી આવતો ?''

''આવે છે.''

''તો પછી કેમ ના પાડો છો ? કોઈ આપણને ડિસ્ટર્બ નહીં કરે. આપણે થોડું ચાલીશું અને પછી થોડી વાર બેંચ પર બેસીશું એટલામાં નવ વાગી જશે. પછી આપણે ટીવી જોવા જઈશું.''

''ઠીક છે. ચાલો.''

કહેતી નિહારિકા સવિતા સાથે ગાર્ડનમાં ગઈ.

ડૉ. રાજવી હવે નિહારિકાની ટ્રીટમેન્ટના બીજા સ્ટેજની તૈયારી કરી રહ્યા હતા. એ સ્ટેજ હતું વાતો કરવાનું. એ માટે એમણે ઇન-હાઉસ કાઉન્સેલર ડૉ. કરુણા દોશી સાથે સવારે અગિયાર વાગ્યાનો સમય નિર્ધારિત કર્યો હતો.

દર બીજા દિવસે ડૉ. દોશી લગભગ અડધો કલાક સુધી નિહારિકા સાથે વાતો કરતા. મેડિકલ સેન્ટરની વાતોથી શરૂ કરીને એમની વાતો ધીરે-ધીરે નિહારિકાના પરિવારજનો, એનો ભૂતકાળ, એની પીડાઓ... એ બધા પર જતી.

નિહારિકા પણ ધીમે-ધીમે ઉઘડતી જતી હતી.

નિહારિકાને ખ્યાલ હતો કે એની મમ્મી હવે આ દુનિયામાં નહોતી અને પપ્પા જ હવે એનો એકમાત્ર આધાર હતા. જો કે એના ભાઈ નેહુલ વિશે એને કંઈ જ જાણ નહોતી. નેહુલનું નામ આવતા જ એની આંખો ફરી જતી અને લમણાની નસો ફૂલવા માંડતી. નેહુલ વિશે કોઈ જ વાત કરવા એ તૈયાર નહોતી. નજીકના અને દૂરના ભૂતકાળ વચ્ચે એનું મન ઝોલાં ખાતું રહેતું. ક્યારેક ક્યારેક એ અસંબદ્ધ વાતો પણ કરતી. જોકે મગજના કોષોને થયેલા નુકસાનને લીધે આવું થવું સ્વાભાવિક હતું. ક્યારેક એ કેયૂરને યાદ કરીને હસતી, તો ક્યારેક પોતાની એકલતા વિશેની વાતો કરીને હતાશ થતી. ડૉક્ટર્સ પૂરી સહાનુભૂતિ અને નિષ્ઠાથી એને સાજી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

સરતા સમય સાથે ધીમે-ધીમે નિહારિકા સાજી થઈ રહી હતી. હવે એ એન્વેલપ બનાવવાના કામમાં જોડાઈ હતી. નવી-નવી ડિઝાઇનના એન્વેલપ બનાવવામાં એ માહેર થતી જતી હતી. ધીરે-ધીરે એની હોંશિયારી, ચીવટ અને નેતૃત્વ લેવાની ક્ષમતા ઉઘડી રહી હતી.

કાઉન્સેલિંગ દરમિયાન ડૉ. દોશીએ હળવે-હળવે નિહારિકાને નેહુલ સાથે થયેલા અકસ્માત વિશે જાણ કરી હતી. નેહુલ હવે આ દુનિયામાં નહોતો એ વાત નિહારિકાએ નિર્લેપતાથી સ્વીકારી લીધી હતી. જો કે એમણે એ નહોતું કહ્યું કે એ પ્રયાસ નિહારિકા દ્વારા જ થયો હતો. એ દિવસે ઘટેલી ઘટના વિશે નિહારિકાને કંઈ જ યાદ નહોતું. કદાચ એનું સુષુપ્ત મન આ કડવી યાદ મિટાવી દેવા માંગતું હતું.

કાઉન્સેલિંગ દરમિયાન ડૉ. દોશી નિહારિકાને એના જીવનની સારી-સારી વાતો યાદ કરવા, એને વિશે વાત કરવા પ્રોત્સાહન આપતા. જેવી એ નિરાશાની, દુઃખની વાત શરૂ કરે કે તરત કુનેહથી એની વાતોને જુદી દિશામાં વાળી દેતા. વ્યવસ્થિત અને એકધારી સરવારને લીધે નિહારિકા એની કડવી યાદો ભૂલવા માંડી હતી. એના પિતા પ્રત્યેનો એનો તિરસ્કાર, એમની તરફનો અણગમોય ધીરે-ધીરે દૂર થયો હતો.

કાઉન્સેલિંગ શરૂ થયા પછી પરિની એક વાર રમણને જોડે લઈને નિહારિકાને મળવા આવી હતી. વ્હીલચેરમાં બઠેલા રમણને જોઇને પહેલાં તો નિહારિકા ગભરાઈ ગઈ હતી. પછી ડૉ. દોશી અને પરિનીએ એને સધિયારો આપ્યો હતો કે એ ફક્ત ઉંમરને કારણે આવેલી નબળાઈ હતી. રમણને વધુ શ્રમ ન પડે તે માટે જ આવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

અડધા કલાકની એ મુલાકાત દરમિયાન રમણે માંડ-માંડ પોતાની લાગણીઓ પર કાબૂ રાખ્યો હતો. વારંવાર ગળગળા થઈ જતા સાદ અને ભીની થઈ જતી આંખોને છુપાવવા એ આડું જોઈ જતો હતો. ડૉ. દોશીની સખત તાકીદ હતી કે નિહારિકા સાથે કોઈએ પણ ભૂતકાળની વાતો ન કરવી. એ તાકીદનું પરિની અને રમણે અક્ષરસઃ પાલન કર્યું હતું. નિહારિકાને મળીને પાછા ફરતા રમણે ગ્લાનિ અને હર્ષની મિશ્ર લાગણી અનુભવી હતી.

●●●

પ્રકરણ 48

લાકડીને ટેકે ટેકે રમણ ડાઇનિંગ હૉલમાં દાખલ થયો, ત્યારે વ્યવસ્થાપક મગનભાઇ કશીક જાહેરાત કરી રહ્યા હતા. દરવાજાની પાસે જ આવેલી એની હંમેશની જગ્યા પર બેસતાં-બેસતાં રમણે એક નજર મગનભાઈ જોડે ઊભેલા મહેમાનો પર નાખી. ચાલીસેક વર્ષનો દેખાતો, ગ્રે રંગનું લિનનનું શર્ટ અને જીન્સ પહેરેલો એક પુરુષ અને બદામી રંગની સિલ્કની સાડી અને સોનેરી ફ્રેમના ચશ્માામાં શોભતી એક જાજરમાન વૃદ્ધા મગનભાઈની પાસે ઊભા-ઊભા એમની જાહેરાત ધ્યાનથી સાંભળી રહ્યા હતા.

મહેમાનો પરથી નજર ખસેડી, નેપકીનથી થાળી લૂછતાં-લૂછતાં રમણે એની બાજુમાં બેઠેલા માણેકચંદને પૂછ્યું,

"આજે કોઈના તરફથી જમણવાર છે ને ?"

"હા, કલકત્તાના કોઈ મહાનુભાવની પુણ્યતિથિ નિમિત્તે જમણવાર છે. સામે ઊભા છે એ એમના દીકરી અને એમનો પૌત્ર છે. એમણે જલેબી-ફાફડાનું જમણ રાખ્યું છે."

"અરે વાહ ! પણ આ વાત તમને કોને કહી?"

થાળી લૂછાઈ ગયા પછી વાટકીઓ અને ગ્લાસ લૂછતાં-લૂછતાં રમણ માણેકચંદ સાથે દબાયેલા સાદે વાતચીત કરી રહ્યો હતો.

"પેલી પોતા મારવા માટે કમલી આવે છેને એ જ સમાચાર લાવી હતી. એટલે તો હું ય આજે અહીં વહેલો ગુડાણો."

"ઘણા દિવસો થઈ ગયા જલેબી ખાધે. ગરમા-ગરમ હોય તો તો જલસો પડી જાય."

એટલી વારમાં જ મગનભાઈની જાહેરાત પૂરી થઈ અને બધાએ પ્રાર્થના બોલવાની શરૂઆત કરી. રમણ પણ હાથ જોડી, આંખો બંધ કરી પ્રાર્થનામાં જોડાયો. પ્રાર્થના પતી એટલે પીરસણિયો રઘુ જલેબીનો મોટો થાળ લઈને હાજર થયો. એને પાછળ રહેવાનો ઇશારો કરી પેલી આગંતુક મહિલાએ જાતે જલેબી પીરસવાની શરૂઆત કરી. ફરતાં-ફરતાં એ રમણની સામે આવી અને એની થાળીમાં બે જલેબી મૂકી. જલેબી સામે લાલચભરી નજરે નિહાળી રહેલા રમણે થાળીમાંથી એક જલેબી ઉપાડતાં કહ્યું.

"બહેન, હજી એક-બે મૂકજો ને."

સાંભળતા જ આગળ વધવા ઉપડેલા ગુણવંતીના પગ જમીન સાથે જડાઈ ગયા. એ જ અવાજ, એ જ બોલવાની લઢણ... એના હૃદયે પોકાર કર્યો. એણે રમણના ચહેરા પર નજર ઠેરવી. બસ એક જ ક્ષણ અને વચ્ચેના સમયનો અંતરાલ ઓગળી ગયો. કરચલીઓવાળા ચહેરા અને સમય સાથે સહેજ શ્યામ થયેલી ત્વચાને કારણે પહેલી નજરે રમણ કદાચ ન ઓળખાય, પણ એની આંખો અને અવાજ – એ શી રીતે ભૂલાય ? સહેજ ધ્રુજતા હાથે ગુણવંતીએ બે જલેબી રમણની થાળીમાં પીરસી અને એ આગળ વધી ગઈ. એનું શરીર ભલે પીરસતાં-પીરસતાં આગળ વધી ગયું હતું, પણ એનું હૈયું હજી રમણમાં જ અટવાયેલું હતું.

રમણથી છૂટા પડ્યે કેટલાં વર્ષો વીતી ગયાં હતાં એની ગણતરી હવે એણે છોડી દીધી હતી. પણ આમ આ રીતે મુલાકાત થશે એ એણે સ્વપ્નેય નહોતું વિચાર્યું.

આ બધાથી બેખબર રમણનું બધું ધ્યાન થાળીમાંની જલેબીમાં અને બાજુમાં બેઠેલા માણેકચંદ જોડેની વાતોમાં હતું. ગુણવંતીના ચહેરા સામે એણે જોયું જ નહોતું. બધાને જલેબી પીરસાઈ ગઈ એટલે ગુણવંતી ફરી એના ભત્રીજાની નજીક જઈને ઊભી રહી ગઈ. ત્યાં ઊભા-ઊભાય એની નજર વારે ઘડીએ રમણ તરફ જ ખેંચાઈ જતી હતી. જોકે રમણ હજીયે ખાવામાં અને વાતોમાં જ મશગુલ હતો. આમેય ઉંમરને કારણે એની દ્રષ્ટિ હવે નબળી પડી હતી. ડાઈનિંગ હૉલના છેક સામે છેડે ઉભેલી વ્યક્તિનો ચહેરો એને સાફ કળાતો નહોતો. આમ ને આમ પાંચેક મિનિટ વીતી હશે ત્યાં જ ગુણવંતીના ભત્રીજાએ એને પૂછ્યું,

"જઈશું, ફોઈબા ?"

"બસ પાંચ મિનિટ."

"ઓકે. તમે બહાર આવો, ત્યાં સુધી હું થોડા ફોન કોલ્સ પતાવી લઉં."

કહેતો ગુણવંતીનો ભત્રીજો ખિસ્સામાંથી મોબાઇલ કાઢતો બહાર નીકળી ગયો. મગનભાઈ ગુણવંતી જોડે ત્યાં જ ઊભા રહ્યા.

ગુણવંતીને ત્યાંથી ખસવાની ઇચ્છા જ નહોતી થતી. એક સમયે જેને પૂરા હૃદયથી ચાહ્યો હતો એ પુરુષ આજે દૃષ્ટિ સમક્ષ હતો અને આ કદાચ એમની છેલ્લી મુલાકાત હતી. એને નજર ભરીને જોવાની લાલચ ગુણવંતી રોકી ન શકી. થોડી પળો પછી એણે મગનભાઈને પૂછ્યું,

"પેલા... દરવાજા પાસે બેઠા છે એ ભાઈ..."

"કોણ પેલા લાકડીવાળા ભાઈ બદલ પૂછો છો ?"

"હા... એ.. કોણ છે ?"

"છે બિચારો વખાનો માર્યો. પત્ની મરી ગઈ. ગાંડી દીકરીએ ડાહ્યા દીકરાનું ખૂન કરી નાખ્યું. હવે એમનું કોઈ છે નહીં. એટલે સગાં-વ્હાલાં મળીને એમને અહીં મૂકી ગયા છે."

"એમને એક બહેન પણ હતી ને ?"

ગુણવંતી એ અચકાતાં-અચકાતાં પૂછ્યું.

"તમે ઓળખો છો એમને ?"

"ના. ના." કહેતાં ગુણવંતી સહેજ ડઘાઈને બોલી,

"એમની બહેન મારી બહેનપણી હતી. આમને તો મેં એક-બે વાર જ જોયા છે."

"ઓહ ! પણ એ બહેન તો ગુજરી ગયા. એમના પતિ અને એમની દીકરી જ આમને અહીં મૂકવા આવેલા. સરસ બહેન હતા એ. નામ પણ મીઠડું હતું, કંઈ પ.. પરથી."

"પરિની."

ગુણવંતી તરત બોલી ઊઠી.

"તમે એમનેય ઓળખો છો ? હવે જ્યારે એ અહીં આવશે, ત્યારે હું એમને તમારા વિશે જરૂર કહીશ."

ફરી એકવાર ગુણવંતી છળી ઊઠી અને બોલી,

"ના, ના. એ મને નહીં ઓળખે. હું તો એને એક જ વાર મળી છું, એય બહુ વરસો પહેલાં."

"વારુ." કહેતા મગનભાઈએ અંદર રસોડા તરફ જોઈને દાળ-ભાત લાવવા માટે હાક મારી.

"ચાલો, તો અમે હવે રજા લઈએ ? આ જગ્યાએ આવીને હૃદયને ખૂબ જ શાંતિ અનુભવાઈ. આ લોકોનેય અહીં સોરવતું હશે."

"હા, હા. અમે લોકો બધાનું બહુ ધ્યાન રાખીએ છીએ..."

એમ વૃદ્ધાશ્રમ વિશે વાતો કરતાં-કરતાં મગનભાઈ ડાઈનિંગ હૉલની બહાર નીકળ્યા. દરવાજા પાસેથી પસાર થતી વખતે ગુણવંતી સહેજ થોભી, એક નજર રમણ પર નાખી અને આગળ વધી ગઈ. જાણે આંખોથી જ રમણને એક વણ બોલાયેલો પ્રશ્ન પૂછતી હોય – ક્યાં છે તમારો વારસદાર ?

ooo

દોઢ-પોણા બે વર્ષની સઘન સારવાર બાદ નિહારિકા હવે તદ્દન નોર્મલ હતી. કેટલીક નિયમિત લેવાની દવાઓને બાદ કરતાં હવે એ સમાજમાં પાછી ફરવા માટે તૈયાર હતી. જોકે હવે એને એ જૂના સમાજમાં પાછા નહોતું ફરવું. એને કોઈ સગા-સંબંધીને નહોતું મળવું. એના અંગત પરિવારજનોમાં એ ફક્ત રમણ અને પરિનીની ગણતરી કરતી હતી.

દર મહિને-બે મહિને મળવા આવતી પરિનીની વાતો નિહારિકાને ખૂબ ગમતી. થોડા દિવસો થાય એટલે એને પરિનીની યાદ પણ આવતી. રમણનું નબળું-સબળું સ્વાસ્થ્ય એને અવારનવાર નિહારિકાને મળવા આવવાથી રોકતું હતું. આટલા મહિનાઓમાં એ ફક્ત ત્રણ જ વાર નિહારિકાને મળવા આવ્યો હતો.

એક દિવસ ડૉ. રાજવી આચાર્યએ નિહારિકાને એમની કેબિનમાં બોલાવી.

"આવ નિહારિકા, બેસ. મારે તારી સાથે થોડી અગત્યની વાતચીત કરવાની છે."

"બોલોને ડૉક્ટર. તમે જે કહેશો એ કરવા માટે હું એકદમ તૈયાર છું."

એક ઊંડો શ્વાસ લઈ, સહેજ ગંભીર મુખમુદ્રા સાથે રાજવી બોલી,

"નિહારિકા, હવે તું સંપૂર્ણપણે સાજી થઈ ગઈ છે. સંસ્થાના નિયમ મુજબ હવે તારો ઘરે જવાનો સમય આવી પહોંચ્યો છે."

"ઘર ? મારું ઘર ? મારે ક્યાં કોઈ ઘર છે ?"

નિહારિકાએ નિરાશ સ્વરે કહ્યું.

"એવું ન કહીએ, નિહારિકા. દરેકને એક ઘર હોય જ છે."

"ના મેડમ. દરેકને નથી હોતું."

સપાટ સ્વરે નિહારિકા બોલી.

ડૉ. રાજવીને જેનો અંદેશો હતો એ જ થઈ રહ્યું હતું. કાઉન્સિલિંગ સેશન દરમિયાન થતી વાતો પરથી ડૉ. દોશીને ખ્યાલ આવી ગયેલો કે નિહારિકાને હવે એના ભૂતકાળના સમાજમાં પાછા ફરવું નહોતું. અહીંની દુનિયા એને ગમવા માંડી

હતી. નવા લોકો, નવું કામ અને બધાના ખુલ્લા દિલ અને હૂંફાળા વાણી-વર્તનમાં એ હળવાશ અનુભવતી હતી. એ અહીં જ ખુશ હતી. ડૉ. રાજવીને આ વાતની ખબર હતી એટલે એમણે પણ થોડી તૈયારી કરી રાખી હતી. જોકે આ વાત એ નિહારિકાને મોંએ સાંભળવા માગતા હતા. એટલે જ એમણે એને મળવા બોલાવી હતી. એમણે નિહારિકાને સીધો પ્રશ્ન કર્યો,

"તો પછી તારે હવે શું કરવું છે ?"

"મેડમ, મારે અહીં જ રહેવું છે. તમે કંઈ કરો ને. મને અહિંયા બહુ ગમે છે."

"વેલ," સહેજ અટકીને ડૉ. આચાર્ય બોલ્યા,

"અહીં તો તને રાખી ન શકાય. પણ મારી એક ડૉક્ટર બહેનપણી એક નારી આશ્રમમાં વિઝિટિંગ મેડિકલ ઑફિસર તરીકે ફરજ બજાવે છે. ત્યાં તારે લાયક કોઈ કામ શોધી શકાય."

"તો શોધોને મેડમ. પ્લીઝ, મારે ઘરે નથી જવું. આમેય હવે ત્યાં કોઈ નથી."

"ભલે. મને થોડા દિવસનો સમય આપ. હું તારી કંઈક ગોઠવણ કરું છું."

"થેંક યુ, મેડમ."

કહીને નિહારિકાએ વિદાય લીધી.

ooo

"ખબર નહીં તમને લોકોને આ દર ચાર-પાંચ મહિને શી ધૂન ઉપડતી હશે ? મને શાંતિથી કશે ઠરવા જ નથી દેતા ને."

રમણનો સામાન ભેગો કરી રહેલી બંને બાઈઓ પર રમણ બગડી રહ્યો હતો.

"માંડ એક રૂમમાં ગોઠવાઉં, ત્યાં તમે લોકો મને બીજી રૂમમાં ખસેડો છો. આ મગનભાઈને પણ કંઈ ધંધો નથી. કોઈ ધણી-બાયડીને એક જ રૂમમાં રહેવું હોય, તો હું જ દર વખતે એમની નજરે ચડતો હોઉં છું. બીજા કોઈને ખસેડોને."

રમણના બબડાટને અવગણતી કમલી અને લીલા છાનું-છપનું હસતી રમણનાં કપડાં એની બૅગમાં ભરી રહી હતી.

"હું ક્યાંય જવાનો નથી. આ મેં કહી દીધું. જાવ જઈને કહી દો તમારા મગનભાઈને. આ વખતે મારી જગ્યા બદલી છે, તો હું અનશન પર ઉતરીશ. સમજો છો શું તમે લોકો તમારા મનમાં."

કહેતો રમણ ચંપલ ઉતારી, પલાંઠી વાળી પલંગ પર અક્કડ મુદ્રામાં સામેની દીવાલ તરફ તાકતો બેસી ગયો.

"અંદર આવું કે મામા ?"

અચાનક બારણા પાસેથી આવતો પરિનીનો અવાજ સાંભળીને રમણ ચોંક્યો.

"અરે પરિની ! તું ક્યારે આવી ?"

કહેતાં રમણે પગ પલંગ પરથી નીચે ઉતાર્યા અને ચંપલમાં સરકાવ્યા.

"શી વાત છે ? તમારે અનશન કરવું છે ?"

પરિનીએ બારણામાં ઊભે-ઊભે જ કહ્યું.

"ના, ના." હસી પડતાં રમણ બોલ્યો,

“આ તો આ લોકોને જરા દમ મારતો'તો. થોડા મહિના થાય એટલે મારી રૂમ બદલે છે. આ છેલ્લા દોઢ વર્ષમાં મેં ત્રણ જગ્યાઓ બદલી. હવે મારે મારી જગ્યા નથી બદલવી.”

“બદલવી તો પડશે.”

કહેતી પરિનીના મોં પરનું સ્મિત હજીયે અકબંધ હતું.

“એવું કેમ ?” કહેતો રમણ મૂંઝાયો.

“એવું એટલા માટે કે તમને કોઈ લેવા આવ્યું છે.”

કહેતી પરિની સહેજ ખસી કે એની બરાબર પાછળ ઊભેલી હેન્ડલૂમની ગુલાબી સાડી પહેરેલી, પાતળી, શ્યામળી, અંબોડો બાંધેલી એક સ્ત્રી પર રમણની નજર પડી. બારણામાંથી આવતા પ્રકાશને કારણે એનો ચહેરો કળાતો નહોતો. રમણના ચહેરા પરની મૂંઝવણ સમજાઈ જતાં પરિની રૂમમાં દાખલ થઈ. એની પાછળ-પાછળ પેલી સ્ત્રી પણ પ્રવેશી.

“નિહારિકા ! તું ?”

રમણ અવાચક થઈને નિહારિકા સામે જોવા લાગ્યો. જાણે આખી દુનિયા અદ્રશ્ય થઈ ગઈ હોય અને એ અને નિહારિકા બે જ જણ રહી ગયા હોય એમ બધું જ ભૂલીને રમણ નિહારિકાને નિરખવા લાગ્યો.

“કેમ છો પપ્પા ?”

આગળ આવીને નિહારિકાએ પૂછેલા પ્રશ્ને રમણની ભાવસમાધિ તોડી. કંઈ જ સમજાતું ન હોય એમ ડોકું હલાવતો રમણ વારાફરતી પરિની અને નિહારિકાના મોં સામે જોવા લાગ્યો.

“નિહારિકા તમને લેવા આવી છે, મામા.”

પરિનીએ એમના આગમનનું કારણ જણાવતાં કહ્યું.

“લેવા ? પણ ક્યાં જવા માટે ? ઘર તો...”

“આપણા નવા ઘરે, પપ્પા !”

નિહારિકા નીચું જોતાં હળવેથી કહ્યું.

“નવા ઘરે ?”

પ્રશ્ન પૂછાયો નિહારિકાને ઉદ્દેશીને હતો, પણ જવાબની અપેક્ષા પરિની પાસે હોય એમ રમણે એની તરફ જોયું.

“મામા, નિહારિકાને નવી નોકરી મળી છે. નવલ પ્રભાત નારી નિકેતનમાં.. નિહારિકા ત્યાંના અકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટમાં જોડાઇ છે. પંદર હજાર પગાર અને રહેવા માટે ક્વાટર્સ. એ પોતાના બે સંબંધીઓને સાથે રાખી શકે છે. ગયા અઠવાડિયે જ એ ત્યાં જોડાઈ. હું એને રૂમ ગોઠવવામાં મદદ કરવા ત્યાં ગઈ હતી. ત્યારે એણે જ મને કહ્યું કે મારે પપ્પાને અહીં લઈ આવવા છે.”

“હં” કહેતો રમણ વિચારમાં પડ્યો.

રમણે કંઈ જવાબ ન આપ્યો એટલે પરિની ફરી બોલી,

“તમે જરાય ચિંતા ન કરો. નિહારિકા હવે સંપૂર્ણપણે સાજી થઈ ગઈ છે. એણે દરરોજ સવારે ફક્ત એક ગોળી લેવાની છે. એ પણ છ મહિના સુધી જ. એ તો તમે એને યાદ કરાવી દેજો. બાકી સવારનો નાસ્તો અને બે ટાઇમ જમવાની

વ્યવસ્થા ત્યાંની કેન્ટિનમાં થઈ ગઈ છે. ત્યાં એ એકલી રહે અને અહીં તમે એકલા રહો, એના કરતાં બંને સાથે હશો, તો એકબીજાને કંપની રહેશે. મારેય નિરાંત રહેશે. થોડા-થોડા વખતે હું તમને બંનેને એકસાથે મળી લઈશ."

પરિનીનું બોલવાનું પત્યું એટલે નિહારિકા ધીમે પગલે આગળ વધી અને રમણની સામે જમીન પર ગોઠણભેર બેસી ગઈ. પોતાના બંને હાથ રમણના ગોઠણ પર ટેકવી, એની આંખોમાં તાકતા એણે આર્જવભર્યા સ્વરે પૂછ્યું,

"આવશોને પપ્પા ?"

એની લાગણી નીતરતી આંખોમાં જોતાં રમણની આંખો પણ ઊભરાઈ આવી. ડુમાયેલા સ્વરે એ એટલું જ બોલ્યો,

"કેમ નહીં, બેટા ? તારા સિવાય મારું બીજું છે કોણ ? તું જ તો મારી ખરી વારસદાર છે."

પછી હથેળીથી આંખો લૂછી રમણે ત્યાં ઊભા-ઊભા આ કરુણમંગલ દૃશ્ય નિહાળી રહેલી કમલી અને લીલાનો ઉધડો લીધો,

"તમે બંને અહીં ઊભી-ઊભી જોયા શું કરો છો ? ચાલો, ચાલો મારો સામાન ભરો. મારે અહીંથી જવાનું છે. આજ પછી હું ક્યારેય તમને મારો સામાન ખસેડવાનો ચાન્સ નહીં આપું. હું તો ચાલ્યો મારી દીકરીને ઘેર."

કહેતો એ ઊભો થયો અને કબાટમાનું ડ્રોઅર ઉઘાડી પોતાનું પાકિટ, ઘડિયાળ વગેરે લેવા માંડ્યો.

અડધા કલાક પછી સોનેરી સંધ્યાના બધા મેમ્બર્સ રમણને વિદાય આપવા ગેટ પાસે ભેગા થયા હતા. બધાને આવજો કહી ગાડી તરફ આગળ વધતા રમણની નજર આસમાનમાં ઊંચે ચઢતા સૂરજ તરફ ગઈ. આજનો આ સોનેરી સૂરજ ફક્ત આસમાનમાં જ નહીં, રમણના જીવનમાં પણ ઊગ્યો હતો.

